# જિલ્લા શિક્ષણ સમિતિ –પોરબંદર

## પ્રાથમિક શિક્ષકો માટે અગત્યના ઠરાવો,પરિપત્રો



- વધઘટ બદલી ઠરાવો
- માગણી બદલી ઠરાવો
- વિકલ્પ કેમ્પ ઠરાવો
- શિક્ષકોની ફરજો
- અન્ય જરૂરી પરિપત્રો


સંકલન:–

**દિપકકુમાર એમ.પાઠક**

**(HTAT મુખ્ય શિક્ષક– કાટેલા પ્રા.શાળા)**

માર્ગદર્શન, પ્રેરણા:–

**કે.ડી.કણસાગરા સર**

**(જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,પોરબંદર)**

# અનુક્રમણિકા


| ક્રમ | તારીખ | ઠરાવ/પરિપત્ર | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૪/૦૭/૨૦૧૧ | ઠરાવ શિક્ષણ વિભાગ | વિદ્યાસહાયક ભરતી લાયકાત ના વિષયોમાં સુધારો કરવા બાબત |
| ૨ | ૦૩/૦૫/૨૦૧૨ | ઠરાવ શિક્ષણ વિભાગ | વિદ્યાસહાયક ભરતી લાયકાત ના વિષયોમાં સુધારો કરવા બાબત |
| ૩ | ૧૮/૦૫/૨૦૧૨ | ઠરાવ શિક્ષણ વિભાગ | વિદ્યાસહાયક ભરતી લાયકાત શૈક્ષણિક લાયકાત નક્કી કરવા બાબત |
| ૪ | ૨૩/૦૫/૨૦૧૨ | ઠરાવ શિક્ષણ વિભાગ | બદલી નિયમો મુળ ઠરાવ |
| ૫ | ૨૭/૦૮/૨૦૧૨ | ઠરાવ શિક્ષણ વિભાગ | HTAT મુખ્ય શિક્ષકો ની અગાઉની નોકરી સળંગ ગણવા બાબત |
| ૬ | ૦૭/૦૯/૨૦૧૩ | ઠરાવ શિક્ષણ વિભાગ | વિકલ્પ લીધેલ શિક્ષકની મુળ શાળાની સિનિયોરીટી ગણવા બાબત |
| ૭ | ૧/૦૧/૨૦૧૪ | ઠરાવ શિક્ષણ વિભાગ | વિદ્યાસહાયક ભરતી ૧૦ વર્ષના બોન્ડ બાબત |
| ૮ | ૦૭/૦૨/૨૦૧૪ | ઠરાવ શિક્ષણ વિભાગ | શિક્ષકો અને મુખ્ય શિક્ષકો ની ફરજો અને અનુસરવાની આચારસંહિતા બાબત |
| ૯ | ૧૮/૦૨/૨૦૧૪ | ઠરાવ શિક્ષણ વિભાગ | ૨૩/૫/૨૦૧૨ બદલી નિયમો મા વિવિધ પ્રકરણો માં સુધારા નિયમો |
| ૧૦ | ૧૯/૦૨/૨૦૧૪ | ઠરાવ શિક્ષણ વિભાગ | ઉચ્ચ પ્રાથમિકમાં વિકલ્પ આપવા બાબત નિયમો |
| ૧૧ | ૦૪/૦૬/૨૦૧૪ | ઠરાવ શિક્ષણ વિભાગ | દંપતિ કિસ્સામા બદલી માટે પ્રમાણપત્ર નમુનો |
| ૧૨ | ૦૫/૦૭/૨૦૧૪ | ઠરાવ શિક્ષણ વિભાગ | અરસ-પરસ બદલી/તબીબી બદલી સુધારા નિયમો |
| ૧૩ | ૨૮/૦૭/૨૦૧૪ | પ્રા.શિક્ષણ નિયામકશ્રીની કચેરી | તબીબી કિસ્સામા બદલી માટે મેડીકલ બોર્ડ પાસેથી લેવાના પ્રમાણપત્રનો નમુનો અને અન્ય સુચનાઓ |
| ૧૪ | ૦૨/૦૮/૨૦૧૪ | ઠરાવ શિક્ષણ વિભાગ | અરસ-પરસ બદલી ૫ વર્ષ સુધી સ્વૈચ્છીક નિવૃતિ મનાઇ |
| ૧૫ | ૨૩/૦૨/૨૦૧૬ | ઠરાવ શિક્ષણ વિભાગ | રાષ્ટ્રીય સુરક્ષા સેવામાં જોડાયેલ કર્મચારીની પત્નિની ખાસ કિસ્સામાં બદલી કરી આપવા બાબત |
| ૧૬ | ૨૭/૦૪૨૦૧૬ | ઠરાવ શિક્ષણ વિભાગ | સચિવાલય સંવર્ગના બિનબદલી પાત્ર કર્મચારીઓના પતિ/પત્નિ ની બદલી બાબત |
| ૧૭ | ૨૮/૦૪/૨૦૧૬ | ઠરાવ શિક્ષણ વિભાગ | વહિવટી બદલીઓ નિયમોમાં સુધારા બાબત |
| ૧૮ | ૧૭/૦૩/૨૦૧૫ | ઠરાવ શિક્ષણ વિભાગ | ઓનલાઇન બદલીઓ કરવા બાબત મુળ ઠરાવ |
| ૧૯ | ૧૬/૦૫/૨૦૧૬ | ઠરાવ શિક્ષણ વિભાગ | ૨૦૧૬ મા વિકલ્પ લીધેલ શિક્ષકો ને જિલ્લાફેર માટે મુળ તારીખથી સિનિયોરીટી ન ગણવા બાબત |

| ક્રમ | તારીખ | ઠરાવ/પરિપત્ર | વિગત |
|---|---|---|---|
| ૨૦ | ૧૮/૦૫/૨૦૧૬ | પ્રા.શિક્ષણ નિયામકશ્રીની કચેરી | વિવિધ બદલી નિયમો અંગે સમજુતીઓ |
| ૨૧ | ૨૨/૦૩/૨૦૧૭ | ઠરાવ શિક્ષણ વિભાગ | નવિ નિમણૂંકથી ૩ વર્ષમાં રાજીનામુ આપે તો ૩ લાખના બોન્ડ બાબત નિયમો |
| ૨૨ | ૦૪/૦૭/૨૦૧૭ | ઠરાવ શિક્ષણ વિભાગ | તબીબી કારણોસર બદલી માટે મેડીકલ બોર્ડના અભિપ્રાય બાબત |
| ૨૩ | ૦૪/૦૯/૨૦૧૭ | ઠરાવ શિક્ષણ વિભાગ | વિકલ્પ રદ કરવા બાબત |
| ૨૪ | ૦૯/૦૫/૨૦૧૮ | ઠરાવ શિક્ષણ વિભાગ | ૨૩/૫/૨૦૧૨ વધની બદલી નિયમ (૦૭) રદ કરવા બાબત |
| ૨૫ | ૧૧/૦૫/૨૦૧૮ | ઠરાવ શિક્ષણ વિભાગ | CRC/BRC ની સિનિયોરીટી ગણવા બાબત |
| ૨૬ | ૨૪/૦૭/૨૦૧૮ | સર્વ શિક્ષા અભિયાન | પ્રજ્ઞા કાર્યક્રમ અંગે કાર્યપ્રણાલી નક્કી કરવા બાબત |
| ૨૭ | ૨૧/૦૮/૨૦૧૮ | ઠરાવ શિક્ષણ વિભાગ | વધ બદલી નિયમો સુધારા |
| ૨૮ | ૨૪/૦૯/૨૦૧૮ | GCERT | ધો. ૩ થી ૫ માં તાસ પધ્ધતિ ના અમલ બાબત |
| ૨૯ | ૦૮/૦૩/૨૦૧૯ | ઠરાવ શિક્ષણ વિભાગ | ફીકસ પગારની નોકરી સળંગ ગણવા બાબત |
| ૩૦ | ૨૬/૦૬/૨૦૧૯ | પરિપત્ર શિક્ષણ વિભાગ | કે.નિ. ભરતી નિયમો બાબત |
| ૩૧ | ૦૯/૧૦/૨૦૧૯ | ઠરાવ શિક્ષણ વિભાગ | HTAT મુખ્ય શિક્ષકો ના  મુળ બદલી નિયમો |
| ૩૨ | ૨૫/૧૦/૨૦૧૯ | ઠરાવ શિક્ષણ વિભાગ | તબીબી કારણોસર બદલી મેળવનાર શિક્ષકને ૩ વર્ષ સૂધે વધ બદલીમાંથી મુક્તિ આપવા બાબત |
| ૩૩ | ૦૫/૦૬/૨૦૨૦ | ઠરાવ શિક્ષણ વિભાગ | વધ બદલી થયેલ શિક્ષકને પરત આવવા બાબત સુધારા નિયમો |
| ૩૪ | ૨૬/૧૦/૨૦૨૦ | ઠરાવ શિક્ષણ વિભાગ | શાળા મર્જ અને વધ બદલી નિયમો સુધારા |
| ૩૫ | ૦૬/૦૩/૨૦૨૧ | ઠરાવ શિક્ષણ વિભાગ | HTAT મુખ્ય શિક્ષકો ના બદલી નિયમો સુધારા |
| ૩૬ | ૧૭/૦૩/૨૦૨૧ | ઠરાવ શિક્ષણ વિભાગ | ૪૨૦૦ ગ્રેડ પે નવો ઠરાવ |
| ૩૭ | | | તાસ ફાળવણી |
| ૩૮ | | | વહિવટી બદલી ચેકલીસ્ટ |
| ૩૯ | ૧૧/૦૭/૨૦૧૨ | GCERT | ધો. ૬ થી૮ દરેક વિષયના કાર્યભાર બાબત |

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા બાબત..

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૧૪/૦૭/૨૦૧૧.

## વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૭-૪-૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.
(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા.૧૮-૬-૨૦૧૧ના પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ./ નીતિ/ વિ.સ/ ૨૦૧૧/ક/૨૭૩૭.

## સુ ધા રા ઠ રા વ :-

પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણૂંક અંગેના નીતિ નિયમો અને માપદંડો આમુખમાં દર્શાવેલ સંદર્ભ (૧)ના ઠરાવથી નકકી કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવમાં પુખ્ત વિચારણા કરી નીચે મુજબ સુધારો કરવા ઠરાવવામાં આવે છે.

### ૧. ફકરા-૨(બ) (i) માં

**શૈક્ષણિક અને તાલીમી લાયકાતના મથાળા નીચે શૈક્ષણિક લાયકાતમાં** જયાં જયાં બી.એ. લખાયેલ છે ત્યાં ત્યાં બી.એ. પછી બી.આર.એસ. ઉમેરવામાં આવે છે.

### ૨. ફકરા-૨ (બ) (iii)માં

**ગુણાંકન** નીચે જયાં જયાં બી.એ. લખાયેલ છે ત્યાં ત્યાં બી.એ. પછી બી.આર.એસ. તથા એમ.એ. લખાયેલ છે તે પછી એમ.આર.એસ. ઉમેરવામાં આવે છે.

### ૩. ફકરા-૨(ક) (i)માં

**શૈક્ષણિક અને તાલીમી લાયકાતના મથાળા નીચે શૈક્ષણિક લાયકાતમાં** જયાં જયાં બી.એ. લખાયેલ છે ત્યાં ત્યાં બી.એ. પછી બી.આર.એસ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) તથા બી.કોમ. પછી (અર્થશાસ્ત્ર વિષય સાથે) ઉમેરવામાં આવે છે.

### ૪. ફકરા-૨(ક) (iii)માં

**ગુણાંકન** નીચે જયાં જયાં બી.એ. લખાયેલ છે ત્યાં ત્યાં બી.એ. પછી બી.આર.એસ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર તથા અર્થ શાસ્ત્ર) તથા બી.કોમ. પછી (અર્થશાસ્ત્ર) તથા એમ.એ.

લ છે તે પછી એમ.આર.એસ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર) તથા .મ.કોમ. પછી (અર્થશાસ્ત્ર) ઉમેરવામાં આવે છે.

ઉકત સુધારા સિવાય તા.૨૭-૪-૨૦૧૧ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર ધ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/ માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

(ઉપરના ચાર: નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત)

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય.ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારું)
- સિલેકટ ફાઇલ. /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ
હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક
શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક
કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા. 03/૦૫/૨૦૧૨.

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૭-૪-૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.
(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા.૧૮-૬-૨૦૧૧ના પત્ર ક્રમાંકઃ પ્રાશિનિ./ નીતિ/ વિ.સ/ ૨૦૧૧/૬/૨૭૩૭.
(3) શિક્ષણ વિભાગનો તા.૧૪-૭-૨૦૧૧નો સુધારા ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.
(૪) કુલસચિવશ્રી, ગુજરાત વિદ્યાપીઠના તા.૧-૮-૨૦૧૧ના પત્ર ક્રમાંકઃ૬૭૪/૨૦૧૧-૧૨.
(૫) એન.સી.ટી.નો તા.૧૯/૯/૨૦૧૧નો અંગ્રેજી પત્ર ક્રમાંકઃ- ૬૧-૪/૨૦૧૧/NCTE/N& S A ૪૨૨૫૦

<u>સુધારા ઠરાવ :-</u>

પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણૂંક અંગેના નીતિ નિયમો અને માપદંડો આમુખમાં દર્શાવેલ સંદર્ભ (૧)ના ઠરાવથી અને સંદર્ભ(3) ના સુધારા ઠરાવથી નક્કી કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવમાં પુખ્ત વિચારણા કરી નીચે મુજબ સુધારો કરવા ઠરાવવામાં આવે છે.

૧. <u>ફકરા – ૧(અ)(બ) રદ કરી નીચે મુજબ ઉમેરવું.</u>

(અ) <u>શૈક્ષણિક અને તાલિમી લાયકાત :</u>

(I) <u>શૈક્ષણિક લાયકાત :</u> ઓછામાં ઓછી એચ.એસ.સી.

(II) <u>તાલિમી લાયકાત :</u> પી.ટી.સી.

(બ) જે તે જિલ્લાની વિદ્યાસહાયકોની જગ્યાઓ એચ.એસ.સી./પી.ટી.સી. લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવાની રહેશે. તે પૈકી ૧૦ ટકા જગ્યાઓ એચ.એસ.સી. (વિજ્ઞાન પ્રવાહ)માં ૪૫ ટકા ગુણ સાથે પાસ થયેલ ઉમેદવારોથી ભરવાની રહેશે, જો વિજ્ઞાન પ્રવાહ સાથે એચ.એસ.સી. થયેલ ઉમેદવારો પુરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો બાકી રહેતી જગ્યાઓ વિજ્ઞાન પ્રવાહ સિવાયના એચ.એસ.સી./પી.ટી.સી.ના ઉમેદવારોથી ભરવાની રહેશે.

૨. <u>ફકરા – ૧ (ડ)(ii) રદ કરવામાં આવે છે.</u>

3. **ફકરા – ૨ (અ)** માં બી.એસ.સી. પછી "ગણિત (Maths), આંકડાશાસ્ત્ર (Statistics), ભૌતિક શાસ્ત્ર (Physics), રસાયણ શાસ્ત્ર (Chemistry), બાયોલોજી (Biology), બોટની (Botony), ઝુઓલોજી (Zoology) અને ભૂસ્તર વિજ્ઞાન (Geology) પૈકી કોઇ પણ એક અથવા વધારે મુખ્ય વિષય સાથે" શબ્દો ઉમેરવામાં આવે છે.

૪. **ફકરા-૨(બ) (i) માં**

શૈક્ષણિક અને તાલીમી લાયકાતના મથાળા નીચે શૈક્ષણિક લાયકાતમાં જયાં જયાં બી.એ., બી.આર.એસ. લખાયેલ છે ત્યાં ત્યાં બી.એ., બી.આર.એસ. પછી બી.એસ.એસસી. ઉમેરવામાં આવે છે.

૫. ફકરા-૨ (બ) (iii)માં

ગુણાંકન નીચે જયાં બી.એ., બી.આર.એસ., એમ.એ., એમ.આર.એસ. લખાયેલ છે તે પછી બી.એસ.એસસી. ઉમેરવામાં આવે છે.

૬. **ફકરા-૨(ક) (i)માં**

શૈક્ષણિક અને તાલીમી લાયકાતના મથાળા નીચે શૈક્ષણિક લાયકાતમાં જયાં બી.એ., બી.આર.એસ. (ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) તથા બી.કોમ. (અર્થશાસ્ત્ર વિષય સાથે) લખાયેલ છે ત્યાં બી.આર.એસ. પછી બી.એસ.એસસી. ઉમેરવામાં આવે છે.

૭. ફકરા-૨(ક) (iii)માં

ગુણાંકન નીચે જયાં બી.એ., બી.આર.એસ. (ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર), બી.કોમ.(અર્થશાસ્ત્ર), એમ.એ, એમ.આર.એસ. (ઇતિહાસ, ભૂગોળ, નાગરિક શાસ્ત્ર, રાજ્ય શાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર) તથા એમ.કોમ. (અર્થશાસ્ત્ર) લખાયેલ છે ત્યાં બી.આર.એસ. પછી બી.એસ.એસસી. ઉમેરવામાં આવે છે.

ઉકત સુધારા સિવાય તા.૨૭-૪-૨૦૧૧ના ઠરાવ અને તા.૧૪-૭-૨૦૧૧ના સુધારા ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર ધ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા બાબત..

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૦૫/૨૦૧૨.

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૭-૪-૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.
(૨) શિક્ષણ વિભાગનો તા.૧૪-૭-૨૦૧૧નો સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.
(૩) શિક્ષણ વિભાગનો તા.૦૩-૦૫-૨૦૧૨નો સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.
(૪) એન.સી.ટી.ઇ.નું તા.૨૩-૮-૨૦૧૧ તથા તા.૨૯-૭-૨૦૧૧નું જાહેરનામું.

આ મુ ખ .-

શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ના ઠરાવ અન્વયે જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક સંબંધી લાયકાત નિયત કરવામાં આવેલ છે. આ ઠરાવના ફકરા : ૧ માં પ્રાથમિક શિક્ષણના વિદ્યાસહાયક/શિક્ષકની નિમણૂંક માટેની શૈક્ષણિક/તાલીમી લાયકાત તથા ગુણાંકન અંગે જોગવાઇ કરવામાં આવેલ છે. આ જોગવાઇને નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન (N.C.T.E.)ના તા.૨૩/૮/૨૦૧૦ અને તા.૨૯/૭/૨૦૧૧ જાહેરનામાના પરિપ્રેક્ષ્યમાં સુધારો કરવો જરૂરી બનેલ છે, તેથી પુખ્ત વિચારણા બાદ નીચે મુજબનો સુધારો ઠરાવ બહાર પાડવામાં આવે છે.

સુધારા ઠરાવઃ-

(૧) શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-કનો ફકરા : ૧ રદ કરવામાં આવે છે.

૨. શિક્ષણ વિભાગના તા.૩-૫-૨૦૧૨ના સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-કનો ફકરા-૧(અ) રદ કરીને તેના સ્થાને નીચે મુજબનો ફકરાઃ૧ (અ) ઉમેરવામાં આવે છે.

૧. (અ) શૈક્ષણિક અને તાલીમી લાયકાતઃ-

(i) શૈક્ષણિક લાયકાતઃ ઓછામાં ઓછી એચ.એસ.સી. પાસ
(ii) તાલીમી લાયકાત : ઉમેદવાર નીચે મુજબની તાલીમી લાયકાત ધરાવતો હોવો જોઇએ.

Note 15.5.2012

(ક) બે વર્ષ પી.ટી.સી.

અથવા

(ખ) ચાર વર્ષની એલીમેન્ટરી એજ્યુકેશનની ડીગ્રી (B.El.Ed.)

(ગ) બે વર્ષનો ડીપ્લોમા ઇન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)

3. શિક્ષણ વિભાગના તા.૩-૫-૨૦૧૨ના સુધારા ઠરાવના ફકરા-૧ (બ) પછી નીચે મુજબનો ફકરા-૧ (ક) તથા ફકરા (ડ) ઉમેરવામાં આવે છે.

(ક) (૧) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ – TET) (પ્રાથમિક શિક્ષક) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઇશે.

(૨) આમ છતાં, પસંદગી સમિતિને એમ જણાય કે પુરતી સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ થવાની શક્યતા નથી તો વિદ્યાસહાયક માટે અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોએ શિક્ષક યોગયતા પરીક્ષાનું અરજી પત્રક ભરેલ હશે તેવા ઉમેદવારોની અરજી સ્વીકારવાની મંજૂરી સમિતિ આપી શકશે. આવા ઉમેદવારોએ પોતાનું શિક્ષક યોગ્યતા પરીક્ષાનું પરિણામ પસંદગી સમિતિ નક્કી કરે તે તારીખ સુધીમાં રજૂ કરવાનું રહેશે. પરિણામ રજૂ કરવાની તારીખ લંબાવવાની સત્તા સમિતિને રહેશે અને સમિતિ આ તારીખ લંબાવી શકશે.

(ડ) <u>ગુણાંકન પધ્ધતિ :</u>

ઉપર્યુક્ત શૈક્ષણિક/તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઇ.ટી. પાસ થયેલા ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (Weightage) આપવામાં આવશે.

<u>પી.ટી.સી./B.El.Ed./ડીપ્લોમા ઇન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)ની</u>

<u>લાયકાત ધરાવતા ઉમેદવારો માટે :</u>

| | |
|---|---|
| એચ.એસ.સી.માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| સ્નાતક કક્ષાએ મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| પી.ટી.સી./B.El.Ed./ડીપ્લોમા ઇન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઇ.ટી.માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

<u>નોંધ:</u> પી.ટી.સી.ના ગુણ ગણતરી માટે શિક્ષણ વિભાગના તા.૭/૭/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક: જસભ/૧૨૦૮/૨૫૮-ન થી નિયત થયા અનુસાર પી.ટી.સી.ના બીજા વર્ષના પરિણામ પત્રકમાં દર્શાવેલ કુલ લેખિત ૯૦૦ ગુણ વત્તા ૫૦ ગુણ વાર્ષિક પાઠના અને ૫૦ ગુણ ટી.એલ.એમ./કોમ્પ્યુટર પ્રાયોગિક/વાર્ષિક પ્રાયોગિક કાર્યશિક્ષણ એમ કુલ મળી ૧૦૦૦

ગુણમાંથી મેળવેલ ગુણને આધારે ઉપર્યુક્ત ટકાવારી ગણવાની રહેશે. વધુમાં રાજ્ય સરકાર તરફથી વખતો વખત નક્કી થાય તે મુજબ ગણતરી કરવાની રહેશે.

૪. શિક્ષણ વિભાગના તા.૨૭-૪-૨૦૧૧ના ઠરાવમાં અપર પ્રાયમરીના કલૉઝ (Clause) ફકરા:૨ (ડ) પછી નીચે મુજબનો ફકરા-૨ ( A ) ઉમેરવામાં આવે છે.

ફકરા – ૨ ( A )

(i) પી.ટી.સી./બી.એડ/ચાર વર્ષીય B.El.Ed. માટે NCTEએ માન્ય કરેલ સંસ્થામાંથી જ કરેલો હોય તો જ માન્ય ગણાશે અને બે વર્ષીય D.Ed. (સ્પેશીયલ એજ્યુકેશન) અને B.Ed. (સ્પેશીયલ એજ્યુકેશન) Rehabilitation Council of India (RCI) દ્વારા માન્ય અભ્યાસક્રમને જ વિચારણામાં લેવામાં આવશે.

(ii) બે વર્ષીય D.Ed. (Special Education) અને B.Ed. (Special Education)ની તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારો નિમણૂંક પછી NCTE માન્ય કરેલ છ માસમાં પ્રાયમરી શિક્ષણની ખાસ તાલીમ મેળવવાની રહેશે.

પ. ઉક્ત કરેલ સુધારા સિવાય તા.૧૪-૭-૨૦૧૧, તા.૦૩-૦૫-૨૦૧૨ સુધારા ઠરાવ તથા તા.૨૭-૪-૨૦૧૧ની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી. ગરાસિયા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર

Note 15.5.2012

- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત

ક્રમાંક:પ્રાશિનિ./નીતિ/૧૨/ક/૫૧૬૩-૫૨૧૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોકનં.૧૨/૧ ડૉ.જી.મ.ભવન
ગુ.રા.ગાંધીનગર તા. ૩૧/૫/૧૨

<u>નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.</u>

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા.ગાંધીનગર.

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, (તમામ)
- શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, (તમામ)
- શાસનાધિકારીશ્રી, ગાંધીનગર શહેરી વિસ્તાર, ગાંધીનગર.
- આ કચેરીના વર્ગ-૧/૨ ના તમામ અધિકારીશ્રી
- ગ- ૧, ૨, ૩, ૪, શાખાના કર્મચારી

**ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક અને**

**પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની**

**બદલીના નિયમો**

ગુજરાત સરકાર

**શિક્ષણ વિભાગ,**

ઠરાવ નં. પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬-ક

સચિવાલય, ગાંધીનગર

તાઃ-૨૩/૦૫/૨૦૧૨.

સંદર્ભઃ- (૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૦૪-૬૬૧
તાઃ૪/૬/૨૦૦૪

(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૦૪-૬૬૧-ક
તાઃ30/૬/૨૦૦૫

(3) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૦૪-૬૬૧-ક
તાઃ૮/૮/૨૦૦૬

(૪) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૦૪-૬૬૧
તાઃ૧/૪/૨૦૦૮

(૫) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૦૮-૫૮૦
તાઃ૧3/૫/૨૦૦૮

(૬) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૦૪-૬૬૧-ક
તાઃ૨૮/૧/૨૦૦૯

ઠરાવઃ-

રાજયની જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓ સંચાલિત પ્રાથમિક શાળા તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોની બદલીઓ અંગેના સંદર્ભ- ૧ થી ૬ માં દર્શાવેલ ઠરાવો રદ કરીને, ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોની બદલી અંગેના નિયમો ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૪૭ની કલમ- ૫૪ અન્વયે નીચે મુજબ બહાર પાડવામાં આવે છે.

**પ્રકરણ-(ક) : <u>ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષકો/શિક્ષકોની બદલી અંગેની સામાન્ય જોગવાઇઓ:</u>**

(૧) <u>બદલીઓનો પ્રકારઃ-</u>

(i) આંતરિક માંગણીથી બદલીઓ

(ii) અરસ-પરસ માંગણીથી બદલીઓ

(iii) જિલ્લા ફેરબદલીઓ

(iv) ગંભીર - બિમારીના કિસ્સાઓની બદલીઓ

(v) વહીવટી કારણોસરની બદલીઓ

(૨) <u>**શિક્ષકો અને શિક્ષકોની જગ્યાઓનો પ્રકારઃ–**</u>

(i) પ્રાથમિક શિક્ષક (ધો.૧ થી ૫)

(ii) ઉચ્ચ પ્રાથમિક શિક્ષક (ધો.૬ થી ૮) – વિજ્ઞાન, ગણિત

(iii) ઉચ્ચ પ્રાથમિક શિક્ષક (ધો.૬ થી ૮) – સામાજિક વિજ્ઞાન

(iv) ઉચ્ચ પ્રાથમિક શિક્ષક (ધો.૬ થી ૮) – ભાષાઓ

(3) (i) દરેક શાળામાં પ્રાથમિક વિભાગ (ધો.૧ થી ૫) અને ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધો.૬ થી ૮)માં વિદ્યાર્થી- સંખ્યાના આધારે આર.ટી.ઇ.-૨૦૦૯ના Schedule પ્રમાણે કુલ શિક્ષક સંખ્યા અને જુદા જુદા વિભાગોમાં શિક્ષકોની જગ્યાઓ નક્કી કરવાની રહેશે.

(ii) વિદ્યાર્થી/શિક્ષકના પ્રમાણ અનુસાર શાળાવાર મહેકમ દર વર્ષે 30 સપ્ટેમ્બરની સ્થિતિએ નિયત કરવાનું રહેશે અને તે અનુલક્ષીને શાળાવાર મંજૂર કરેલ શિક્ષક મહેકમની જાણ તા. ૩૧ ઓકટોબર સુધીમાં તમામ શાળાઓને કરવાની રહેશે.

(૪) (i) **<u>૧૦ જૂન-૨૦૧૦</u> પહેલાં નોકરીમાં દાખલ થયેલ દરેક** શિક્ષક/વિદ્યાસહાયક/પ્રાથમિક વિભાગના શિક્ષક/વિદ્યાસહાયક ગણાશે. પણ આ પૈકી જે શિક્ષકો/વિદ્યાસહાયકો ઉચ્ચ પ્રાથમિક શિક્ષકના ત્રણ વિભાગો પૈકી કોઇપણ વિભાગની લાયકાત મેળવી લીધી છે / ધરાવે છે અને તેઓ સંબંધિત વિભાગના શિક્ષક થવા વિકલ્પ આપી શિક્ષણ વિભાગના તા૧૬/૨/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧/૨૦૧૨/ ૫૨૦૩૬/ક પ્રમાણે પોતાની અથવા બીજી શાળામાં જે તે વિભાગની

જગ્યા સ્વીકારી લીધી છે તેઓ સંબંધિત ઉચ્ચ પ્રાથમિક વિભાગના શિક્ષક ગણાશે.

(ii) <u>૧૦ જૂન-૨૦૧૦</u> પછી નિમણૂંક થયેલ વિદ્યાસહાયકો જે તે વિભાગ પ્રમાણે નિમણૂંક પામેલ હોઇ જે તે વિભાગના શિક્ષક ગણાશે.

(૫) (i) આ પ્રકરણ – (ક) અંતર્ગતના નિયમો બધી પ્રકારની બદલીઓ માટે લાગુ પડશે. સિવાય કે સંબંધિત પ્રકારની બદલીઓના પ્રકરણમાં સ્પષ્ટપણે આ પ્રકરણના કોઇ નિયમથી મુક્તિ અપાઇ હોય.

(ii) જે તે પ્રકારની બદલીઓ માટે આ પ્રકરણના નિયમો ઉપરાંત સંબંધિત પ્રકારની બદલીઓના પ્રકરણના નિયમો પણ લાગુ પડશે.

(૬) ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોની આંતરિક/અરસપરસ માંગણીની બદલીઓ/જિલ્લા ફેરબદલીઓ વર્ષમાં એકજ વખત ઉનાળુ વેકેશનમાં જાહેર કેમ્પ દ્વારા કરવાની રહેશે. જયારે વધની બદલીઓ દિવાળી વેકેશનમાં પણ કરવાની રહેશે.

(૭) પ્રાથમિક વિભાગના શિક્ષકની બદલી પ્રાથમિક વિભાગમાં અને ઉચ્ચ પ્રાથમિક વિભાગના શિક્ષકની બદલી ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં તેમના વિષય (ગણિત-વિજ્ઞાન, ભાષા અને સામાજીક વિજ્ઞાન)ની જગ્યા ખાલી હશે તો જ થઈ શકશે.

(૮) જાહેર બદલી કેમ્પ વખતે ઉપર જણાવેલ વિભાગ પ્રમાણે પ્રાથમિક શાળાઓ/ખાલી જગ્યાની અને ઉચ્ચ પ્રાથમિક વિભાગ માટે વિષયવાર શાળાઓ/ખાલી જગ્યાની યાદી બોર્ડ ઉપર પ્રદર્શિત કરવાની રહેશે.

કોઈપણ પ્રાથમિક શિક્ષક ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની જરૂરી લાયકાત ધરાવતા હોય પરંતુ તેમની નિમણૂંક ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં થઈ ન હોય અથવા ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં સમાવવામાં આવ્યા ન હોય તો તેમને ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં બદલી શકાશે નહીં.

(૯) નિયમ-(૨)માં દર્શાવેલ ચારેય વિભાગના બદલીના કેમ્પ એક જ તારીખે, એક જ સમયે અને એક જ સ્થળે ન કરવા. જો એક જ તારીખે અને એક જ સ્થળે બદલી કેમ્પ યોજવા હોય તો બદલી કેમ્પ અલગ-અલગ સમયે અથવા એક જ કેમ્પસમાં અલગ-અલગ સ્થળે બદલી કેમ્પ યોજવાના રહેશે.

(૧૦) <u>અગ્રતાક્રમઃ –</u>

**(i)** વિધવા, અપંગ, શિક્ષક દંપતી અને વાલ્મીકી સમાજના સભ્યને તમામ પ્રકારની બદલીના કિસ્સામાં અગ્રતાનો લાભ આપવાનો રહેશે. આ અગ્રતાનો ક્રમ (૧) વિધવા (૨) અપંગ (૩) શિક્ષક દંપતિ અને (૪) વાલ્મીકી સમાજના સભ્ય મુજબ રહેશે અને તે ક્રમ મુજબ જ અગ્રતા આપવાની રહેશે. જિલ્લાની આંતરિક બદલીમાં લાભ લીધેલ હોય તો પણ જિલ્લાફેરમાં અગ્રતાનો લાભ લઇ શકશે અને જિલ્લાફેરમાં લાભ લીધેલ હોય તો પણ જિલ્લાની આંતરિક બદલીમાં અગ્રતાનો લાભ લઇ શકશે. જે સમગ્ર નોકરી દરમ્યાન માત્ર એક જ વાર અગ્રતાનો લાભ લઇ શકશે. જેની નોંધ સંબંધિત શિક્ષકની સેવાપોથી અને શિક્ષક દંપત્તિના અગ્રતાક્રમનો લાભ લેવાના કિસ્સામાં પતિ અને પત્નિ બંનેની સેવાપોથીમાં કરવાની રહેશે.

**(ii)** પતિ-પત્નીના કિસ્સામાં અગ્રતાનો લાભ ન લેનારની માંગણીની બદલી બદલીના સામાન્ય નિયમ મુજબ કરી શકાશે.

**(iii)** વિદ્યાસહાયક ભરતીમાં જેણે સ્થળ પસંદગીમાં અગ્રતાનો લાભ લીધો હોય તેવા શિક્ષક/વિદ્યાસહાયકને અગ્રતાનો લાભ મળી શકશે નહીં. જે શિક્ષક/વિદ્યાસહાયકે અગ્રતાનો લાભ લીધેલ હોય તે અંગેની નોંધ તેમની સર્વિસબુકમાં કરવાની રહેશે. અને તેઓ ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી બદલીની માંગણી કરી શકશે નહીં.

(iv) <u>વિધવા શિક્ષિકા –</u>

(a) વિધવા શિક્ષિકાને પિયર અથવા સાસરીના ગામમાં અગર તો ત્યાં જગ્યા ન હોય તો તેની નજીકની કોઈપણ શાળાની ખાલી જગ્યા ઉપર બદલીનો લાભ આપવાનો રહેશે.

(b) વિધવા શિક્ષિકાએ વિધવા હોવા બાબતનું રૂ.૫૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું તથા પતિના મૃત્યુનો દાખલો રજૂ કરવાનો રહેશે. શારીરિક વિકલાંગ શિક્ષક/શિક્ષિકાએ વિકલાંગતાનું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(v) <u>શિક્ષક દંપત્તિ –</u>

(a) પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક દંપતિના કિસ્સામાં પતિ કે પત્ની ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શાળામાં શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નોકરી કરતા હોય તો જ તેમને દંપતિ કિસ્સાનો લાભ મળવા પાત્ર થશે અને તે બાબતે લગ્ન અંગેનું, લગ્ન નોંધણી પ્રમાણપત્ર કેમ્પમાં રજૂ કરવાનું રહેશે.

(b) શિક્ષક/વિદ્યાસહાયક પતિ-પત્નીના કિસ્સામાં અલગ-અલગ તાલુકામાં નોકરી કરતા હોય અને દંપતિ ભેગા થવા માંગણી કરે તો તે બે પૈકીની એક શાળા/પગાર કેન્દ્રમાં જ જગ્યા હોય તો બદલી કરવાની રહેશે અને જો તે બંને પૈકીની શાળા/પગાર કેન્દ્રમાં ખાલી જગ્યા ન હોય તો કોઇ અન્ય તાલુકામાં વધુ ખાલી જગ્યાવાળી શાળામાં પતિ-પત્ની ભેગા થવા માગતા હોય તો બદલી કરવાની રહેશે અને તે અંગેની નોંધ પતિ અને પત્ની બંનેની સર્વિસબુકમાં કરવાની રહેશે.

(૧૧) આંતરિક બદલી/જિલ્લાફેર બદલીની કાર્યવાહી જાહેર કેમ્પના આયોજન દ્વારા કરવાની રહેશે.

(૧૨) બદલી અર્થે કેમ્પમાં ઉપસ્થિત રહેનાર શિક્ષક/વિદ્યાસહાયક તેમની હાલની શાળાની નોકરીની લંબાઇ અંગેનો સંબંધિત શાળાના મુખ્ય શિક્ષકનો દાખલો સાથે લાવવાનો રહેશે. મુખ્ય શિક્ષકના કિસ્સામાં પગાર કેન્દ્ર શાળાના મુખ્ય શિક્ષકનો અને પગાર કેન્દ્ર શાળાના મુખ્ય

શિક્ષકના કિસ્સામાં તાલુકા કેળવણી નિરીક્ષક (વહીવટ)નો દાખલો લાવવાનો રહેશે. વધુમાં, ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકના કિસ્સામાં વિષયનો ઉલ્લેખ દાખલામાં કરવાનો રહેશે.

(૧૩) શિક્ષક/વિદ્યાસહાયકને એક સરખી દાખલ તારીખ હોય ત્યારે તમામ પ્રકારની બદલીઓ માટે જન્મ તારીખને ધ્યાને લઈ વધુ ઉંમરવાળાને અગ્રતા આપવાની રહેશે.

(૧૪) કેમ્પમાં બદલી હુકમો કરવામાં આવ્યા બાદ બદલીવાળી જગ્યાએ હાજર થવા સારૂં બદલીવાળા શિક્ષકોને સાત દિવસમાં છૂટા કરવાના રહેશે.

(૧૫) ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષકની બદલી બાદ તેમને છૂટા કરવા માટે નીચે જણાવેલ કાર્યપધ્ધતિ અપનાવવાની રહેશે.

(i) ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની કોઇપણ શાળામાંથી બદલી થાય ત્યારે જો શાળામાં એક કરતાં વધુ ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષકની જગ્યા ખાલી હોય અથવા બદલીને કારણે ખાલી પડતી હોય ત્યારે જયાં સુધી અન્ય શિક્ષકની બદલીથી નિમણૂક અથવા નવી નિમણૂક ન થાય ત્યાં સુધી બદલીવાળા શિક્ષક/વિદ્યાસહાયકને છૂટા કરવાના રહેશે નહીં. શાળામાં એક કરતાં વધુ ખાલી જગ્યા રહે નહીં તેની કાળજી રાખવાની રહેશે.

(ii) તાલુકાની આંતરિક બદલી અને તાલુકાફેર બદલીના કિસ્સામાં સંબંધિત શાળાના મુખ્ય શિક્ષકે(Head Teacher) છૂટા કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

(iii) જિલ્લાફેર બદલીના કિસ્સામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની મંજૂરીના આધારે તાલુકા કેળવણી નિરીક્ષકે બદલીવાળા શિક્ષકને છૂટા કરવાના રહેશે.

(૧૬) વધની બદલીઓ/અરસપરસ બદલીઓ/માંગણીની બદલીઓ/જિલ્લાફેર બદલીઓમાં શિક્ષક/વિદ્યાસહાયકને બદલી હુકમ કેમ્પમાં રૂબરૂ આપવાનો રહેશે.

(૧૭) જિલ્લા ફેરની અરસપરસ બદલીમાં શિક્ષક જે જિલ્લામાં બદલીથી જતો હોય તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ હુકમ બદલીઓના કેમ્પ વખતે કરવાના રહેશે. જિલ્લા અરસ-પરસ બદલીના કિસ્સામાં શિક્ષકની કેમ્પમાં હાજરી જરૂરી નથી.

(૧૮) વેકેશનમાં કરવાની બદલીઓના કેમ્પની તારીખ સુનિશ્ચિત કરી વેકેશન અગાઉ તેની આગોતરી જાણ તમામ શાળાઓને કરવાની રહેશે.

(૧૯) બદલી કેમ્પમાં બદલી કરેલ શિક્ષકો/વિદ્યાસહાયકોને સરકારશ્રીની સૂચના અનુસાર વહીવટી કારણોસર મોડા કે પાછળથી છૂટા કરવામાં આવે તો ફક્ત બદલીના હેતુ માટે હુકમની તારીખથી સિનિયોરીટી ગણવાની રહેશે.

(૨૦) તાલુકાની અંદર/બહારની સમગ્ર જિલ્લાની માંગણીની બદલીઓ એક સાથે કેમ્પમાં કરવાની રહેશે. આ પ્રમાણે બદલીઓનો પ્રથમ તબક્કો પુરો થયા બાદ બદલીઓ અંગે સમગ્ર જિલ્લાનો એક જનરલ બદલી કેમ્પ કરવાનો રહેશે. તેમાં પ્રથમ તબક્કાની બદલીથી ખાલી પડેલ જગ્યાઓ સહિત તમામ ખાલી જગ્યાઓ બોર્ડ ઉપર દર્શાવવાની રહેશે.

(૨૧) સમગ્ર બદલી પ્રક્રિયા દરમ્યાન શિક્ષક/વિદ્યાસહાયક જે તે વર્ષની બદલી પ્રક્રિયામાં (વધ-ઘટ બદલી સિવાય) એકજ વખત લાભ લઇ શકશે.

(૨૨) બદલી કેમ્પમાં બોર્ડ ઉપર દર્શાવવામાં આવેલા ગામો,સહિત કેમ્પમાં ખાલી જગ્યાઓની યાદી અને બદલી અંગેનું તમામ દફતર બીજો કેમ્પ ન થાય ત્યાં સુધી જિલ્લા/નગર શિક્ષણ સમિતિએ સાચવવાનું રહેશે.

(૨૩) બદલી કેમ્પમાં માન્ય મંડળના પ્રમુખશ્રી અને મહામંત્રીશ્રીને અગાઉથી કેમ્પમાં ઉપસ્થિત રહેવા જાણ કરવી.

(૨૪) શિક્ષક/વિદ્યાસહાયકની નિવૃત્તિ, રાજીનામું કે અન્ય કારણોસર શાળા શિક્ષક વગરની થાય તેવા કિસ્સામાં ગ્રુપ શાળાના મુખ્ય શિક્ષક

આવી જગ્યા ઉપર ગ્રુપ શાળા પૈકીની કોઇપણ શાળામાંથી અન્ય શિક્ષકને શાળામાં કાયમી શિક્ષકની નિમણૂંક ન થાય ત્યાં સુધી કામગીરી આપી શાળાનું વ્યવસ્થાપન કરવાનું રહેશે. આવી કામગીરીવાળી શાળા નિયમિત ચાલે તેની જવાબદારી ગ્રુપ શાળાના મુખ્ય શિક્ષકની રહેશે.

(૨૫) સી.આર.સી./બી.આર.સી તરીકે કામગીરી કરતા હોય અને સી.આર.સી./બી.આર.સી. માંથી શિક્ષક તરીકે પરત આવે તો તેની શ્રેયાનતા માટે મૂળ શાળાની સિનિયોરીટી ગણી તેમની માતૃશાળામાં ખાલી જગ્યા હોય તો ત્યાં મૂકવા અને જો માતૃશાળામાં જગ્યા ન હોય તો જ તેમના જ પગાર કેન્દ્રની ખાલી જગ્યાવાળી શાળામાં મૂકવાના રહેશે. જો પગાર કેન્દ્રમાં પણ જગ્યા ન હોય તો તેમના જ તાલુકાની ખાલી જગ્યા ઉપર મૂકવાના રહેશે અને તાલુકામાં પણ ખાલી જગ્યા ન હોય તો જ અન્ય નજીકના તાલુકામાં મૂકવાના રહેશે.

(૨૬) અધિકૃત નગર શિક્ષણ સમિતિના ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલીના કિસ્સામાં નગર શિક્ષણ સમિતિનું કાર્યક્ષેત્ર એક એકમ (Unit) તરીકે ગણવાનું રહેશે.

<u>પ્રકરણ - (ખ) વધની બદલીઓ:</u>

(૧) શાળાવાર મંજૂર કરેલ મહેકમના આધારે જે શાળાઓમાં શિક્ષક વધ ઉભી થાય ત્યાં શિક્ષક વધ દુર કરવા પૂરતી વધની બદલી દિવાળી વેકેશનમાં કરવાની રહેશે.

(૨) વધ ક્યા વિભાગમાં થાય છે, તે પ્રથમ ઉપર **ક(૨)**માં જણાવેલ વિભાગ મુજબ નક્કી કરવાની રહેશે અને તે વિભાગમાં જ વધ સરભર કરવાની રહેશે.

(3) વધના શિક્ષકની ગણતરી કરવા બાબતે જે તે શાળાના શિક્ષકો પૈકી જે શિક્ષક શાળાની દાખલ તારીખની સીનીયોરીટી મુજબ છેલ્લા ક્રમે આવતા હોય તેને વધમાં ગણવાના રહેશે.

(૪) વર્ષ-૨૦૧૨ ના વધની બદલી કેમ્પ સમયે જે વિદ્યાસહાયકોની નિમણૂક તા.31/05/2010 પછી અને તા.31/03/2012 પહેલાં

થયેલ છે તેમને વધની ગણતરીમાં લઈ શકાશે નહીં. વર્ષ-૨૦૧૨ પછીની વધની બદલીઓ માટે તેમને પણ વધમાં ગણી શકાશે.

(૫) જે તે વિષયમાં ફાજલ(સર પ્લસ) કરતી વખતે તે જ વિભાગના શિક્ષકો પૈકી શાળાની સીનીયોરીટી મુજબ સૌથી જુનીયરને વધમાં ગણવાના રહેશે અને જો એક કરતાં વધુ શિક્ષકોની શાળાની સીનીયોરીટી એક સરખી હોય ત્યારે નોકરીની દાખલ તારીખને ધ્યાને લઈ સીનીયોરીટી ગણીને વધ નક્કી કરવાની રહેશે.

(૬) જે ગામમાં એક કરતાં વધારે શાળાઓ આવેલી હોય ત્યાં જે શાળામાં વધ ઉભી થાય તે જ શાળાના શિક્ષક/વિદ્યાસહાયકની બદલી કેમ્પમાં બદલી કરવાની રહેશે. વધ જાહેર કરતી વખતે શાળાની સીનીયોરીટીને ધ્યાને લેવાની રહેશે. ગામની સીનીયોરીટીને ધ્યાને લેવાની રહેશે નહીં.

(૭) જો ગામમાં એક કરતાં વધારે શાળા આવેલ હોય અને ગામની અન્ય કોઈ શાળામાં તે જ વિભાગના શિક્ષકની જગ્યા ખાલી હોય તો વધ થતાં શિક્ષકોને તે જ ગામની શાળામાં સમાવવાના રહેશે. ગામની બધી શાળાઓમાં સંલગ્ન વિભાગમાં કુલ ખાલી જગ્યાઓ કરતાં વધ થયેલ શિક્ષકોની સંખ્યા વધારે હોય તો ગામની સીનીયોરીટી મુજબ વધ સરભર કરવાની રહેશે અને ગામની સીનીયોરીટી મુજબ સૌથી જુનીયરને ગામમાંથી વધ તરીકે ગણવાના રહેશે.

(૮) જે ગામમાં એક કરતાં વધારે શાળાઓ આવેલી હોય ત્યાં શિક્ષક વધ સરભર કરવા માટે સૌ પ્રથમ સ્થાનિક શાળાઓમાં શિક્ષકની બદલી કરવાની રહેશે. ઉચ્ચ પ્રાથમિક શાળામાં વધના કિસ્સામાં વિષયોને ધ્યાને લેવાના રહેશે. ત્યારબાદ પગાર કેન્દ્ર શાળાઓની અંદર વધ સરભર કરવાની રહેશે. ત્યાર પછી તાલુકાની શાળામાં વધ સરભર કરવાની રહેશે. ત્યારબાદ જિલ્લાના બીજા તાલુકામાં મુકવાના રહેશે. જો જિલ્લામાં વધ સરભર કરી શકાય તેમ ના હોય તો તેની નિયામકશ્રીને જાણ કરવાની રહેશે.

(૯) શિક્ષક વધના લીધે બદલવામાં આવેલ શિક્ષક/વિદ્યાસહાયક તેની મૂળ શાળામાં જે તે વિભાગમાં જ બે વર્ષની સમય મર્યાદામાં પ્રથમ ખાલી જગ્યા પડે ત્યારે, સદર શિક્ષક/વિદ્યાસહાયક બદલીની માંગણી કરે તો તેને તેની મૂળ શાળામાં બદલીની પ્રથમ તક આપવાની રહેશે. વધમાં બદલી કરેલ શિક્ષકને માંગણીનો હકક રહેશે અને બદલી માટે મૂળ શાળાની સીનીયોરીટી ધ્યાને લેવાની રહેશે.

<u>પ્રકરણ - (ગ) માંગણીની આંતરીક બદલીઓ:</u>

(૧) શાળાવાર/વિભાગવાર સ્પષ્ટ ખાલી જગ્યાઓની યાદી તાલુકા/જિલ્લા શિક્ષણ સમિતિની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર કેમ્પની તારીખથી ૭ (સાત) દિવસ પહેલાં મૂકવાની રહેશે.

(૨) કેમ્પમાં ઉપસ્થિત રહેલા તમામ શિક્ષકો/વિદ્યાસહાયકોની હાજરીપત્રકમાં સહી લેવાની રહેશે.

(3) કેમ્પમાં દર્શાવેલ ખાલી જગ્યાઓ ઉપર હાલની શાળાની સિનિયોરીટીના આધારે શિક્ષક/વિદ્યાસહાયકની માંગણી મુજબ બદલી કરવાની રહેશે.

(૪) માંગણીદાર તમામ શિક્ષકોની નોકરીની લંબાઇ અને અન્ય વિગતોની માહિતી દર્શાવતું એકંદર પત્રક તૈયાર કરી રેકર્ડ ઉપર રાખવાનું રહેશે.

(૫) જિલ્લાની તમામ પ્રકારની આંતરિક માંગણીની બદલીની પાત્રતા માટે શિક્ષક/વિદ્યાસહાયક હાલની શાળામાં કેમ્પની તારીખે ત્રણ વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોવી જોઇએ.

(૬) શિક્ષક દંપતીના કિસ્સાની માંગણીવાળી બદલીઓમાં નીચેની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે:

(i) પતિ-પત્નિ, શિક્ષક કે વિદ્યાસહાયક હશે તો પતિ-પત્નિના કિસ્સામાં બદલી થઈ શકશે.

(ii) જે તે વિભાગના જ પતિ-પત્નિ હોય તે જરૂરી નથી.

(iii) પતિ-પત્નિના કિસ્સામાં માંગણી કરે ત્યારે પતિ કે પત્નિ જે શાળામાં ફરજ બજાવે છે, તે શાળામાં બદલી થઈ શકશે. પરંતુ જે

વિભાગના શિક્ષક છે તે જ વિભાગમાં તે જ શાળામાં જગ્યા હોય તો બદલી કરી શકાશે.

(iv) અલગ-અલગ શાળામાં પતિ-પત્નિ નોકરી કરતાં હોય તો તાલુકાની અન્ય કોઈ શાળામાં જે તે વિભાગની ખાલી જગ્યા હોય અને પતિ-પત્નિ ભેગા થવા માંગતા હોય તો બદલી કરી શકાશે.

(v) પતિ-પત્નિં અગ્રતાનો લાભ ન લે તો શિક્ષક/શિક્ષિકા સિનીયોરીટીના આધારે બદલીનો લાભ મેળવી શકશે.

<u>પ્રકરણ - (ઘ) જિલ્લાફેર બદલીઓ:</u>

(૧) જિલ્લામાં તારીખ ૦૧, જૂન ની સ્થિતિએ ખાલી પડેલ જગ્યા પૈકી ૪૦ ટકા જગ્યાઓ જિલ્લાફેર બદલીથી ભરી શકાશે. જિલ્લા ફેર બદલીથી ભરવાપાત્ર જગ્યાઓના ૫૦ ટકા જગ્યાઓ વિધવા, અપંગ, ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષક દંપતિ તથા વાલ્મિકી સમાજના સભ્યથી ભરી શકાશે અને બાકીની જગ્યાઓ શ્રેયાનતાના ધોરણે જિલ્લા ફેરબદલીથી ભરવાની રહેશે. જિલ્લાફેરથી આવનાર શિક્ષકો ન હોય તો આ જગ્યાઓ વિદ્યાસહાયકની સીધી ભરતીથી ભરવાની રહેશે.

(૨) જિલ્લા ફેરબદલી અંગેની જે તે જિલ્લામાં જિલ્લા ફેર-બદલી રજીસ્ટરમાં નોંધાયેલ પૈકી બાકી (Pending) અરજીઓને પ્રકરણ – ક (૪)માં જણાવ્યા મુજબ ચાર વિભાગમાં વહેંચવાની રહેશે. શિક્ષકે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના જે વિભાગ માટે પસંદગી(Option) આપેલ હોય અને સ્વીકારવામાં આવેલ હોય તે જ વિભાગમાં તેમનો સમાવેશ કરવાનો રહેશે. આ અંગે મૂળ અરજીની સીનીયોરીટીની તારીખ યથાવત રાખવાની રહેશે.

(3) જિલ્લા ફેરબદલી ઈચ્છતા શિક્ષકોએ જે તે વર્ષની ૧ લી ડીસેમ્બરથી ૩૧ મી ડીસેમ્બર સુધીમાં જિલ્લા ફેરબદલી અંગેની અરજી નિયત ફોર્મમાં પોતાના જિલ્લામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને કરવાની રહેશે.

(૪) જિલ્લા કક્ષાએ મળેલી અરજીઓનું વિભાગવાર ક(૨) મુજબ અને જિલ્લાવાર વિભાજન કરી આવી અરજીઓ સંબંધિત જિલ્લાઓને

તા.૧૫ ફેબ્રુઆરી સુધીમાં પ્રાથમિક શિક્ષણ નિયામકની વખતોવખતની સૂચના અનુસાર રૂબરૂ કેમ્પમાં મોકલવાની રહેશે.

(૫) ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષકોની મૂળ જિલ્લાની નોકરીની દાખલ તારીખના આધારે જે તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ઉપરની વિગતે મળેલી અરજીઓ શ્રેયાનતા મુજબ જિલ્લા ફેરબદલી રજીસ્ટરમાં નોધવાની રહેશે અને જિલ્લાફેર બદલીમાં નોંધાયેલો શિક્ષકનો નોંધણી ક્રમ દર્શાવતી પહોંચ (વર્ષ સહિત) સંબંધિત શિક્ષકને તુરત જ મોકલવાની રહેશે.

(૬) જિલ્લાફેર બદલીના કિસ્સામાં ઉપર ક(૨)માં જણાવ્યા પ્રમાણે વિભાગ મુજબ અરજીઓના ગ્રુપ પાડીને જ બદલી કરવાની રહેશે અને જે તે વિભાગ પ્રમાણે બદલી થઈ શકશે. એટલે કે, પ્રાથમિક શિક્ષકની સામે પ્રાથમિક શિક્ષક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની સામે ઉચ્ચ પ્રાથમિક શિક્ષકના વિષયના વિભાગ પાડીને જ બદલી કરી શકાશે અને તે પ્રમાણે શિક્ષકની મૂળ જિલ્લાની દાખલ તારીખના આધારે નોકરીની કુલ લંબાઇ અનુસાર અલગ-અલગ સિનીયોરીટી લીસ્ટ તૈયાર કરીને બદલી કરવાની રહેશે.

(૭) જિલ્લા ફેરબદલી માટે શિક્ષક/વિદ્યાસહાયકે જે તે જિલ્લામાં જે તે વર્ષની ૩૧મી ડિસેમ્બર સુધી પાંચ વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોય અને વિદ્યાસહાયક પૂરા પગારી પાત્રતા ધરાવતો હોય તેવા શિક્ષક/વિદ્યાસહાયક ૧લી ડિસેમ્બરથી ૩૧મી ડિસેમ્બર સુધીમાં જિલ્લાફેર બદલીની અરજી કરવાની રહેશે.

(૮) જિલ્લાફેર બદલીનો લાભ સમગ્ર નોકરી દરમિયાન માત્ર એક જ વખત મળી શકશે.

(૯) પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની સામે કોઈ તપાસ, ખાતાકીય તપાસ, પોલીસ કેસ કે ફોજદારી અદાલતી કાર્યવાહી ચાલતી હોય ત્યારે તેવા ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષકની જિલ્લાફેર બદલીની માંગણી ગ્રાહ્ય રાખી શકાશે નહીં. પરંતુ જિલ્લામાં આંતરીક બદલી થઈ શકશે. અને તેની વિગતો જે તાલુકામાંથી

શિક્ષકની બદલી થતી હોય તે તાલુકાના તાલુકા કેળવણી નિરીક્ષક/તાલુકા વિકાસ અધિકારીએ શિક્ષકની બદલી જે તાલુકામાં થતી હોય તે તાલુકાના તાલુકા કેળવણી નિરીક્ષક/તાલુકા વિકાસ અધિકારીને મોકલવાની રહેશે.

(૧૦) જે તે વર્ષની શ્રેયાન યાદી પુરી થયા બાદ જ ત્યાર પછીના વર્ષની શ્રેયાન યાદીમાંથી જિલ્લાફેરની નિમણૂંકો આપવાની રહેશે.

(૧૧) જિલ્લાફેર બદલી માટે એક વખત કરવામાં આવેલ અરજીને કાયમી રાખવાની રહેશે અને જિલ્લાવાર ફેરબદલી અંગે શિક્ષકોની વર્ષવાર શ્રેયાનતા અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૧૨) જિલ્લાફેર બદલીની કાર્યવાહી જાહેર કેમ્પ દ્વારા કરવાની રહેશે. કેમ્પમાં જિલ્લાની તમામ ખાલી જગ્યાઓ ઉપર ક(૩)માં જણાવ્યા પ્રમાણે વિભાગ મુજબ નોટીસ બોર્ડ ઉપર દર્શાવવાની રહેશે. કેમ્પમાં ઉપસ્થિત ન રહેનાર ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષકનો ક્રમ કાયમી રદ ગણી ત્યાર પછીના સિનિયોરીટી/શ્રેયાનક્રમ વાળા ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષકની બદલી કરવાની રહેશે. જો શિક્ષક જિલ્લાફેર બદલીમાં ગેરહાજર રહે અને તેનો ક્રમ રદ થાય તો તે શિક્ષક પુનઃ અરજી કરી શકશે અને નવા ક્રમ મુજબ જ્યારે ક્રમ આવે ત્યારે લાભ મેળવી શકશે.

(૧૩) જિલ્લાફેર બદલી અન્વયે શિક્ષકોને છૂટા કરતાં પહેલાં તેમની પાસેથી મકાન બાંધકામ પેશગી સિવાય,અન્ય સરકારી લેણાની વસૂલાત કરી લેવાની રહેશે. મકાન બાંધકામ પેશગીની બાકી વસૂલાતની વિગતો શિક્ષકોના એલ.પી.સી મા દર્શાવવાની રહેશે તથા એચ.બી.એ. ની મૂળ ફાઇલ બદલીવાળા જિલ્લાને મોકલી આપવાની રહેશે.

(૧૪) જિલ્લાફેર બદલીમાં ૩૧ ડિસેમ્બરે ૫૩ વર્ષની ઉંમર પછી અરસ-પરસ જિલ્લાફેર બદલીનો લાભ મળી શકશે નહિં.

<u>પ્રકરણ - (ચ) અરસ-પરસની બદલીઓઃ</u>

(૧) અરસ-પરસ જિલ્લા ફેરબદલીમાં સંકળાયેલા બંને પ્રાથમિક શિક્ષકોની નોકરી અરજીની તારીખે પાંચ વર્ષની થયેલી હોવી જોઇશે.

(૨) અરસ-પરસની બદલી માટે સંબંધિત જિલ્લા/નગર શિક્ષણ સમિતિને ૩૧ મી માર્ચ સુધી અરસ-પરસ બદલીની અરજી કરવાની રહેશે. ૩૧ મી માર્ચના રોજ અરજી કરતી વખતે પાંચ વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈશે.

(૩) જિલ્લામાં તાલુકા ફેર અરસ-પરસ બદલી અને એક જ તાલુકાની અંદર અરસ-પરસ બદલીનો લાભ સમગ્ર નોકરી દરમિયાન એકજ વખત મળશે. આ ઉપરાંત જિલ્લાફેરમાં અરસપરસ બદલીનો લાભ સમગ્ર નોકરી દરમ્યાન એકજ વખત મળશે, તે અંગેની સ્પષ્ટ નોંધ શિક્ષક/વિદ્યાસહાયકના બદલી હુકમમાં અને સેવાપોથીમાં કરવાની રહેશે.

(૪) નિવૃત્તિને પાંચ વર્ષથી ઓછો સમય બાકી હોય તેમને અરસપરસ બદલીનો લાભ મળશે નહીં.

(૫) અરસ-પરસ બદલીના કિસ્સામાં શિક્ષકને એકબીજાની શાળામાં જ મૂકવાના રહેશે. અન્ય શાળામાં બદલીથી નિમણૂંક આપી શકાશે નહીં.

(૬) અરસ-પરસ બદલી માંગતા બંને શિક્ષકો એક જ વિભાગના હોવા જોઈશે. જુદા-જુદા વિભાગોના શિક્ષકોની અરસ-પરસ બદલી થઈ શકશે નહીં.

**<u>પ્રકરણ - (છ) વહીવટી બદલીઓ:</u>**

(૧) શાળાના શિક્ષકની અનિયમિત હાજરી, નબળી શૈક્ષણિક કામગીરી, નાણાંકીય ગેરરીતિ, રાજકીય પ્રવૃત્તિઓનું આચરણ, શિક્ષકના વર્તન/વ્યવહાર અથવા ચારિત્ર્યને લગતી ફરિયાદના કિસ્સામાં આવી ફરિયાદ અંગે જો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને ફરીયાદમાં તથ્ય છે તેવો સંતોષ થાય, તો વહીવટના હિતમાં બદલી કરી શકશે. પરંતુ આવા દરેક કિસ્સામાં સક્ષમ અધિકારીએ જેમ બને તેમ જલ્દી શિસ્ત વિષયક કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

(૨) શિસ્તના પ્રશ્નો હલ કરવા માટે થતી વહિવટી બદલીઓમાં જે શિક્ષક/વિદ્યાસહાયકની બદલી કરવાની થતી હોય ત્યારે તેના

વિભાગ/વિષય મુજબની જગ્યા જ્યાં ખાલી હોય ત્યાં બદલીથી મુકવાના રહેશે.

(૩) જ્યારે શિક્ષકની શિસ્ત વિષયક બદલી કરવામાં આવે ત્યારે શિક્ષકને તેના વતનની નજીક મૂકવા નહીં.

**પ્રકરણ - (જ) તબીબી કારણોસર કરવાની બદલીઓઃ**

(૧) શિક્ષક/શિક્ષિકા પોતે અથવા તેમના પતિ કે પત્નિ કે તેમના સંતાનો નીચે જણાવેલ અસાધ્ય અને ગંભીર રોગથી પીડાતા હોય તેવા કિસ્સામાં તબીબી કારણોસર બદલી કરવાની સત્તા ફકત સરકાર કક્ષાએ રહેશે.

**અસાધ્ય રોગઃ**

**(૧) કેન્સર**

**(૨) હૃદય રોગ જેમાં બાયપાસ સર્જરી અને હૃદયના વાલ્વની બિમારીનો સમાવેશ થશે.**

**(૩) મુત્રપિંડની બિમારીની ગંભીર સમસ્યા**

**(૪) એઇડ્સ**

(૨) ઉપર્યુકત બાબતે સિવિલ સર્જનનું પ્રમાણપત્ર ઉપરાંત શિક્ષકે બિમારી સબબ લીધેલ રજાઓના પુરાવા, દવાના પ્રિસ્કીપ્શન અને દવાના બિલો તથા મેડિકલ ચેકઅપ અંગેનો રીપોર્ટ રજૂ કરવાનો રહેશે.

(૩) તબીબી કારણસર બદલીમાં પતિ અને પત્ની બંને શિક્ષક/વિદ્યાસહાયક હોય ત્યારે તેમના સંતાનની બિમારી સબબ બેમાંથી એક (પતિ અથવા પત્ની) ને લાભ મળી શકશે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(એસ.બી.ગરાસિયા)**
**નાયબ સચિવ**
**શિક્ષણ વિભાગ**

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અનધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

(ઉપરના પાંચ માટે) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ/સરકારી સેવામાં ફરજ બજાવતા અને સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂક પામનાર શિક્ષકોને પગાર અને નોકરીના લાભો આપવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ૧૧-૨૦૧૨-૩૧૪૬૬૮-ક,

સચિવાલય, ગાંધીનગર

તા.૨૭/૦૮/૨૦૧૨

<u>વંચાણે લીધાઃ</u>

શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/2/પીઆરઈ /1111/સીંગલ ફાઈલ/3/K, તા.18/01/2012

<u>ઠરાવઃ</u>

આમુખમાંઃ દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૧૮/૧/૨૦૧૨ના જાહેરનામા અન્વયે જિલ્લા શિક્ષણ સમિતિ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલીત પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષકની 50 ટકા જગ્યાઓ સીધી ભરતી અને 50 ટકા જગ્યાઓ બઢતીથી ભરવાનું ઠરાવવામાં આવેલ છે.

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિમાં સેવા બજાવતા અનુભવી શિક્ષકો પણ સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂક મેળવવા અરજી કરે છે. સીધી ભરતીથી નિમણૂક પામનાર આવા પ્રાથમિક શિક્ષકોને તેમની અગાઉની સેવા સળંગ ગણવા તથા પગારનો લાભ આપવા અંગેની બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ/સરકારી સેવા બજાવતા અને સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂક પામનાર શિક્ષકોની અગાઉની સેવાઓ સંબંધે નીચે જણાવ્યા મુજબ ઠરાવવામાં આવે છે.

1. જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં સેવા બજાવતા પ્રાથમિક શિક્ષક મુખ્ય શિક્ષકની જગ્યા માટે સીધી ભરતીથી પોતાના જિલ્લામાં કે અન્ય જિલ્લામાં કે નગર શિક્ષણ સમિતિમાં પસંદગી પામે તો તેવા શિક્ષકને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીએ મુખ્ય શિક્ષક તરીકે ફરજ પર હાજર થવા માટે ફરજ મુકત કરવાના રહેશે.
2. મુખ્ય શિક્ષકની જગ્યા પર સીધી ભરતીથી નિમણૂક મેળવેલ શિક્ષકને સરકારશ્રીના વખતોવખતના નિયમો મુજબ પેન્શન/વર્ધિત પેન્શન મેળવવાપાત્ર રહેશે. સામાન્ય ભવિષ્ય નિધિના ખાતા જે તે જિલ્લામાં તબદીલ કરી શકાશે. મુખ્ય શિક્ષકની જગ્યા પર પસંદગી પામનાર શિક્ષકને જિલ્લા શિક્ષણ

PAM/2012/4/DPE

સમિતિ/નગર શિક્ષણ સમિતિ/સરકાર હેઠળની તેમની અગાઉની સેવાઓ તમામ હેતુસર સળંગ ગણવાની રહેશે.

3. મુખ્ય શિક્ષકની જગ્યા પર સીધી ભરતીથી નિમણૂક પામેલ શિક્ષક, મુખ્ય શિક્ષક તરીકે કામગીરી કરવા ન માંગતા હોય તો અજમાયશી સમયગાળા દરમ્યાન તેમના અગાઉના મૂળ જિલ્લામાં પ્રાથમિક શિક્ષક તરીકે પરત મૂકવાના રહેશે. તેઓનો પગાર સરકારશ્રીના વખતોવખતના ઠરાવ મુજબ નક્કી કરવાનો રહેશે.

4. મુખ્ય શિક્ષકની કેડર અલગ હોઈ બદલી માટે રાજ્ય સરકારના વર્ગ-3 ના કર્મચારી માટે સામાન્ય વહિવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ ટીઆરએફ/1098/1432/ગ-2, તા.25-10-2000 તથા વખતોવખતના બહાર પાડેલ નિયમો લાગુ પડશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.એ.શાહ )
ઉપસચિવ,(પ્રા.શિ.)
શિક્ષણ વિભાગ.

PAM/2012/4-DPE

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અનધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા

PAM/2012/4-DPE

**ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક/ પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયકની બદલીના નિયમો.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
**સુધારા ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૧-૨૦૧૨-૩૧૪૭૭૬-ક.**
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૭/૦૯/૨૦૧૩.

**સંદર્ભઃ-**

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૧-૨૦૧૨-૩૧૪૭૭૬-ક., ૨૩-૫-૨૦૧૨

(૨) ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની તા.૩-૭-૨૦૧૩ અને તા. ૯-૭-૨૦૧૩ ની રજૂઆત.

**સુધારા ઠરાવઃ-**

સંદર્ભ-(૧) માં દર્શાવેલા આ વિભાગના સરખા ક્રમાકના તા.૨૩-૫-૨૦૧૨ ના ઠરાવમાં પ્રકરણ-ક માં ફકરો-(૪) (iii) નીચે મુજબ ઉમેરવામાં આવે છેઃ-

**(૪) (iii)** શિક્ષણ વિભાગના તા.૧૬-૨-૨૦૧૨ ના ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૧-૫૨૦૩૬-ક પ્રમાણે ઉચ્ચ પ્રાથમિક શિક્ષક માટે વિકલ્પ આપીને પોતાની અથવા બીજી શાળામાં જગ્યા સ્વીકારી લીધી હોય તેવા શિક્ષકોની આતંરિક બદલી કે અરસ-પરસની બદલી માટે તેમણે જે શાળામાંથી વિકલ્પ આપેલ છે તે શાળાની સિનિયોરીટી જ ગણતરીમાં લેવાની રહેશે. આ પ્રમાણે બદલીનો લાભ લીધા બાદ તે શિક્ષક ફરીથી બદલી કરાવવા ઇચ્છે તો તેમની બદલીવાળી નિમણૂંકની તારીખ સિનીયોરીટીના હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવશે.

૨. આ સુધારા સિવાય તા.૨૩-૫-૨૦૧૨ ના ઠરાવમાં અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનંત પટેલ)
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ),
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષા મંત્રીશ્રીઓ (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- અગ્રસચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (પ્રા.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓની કચેરી ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.,
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પાઠય પુસ્તક મંડળ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત, રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વ શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા,
- સર્વ નગરપાલિકા અને નગર પંચાયત
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.

} નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ગાંધીનગર મારફત.

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધી અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીઓ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ, સચિવાલય, ગાંધીનગર
- સીલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ, ક-શાખા.

શિક્ષકોની વધારે ઘટ ધરાવતા તાલુકાઓની
પ્રાથમિક શાળાઓ (ધોરણ- ૧ થી ૫) માં
વિદ્યાસહાયકની નિમણૂંક કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવક્રમાંકઃપીઆરઈ/૧૧૧૦/૨૨૩/ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૧/૦૧/૨૦૧૪

સંદર્ભઃ (1) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ-૧૧૧૦/૨૨૩/ક તા.૨૭/૪/૨૦૧૧
(2) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ-૧૧૧૦/૨૨૩/ક તા.3/૫/૨૦૧૨
(3) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ-૧૧૧૦/૨૨૩/ક તા.૧૮/૫/૨૦૧૨.
(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણાના તા.૨૨/૧૧/૨૦૧૩ ના રોજની સિંગલ ફાઇલ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૨/સી.ફા./૨૭/ક ઉપર કરાયેલ દરખાસ્ત

**ઠરાવઃ**

રાજ્યના કેટલાક તાલુકાઓની પ્રાથમિક શાળાઓ(ધોરણ- ૧ થી ૫)માં શિક્ષકોની વધારે ખાલી જગ્યાઓ હોવાના કારણે તે વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોના શિક્ષણને વિપરિત અસર થાય છે. આવી વિપરીત અસર નિવારવા માટે તેમજ તે વિસ્તારના બાળકોની શૈક્ષણિક સુવિધા જળવાઈ રહે અને પી.ટી.સી./ડી.ઇએલ.ઇડી.( PTC./D.El.Ed.) ની લાયકાત ધરાવતા અને પ્રાથમિક વિભાગ માટેની શિક્ષણ યોગ્યતા કસોટી(TET) પાસ કરેલ બેરોજગાર ઉમેદવારોને નોકરી મળે તે હેતુથી આવા તાલુકાઓની પ્રાથમિક શાળાઓ (ધોરણ-૧ થી ૫)માં વિદ્યાસહાયકની ૨૦૦૦ ખાલી જગ્યાઓ ભરવા માટે શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ (સંદર્ભ-૧ માં દર્શાવેલા) તથા વખતો-વખતના ઠરાવ અન્વયે પ્રાથમિક વિભાગ (ધોરણ- ૧ થી ૫) માટે નિયત કરવામાં આવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોને નિમણૂંક આપવાની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની દરખાસ્ત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે માત્ર નિયત તાલુકાઓમાં પી.ટી.સી./ ડી.ઇએલ.ઇડી. (PTC/D.El.Ed. ની લાયકાત ધરાવતા ઉમેદવારોથી ખાસ કિસ્સા તરીકે ચાલુ શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૩-૧૪ માટે જ આ સાથેના પરિશિષ્ટ-અ માં દર્શાવ્યા મુજબના તાલુકાઓ માટે વિદ્યાસહાયકની ૨૦૦૦ જગ્યાઓ નીચેની શરતોને આધિન ભરવા આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

(૧) ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર દ્વારા પરિશિષ્ટ-અ માં દર્શાવેલ જિલ્લાના નિયત કરેલ તાલુકાની ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવા સંબંધીત જિલ્લા શિક્ષણ સમિતિ પાસેથી માંગણીપત્રકો મંગાવી જાહેરાત આપવાની રહેશે.

(૨) ઉપરોકત મંજુરી મુજબની ભરતીની જાહેરાત કે ભરતીની પ્રક્રિયા ગુજરાત હાઇકોર્ટ ધ્વારા સી.એ.નં.૧૩૭૦૩/૨૦૧૩ ઇન સ્પે.સી.એ. નં. ૭૭૬૯/૨૦૧૨ માં તા.૨૭/૧૨/૨૦૧૩ ના

રોજ પ્રાથમિક શિક્ષકોની ભરતી પ્રક્રિયા ઉપર આપેલ મનાઇ હુકમ દૂર થયા બાદ જ હાથ ધરવાની રહેશે.

(૩) આ જગ્યાઓ ઉપર નિમણૂંક મેળવવા ઈચ્છતા ઉમેદવારે જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા જે તાલુકામાં નિમણૂંક આપવામાં આવે તે તાલુકામાં જ દસ વર્ષ સુધી ફરજ બજાવવાની રહેશે. વિદ્યાસહાયકોની ભરતીની જાહેરાતમાં તથા નિમણૂંકના હુકમમાં આ શરતનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

(૪) શિક્ષણ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧/૨૦૧૨/૩૧૪૭૭૬/ક તથા તે પછીના વખતો-વખતના બદલી અંગેના ઠરાવ અન્વયે જિલ્લાના અન્ય તાલુકામાં કે જિલ્લા ફેર બદલી માટે નિમણુંકની તારીખથી ૧૦ (દસ)વર્ષ સુધી જે તે વિદ્યાસહાયક/શિક્ષક બદલી માટે માંગણી કરી શકશે નહીં.

(૫) વધુમાં શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ ના સંદર્ભ(૧)માં દર્શાવેલા ઠરાવથી તેમજ તે અંગેના વખતો-વખતના સુધારાથી જે કઇ શરતો/નિયમો નકકી થાય તે આ ઉમેદવારોને લાગુ પડશે.

(૬) વધુમાં નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા આ જગાઓ પર પસંદ થયેલા ઉમેદવારોને જે તે જિલ્લામાં નિમણૂંક આપતી વખતે સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને નીચે દર્શાવેલ ક્રમ મુજબની અગ્રતા આપવા માટે સૂચનાઓ આપવાની રહેશે.

(૧) શિક્ષક વિનાની કોઇ જ શાળા ન રહે તે જોવું.

(૨) એક શિક્ષકવાળી શાળામાં બીજા શિક્ષકની નિમણુંક આપવી.

(૩) જે શાળામાં મંજુર મહેકમના ૧૦ ટકા કરતાં વધુ જગાઓ ખાલી હોય તેવી શાળાઓમાં પ્રથમ નિમણુંકો આપવી

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપરની નાણા વિભાગની તા.૩/૧૨/૨૦૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(અનંત પટેલ)

નાયબ સચિવ

શિક્ષણ વિભાગ

<u>પ્રતિ,</u>

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૧૦૪

- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ

(નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા)

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજય,
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા

ds.pri

## શિક્ષણ વિભાગના તા.21/01/2014ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/1110/223/ક નું બિડાણ
## પરિશિષ્ટ - 'અ'
## વિદ્યાસહાયક ભરતી-2013-14
## પ્રાથમિક વિભાગ ધોરણ - 1 થી 5 (PTC/D.El.Ed.)

| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | ભરવા પાત્ર જગ્યા | જિલ્લાની કુલ ભરવાપાત્ર જગ્યા |
|---|---|---|---|---|
| 1 | અમદાવાદ | રાણપુર | ૨૨ | 29 |
| | | ધંધુકા | ૭ | |
| 2 | વડોદરા | કવાટ | ૧૧૫ | 217 |
| | | છોટાઉદેપુર | ૧૦૨ | |
| 3 | રાજકોટ | માળીયા મીંયાણા | ૮૫ | 129 |
| | | વાંકાનેર | ૨૩ | |
| | | જસદણ | ૨૧ | |
| 4 | દાહોદ | દાહોદ | ૧૩૬ | 399 |
| | | ગરબાડા | ૧૩૩ | |
| | | ધાનપુર | ૧૧૫ | |
| | | ઝાલોદ | ૧૫ | |
| 5 | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૧૯૫ | 195 |
| 6 | જુનાગઢ | ઉના | ૧૯ | 19 |
| 7 | પાટણ | સાંતલપુર | ૮૫ | 85 |
| 8 | ભાવનગર | મહુવા | ૭૪ | 74 |
| 9 | જામનગર | કલ્યાણપુર | ૧૩૮ | 379 |
| | | ખંભાળીયા | ૧૩૬ | |
| | | દ્વારકા | ૬૯ | |
| | | ભાણવડ | ૩૬ | |
| 10 | કચ્છ | લખપત | ૪૭ | 138 |
| | | રાપર | ૩૯ | |
| | | અબડાસા | ૩૧ | |
| | | મુન્દ્રા | ૨૧ | |
| 11 | ભરૂચ | જંબુસર | ૩૪ | 34 |
| 12 | વલસાડ | કપરાડા | ૧૨૩ | 138 |
| | | ઉમરગામ | ૧૫ | |
| 13 | બનાસકાંઠા | થરાદ | ૬૦ | 81 |
| | | વાવ | ૨૧ | |
| 14 | સુરેન્દ્રનગર | ચોટીલા | ૧૫ | 15 |
| 15 | ડાંગ | સુબીર | ૬૦ | 68 |
| | | આહવા | ૮ | |
| | | કુલ | ૨૦૦૦ | **2000** |

(અનંત પટેલ)
નાયબ સચિવ(પ્રા.શિ.)
શિક્ષણ વિભાગ

પ્રાથમિક શાળાના શિક્ષકો/વિદ્યાસહાયકો
અને મુખ્ય શિક્ષકોએ બજાવવાની ફરજો
અને અનુસરવાની આચારસંહિતા..

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૨/૨૦૧૪/૪૦૭૯૬/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૦૭/૦૨/૨૦૧૪

વંચાણે લીધા

(૧) ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭નો નિયમ-૭૦.
(૨) ભારત સરકારનો બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯
(૩) ગુજરાત શિક્ષણ કાયદો(સુધારા)અધિનિયમ-૨૦૧૦
(૪) ગુજરાતના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો-૨૦૧૨

ઠ રા વ

સંદર્ભ-(૧) માં દર્શાવેલ નિયમોના નિયમ-૭૦(૧) અને ૭૦ (૨) અન્વયે રાજયમાં હાલમાં પ્રાથમિક શાળાના શિક્ષકોની અને મુખ્ય શિક્ષકોની ફરજો નિયત કરવામાં આવેલ છે. રાજયમાં ભારત સરકારના બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ અન્વયે પ્રાથમિક શિક્ષણ ધોરણ-૧ થી ૭ ને બદલે હવે ધોરણ-૧ થી ૮ સુધીનું ઠરાવવામાં આવેલ છે તે પૈકી ધોરણ-૧ થી ૫ પ્રાથમિક શિક્ષણ અને ધોરણ-૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ગણાશે તેમ ઠરાવવામાં આવેલ છે. રાજયમાં પ્રાથમિક શિક્ષણને વધારે ગુણવત્તાસભર બનાવવા માટે તેમજ ( Right to Education

Act) અધિનિયમ-૨૦૦૯ અને તે હેઠળ બનાવવામાં આવેલા નિયમોની જોગવાઇ વગેરે ધ્યાનમાં લેતાં રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓ તેમજ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતાં શિક્ષકો/વિદ્યાસહાયકો અને મુખ્ય શિક્ષકની અગાઉ નિયત કરાયેલ ફરજોમાં સુધારો કરવાની તેમજ તેમણે અનુસરવાની આચારસંહીતા બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે ઉચ્ચ કક્ષાએ નિષ્ણાતોના પરામર્શમાં કાળજીપૂર્વકની વિચારણાના અંતે નીચે દર્શાવ્યા મુજબની પ્રાથમિક શાળાના શિક્ષકો/વિદ્યાસહાયકો અને મુખ્ય શિક્ષકોની ફરજો તેમજ તેમણે અનુસરવાની આચારસંહીતા નકકી કરવામાં આવે છે.

(૧) શિક્ષક/વિદ્યાસહાયકોની ફરજો:-

## અ. RTE (Act) 2009 હેઠળની ફરજો:-

૧ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ ની કલમ-૨૪(૧) માં દર્શાવેલી નીચેની ફરજો દરેક શિક્ષક/વિદ્યાસહાયકે બજાવવાની રહેશે.

૨. શાળાના સમય પ્રમાણે નિયમિત રીતે હાજરી આપવાની રહેશે.

૩. આ અધિનિયમની કલમ-૨૯ (૨) અનુસાર નિયત થયેલ અભ્યાસક્રમો પૂર્ણ કરાવવાના રહેશે અને તે આધારે મૂલ્યાંકન કરવાનું રહેશે.

૪. નિયત સમય મર્યાદામાં અભ્યાસક્રમો પૂર્ણ કરાવવાના રહેશે.

૫. દરેક બાળકની ભણવાની ક્ષમતાની ચકાસણી કરી તેની ઉણપો દૂર કરવા જરૂરી હોય તેવી સૂચનાઓ આપવાની રહેશે.

૬ બાળકોની હાજરી, ભણવાની ક્ષમતા, ભણવામાં થયેલી પ્રગતિ તેમજ અન્ય જાણકારી આપવા માટે બાળકોનાં મા-બાપ અને વાલીઓ સાથે નિયમિત રીતે બેઠકો યોજવાની રહેશે.

૭. ઉપરાંત બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ નિયમો, ૨૦૧૨ ના નિયમ- ૨૦(૧) અને (૨) માં ઠરાવેલી ફરજો બજાવવાની રહેશે.

## બ. નામાંકન સંબંધી ફરજોઃ-(Enrollment)

૧. શાળા વ્યવસ્થાપન સમિતિની કામગીરીમાં મુખ્ય શિક્ષકને મદદરૂપ થશે.

૨. શાળામાં પ્રવેશપાત્ર વયમર્યાદાવાળા બાળકોની યાદી તૈયાર કરશે. સ્થળાંતર કરીને આવનાર વિદ્યાર્થીઓની પણ યાદી તૈયાર કરશે.

૩. કન્યાઓ, સ્થળાંતરીત વિદ્યાર્થીઓ અને વિશેષ જરૂરીયાતવાળા બાળકો પ્રવેશથી વંચિત ન રહે તે ખાસ જોવાનું રહેશે.

૪. ફરજિયાત શિક્ષણ મેળવવાપાત્ર બાળકોને શાળામાં દાખલ કરવા અને નિયમિત હાજર રહે તે માટે વાલીઓને સમજ આપવી.

૫. વિદ્યાર્થીને વર્ષ દરમિયાન ગમે ત્યારે ઉંમરને ધ્યાને લઈ શાળામાં દાખલ કરવાનાં રહેશે.

૬. તમામ વિદ્યાર્થીઓ વાલીઓ સાથે જીવંત સંપર્ક રાખશે.

૭. ગામની સાક્ષરતા વધે કન્યા શિક્ષણનું પ્રમાણ વધે તે માટે આયોજનબધ્ધ પ્રયત્નો કરશે.

૮. મુખ્ય શિક્ષકને સ્થાનિક સ્ત્તાતંત્રને સોંપેલ વિસ્તાર (આર.ટી.અધિનિયમ ૨૦૦૯ ની કલમ(૯) હેઠળની કામગીરી માટે મદદરૂપ થશે.

## ક. સ્થાયીકરણ સબંધી ફરજોઃ- (Retention)

૧. વર્ગના તમામ બાળકો સમયસર આવે તેની તકેદારી રાખશે.

૨. શાળાએ હાજર થયેલ બાળક શાળા સમય પહેલાં વર્ગ શાળા ન છોડે તેની તકેદારી રાખશે.

૩. વર્ગ/ધોરણમાં સોંપાયેલ બાળકો કોઇપણ સંજોગોમાં અધ વચ્ચેથી શાળા છોડે નહિ તથા ઠરાવેલ અભ્યાસ પૂર્ણ કરે તેની કાળજી રાખશે.

૪. પોતાના વર્ગના તમામ વિદ્યાર્થીઓની નિયમિત હાજરી પુરવાની રહેશે. ૩ થી ૪ દિવસની સતત ગેરહાજરી હોય તો વાલીનો સંપર્ક કરી વિદ્યાર્થીને શાળામાં આવતું કરવું.

૫. પોતાને સોંપવામાં આવેલ વર્ગ/વિદ્યાર્થી સંબંધી જનરલ પ્રોફાઇલ બનાવવાની રહેશે.જેમાં વિદ્યાર્થી અંગેની તમામ માહિતી મેળવી રાખવાની રહેશે.

૬. વિદ્યાર્થીઓમાં કોમી એખલાસ અને સદભાવના કેળવશે.

૭. વિદ્યાર્થીને તેની જ્ઞાતિ અથવા કોમને કારણે અસમર્થ ઠરાવાય નહિ તેનું ધ્યાન રાખશે.

૮. વિદ્યાર્થીને અભ્યાસક્રમ સંબંધે અથવા શારીરિક કે માનસિક મુશ્કેલીઓ સંબંધે માર્ગદર્શન તથા મદદ પૂરી પાડશે.

૯. કોઇપણ સંજોગોમાં વિદ્યાર્થીને શાળામાંથી કાઢી મૂકશે નહી અને શારીરિક કે માનસિક શિક્ષા કરશે નહિ કે કરવા દેશે નહી.

૧૦. વિદ્યાર્થીઓ સાથે અપમાનજનક ભાષામાં, જાતિવિષયક શબ્દો વાપરીને વાતાચીત કરશે નહી.

૧૧. ધોરણ વર્ગના તમામ વિદ્યાર્થીઓને તમામ પ્રવૃતિઓમાં સરખી ભાગીદારી કરાવશે.

૧૨. વિકલાંગ માટેના (CWSN-Child with special need) તજજ્ઞ/ખાસ શિક્ષકે માર્ગદર્શન આપ્યા મુજબ વિકલાંગ બાળકો સાથે યોગ્ય વર્તણૂંક રાખશે અને અભ્યાસ કરાવશે.

૧૩. વર્ગ શિક્ષણ સાથે વિદ્યાર્થીની વ્યકિતગત કલા, કારીગરી હુન્નર કે રમત-ગમતના કૌશલ્યનો વિકાસ થાય તેવું ઉત્સાહજનક વાતાવરણ તૈયાર કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરશે.

૧૪. ખાસ જરૂરીયાત વાળા વિદ્યાર્થીઓના વાલીને અઠવાડિક/માસિક મળવાનું આયોજન કરશે.

૧૫. યોજનાકીય બાબતો અંગે સર્વે તથા આંકડાકિય માહિતી પૂરી પાડશે.

## ડ. ગુણવત્તા સંબંધિત ફરજોઃ-(Quality)

૧. શિક્ષક/વિદ્યાસહાયક પોતાનો ગણવેશ તથા વાણી, વર્તન અને વ્યવહાર, શાળા, સમાજ અને વહીવટ તંત્ર સમક્ષ શિક્ષકને છાજે તેવો રાખશે.

૨. પોતાના વર્ગસંબંધી શૈક્ષણિક સંશોધન કરશે તથા નબળા જણાતા ક્ષેત્રોશોધી ઉપચાર કરશે.

૩. ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત પોતાના વર્ગનું સ્વમૂલ્યાંકન કરી નબળા ક્ષેત્રો શોધી તેમાં ક્ષતિપૂર્તિ કરશે.

૪. ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત મેળવેલ ગ્રેડ અંગે તથા તથા તેમાં સુધારા અંગે વ્યકિગત આયોજન કરશે.

૫. પ્રજ્ઞા, એડપ્ટસ, મીનામંચ તેમજ અન્ય નવીનકરણ સંબંધિત કાર્યક્રમ થકી વર્ગ શિક્ષણ સુધારવા આયોજન કરશે.

૬. ઠરાવેલ કામના કલાક મુજબ વર્ગ/વિષય શિક્ષણનું દૈનિક માસિક, વાર્ષિક આયોજન કરી તે મુજબ કામગીરી કરશે.

૭. શિક્ષક/વિદ્યાસહાયક પોતાની વર્ગ/વિષય શિક્ષણની દૈનિક આયોજન પોથી (Logbook) નિયમિત રીતે નિભાવશે અને મુખ્ય શિક્ષકને રજૂ કરશે. વર્ગમાં દૈનિક આયોજન પોથી મુજબ કામગીરી કરશે.

૮. વહીવટ તંત્ર સોંપે તે ધોરણ-વિષય રૂચિપૂર્વક ભણાવશે તથા જ્ઞાનમુજબ શિક્ષણ **કાર્ય કરાવશે.**

૯. સોંપવામાં આવેલ ધોરણ/વિષય અંગે અદ્યતન જ્ઞાનથી માહિતગાર થઇ વર્ગખંડમાં તેનો ઉપયોગ કરશે.

૧૦. શિક્ષણકાર્ય સંબંધી શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવી તથા તેનો વર્ગ અસરકાર ઉપયોગ કરવાનો રહેશે.

૧૧. નિયત કરેલ અભ્યાસક્રમ અને જે તે ધોરણ અને વિષયને અનુરૂપ અપેક્ષિત અધ્યયન ઉપલબ્ધિઓ (લર્નિંગ આઉટકમ્સ ) સિધ્ધ થાય તે માટે જવાબદાર ગણાશે.

૧૨. તેના વર્ગના/વિષયના વિદ્યાર્થીના શારીરિક શિક્ષણ સહિત કાર્યક્ષમ અને અસરકારક શિક્ષણ માટે જવાબદાર ગણાશે. આ માટે સાક્ષરી વિષયો ઉપરાંત, બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે શારીરિક શિક્ષણ, યોગ, કલાનું શિક્ષણ આપશે.

૧૩. અપેક્ષિત અને અધ્યયન ઉપલબ્ધિઓ (લર્નિંગ આઉટકમ્સ) સિધ્ધ કરવામાં નબળા જણાતા વિદ્યાર્થીઓનું ઉપચારાત્મક કાર્ય કરશે.

૧૪. અપેક્ષિત અધ્યયન ઉપલબ્ધિઓ (લર્નિંગ આઉટકમ્સ) અંતર્ગત સ્વમૂલ્યાંકન કરી પોતાનું પરફોર્મન્સ સુધારવાના સતત પ્રયાસો કરશે.

૧૫. વહીવટતંત્ર ઠરાવે તેવી તાલીમ લેવાની તથા તેનો વર્ગમાં અસરકાર ઉપયોગ કરવાનો રહેશે.

૧૬. વહીવટ તંત્ર ધ્વારા સૂચવાતા શિક્ષણ સુધારણાના વિવિધ કાર્યક્રમોનું અમલીકરણ કરશે.

૧૭. શિક્ષણને સંલગ્ન પ્રવૃત્તિઓ જેવી કે, વિજ્ઞાન મેળા, રમતોત્સવ, રાષ્ટ્રીય પર્વની ઉજવણી વગેરેમાં ભાગ લેવાનો રહેશે.

૧૮. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત દરેક બાળકનો વ્યકિતગત પોર્ટફોલિયો અને વર્ગ વિષયની પ્રોફાઇલ નિભાવશે.

૧૯. તમામ બાળકોને તમામ પ્રવૃત્તિઓમાં સરખી ભાગીદારી કરાવશે.

૨૦. વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા અને સુઘડતાની ટેવ પાડવા અને શિસ્તબદ્ધ વર્તણૂંક કેળવવા માટે પ્રયત્નો કરશે.

૨૧. નવી નીતિ, નવા અભ્યાસક્રમ, નવી યોજના વિગરે બાબતે પોતાના નાવિન્યપૂર્ણ આવિષ્કારો યોગ્ય માધ્યમથી રજુ કરશે.

## ઇ. <u>સામાન્ય ફરજો:</u>

૧. સ્વયંશિસ્તનો આગ્રહ રાખશે તથા બાળકો પાસે શિસ્તપાલન કરાવશે.

૨. શાળામાં ન જતા અથવા સતત ગેર-હાજર કે અનિયમિત હાજરીવાળા બાળકોના વાલીનો સંપર્ક કરી બાળકોને નિયમિત શાળાએ મોકલવા વાલીઓને સમજાવવા.

૩. વિદ્યાર્થીઓના આરોગ્યની ચકાસણી માટે સરકારશ્રીના શાળા આરોગ્ય કાર્યક્રમમાં સહકાર આપશે.

૪. વર્ગના તમામ બાળકોને સહૃદય સ્વીકારશે.

૫. શાળા સંપૂર્ણપણે પોતાની છે અને તેના વિકાસ અને પ્રગતિમાં પોતાની પ્રગતિ રહેલી છે તેવી ઉમદા વિભાવના કેળવશે.

૬. શાળાના તમામ કર્મચારી, વિદ્યાર્થીઓ, વાલીઓ અને નાગરીકો સાથે સૌહાદપૂર્ણ વાતાવરણ તૈયાર કરશે.

૭. શાળાના તમામ કાર્યક્રમોમાં પોતાનું યોગદાન આપવાનું રહેશે.

૮. બાળકના સર્વાંગી વિકાસ માટે વાલીઓનો સહકાર મેળવશે.

૯. વર્ગ અને શાળાના વિકાસ માટે વાલીઓને સહયોગ આપવા સમજાવશે.

૧૦. સમાજને મૂલ્યાવાન, સંસ્કારમય ઉત્તમ નાગરિક મળે તેવી ભાવના સાથે ફરજ અદા કરશે.

૧૧. ગામ અને સમાજમાં સૌહાદપૂર્ણ વાતાવરણનું નિર્માણ થાય તથા પોતાના તથા શાળા તરફ હકારાત્મક અભિગમ કેળવાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરશે.

૧૨. વહીવટતંત્ર વખતો-વખત નિદિષ્ઠ કરે તેવા નિયમોનું પાલન કરશે.

૧૩. સોંપવામાં આવેલ કામગીરી નિષ્ઠાપૂર્વક બજાવશે.

૧૪. શિક્ષણ સંલગ્ન સંસ્થાઓએ સોંપેલ વિવિધ યોજનાકીય કામગીરી કરશે તથા યોગ્ય સહકાર, સલાહ, સુચન કરશે.

૧૫. મેળવેલ તાલીમ અંગે માળખામાં જરૂરીયાત જણાય ત્યાં અથવા માંગવામાં આવે ત્યાં પોતાના સ્પષ્ટ અભિપ્રાય રજુ કરશે.

૧૬. મુખ્ય શિક્ષક તથા તેનાથી ઉપરના અધિકારશ્રીઓના સુચનો ગંભિરતા પૂર્વક લઇ તેના ઉપર અમલવારી કરશે.

૧૭. પોતાને સોંપવામાં આવેલ સરકારી યોજનાકીય નાણા ઠરાવ્યા મુજબ વાપરશે તથા તેના હિસાબો રાખશે.

૧૮ નવી નીતિ નવા અભ્યાસક્રમ, નવી યોજના વિગરે બાબતે પોતાના નાવિન્યપૂર્ણ આવિષ્કારો યોગ્ય માધ્યમથી રજુ કરશે. ઉપરોક્ત તમામ બાબતો ઉપરાંત સરકાર દ્વારા વખતો-વખત જે હુકમો કે સુચનાઓ બહાર પાડવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે.

## (૨) મુખ્ય શિક્ષકની ફરજો:

## અ. નામાંકન સંબંધિત ફરજો (ENROLLMENT):

૧. શાળા વિસ્તારમાં ફરજીયાત શિક્ષણ મેળવવાપાત્ર હોય તેવા તમામ બાળકોનું સર્વે કરાવીને તેમને શાળામાં પ્રવેશ આપવા માટે જવાબદાર ગણાશે.વધુમાં આર.ટી.ઇ. અધિનિયમ-૨૦૦૯ ની કલમ(૯) હેઠળની કામગીરી માટે સંબંધિત સ્થાનિક સત્તાતંત્રને મદદરૂપ થશે. અને શાળામાં પ્રવેશ મેળવેલ બાળકોની યાદી જે તે સ્થાનિક સત્તાતંત્રને પૂરી પાડશે.

૨. પ્રવેશ ન લીધેલ બાળકોના વાલીઓને તેમના ઘરે મુલાકાત લેવા શિક્ષકો/શાળા વ્યવસ્થાપક સમિતિને જણાવશે અને જરૂર જણાયે પોતે પણ વાલીનો સંપર્ક કરશે.

3. શાળા વિસ્તારમાં 6 થી 14 વર્ષની ઉંમરના દરેક બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહી જાય તે જોવાનું રહેશે.

૪. ઉંમરની સાબિતીના અભાવે કોઈ બાળકને શાળામાં પ્રવેશનો ઈન્કાર કરી શકાશે નહીં.

## બ. સ્થાયીકરણ સંબંધિત ફરજો (RETENTION):

૧. શાળામાં સતત ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓના વાલીઓને તેમના ઘરે મુલાકાત લેવા શિક્ષકો/શાળા વ્યવસ્થાપક સમિતિને જણાવશે અને જરૂર જણાયે પોતે પણ વાલીનો સંપર્ક કરશે.

૨. શાળામાં આવતા વિદ્યાર્થીઓને સ્વચ્છતા અને સુઘડતાની ટેવો પાડશે અને તેમની વર્તણૂંક અને શિસ્ત માટે જવાબદાર રહેશે.

3. શાળાના વિદ્યાર્થીઓમાં કોમી એકતા તથા સદભાવ વધારશે અને કોઈ વિદ્યાર્થીને તેની જ્ઞાતિ અથવા કોમ કે ધર્મને કારણે કોઈ રીતે અસમર્થ ઠરાવાય નહી અને બિન-સાંપ્રદાયિક વાતાવરણ જળવાય તેનું ધ્યાન રાખશે.

૪. વાલીઓને સામેલ રાખી શાળામાં રાષ્ટ્રીય કાર્યક્રમોની ઉજવણી કરશે.

૫. રમતગમત સહિતની શાળાની સામાન્ય વ્યવસ્થા માટે વાર્ષિક અથવા મુદતી પરીક્ષાઓ લેવા માટે અભ્યાસિક અને અભ્યાસેતર પ્રવૃત્તિઓની ગોઠવણ કરવા માટે તથા બાળકોને પુસ્તકો, શિક્ષણ વિષયક જરૂરીયાતો, ગણવેશ, શિષ્યવૃત્તિ, ઈનામ વહેંચવા માટે અધિકૃત ગણાશે.

૬. શાળાના મધ્યાહન ભોજન યોજના સ્ટોર રૂમ, રસોઇ ઘર તેમજ ખાદ્ય-સામગ્રીની સ્વચ્છતા પર દેખરેખ રાખશે.

૭. બાળકોને યોગ્ય ગુણવત્તાયુકત, પોષણક્ષમ અને પૂરતી માત્રામાં આહાર મળી રહે તેનું ધ્યાન રાખશે.

૮. દર ત્રણ માસે શાળા વ્યસ્થાપન સમિતિ-S.M.C. ની મીટીંગ બોલાવવાની રહેશે.

૯. શાળામાં પ્રવેશ પામેલા 6 થી 14 વર્ષના વિદ્યાર્થીઓ બાળમજુરી તરફ ન વળે તે માટે જાગૃતિ કેળવવા પગલાં ભરવાના રહેશે.

૧૦. શાળાના કાર્યક્ષેત્રમાં સમાવેશ થતાં IED બાળકો (કે જે 6 થી 18 કે 19 વર્ષની ઉંમરના છે તે દરેક બાળક) પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહી જાય તે જોવાનું રહેશે.

૧૧. શાળામાં દાખલ કરેલ કોઈપણ બાળકને પ્રાથમિક શિક્ષણ પુરૂં થતા સુધીમાં કોઈપણ ધોરણમાં કોઈપણ કારણોસર રોકી શકાશે નહિ અથવા કાઢી મૂકાશે નહી.

૧૨. કોઈપણ વિદ્યાર્થીને શારીરિક શિક્ષા અથવા માનસિક કનડગત ન થાય તે જોવાનું રહેશે.

## ક. ગુણવત્તા સબંધિત ફરજો:(QUALITY)

૧. શાળાના તમામ વિદ્યાર્થીઓના ગુણવત્તાયુકત સર્વાંગી શિક્ષણ માટે સામાન્ય રીતે જવાબદાર ગણાશે.

૨. શાળામાં આવતા વિદ્યાર્થીઓને સ્વચ્છતા અને સુઘડતાની ટેવો પાડશે અને તેમની વર્તણૂંક અને શિસ્ત માટે જવાબદાર રહેશે.

૩. વિદ્યાર્થીઓના આરોગ્ય ચકાસણી માટે સરકારશ્રીના શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં સહકાર અપાશે.

૪. સત્રાંત અને વર્ષાન્તે શાળામાં વાલી સંમેલન યોજીને તેમના બાળકોની શૈક્ષણિક અને સર્વાંગી પ્રગતિથી વાકેફ કરશે.

૫. દર વર્ષે વર્ગોનું અને શાળાનું સામાન્ય સમયપત્રક શિક્ષકોને સાથે રાખીને તૈયાર કરાવશે.

૬. શાળાના તમામ શિક્ષકોના કામની દેખરેખ રાખશે. શિક્ષકોના દૈનિક શિક્ષણકાર્યના આયોજનની નોંધ દરરોજ મંજુર કરશે અને જરૂરી શૈક્ષણિક માર્ગદર્શન આપશે.

૭. દરેક શિક્ષકની સમયાંતરે વર્ગ તપાસણી કરશે, બાળકોની અધ્યયન ઉપલબ્ધિઓની ચકાસણી કરી લોગબુકમાં નોંધ કરશે.

૮. સર્વ શિક્ષા અભિયાન(S.S.A.) અંતર્ગત આવતા વિવિધ શૈક્ષણિક કાર્યક્રમોનું, શાળાના બાળકોની અધ્યયન ઉપ્લબ્ધિઓના સંદર્ભમાં અમલીકરણ થાય તેનું યોગ્ય આયોજન કરવાનું રહેશે.

૯. પ્રાથમિક શિક્ષણ પુરું કરનાર દરેક વિદ્યાર્થીને નિયત કરવામાં આવેલ સ્વરૂપમાં અને તેવી રીતે પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૧૦. શાળામાંથી પ્રશિક્ષણ કે વિવિધ કાર્યક્રમો માટે શિક્ષકોને તાલીમ આપવાની થાય તો ઉપરી અધિકારીની લેખિત સૂચના મુજબ યોગ્ય શિક્ષકને તાલીમ માટે મોકલવાના રહેશે.

૧૧. તાલીમનો ઉપયોગ શાળાના વર્ગોમાં પ્રત્યક્ષ રીતે અથવા શિક્ષકોને તાલીમ/માર્ગદર્શન આપી વિદ્યાર્થી/શાળાના વિકાસમાં ઉપયોગી થાય તે પ્રમાણે ફરજ બજાવવાની રહેશે.

૧૨. શાળાને અપગ્રેડ કરવા વિવિધ તાલીમ પામેલ શાળાના શિક્ષકોનો ઉપયોગ યોગ્યરૂપે થાય અને કામ કરતા શિક્ષકોનું તાલીમ સંદર્ભે માર્ગદર્શન કરવાનું રહેશે.

૧૩. તાલીમ પામેલ શિક્ષક દ્વારા તાલીમના હેતુઓ શાળા કે વર્ગખંડમાં સિધ્ધ થાય છે કે નહીં તેનું ધ્યાન રાખવાનું રહેશે.

૧૪. તાલીમ દ્વારા પોતાને પણ સતત અભિવૃધ્ધ કરવા તથા લીધેલ તાલીમ, તાલીમના હેતુઓ સિધ્ધ થાય તે રીતે પોતાની સ્થાનિક પરિસ્થિતિ અનુસાર ફેરફાર કરી શાળા અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.

૧૫. તાલીમ રજિસ્ટર નિભાવી તેની યોગ્ય જાળવણી કરવાની રહેશે.

## ૬. સામાન્ય ફરજો:

૧. શાળામાં નિયમિત પુરા સમય માટે હાજર રહી શાળાના કામકાજમાં સંપૂર્ણ ધ્યાન રાખવાનું રહેશે. શાળાના સમય દરમ્યાન કોઇ પણ પ્રકારનું ખાનગી કામ કરી શકાશે નહીં.

૨. શાળાના કામે શાળા છોડવાના કિસ્સામાં તેની અને શિક્ષકો/કર્મચારીની મુવમેન્ટ નિભાવશે.

૩. શાળાના શિક્ષકો/કર્મચારીઓના કામગીરી સબબ વાર્ષિક સી.આર. (ખાનગી અહેવાલ) ભરીને રીમાર્ક કરશે.

૪. શિક્ષકો/કર્મચારીઓના કામની એકસૂત્રતા જાળવશે અને તે તેમની કાર્યક્ષમતા તથા શિસ્ત માટે જવાબદારી નિભાવશે.

૫. શાળાના શિક્ષક/કર્મચારીનો ગેરવર્તણૂંક અથવા શિસ્તભંગના કોઈ કિસ્સા ધ્યાનમાં આવે તો સબંધિતને ખુલાસો પુછશે. વારંવારના ગેરવર્તન માટે તાલુકા કેળવણી નિરીક્ષક કે તાલુકા/જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી કે વહીવટી અધિકારીને રીપોર્ટ કરશે.

૬. શિક્ષક/કર્મચારીની પરચુરણ રજાઓ મંજુર કરશે અને તેના આધારો સહિતનું રેકર્ડ નિભાવશે.

૭. શાળાના શિક્ષકો/કર્મચારીની સેવાપોથી નિભાવશે અને શાળાની કસ્ટડીમાં રાખશે. તેમાં જરૂરી નોંધો કરીને સક્ષમ અધિકારી પાસે ઓડીટ કરાવી ખરાઈ કરાવશે અને ડુપ્લીકેટ સેવાપોથી નિભાવશે.

૮. શાળાનાં પગારબીલો તૈયાર કરાવવા અને તાલુકા/જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી આ અર્થે નિર્દિષ્ટ કરે તેવી તારીખ પહેલા પગારકેન્દ્ર શાળાના મુખ્ય શિક્ષકને મોકલી આપશે.

૯. શાળાના શિક્ષકની બિન અધિકૃત ગેરહાજરી સબબ તેનો પગાર કાપી લેવા અધિકૃત ગણાશે.

૧૦. શાળાની દરેક પ્રકારની મિલ્કતની યોગ્ય સંભાળ લેવાય છે તેવી ચોકસાઈ રાખવા તથા મિલ્કતને કોઈ નુકશાન કરવામાં આવ્યુ હોય તો તે બાબતનો વહીવટી અધિકારી/ગામ/જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને રીપોર્ટ કરશે.

૧૧. સરકારી નાણાની વહેંચણી કે કામ પૂર્ણ કર્યા બાદની બચત રહેલી શાળાની ફીનાં નાણાં કે સરકારી હેડના નાણાં પગારકેન્દ્ર શાળાના મુખ્ય શિક્ષકને મોકલવામાં ન આવે ત્યાં સુધી સલામત કસ્ટડીમાં રાખવા માટે તે જવાબદાર રહેશે. (આવી ફી, અથવા નાણાં મુખ્યશિક્ષકે દર મહીનાની આખર પહેલાં પગાર કેન્દ્ર શાળાનાં મુખ્યશિક્ષકને મોકલી આપવા.)

૧૨. શાળાના વિદ્યાર્થી, શિક્ષક, કર્મચારી કે વાલીને જરૂરીયાત મુજબ પ્રમાણપત્રો, દાખલા, ગુણપત્રકની નકલો નિયત સમય-મર્યાદામાં આપશે.

૧૩. વહીવટી અધિકારીઓએ ફરમાવી હોય તેવી પ્રાથમિક શિક્ષણને લગતી અન્ય ફરજો તે બજાવશે અથવા તેને લગતી બહાર પાડવામાં આવતી સૂચનાઓ અનુસાર તે વર્તશે.

૧૪. શાળાના મધ્યાહ્ન ભોજન યોજનાનું સમગ્ર સંચાલન મુખ્ય શિક્ષક કરશે.

૧૫. શાળાના મધ્યાહ્ન ભોજન સંચાલકની નિયમિત હાજરી અને તેની કામગીરી પર દેખરેખ રાખશે.

૧૬. મધ્યાહ્ન ભોજન સંદર્ભે શિક્ષકોની કામગીરીની વહેંચણી કરવાની રહેશે.

૧૭. અઠવાડિક આયોજન મુજબ ભોજન બને તેની દેખરેખ રાખશે.

૧૮. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત મળતી તમામ ગ્રાન્ટોનો ખર્ચ યોગ્ય રીતે થાય અને તેનું ઓડિટ કરાવવાની જવાબદારી રહેશે.

૧૯. શાળામાં ખૂટતી જરૂરિયાતો સંદર્ભે મળતી ભૌતિક સુવિધાઓ અંગેની ગ્રાન્ટનો ખર્ચ યોગ્ય રીતે થાય તે જોવાની ફરજ રહેશે.

૨૦. S.S.A. અંતર્ગત C.R.C., B.R.C. ના કો.ઓર્ડીનેટરએ સૂચવ્યા મુજબ અનુસરવું તેમજ તેઓને સહકાર આપવાની ફરજ રહેશે.

૨૧. S.S.A. તરફથી મળતા DISE ફોર્મ ક્ષતિરહીત ભરી મોકલવાના રહેશે.

૨૨. પ્રાથમિક શિક્ષણ સંસ્થામાં પ્રવેશ માટે નિયત થયેલ નિયમો મુજબ બાળકોને શાળામાં પ્રવેશ આપવાની કાર્યવાહી કરવાની રહેશે.

૨૩. સરકાર અથવા સ્થાનિક સત્તાતંત્રને જરૂરી હોય તેવી શાળા વિષયક યોગ્ય માહિતી પૂરી પાડવાની રહેશે.

૨૪. સરકારે નિર્દેશ કરેલ ધારાધોરણ મુજબ શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરાવી તેની સાથે સંકલનમાં રહી શાળા વિકાસની યોજના તૈયાર કરવાની રહેશે.

૨૫. શિક્ષક નિર્દેષ્ટ કરેલી ફરજ ન બજાવે તો લાગુ પડતાં સેવા નિયમોનુસાર શિક્ષકને સાંભળ્યા બાદ તેના ઉપર શિસ્ત વિષયક પગલા ભરવા વહીવટી અધિકારીને જણાવવાનું રહેશે.

૨૬. કોઈપણ શિક્ષક ખાનગી ટયુશન અથવા ખાનગી શિક્ષણની પ્રવૃત્તિમાં ભાગ ન લે તે જોવાની ફરજ રહેશે.

૨૭. તાલીમ લીધા અંગેના પોતાના તથા શિક્ષકોના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ વિગેરે દફ્તરની યોગ્ય જાળવણી કરવાની રહેશે.

૨૮. શાળામાં આવતા નાણાંનો વહીવટ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ નિયમો તથા સૂચનાઓ મુજબ કરવાનો રહેશે. નવી બાબતો માટે જરૂર મુજબ શાળાના શિક્ષકો તથા SMC ના જવાબદાર સભ્યો સાથે ચર્ચા કરી કાર્યવાહી કરવાની રહેશે.

૨૯. શાળામાં વપરાતા તમામ નાણાંનો હિસાબ આવક, જાવક, પાકાં બિલો, વાઉચરો, આપેલ ચેક (રકમ તથા તારીખ, નંબર સાથે) વગેરેનો અગાઉની સૂચના, નિયમો કે વખતોવખત કરવામાં આવતી લેખિત જાણને ધ્યાનમાં રાખી યોગ્યપત્રકો બનાવી નિભાવવાના (રોજમેળ, વાઉચર ફાઈલ, બિલ ફાઈલ, ટેન્ડર ફાઈલ વગેરે) રહેશે.

૩૦. શાળામાં દાનમાં આવતી રકમની પહોંચ તુરંત આપી શાળાના કેળવણી ફંડમાં જમા લેવા અને નિયમાનુસાર શાળા વિકાસમાં ઉપયોગ કરવાનો રહેશે.

૩૧. શાળાને મળતી શિક્ષક ગ્રાન્ટ કે અન્ય કાર્યક્રમ અંગેની ગ્રાન્ટ રોજમેળે જમા લઈ જવાબદાર શિક્ષકને અદા કરવી તથા જે તે શિક્ષક પાસેથી ખર્ચમાં વાઉચર/બિલો મેળવી હિસાબની યોગ્ય જાળવણી કરવાની રહેશે.

૩૨. શાળામાં આવતી શિષ્યવૃત્તિ, ગણવેશ સહાય કે અન્ય રકમ તુરંત લાભાર્થીને ચૂકવી તેની પેઈડ પાવતી તથા હિસાબોની જાળવણી કરવાની રહેશે.

૩૩. સરકાર દ્વારા બહાર પાડવામાં આવતા તમામ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩૪. શાળામાં આવતી તમામ પ્રકારની ગ્રાન્ટની મુખ્ય જવાબદારી મુખ્ય શિક્ષકની રહેશે અને તમામ ગ્રાન્ટની જાણ શાળા વ્યસ્થાપન સમિતિના (SMC) સભ્યોને કરી યોગ્ય ચર્ચા કરી તેનો નિયમાનુસાર ઉપયોગ કરી જરૂરી ખર્ચનું દફતર નીભાવવાનું રહેશે.

૩૫. મુખ્ય શિક્ષકે દર અઠવાડિયે શાળામાં ૧૮ તાસ (પિરીયડ)નું શિક્ષણકાર્ય કરવાનું રહેશે.ઉપરાંત સાપ્રંત શૈક્ષણિક પ્રવાહો, પધ્ધતિઓ, પ્રવિધિઓ અને પ્રયુક્તિઓની જાણકારી રાખવી અને તેનું અમલીકરણ કરશે.

(૩) પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક / પ્રાથમિક શિક્ષક /શિક્ષકો/ વિદ્યાસહાયકોએ નીચે મુજબની આચારસંહિતા અનુસરવાની રહેશેઃ-

૧. શિક્ષણ અને શાળાના હિતને નુકશાન થાય તેવી કોઈપણ પ્રવૃત્તિ કે વર્તન કરી શકશે નહિ. મુખ્ય શિક્ષક/શિક્ષક ધૂમ્રપાન, તમાકું અને ગુટકા જેવા વ્યસન કરી શકશે નહિ. દરેક મુખ્ય શિક્ષક/શિક્ષક/વિદ્યાસહાયકે જે તે સમયે અમલમાં હોય તેવાં કેફી પીણાં કે માદકદ્રવ્યો અંગેનાં કોઈ પણ કાયદાઓનું ચુસ્તપણે પાલન કરવા બંધાયેલ છે.

૨. કોઈ પણ કેફી પીણાં કે માદક દ્રવ્યોની અસરમાં હશે નહિ અને તે કાળજી રાખશે કે તેની ફરજની કામગીરી કે કોઈ પણ સમયે આવા પીણાં કે માદકદ્રવ્યોની અસરમાં રહેશે નહિ.

૩. વર્ગખંડમાં શૈક્ષણિક કાર્ય સમયે મોબાઈલ ફોનનો ઉપયોગ કરી શકશે નહિ.

૪. કોઇ રાજકીય અથવા કોમી સંસ્થામાં સક્રિય ભાગ લઈ શકશે નહિ અથવા કોઇ રાજકીય ચૂંટણી માટેનો પ્રચાર કરી શકશે નહિ. તેમજ ચૂંટણી અંગે કોઈપણ પ્રકારનો ફાળો કે દાન એકત્રિત કરી શકશે નહિ.

૫. શાળાના મુખ્ય શિક્ષક/શિક્ષક/વિદ્યાસહાયકે શાળામાં શિક્ષકના વ્યવસાયને અનુરૂપ પહેરવેશ પરિધાન કરવાનો રહેશે.

૬. શાળામાં મુખ્ય શિક્ષક તથા સાથી કર્મચારી મિત્રો, વિદ્યાર્થીઓ તથા વાલીઓ સાથે સુમેળ રાખી, નમ્રતા અને સભ્યતાથી વર્તવાનું રહેશે.

૭. મુખ્ય શિક્ષક/શિક્ષક/વિદ્યાસહાયક શાળામાં કોઈપણ વિદ્યાર્થી/ વિદ્યાર્થીની/ શિક્ષક/ શિક્ષિકા સાથે અનૈતિક કે અણછાજતું વર્તન કરી શકશે નહિ.

૮. મુખ્ય શિક્ષક/શિક્ષકના જે કોઇ એસોશિએશન અથવા યુનિયનના ઉદ્દેશો અથવા પ્રવૃત્તિઓ, ભારતના સાર્વભૌમત્વ અને અખંડિતતાના હિતને અથવા જાહેર વ્યવસ્થાને અથવા નીતિમત્તાને બાધકર્તા હોય તેમાં જોડાવું નહિ અથવા તેના સભ્ય તરીકે ચાલુ રહેવું નહિ.

૯. પોતાની સેવાને લગતી બાબતો અંગે કોઈપણ પ્રકારનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રાજકીય દબાણ લાવી શકશે નહિ. જો તેમ કરવાનો પ્રયત્ન કરશે તો તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકશે.

૧૦ પોતાની સેવાને લગતી કોઈપણ બાબતમાં તેનાથી ઉચ્ચ કક્ષાના અધિકારીઓનો સીધો સંપર્ક કરી શકશે નહિ. આ માટે નિયત થયેલ કચેરી કાર્યપધ્ધતિ મુજબ રજૂઆત કરવાની રહેશે.

૧૧. અસાધારણ સંજોગો સિવાય કોઈ શિક્ષક મુખ્ય શિક્ષકને જાણ કર્યા વિના રજા ઉપર જઈ શકશે નહિ. રજા અગાઉથી મંજૂર કરવાની રહેશે.

૧૨. કોઈપણ જગ્યાએ નોકરી મેળવવા માટે અરજી કરે ત્યારે તેણે અરજીની કચેરીને જાણ કરવાની રહેશે.

૧૩. મુખ્ય શિક્ષક/શિક્ષક/વિદ્યાસહાયક પોતાના વ્યક્તિગત ઉપયોગ અથવા વ્યાપારી કે રાજકીય હેતુ માટે શાળાની સુવિધાઓ અને સાધનોનો ઉપયોગ કરી શકશે નહિ.

૧૪. મુખ્ય શિક્ષક/શિક્ષક/વિદ્યાસહાયક ખાનગી ટ્યુશન કે ખાનગી કોચીંગ ક્લાસ ચલાવી શકશે નહિ. અથવા તેમાં નોકરી કરી શકશે નહિ. તેમજ પોતાના કે પોતાના આશ્રિતના નામે કોઈપણ પ્રકારનો વ્યાપાર/ધંધો કરી શકશે નહીં.

૧૫. શિક્ષકે વેકેશન કે રજા દરમ્યાન પોતાના સરનામામાં જો ફેરફાર થયેલ હોય તો તેની જાણ શાળાના મુખ્ય શિક્ષકને તેના સંપર્ક ફોન નંબર સાથે કરવાની રહેશે.

૧૬. મુખ્ય શિક્ષક/શિક્ષક/વિદ્યાસહાયક કોઈ પણ વિદ્યાર્થીને શારિરીક શિક્ષા કે માનસિક દબાણ કરી શકશે નહિ.

૧૭. સરકાર દ્વારા નક્કી કરેલ દૈનિક તથા વાર્ષિક કામના કલાકો મુજબ કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

૧૮. મુખ્ય શિક્ષક/શિક્ષક/ વિદ્યાસહાયકનું વર્તન શાળામાં તથા શાળાની બહાર ફરજ પર હોય ત્યારે કે ફરજ પર ન હોય ત્યારે તેનું વર્તન શિક્ષણના વ્યવસાયની ગરીમાને હાનિ પહોંચાડે તેવું હોવું જોઇએ નહિ.

૨. આ સંબંધમાં ગુજરાત પ્રાથમિક શિક્ષણ નિયમો ૧૯૪૯ ના હાલના નિયમ(૭૦)માં જરૂરી સુધારો હવે બહાર પાડવામાં આવશે. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની સરકારશ્રીની તા.૯/૧/૨૦૧૪ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનંત પટેલ)

નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ),

શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- કમિશનરશ્રી,મધ્યાહન  ભોજન અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત
- એકાઉન્ટન્ટ-જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા

ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક અને
પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલીના
નિયમો..

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૧૮/૦૨/૨૦૧૪

<u>સંદર્ભઃ-</u>

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા.૨૩/૫/૨૦૧૨

(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા.૭/૯/૨૦૧૩

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૫/૧૧/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃટીઆરએફ/૧૦૯૮/૧૪૩૨/ગ-૨

(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ તરફથી વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ ના ઠરાવ અન્વયે નિયત થયેલ બદલીની નીતિમાં સુધારા કરવા માટે તા.૨૫/૯/૨૦૧૨, તા.૭/૩/૨૦૧૩, તા.૧૮/૯/૨૦૧૩ અને તા.૧૮/૧૨/૨૦૧૩ ની નોંધથી રજુ થયેલ સિંગલ ફાઇલ પરની દરખાસ્ત .

આમુખઃ-

સંદર્ભ(૧) માં દર્શાવેલા શિક્ષણ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ અને સંદર્ભ(૨) માં દર્શાવેલ તા.૭/૯/૨૦૧૩ ના સુધારા ઠરાવથી રાજયમાં પ્રાથમિક શિક્ષક /વિદ્યાસહાયક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની બદલીની નીતિ નિયત કરવામાં આવેલ છે. આ ઠરાવોથી કરેલ જોગવાઇઓ સંદર્ભમાં સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ(૩) માં દર્શાવેલા તા.૨૫/૧૧/૨૦૦૫ ના ઠરાવના ફકરા-૮ (૨) મુજબ પતિ/પત્નિ રાજય સેવા, પંચાયત સેવા કે રાજયના કોઇ જાહેર સાહસોમાં નોકરી કરતા હોય તેવા કેસોમાં શકય હોય ત્યાં સુધી બન્નેને એકજ સ્થળે રાખવાની જોગવાઇ દાખલ કરવાની બાબત તેમજ શિક્ષકોની બદલીની હાલની જોગવાઇઓમાં કેટલાક વહીવટી ફેરફાર/સુધારા કરવા અંગે સંદર્ભ(૪) માં દર્શાવેલ જુદી જુદી તારીખની નોંધોથી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ તરફથી દરખાસ્તો રજુ કરવામાં આવી હતી જે સરકારની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

**આમુખમાં દર્શાવેલ દરખાસ્ત પરત્વે કાળજી પૂર્વકની વિચારણાને અંતે સંદર્ભે (૧) અને (૨) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ અને તા.૭/૯/૨૦૧૩ ના સમાનાંકી ઠરાવોમાં આથી નીચે મુજબ ફેરફાર સુધારા કરવામાં આવે છેઃ-**

| ક્રમ | તા.૨૩/૫/૨૦૧૨ ના ઠરાવની હાલની જોગવાઇ | સુધારેલ /નવી જોગવાઇ |
|---|---|---|
| ૧ | પ્રકરણઃક<br>ફકરા ક્રમાંકઃ(૧૦)(V)(b)<u>શિક્ષક દંપતિ</u> | પ્રકરણઃક<br>ફકરા ક્રમાંકઃ(૧૦)(V)(b)<u>શિક્ષક દંપતિ</u> |

| | | |
|---|---|---|
| | શિક્ષક / વિદ્યા સહાયક પતિ – પત્નીના કિસ્સામાં અલગ અલગ તાલુકામાં નોકરી કરતા હોય અને દંપતિ ભેગા થવા માંગણી કરે તો તે બે પૈકીની એક શાળા / પગાર કેન્દ્રમાં જ જગ્યા હોય તો બદલી કરવાની રહેશે અને જો તે બંને પૈકીની શાળા / પગાર કેન્દ્રમાં ખાલી જગ્યા ન હોય તો કોઈ અન્ય તાલુકા માં વધુ ખાલી જગ્યાવાળી શાળામાં પતિ પત્ની ભેગા થવા માંગતા હોય તો બદલી કરવાની રહેશે અને તે અંગેની નોંધ પતિ અને પત્ની બંનેની સર્વિસબુકમાં કરવાની રહેશે. | શિક્ષક / વિદ્યા સહાયક પતિ–પત્નીના કિસ્સામાં અલગ અલગ તાલુકામાં નોકરી કરતા હોય અને દંપતિ ભેગા થવા માંગણી કરે તો તે બે પૈકીની એક શાળા/પગાર કેન્દ્ર ***અથવા તો તે જ તાલુકામાં ખાલી જગા હોય તો બદલી કરવાની રહેશે*** અને જો તે બંને પૈકીની શાળા / પગાર કેન્દ્ર કે તે તાલુકામાં ખાલી જગ્યા ન હોય તો કોઈ અન્ય તાલુકામાં વધુ ખાલી જગ્યાવાળી શાળામાં પતિ પત્ની ભેગા થવા માંગતા હોય તો બદલી કરવાની રહેશે અને તે અંગેની નોંધ પતિ અને પત્ની બંનેની સર્વિસ બુકમાં કરવાની રહેશે. |
| ૨ | ------- | નવી જોગવાઇ<br>ફકરા ક્રમાંકઃ(૧૦) (V)(C)<br>પતિ કે પત્ની શિક્ષક કે શિક્ષિકાની નોકરી કરતા હોય ત્યારે તેમની પત્ની કે પતિ ગુજરાત સરકારના અન્ય ખાતાં, પંચાયત સેવા, ભારત સરકારનાં ખાતાં, ગુજરાત સરકારના બોર્ડ કોર્પોરેશન કે ભારત સરકારના બોર્ડ, કોર્પોરેશનમાં નોકરી કરતા હોય તો તે બંનેને પણ શિક્ષક દંપતિના ધોરણે અગ્રતા આપીને બદલીનો લાભ આપી શકાશે. |
| 3 | પ્રકરણ (ક) ઉચ્ચ પ્રાથમિક /પ્રાથમિક શિક્ષકો/ વિદ્યાસહાયકોની બદલી અંગેની સામાન્ય જોગવાઇઓઃ-ફકરા ક્રમાંકઃ૧૫(i)<br>ઉચ્ચ પ્રાથમિક/પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયકની કોઇ પણ શાળામાંથી બદલી થાય ત્યારે જો શાળામાં એક કરતાં વધુ ઉચ્ચ પ્રાથમીક /પ્રાથમિક શિક્ષકની જગ્યા ખાલી હોય અથવા બદલીને કારણે ખાલી પડતી હોય ત્યારે જયાં સુધી અન્ય શિક્ષકની બદલીથી નિમણૂંક અથવા નવી નિમણૂંક ન થાય ત્યાં સુધી બદલી વાળા શિક્ષક /વિદ્યાસહાયકને છુટા કરવાના રહેશે નહી. શાળામાં એક કરતાં વધુ ખાલી જગ્યા રહે નહી તેની કાળજી રાખવાની રહેશે. | પ્રકરણ (ક) ઉચ્ચ પ્રાથમિક /પ્રાથમિક શિક્ષકો/ વિદ્યાસહાયકોની બદલી અંગેની સામાન્ય જોગવાઇઓઃ- ફકરા ક્રમાંકઃ૧૫(i)<br>બાળકોને મફત શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૦૯ની કલમ ૨૬ ની જોગવાઇ મુજબ શાળામાં મંજુર થયેલ શિક્ષકોની જગ્યાના ૧૦ ટકા કરતાં વધુ જગ્યા ખાલી ન રહે તેની કાળજી રાખવાની રહેશે. બદલીના હુકમો કરતી વખતે જિલ્લા પ્રાથમિક શિક્ષણઅધિકારીશ્રીએ આ જોગવાઇનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે. પરંતુ જે શાળાઓમાં શિક્ષકોની મંજુર થયેલ જગ્યા ૧૦ કરતાં ઓછી હોય તે શાળામાંથી ઉચ્ચ પ્રાથમિક /પ્રાથમિક શિક્ષક / વિદ્યાસહાયકની કોઇ પણ શાળામાંથી બદલી કરવામાં આવે ત્યારે જો શાળામાં એક કરતાં વધુ ઉચ્ચ પ્રાથમિક/ પ્રાથમિક શિક્ષકની જગ્યા ખાલી હોય અથવા બદલીના કારણે ખાલી પડતી હોય ત્યારે જયાં સુધી અન્ય શિક્ષકની બદલીથી નિમણૂક અથવા નવી નિમણૂક ન થાય ત્યાં સુધી બદલી વાળા શિક્ષક/વિદ્યાસહાયકને છુટા કરવાના રહેશે. નહી એટલે કે આવી શાળામાં |

| | | |
|---|---|---|
| | | શિક્ષકની એક કરતાં વધુ જગ્યા ખાલી રહે નહી, તેની પણ કાળજી રાખવાની રહેશે. |
| ૪ | પ્રકારણ – (ખ)<br>(૪) વર્ષ ૨૦૧૨ ના વધની બદલી કેમ્પ સમયે જે વિદ્યા સહાયકોની નિમણૂંક તા.૩૧/૫/૨૦૧૦ પછી અને તા.૩૧/૩/૨૦૧૨ પહેલાં થયેલ છે. તેમને વધની ગણતરીમાં લઈ શકાશે નહી. વર્ષ ૨૦૧૨ પછીની વધની બદલીઓ માટે તેમને પણ વધમાં ગણી શકાશે. | પ્રકારણ – (ખ)<br>(૪) <u>ધો. ૬ થી ૮ માં ઉચ્ચ પ્રાથમિકની લાયકાત ન ધરાવતા શિક્ષકો ઉચ્ચ પ્રાથમિકમાં કામ કરતાં હોય તેવા સંજોગોમાં તે જ શાળામાં વધ થાય તો ધો. ૧ થી ૮ નું સળંગ એકમ ગણીને છેલ્લા ક્રમે આવતા પ્રાથમિક વિભાગના શિક્ષકને બદલવાના રહેશે.</u> |
| ૫ | પ્રકરણ (ખ) વધની બદલીઓ<br>(૫) જે તે વિષયમાં ફાજલ (સર પ્લસ) કરતી વખતે તે જ વિભાગના શિક્ષકો પૈકી શાળાની સિનિયોરીટી મુજબ સૌથી જુનિયરને વધમાં ગણવાના રહેશે અને જો એક કરતાં વધુ શિક્ષકોની શાળાની સિનિયોરીટી એક સરખી હોય ત્યારે નોકરીની તારીખને ધ્યાને લઈ સિનિયોરીટી ગણીને વધ નકકી કરવાની રહેશે. | પ્રકરણ (ખ) વધની બદલીઓ<br>(૫) જે તે વિષયમાં ફાજલ (સર પ્લસ) કરતી વખતે તે જ વિભાગના શિક્ષકો પૈકી શાળાની સિનિયોરીટી મુજબ સૌથી જુનિયરને વધમાં ગણવાના રહેશે અને જો એક કરતાં વધુ શિક્ષકોની શાળાની સિનિયોરીટી એક સરખી હોય ત્યાર <u>જન્મ તારીખને</u> ધ્યાને લઈ સિનિયોરીટી ગણીને વધ નકકી કરવાની રહેશે. |
| ૬ | પ્રકરણ (ઘ) જિલ્લા ફેર બદલીઓ :–<br>(૧૦) જે તે વર્ષની શ્રેયાનયાદી પુરી થયા બાદ જ ત્યાર પછીના વર્ષની શ્રેયાનયાદીમાંથી જિલ્લાફેરની નિમણૂંકો આપવાની રહેશે. | પ્રકરણ (ઘ)<br>જિલ્લા ફેર બદલીઓ (૧૦)<br>જે તે વર્ષની શ્રેયાનયાદી પુરી થયા બાદ જ ત્યારપછીના વર્ષની શ્રેયાનયાદીમાંથી જિલ્લા ફેરની નિમણૂંકો આપવાની રહેશે.<br>આ બાબતે વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે જિલ્લા ફેર બદલીની ૪૦ ટકા જગ્યાઓ પૈકી ૫૦ ટકા જગ્યાઓ નકકી થયેલ અગ્રતા અનુસાર ભરવાની થાય છે અને ૫૦ ટકા જગ્યાઓ એક તરફી શ્રેયાનતાના ધોરણે ભરવાની થાય છે. બંને પ્રકારની બદલીઓ માટે શ્રેયાનયાદી અલગ અલગ ગણવાની હોવાથી અગ્રતાક્રમવાળી જે તે વર્ષની યાદી પૂરી થઈ જાય અને છતાંય જો તે કક્ષા માટે બદલીથી ભરવાની જગાઓ ઉપલબ્ધ હોય તો તે પછીના બીજા વર્ષની યાદીમાંથી પણ તે જગાઓભરી શકાશે. |
| ૭ | ------ | પ્રકરણ- ઘ જિલ્લા ફેર બદલીઓ (નવી જોગવાઇ) ફકરા ક્રમાંકઃ(૧૫)<br>રાષ્ટ્રીય સુરક્ષા સેવામાં જોડાયેલા અથવા તેમાંથી નિવૃત થયેલા કર્મચારી /અધિકારીનાં પતિ કે પત્નિ જે શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નોકરી કરતાં હોય તેમને તેમના ઇચ્છિત સ્થળે કે તેની નજીકના સ્થળે બદલી કરી શકાશે જિલ્લાના આંતરીક ફેરફારો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કરી શકશે જયારે જિલ્લા ફેર બદલી નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ કરશે આ લાભ આ ઠરાવ/હૂકમો અમલ આવ્યા બાદ જે તે શિક્ષક/શિક્ષકાને એક જ વખત મળી શકશે. |

આ હુકમો આ ઠરાવ ઇશ્યુ થયા તારીખથી અમલમાં આવશે.

૨. આ સુધારેલ જોગવાઇઓ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણે તમામ સંબંધિતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેની કાર્યપધ્ધતિ માટે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપી શકશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની સરકારશ્રીની તા.૫/૨/૨૦૧૪ ની નોંધથી મળેલ સંમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( અનંત પટેલ )
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અનધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ

(ઉપરોક્ત: નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા)

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા(

પ્રાથમિક શિક્ષણમાં ફરજ બજાવતા અને તાલીમી લાયકાત (સ્નાતક/પીટીસીઅથવાસ્નાતક/બી.એડ.) ધરાવતા વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધોરણ-૬ થી ૮) માં સમાવવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક
સચિવાલય,ગાંધીનગર
તા.૧૯/૨/૨૦૧૪

વંચાણે લીધાઃ-

(૧)પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરની સિંગલ ફાઇલ ક્રમાંકઃપ્રાશિનિ/ નીતિ/ ૨૦૧૪/ક ઉપરની તા.૧૧-૨-૨૦૧૪ની દરખાસ્ત.

(૨) શિ.વિ.નો તા.૧૬/૨/૨૦૧૨નો સરખા ક્રમાંકનો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ -૧૧-૨૦૧૨-૫૨૦૩૬ -ક.

(૩) શિ.વિ.નો તા.૭/૯/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૨૦૧૨-૩૧૪૭૭૬-ક

આમુખઃ-

ભારત સરકારના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯નો અમલ રાજય સરકારે તા.૧/૪/૨૦૧૦થી કરેલછે. તદનુસાર રાજયની ધોરણ-૧ થી ૭ ની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮નો સમાવેશ કરવામાં આવેલ છે. રાજયમાં પ્રાથમિક શિક્ષણમાં ધોરણ-૧ થી ૫ ને પ્રાથમિક શિક્ષણ અને ધોરણ-૬ થી ૮ ને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ એમ બે વિભાગમાં વહેંચવામાં આવેલ છે. આ પ્રમાણેના ફેરફારના કારણે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ધોરણ-૬ થી ૮ માટે તાલીમી સ્નાતક શિક્ષકોની ભરતી કરવામાં આવે છે. આ રીતે વિભાજન થયું તે પહેલાં એટલે કે જૂન-૨૦૧૦ પહેલાં ફકત પ્રાથમિક શિક્ષણ(ધોરણ-૧ થી ૭ ) માટે જ ભરતી કરવામાં આવતી હતી. જેમાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની લાયકાતો ધરાવતા શિક્ષકો/વિદ્યાસહાયકોનો પણ સમાવેશ થયેલ હતો. આથી આવી ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની લાયકાતો ધરાવતા હોય તેવા શિક્ષકો/વિદ્યાસહાયકોને તેમની લાયકાતને અનુરૂપ શિક્ષણકાર્ય કરવાની તક મળે તે હેતુથી હવે પ્રાથમિક શિક્ષણમાં નિમણૂંક આપવામાં આવેલ હોય. પરંતુ જે શિક્ષકો/વિદ્યાસહાયકો ઉચ્ચ પ્રાથમિક શિક્ષક થવા માટેની લાયકાતો ધરાવતા હોય તેઓને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ધોરણ-૬ થી ૮ની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં સમાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે સરકારશ્રી કાળજીપૂર્વકની વિચારણા કરી નીચે મુજબ ઠરાવે છે.

ઠરાવઃ-

રાઇટ ટુ એજયુકેશન-૨૦૦૯ ના અમલના કારણે રાજયમાં ૧ થી ૭ ની પ્રાથમિક શાળાઓને ધોરણ-૮ માં અપગ્રેડ કરવામાં આવી છે. જૂન-૨૦૧૦ પહેલાં રાજયમાં ધોરણ-૧ થી ૭ નું પ્રાથમિક શિક્ષણ હતું. તે સમયે ભરતી થયેલ શિક્ષકો/વિદ્યાસહાયક ઉચ્ચ પ્રાથમિક શિક્ષણની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તો તેવા શિક્ષકો/વિદ્યાસહાકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધોરણ-૬ થી ૮) ની શાળાઓમાં સમાવવા અંગે રાજય સરકારે નિર્ણય કરેલ છે. જેથી આવા ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટેની શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોને શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧-૨૦૧૨-૩૧૪૭૭૬-ક ,તા.૨૩/૫/૨૦૧૨ના બદલી નિયમોને ધ્યાનમાં લીધા સિવાય તેઓને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવાના રહેશે. આ શિક્ષકોને સમાવવા અંગેના ધોરણો/શરતો નીચે મુજબ રહેશે.

(૧) શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક તથા તા.૧૪/૭/૨૦૧૧, તા.૩/૫/૨૦૧૨ અને તા.૧૮/૫/૨૦૧૨ના સુધારા ઠરાવ અન્વયે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણના વિદ્યાસહાયક/શિક્ષક માટે નિયત કરવામાં આવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકોએ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ( ધોરણ-૬ થી ૮) માં જવા માટેનો વિકલ્પ દર વર્ષે ૧ લી એપ્રિલ થી 30 મી એપ્રિલસુધીમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી ને આપવાનો રહેશે. ગણિત-વિજ્ઞાન તથા સામાજિક વિજ્ઞાન વિષય માટે શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧,૧૪/૭/૨૦૧૧,તા.૩/૫/૨૦૧૨ અને તા.૧૮/૫/૨૦૧૨માં દર્શાવેલ વિષયો સિવાય અન્ય વિષયો સાથે બી.એસ.સી. કે બી.એ.ની લાયકાત ધરાવતા હોય તેવા વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકોને રાજય સરકાર દ્વારા નામ.સુપ્રિમકોર્ટમાં દાખલ કરવામાં આવેલ એસ.એલ.પી.(સી) નં.૯૯૫૦-૧૦૦૨૧/૨૦૧૨ ના આખરી ચૂકાદાને આધિન વિકલ્પ આપી સમાવવાના રહેશે.

(૨) દરેક શાળામાં વિકલ્પ આપેલ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકોની યાદી બનાવવાની રહેશે. આ યાદી નીચે મુજબ રહેશે.

(ક) ગણિત,વિજ્ઞાનના શિક્ષક

(ખ) ભાષાના શિક્ષક.

(ગ) સામાજિક વિજ્ઞાનના શિક્ષક.

(૩) ધોરણ-૧ થી ૮ની શાળાઓમાં ઉપર ક્રમ-૨ માં દર્શાવેલ (ક),(ખ),(ગ) પ્રમાણેની શૈક્ષણિક લાયકત ધરાવતા શિક્ષકો/વિદ્યાસહાયકોને તે જ શાળામાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે સમાવવાના રહેશે.

(૪) આ પ્રમાણે ગણિત-વિજ્ઞાન, ભાષાઓ અને સામાજિક વિજ્ઞાનની લાયકાત ધરાવતા જે શિક્ષકોનો જે તે શાળામાં સમાવેશ થઇ શકે તેમ ન હોય તો તેઓની સિનિયોરીટી મુજબ સૌથી પહેલા તે જ પગાર કેન્દ્રની અન્ય શાળાઓમાં સમાવેશ કરવાનો રહેશે અને પગાર કેન્દ્રની શાળાઓમાં જગ્યા ન હોય અથવા જગ્યા ભરાઇ જાય ત્યારે પોતાના તાલુકાની અન્ય શાળાઓમાં સમાવવાના રહેશે. અને

પોતાના તાલુકામાં જયારે જગ્યા ન હોવાના કારણે સમાવી શકાય નહિ ત્યારે બાકી રહેતા શિક્ષકો/વિદ્યાસહાયકોને જીલ્લાના અન્ય તાલુકાની શાળામાં સમાવવાના રહેશે.આમ કર્યા બાદ વિકલ્પ આપેલા શિક્ષકો/વિદ્યાસહાયકોને પૂરેપૂરા સમાવી શકાય નહિ ત્યારે ભવિષ્યમાં જે તે જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં જે તે વિષયની ખાલી પડતી જગ્યાઓ ઉપર સમાવવાના રહેશે. સિનિયોરીટી મુજબ વિકલ્પ આપેલા શિક્ષક/વિદ્યાસહાયકોને ઉચ્ચ પ્રાથમિક શાળામાં સમાવવાની પ્રક્રિયા દરમ્યાન જો શિક્ષક/વિદ્યાસહાયક પોતે અસંમતિ દર્શાવે તો તેવા શિક્ષકો/વિદ્યાસહાયકોનો વિકલ્પ રદ કરવાનો રહેશે. અને ભવિષ્યમાં તેઓનો ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવા અંગેનો હક દાવો રહેશે નહિં.

૩. ઉકત ધોરણો/શરતોને આધિન ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવા અંગેની કાર્યવાહી ઉનાળુ વેકેશનમાં બદલી કેમ્પ પહેલાં પૂર્ણ કરવાની રહેશે.

૪. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧/૨૦૧૨/પર૦૩૬/ક, તા.૧૬/૨/૨૦૧૨ આથી રદ કરવામાં આવે છે.

૫. આવી રીતે ઉચ્ચ પ્રાથમિકનો શિક્ષકનો વિકલ્પ આપ્યા પછી પોતાની જ અથવા બીજી શાળામાં નિમણૂંક સ્વીકારી લીધી હોય તેવા શિક્ષકોની આંતરીક બદલી કે અસર પરસની બદલી માટે તેમણે જે શાળામાંથી વિકલ્પ આપેલ છે તે શાળાની જ સિનિયોરીટી જ ગણતરીમાં લેવાની રહેશે. આ પ્રમાણે બદલીનો લાભ લીધા બાદ તે શિક્ષક ફરીથી બદલી કરાવવા ઇચ્છે તો તેમની બદલીવાળી નિમણૂંકની તારીખ સિનિયોરીટીના હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવશે. આ સંબંધમાં શિક્ષણ વિભાગનો તા.૭/૯/૨૦૧૩નો ઠરાવ તેટલે અંશે સુધારેલ ગણવાનો રહેશે.

૬. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૯/૨/૨૦૧૪ ની નોંધથી મળેલ સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનંત પટેલ)
~~નાયબ~~ સચિવ (પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય
- સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર

ક્રમાંકઃપ્રાશિનિ./નીતિ/૨૦૧૪/ક/ ૨૪૨૬-૭૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જી.મ.ભવન બ્લોકનં.૧૨/૧
ગુ.રા.ગાંધીનગર તા.૪/૦૬/૨૦૧૪

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, (તમામ)
- શાસનાધિકારીશ્રી,
નગર શિક્ષણ સમિતિ, (તમામ)

**વિષયઃ**-પતિ/પત્નિના કીસ્સામાં બદલી કરવા માટેના પ્રમાણપત્ર બાબત.
**સંદર્ભઃ**-(૧)શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક
તા.૨૩/૦૫/૨૦૧૨
(૨)શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક
તા.૧૮/૦૨/૨૦૧૪

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભ(૧) માં દર્શાવેલ ઠરાવના ફકરા ક્રમાંક(૧૦) અન્વયે શિક્ષક દંપતિના કીસ્સામાં બદલી કરવાની જોગવાઇ છે. શિક્ષણ વિભાગના સંદર્ભ(૨) માં દર્શાવેલ ઠરાવ અન્વયે ફકરા ક્રમાંક(૧૦) માં નવી જોગવાઇ ઉમેરવામાં આવેલ છે. આ જોગવાઇઓ મુજબ દંપતિના કેસમાં કરવાની બદલીઓ માટે આ સાથે મોકલી આપેલ નમૂના મુજબનું પ્રમાણપત્ર આવશ્યક છે. તો બદલી કરાવવા ઇચ્છતા શિક્ષક પાસેથી તેમના પતિ કે પત્નિ જે સંસ્થા કે કચેરીમાં ફરજ બજાવતા હોય તે કચેરીના વડાનું નમૂના મુજબનું પ્રમાણપત્ર બદલી વખતે મેળવીને જ નિયમાનુસાર શિક્ષક દંપતિનો લાભ આપવાનો રહેશે. સદર પ્રમાણપત્ર જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક પાસેથી પણ મેળવવાનું રહેશે.

નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

F:\data primary c drive\Desktop\2014\D.P.E.O-14.doc

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા.૨૩/૫/૨૦૧૨ તથા તા.૧૮/૨/૨૦૧૪ ના સુધારા ઠરાવ અન્વયે દંપતિના કીસ્સામાં ફેરબદલી માટે આપવાનું પ્રમાણપત્ર

જા.નં.

૧. કર્મચારી/અધિકારીનું પુરૂ નામઃ..........................................................

૨. જન્મ તારીખઃ ..........................................................

૩. હોદ્દોઃ ..........................................................

૪. ખાતામાં દાખલ તારીખઃ ..........................................................

૫. હાલની કચેરી/સંસ્થામાં દાખલ તારીખઃ..........................................................

૬. કચેરી/સંસ્થાનું નામઃ ..........................................................

સરનામુઃ ..........................................................

તાલુકોઃ.................... જિલ્લોઃ......................

ટેલીફોન નંબર- ..........................................................

૭. પગારની વિગતઃ

A. પુરા પગાર/ફિક્સ પગાર..........................................................

B. પગાર ધોરણ.(બેઝિક) ..........................................................

પે બેન્ડ ..........................................................

ગ્રેડ પે ..........................................................

C. ફીક્સ પગારમાં હોય તો નિયમિત પગારધોરણમાં સમાવવાની તારીખઃ..........................

D. નિયત સમય(પાંચ વર્ષ) બાદ નિયત પગારમાં સમાવવા પાત્ર છે કે કેમ? હા./ના

૮. નિવૃત્તિ તારીખઃ............................

ઉપરોક્ત પ્રમાણપત્ર શ્રી/શ્રીમતિ..............................................ની અસલ સેવાપોથીની સાથે ખરાઇ કરીને તેમના પતિ/પત્નિ શ્રી/શ્રીમતિ..............................................હોદ્દો.............પ્રા.શાળા......................તાલુકો............ જિલ્લો......................ની બદલીના હેતુસર આપવામાં આવે છે.

સ્થળઃ- કચેરી/સંસ્થાના વડાની સહી..............................

તારીખઃ- સહી કરનારનું નામઃ ..............................

કચેરીનું સીલ કચેરી/સંસ્થાનો સિક્કો

F:\data primary c drive\Desktop\2014\general- 2014.doc

/

ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક અને પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલીના નિયમો..

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક,

સચિવાલય, ગાંધીનગર

તારીખઃ-૦૫ /૦૭/૨૦૧૪

સંદર્ભઃ-

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા.૨૩/૫/૨૦૧૨

(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા.૭/૯/૨૦૧૩

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૫/૧૧/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંકઃટીઆરએફ/૧૦૯૮/૧૪૩૨/ગ-૨

(૪) શિક્ષણ વિભાગના સરખા ક્રમાંકના ઠરાવ ક્રમાંકઃ૧૮/૦૨/૨૦૧૪

આમુખઃ-

સંદર્ભ(૧) માં દર્શાવેલા શિક્ષણ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ અને સંદર્ભ(૨) માં દર્શાવેલ તા.૭/૯/૨૦૧૩ ના સુધારા ઠરાવથી રાજયમાં પ્રાથમિક શિક્ષક /વિદ્યાસહાયક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની બદલીની નીતિ નિયત કરવામાં આવેલ છે. આ ઠરાવોથી કરેલ જોગવાઇઓ સંદર્ભમાં સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ(૩) માં દર્શાવેલા તા.૨૫/૧૧/૨૦૦૫ ના ઠરાવના ફકરા-૮ (૨) મુજબ પતિ/પત્નિ રાજય સેવા, પંચાયત સેવા કે રાજયના કોઇ જાહેર સાહસોમાં નોકરી કરતા હોય તેવા કેસોમાં શકય હોય ત્યાં સુધી બન્નેને એકજ સ્થળે રાખવાની જોગવાઇ દાખલ કરવાની બાબત તેમજ શિક્ષકોની બદલીની હાલની જોગવાઇઓમાં કેટલાક વહીવટી ફેરફાર/સુધારા સંદર્ભ(૪)માં કરવામાં આવેલં છે. અરસ-પરસ બદલીઓ તથા તબીબી કારણોસર બદલીઓ અંગેની બાબતો સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

આમુખમાં દર્શાવેલ ઠરાવો પરત્વે કાળજી પૂર્વકની વિચારણાને અંતે શિક્ષણ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨, તા.૭/૯/૨૦૧૩ અને તા.૧૮/૦૨/૨૦૧૪ ના સમાનાંકી ઠરાવોમાં આથી નીચે મુજબ સુધારો કરવામાં આવે છેઃ-

| ક્રમ | તા.૨૩/૫/૨૦૧૨ ના ઠરાવની હાલની જોગવાઇ | સુધારેલ /નવી જોગવાઇ |
|---|---|---|
| ૧ | પ્રકરણઃચ અરસ-પરસની બદલી | પ્રકરણઃચ અરસ-પરસની બદલી |
| | (૪) નિવૃતિને પાંચ વર્ષથી ઓછો સમય બાકી હોય તેમને અરસ પરસ બદલીનો લાભ મળશે નહી. | (૪) અરસ પરસથી બદલીની માંગણી કરનાર શિક્ષકોની અરજીની તારીખે પાંચ વર્ષની સેવા બાકી હોવી જોઇએ. આ રીતે બદલી થયા પછી શિક્ષક પાંચ વર્ષ સુધી સ્વૈચ્છિક નિવૃતિ માગશે નહી તેની લેખિત બાંહેધરી અરજી કરતી વખતે આપવાની રહશે. |

| | | |
|---|---|---|
| | (૫) અરસ પરસ બદલીના કિસ્સામાં શિક્ષકને એક બીજાની શાળામાં જ મુકવાના રહશે. અન્ય શાળામાં બદલીથી નિમણુંક આપી શકાશે નહી. | (૫) અરસ પરસ બદલીની માંગણી કરનાર બન્ને શિક્ષકોની માંગણી તેમના વતનના તાલુકા/ જિલ્લામાં જવાની હોવી જોઇએ અને મહિલા શિક્ષકા માટે તેના સાસરી કે પીયરના જિલ્લા/તાલુકાની માંગણી હોવી જોઇએ. તે સિવાયના કોઇ પણ કારણોસર અરસ પરસ બદલીની માંગણી થઇ શકશે નહી. તેમજ આધાર પુરાવા સાથેના પ્રતિતિકર કારણો હોય તેવા કેસોમાં જ અસર પરસ બદલી કરી શકાશે.<br><br>અરસ-પરસ બદલી માંગતા બન્ને શિક્ષકો એક જ વિભાગના હોવા જોઇએ. જુદા જુદા વિભાગોના શિક્ષકોની અરસ પરસ બદલી થઇ શકશે નહિ. |
| ૨ | (૬) પ્રકરણ-(જ)<br>તબીબી કારણોસર કરવાની બદલીઓ<br>(૧) શિક્ષક/શિક્ષિકા અથવા તેમના પતિ કે પત્ની તેમના સંતાનોની જણાવેલ અસાધ્ય અને ગંભિર રોગથી પીડાતા હોય તેવા કિસ્સામાં તબીબી કારણોસર બદલી કરવાની સત્તા ફકત સરકાર કક્ષાએ રહેશે.<br>અસાધ્ય રોગ<br>૧.<br>(૧) કેન્સર<br>(૨) હદય રોગ જેમાં બાયપાસ સર્જરી અને હદયના વાલ્વની બીમારીનો સમાવેશ થશે<br>(3) મુત્રપિંડની બિમારીની ગંભિર સમસ્યા<br>(૪) એઇડસ<br>૨. ઉપર્યુકત બાબતે સિવિલ સર્જનનું પ્રમાણપત્ર ઉપરાંત શિક્ષકે બિમારી સબબ લીધેલ રજાઓના પુરાવા, દવાના પ્રિસ્કીપ્સન અને દવાના બીલો તથા મેડીકલ ચેકઅપ અંગેનો રિપોર્ટ રજુ કરવાનો રહેશે.<br>૩. તબીબી કારણોસર બદલીમાં પતિ અને | (૬) પ્રકરણ-(જ)<br>તબીબી કારણોસર કરવાની બદલીઓ<br>(૧) તબીબી કારણોસર માંગણી કરતી વખતે અધિકૃત કરેલ સ્થાયી તબીબી પંચનું દર્દીને થયેલ રોગ અસાધ્ય અને ગંભીર હોવાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.<br>(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ધ્વારા અમદાવાદ, વડોદરા, સુરત અને જામનગર ખાતે કાર્યરત સ્થાઇ તબીબીપંચ નો નિષ્ણાત તબીબી અભિપ્રાય આપવા અધિકૃત કરવામાં આવેલ છે. આવા અસાધ્ય રોગના કારણોસર શિક્ષકોની બદલી કરવાના પ્રસંગે સ્થાયી તબીબીપંચ સમક્ષ નિષ્ણાંત તબીબી અભિપ્રાય માટે અનુકુળ તારીખ અને સમય અગાઉથી ફાળવવાનો રહેશે અને આવા અસાધ્ય રોગના દર્દીઓ/કેસોની તબીબી પરીક્ષણ કર્યા બાદ સત્વરે અભિપ્રાય આપવાનો રહેશે.<br>(3) સ્થાયી તબીબી પંચ હાલ સિવિલ હોસ્પિટલ અને મેડીકલ કોલેજ અમદાવાદ/વડોદરા/સુરત અને જામનગર ખાતે કાર્યરત છે. ચાર જુદા જુદા ઝોનમાં કયા કયા જિલ્લાઓને સમાવવા, અને દરેક ઝોનના પ્રતિનિધિ તરીકે એક અધિકારીને નિયુકત કરવાની |

| | | |
|---|---|---|
| | પત્ની બંન્ને શિક્ષક/વિદ્યાસહાયક હોય ત્યારે તેમના સંતાનની બીમારી સબબ બે માંથી એક (પતિ અથવા પત્ની ને લાભ મળશે.) | કામગીરી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ધ્વારા કરવાની રહેશે.<br>(૪) કમિશ્નરશ્રીની કચેરી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (તબીબી વિભાગ) ધ્વારા અધિકૃત કરેલ તબીબી પંચના અભિપ્રાય મુજબ સારવાર માટે શિક્ષક ઇચ્છે તે સ્થળે અથવા સ્થળની નજીકના સ્થળે બદલી કરી આપવાની વિચારણા કરવામાં આવશે.<br>(૫) વિદ્યાસહાયક અથવા તેમના પતિ/પત્ની કે સંતાનોને પણ તબીબી કારણોસર બદલીની જોગવાઇ લાગુ પડશે.<br>(૬) વિદ્યાસહાયક/શિક્ષક અથવા તેમના પતિ/પત્ની કે સંતાનોને ગંભીર પ્રકારની ઇજા થવાને કારણે કાયમી અશકતતા આવી જાય અને કાયમી અશકતતા અંગેનું તબીબીપંચનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવે તો, તેવા કેસમાં ગુણદોષના અધારે વિચારણા કરી શકાશે. |

૨. આ સુધારેલ જોગવાઇઓ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણે તમામ સંબંધિતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેની કાર્યપધ્ધતિ માટે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપવાની રહેશે.

૩. આ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ ના ઠરાવાની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની સરકારશ્રીની તા.૪/૬/૨૦૧૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( નિલેશ ત્રિવેદી )
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (ઉ. અને ટે. શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

આર.ન્યુ-૨૦૧૪

- સચિવશ્રી, સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અનધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

  } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ/શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા

(૫)

ક્રમાંક:પ્રાશિનિ/નીતિ/૨૦૧૪/ક/૩૭૭૬-૩૮૨૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જી.મ.ભવન, બ્લોક નં.૧૨/૧,
ગુ.રા.ગાંધીનગર તા:૨૮/૭/૨૦૧૪

વિષય:-ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક અને પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલી બાબત.

**પરીપત્ર**

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક તા.૫/૭/૨૦૧૪ અન્વયે ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક અને પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલી અંગેના નિયમોમાં સુધારો બહાર પાડવામાં આવેલ છે. સદર ઠરાવના ક્રમ-૨ અન્વયે શિક્ષણ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ ના ઠરાવના પ્રકરણ(જ) તબીબી કારણોસર કરવાની બદલીઓના નિયમોમાં સુધારો કરેલ છે. જેમાં તબીબી કારણોસર બદલીની માગણી કરાવવા ઇચ્છતા પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકે દર્દીને થયેલ રોગ અસાધ્ય અને ગંભીર હોવાનું અધિકૃત કરેલ સ્થાયી તબીબી પંચનું પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહેશે. આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા અમદાવાદ, વડોદરા, સુરત અને જામનગર ખાતે કાર્યરત સ્થાયી તબીબી પંચનો નિષ્ણાત તબીબી અભિપ્રાય આપવા અધિકૃત કરવામાં આવેલ છે. સ્થાયી તબીબી પંચ સિવીલ હોસ્પિટલ અને મેડીકલ કોલેજ, અમદાવાદ, વડોદરા, સુરત અને જામનગર ખાતે કાર્યરત છે.

અમદાવાદ, વડોદરા, સુરત અને જામનગર ચાર ઝોનમાં ઝોનવાર નીચે મુજબ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવે છે.

| ક્રમ | ઝોનનું નામ | ઝોનમાં સમાવીષ્ટ જિલ્લાઓ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, પાટણ, મહેસાણા, સાબરકાંઠા અને બનાસકાંઠા |
| ૨ | વડોદરા | વડોદરા, પંચમહાલ, દાહોદ, આણંદ, ખેડા અને નર્મદા |
| 3 | સુરત | સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી |
| ૪ | જામનગર | જામનગર, રાજકોટ, જુનાગઢ, અમરેલી, ભાવનગર, પોરબંદર અને કચ્છ |

જિલ્લા પંચાયત, આણંદ
શિક્ષણ શાખા
31 JUL 2014
ઈ.નં. ૩૨૯૮
તા.

E:\2014-all\2014\D.P.E.O-14.doc

જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ તેમના જિલ્લાના શિક્ષકોની અસાધ્ય રોગના કારણોસર બદલીની દરખાસ્ત કરવાના પ્રસંગે સંબંધિત ઝોનના સ્થાયી તબીબી પંચ પાસેથી નિષ્ણાત તબીબી અભિપ્રાય માટે અનૂકુળ તારીખ અને સમય અગાઉથી મેળવીને સંબંધિત દર્દીને તબીબી પરીક્ષણ માટે મોકલવાના રહેશે. તબીબી પરીક્ષણ કર્યા બાદ સ્થાયી તબીબી પંચનો અભિપ્રાય અને પ્રમાણપત્ર નિયત નમૂનામાં(નકલ સામેલ છે) અભિપ્રાય સાથે મોકલી આપવાના રહેશે.

સંબંધિત જિલ્લામાં સમાવીષ્ટ થયેલ નગર શિક્ષણ સમિતિના કીસ્સામાં જે તે જિલ્લાના ઝોન પ્રમાણે ઉપર મુજબની કાર્યવાહી સંબંધિત નગર શિક્ષણ સમિતિના શાસનાધિકારીશ્રીએ કરવાની રહેશે.

મેડીકલ બોર્ડના પ્રમાણપત્ર તેમજ નિયત નમૂનામાં અભિપ્રાય શિવાયની તબીબી કારણોસર બદલી કરાવવા ઇચ્છતા પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલીની દરખાસ્ત મોકલવાની રહેશે નહી.

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણ સમિતિ (તમામ)
- શાસનાધિકારીશ્રી,
  નગર શિક્ષણ સમિતિ.(તમામ)

**શિક્ષણ/મહેકમ/વશી/૨૪૦**
**શિક્ષણ શાખા જિ.પં. આ**
**તા. ૬/૯/૨૦૧૪**

પ્રતિ,
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
તાલુકા પંચાયત તમામ જિ. આણંદ

વિ- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના ઉપરોક્ત પરીપત્રની જાણ તેમજ અમલ કરવા સારૂ જણાવવામાં આવે છે. તથા તે મુજબ દરખાસ્તો/મોકલવા જણાવવામાં આવે છે.
અગ્રેજા કર્યોને

E:\2014-all\2014\D.P.E.O-14.doc

**જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી**
**જિલ્લા પંચાયત, આણંદ**

## પ્રાથમિક શિક્ષકોની તબીબી સારવાર માટે બદલીની અરજીના સંદર્ભમાં મેડીકલ બોર્ડનું પ્રમાણપત્ર તેમજ અભિપ્રાય

### અરજદારે ભરવાની વિગતઃ-

(૧) અરજદાર શિક્ષકનું નામઃ-..........................................................................................

(૨) હાલનું ફરજનુ; સ્થળઃ----------------શાળા, પો.------------તા.------------ જી.-----------

(૩) બદલીની માંગણીનું સ્થળઃ-----------શાળા, પો.------------તા.------------ જી.-------------

(૪) તબીબી સરવારની વિગતઃ- (અ) રોગનું નામ ----------------------------------------

(બ) કયારથી રોગ થયેલ છે.-----------------------------

(ક) સારવાર કઇ હોસ્પીટલમાં ચાલે છે.-------------------

અરજદારની સહી.----------------------

તારીખઃ-

---

મેડીકલ બોર્ડનો તબીબી અભિપ્રાય

---

(૧) રોગનું નામઃ -----------

(૨) રોગની ગંભિરતાઃ------------

(૩) રોગ અસાધ્ય છે કે કેમ ? ------

(૪) રોગની સારવાર માટે હોસ્પીટલમાં
વારંવાર બતાવવા માટે આવવું જરૂરી છે.

(૫) આ રોગની સારાવાર માટે બદલી કરવાનું આવશ્યક થશે ?

(ક) માંગણીની જગ્યાએ બદલી કરવામાં આવે તો રોગની સારવાર યોગ્ય રીતે થઇ શકે તેમ છે ?

(ખ) જો હા, તો સારવાર માટે તેની સૂચિત બદલીના સ્થળથી સૌથી નજીક સરકારી તબીબી સારવારની વ્યવસ્થા કયાં છે ?

---

મેડીકલ બોર્ડના સભ્યોની સહીઓ

ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક અને પ્રાથમિક
શિક્ષક/વિદ્યાસહાયકની બદલીના નિયમો..

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૦૨/૦૮/૨૦૧૪

**સંદર્ભઃ-**

(૧) શિક્ષણ વિભાગના સરખા ક્રમાંકનો તા.૦૫/૦૭/૨૦૧૪નો ઠરાવ

(૨) ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘની તા.૮/૭/૨૦૧૪ ની રજુઆત

આમુખઃ-

સંદર્ભ(૧) માં દર્શાવેલા શિક્ષણ વિભાગના ઠરાવથી રાજયમાં પ્રાથમિક શિક્ષક /વિદ્યાસહાયક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની બદલીની નીતિ નિયત કરવામાં આવેલ છે. આ ઠરાવથી કરેલ જોગવાઇઓ સંદર્ભમાં વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ ના ઠરાવની જોગવાઇઓના સંદર્ભે કેટલાક જીલ્લાઓમાં શિક્ષકોની અરસ-પરસ બદલીના કેમ્પ પૂર્ણ થઇ ગયેલ છે. જયારે કેટલાક જીલ્લાઓમાં આવા કેમ્પ કરવાના બાકી હોઇ તા.૫/૭/૨૦૧૪ના ઠરાવની જોગવાઇઓ બાકીના કેમ્પની કાર્યવાહી પૂર્ણ થયા પછી લાગુ પડે તે બાબતે સંદર્ભ-૨ થી સરકારશ્રીને વિનંતી કરેલ હતી.

**ઠરાવઃ-**

આમુખમાં દર્શાવેલ બાબત પરત્વે કાળજી પૂર્વકની વિચારણાને અંતે શિક્ષણ વિભાગના તા.૫/૭/૨૦૧૪ ના ઠરાવ અમલમાં આવતા પહેલા શિક્ષણ વિભાગના અગાઉના તા.૨૩/૫/૨૦૧૨ના ઠરાવના પ્રકરણ-ચ અરસ-પરસ બદલી અન્વયે તમામ જીલ્લાઓમાં અરસ-પરસ બદલીના કેમ્પમાં એકસુત્રતા જળવાય તે માટે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(ક) નિયમોનુસાર મળેલ અરજીઓના સંદર્ભમાં જે જિલ્લામાં અરસ-પરસ બદલીની કાર્યવાહી થઇ હોય અને અમલવારી ન થઇ હોય તેવા જિલ્લા તથા કેમ્પ ન થયેલ હોય જિલ્લામાં કાર્યવાહી તા.૧૫/૦૮/૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

(ખ) ચાલુ નાણાકિય વર્ષમાં ૧/૪/૨૦૧૪ પછી હાથ ધરવામાં આવેલ દરેક બદલી કેમ્પના અરસ-પરસ બદલીનો લાભ લેનાર દરેક શિક્ષકના બદલીના હુકમમાં " બદલી પામનાર શિક્ષક આગામી પાંચ વર્ષ સુધી સ્વૈચ્છિક નિવૃત્તિની માંગણી કરી શકશે નહિ " તેવો ઉલ્લેખ કરવાનો રહેશે. જે હુકમો થઇ ગયેલ હોય તેમાં પણ આ શરતનો ઉલ્લેખ કરી દેવાનો રહેશે.

(ગ) તા.૧૫/૮/૨૦૧૪ સુધી જે જિલ્લા અરસ-પરસ બદલીઓ કરવામાં આવે તેમાં વિભાગના તા.૫/૭/૨૦૧૪ના ઠરાવના ક્રમ-૧ માં સુધારેલ/નવી જોગવાઇ પ્રકરણ-ચ અરસ-પરસ બદલીના પેટા ક્રમાંક-(૫)ની નવી

જોગવાઇ લાગુ પડશે નહી.

(ઘ) તા.૧૫/૮/૨૦૧૪ પછી થનાર દરેક જિલ્લા અરસ-પરસ બદલી માટે તા.૫/૭/૨૦૧૪ના ઠરાવની દરેક જોગવાઇ લાગુ પડશે.

૨. આ સુધારેલ જોગવાઇઓ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણે તમામ સંબંધિતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેની કાર્યપધ્ધતિ માટે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપવાની રહેશે.

૩. આ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની સરકારશ્રીની તા.૩૦/૭/૨૦૧૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વી. બી. રબારી )
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (ઉ. અને ટે. શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અનધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ/શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા

આર.ન્યુ-૨૦૧૪

ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૫/૮૮૨/ક
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તાઃ ૨૩/૦૨/૨૦૧૬

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ. રા. ગાંધીનગર
23 FEB 2016
નંબર ૭૬૦
શાખા ........

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણની કચેરી,
ડો. જીવરાજ મહેતા ભવન,
સચિવાલય, ગાંધીનગર.

વિષયઃ ખાસ કિસ્સામાં રાષ્ટ્રિય સુરક્ષા સેવામાં જોડાયેલા કર્મચારીના પત્નીની બદલી કરી આપવા બાબત..

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે આપની કચેરીના તા.૨૬/૦૬/૨૦૧૫ના પત્ર ક્રમાંકઃપ્રાશિનિ/ગ-૪/ મહેસાણા/૨૦૧૫/૪૮૧૫ અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૧૮/૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક ના પ્રકરણ-ઘ જિલ્લા ફેર બદલીઓ (નવી જોગવાઇ) ફકરા ક્રમાંકઃ(૧૫) મુજબ રાષ્ટ્રિય સુરક્ષા સેવામાં જોડાયેલા અથવા તેમાંથી નિવૃત થયેલ કર્મચારી /અધિકારીના પતિ કે પત્નિની બદલી અંગે કેન્દ્ર સરકાર કક્ષાએ લશ્કરી દળોમાં આર્મી, નેવી અને એરફોર્સનો સમાવેશ થાય છે. જયારે અર્ધ લશ્કરી દળોમાં કોસ્ટગાર્ડ, આઇ.ટી.બી.પી., સી.આર.પી.એફ.,આર.એ.એફ.કમાન્ડો અને મરીન કમાન્ડોનો તથા ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ હોમ એફેર્સ પોલીસ ડીવીઝન- II રીસેટલમેન્ટ એન્ડ વેલફર ડાયરેકટોરેટનું તા.૨૩/૧૧/૨૦૧૨ના ઓફીસ મેમોરેન્ડમ મુજબ સેન્ટ્રલ રીઝર્વ પોલીસ ફોર્સ (સી.આર.પી.એફ), બોર્ડર સીકયુંરીટી ફોર્સ (બી.એસ.એફ.), સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સીકયુંરીટી ફોર્સ (સી.આઇ.એસ.એફ), ઇન્ડો-તીબેટીયન બોર્ડર પોલીસ (આઇ.ટી.બી.પી.)અને સશત્ર સીમા બાલ (એસ.એસ.બી)(નકલ સામેલ છે.) તેમજ ભારતના રાજ પત્રના તા.૦૪/૧૦/૨૦૧૨ના નિયમ-૨ (૧) (ગ)માં ભૂતપૂર્વ સૈનિકની વ્યાખ્યા મુજબ ભારત સંઘની નિયમિત સશત્ર સેના, નેવી અને એરફોર્સની સેનાની કોઇ પણ રેન્કમાં ફરજ બજાવેલ અધિકારી/ કર્મચારી રાષ્ટ્રીય સુરક્ષા સેવામાં સમાવેશ થાય છે(નકલ સામેલ છે).જે ધ્યાને લઇ સરકારશ્રીના ઠરાવની જોગવાઇ અનુસાર બદલી કરવા ઘટિત કાર્યવાહી કરવા વિનંતી.

જિલ્લા પંચાયત, આણંદ
શિક્ષણ શાખા
02 MAR 2016
ઇ.નં. ૯૨૦
તા.
દફતર

આપનો વિશ્વાસુ
(પી.એન.બ્રહ્મભટ્ટ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

ક્રઃ પ્રાશિનિ/નીતિ/૨૦૧૬/ક/૧૨૦૧-૧૨૯૩
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા.૨૫/૦૨/૨૦૧૬

૨/- નકલ રવાના જાણ અને શિ.વિ.ના ઉકત પત્રમાં જણાવ્યા મુજબની કાર્યવાહી સારુ.

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ.
- શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ. રા. ગાંધીનગર
0 2 MAY 2016
નંબર ૭૭૪૮
શાખા ડિ-જીએ

ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક અને પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલીના નિયમો..

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૨૭/૦૪/૨૦૧૬

**સંદર્ભઃ-**

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા.૨૩/૫/૨૦૧૨

(૨) ધી ગુજરાત સચિવાલય ફેડરેશન ગાંધીનગરની તા.૦૯/૦૨/૨૦૧૬ની રજુઆત.

(૩) ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘની તા.૦૭/૦૪/૨૦૧૬ની રજુઆત

આમુખઃ-

સંદર્ભ(૧) માં દર્શાવેલા શિક્ષણ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ ઠરાવથી રાજયમાં પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની બદલીની નીતિ નિયત કરવામાં આવેલ છે. સંદર્ભઃ-૧ના પ્રકરણ-ઘ જિલ્લાફેર બદલીઓ સંદર્ભ (૨) ની ધી ગુજરાત સચિવાલય ફેડરેશન ગાંધીનગર દ્વારા તા.૦૯/૦૨/૨૦૧૬ના પત્રથી તથા સંદર્ભઃ-(૩) ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘની તા.૦૭/૦૪/૨૦૧૬ની રજુઆતથી સચિવાલય સંવર્ગના બિન બદલી પાત્ર કર્મચારી/અધિકારીના પતિ કે પત્નિ જે પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરતાં હોય તેમની ગાંધીનગર જિલ્લામાં જિલ્લાફેર બદલી કરવા માટે નવી જોગવાઇ કરવા રજુઆત કરવામાં આવી હતી જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાને અંતે ઉપર ક્રમાંકઃ(૧) આગળ દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ ઠરાવના પ્રકરણ –ઘ માં નીચે મુજબની જોગવાઇ ઉમેરવામાં આવે છેઃ-

| ક્રમ | તા.૨૩/૫/૨૦૧૨ ના ઠરાવની હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|
| ૧ | | પ્રકરણ-ઘ જિલ્લાફેર બદલીઓ ફકરા ક્રમાંકઃ(૧૬) |
| | | સચિવાલય સંવર્ગના બિન બદલી પાત્ર કર્મચારી/અધિકારીના પતિ કે પત્નિ જે પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરતા હોય તેમની ગાંધીનગર જિલ્લામાં જિલ્લાફેર બદલી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ કરશે આ લાભ આ ઠરાવ/હુકમો અમલમાં આવ્યા બાદ જે તે શિક્ષક/શિક્ષિકાને એક જ વખત મળી શકશે. |

**(પાછળ)**

૨. આ સુધારેલ જોગવાઇઓ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણે તમામ સંબંધિતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેની કાર્યપધ્ધતિ માટે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપવાની રહેશે.

૩. આ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ ના ઠરાવાની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એ.આઇ.પટેલ)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

ક્રમાંકઃપ્રાશિનિ/નીતિ/૨૦૧૬/ક/૩૨૩૧-૩૨૮૩
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા.૧૮/૦૫/૨૦૧૬

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ.શિ.સ. તમામ
- શાસનાધિકારીશ્રી, ન.પ્રા.શિ.સ. તમામ

ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક અને પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલીના નિયમો..


પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ. રા. ગાંધીનગર
2016
નંબર ...
શાખા ...


ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૫/સી.ફા.૯/ક,

સચિવાલય, ગાંધીનગર

તારીખઃ-૨૮ /૦૪/૨૦૧૬

**સંદર્ભ:-**

(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા.૨૩/૫/૨૦૧૨

(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા.૭/૯/૨૦૧૩

(૩) શિક્ષણ વિભાગના સરખા ક્રમાંકના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક તા.૧૮/૦૨/૨૦૧૪

(૪) શિક્ષણ વિભાગના સરખા ક્રમાંકના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક તા.૦૫/૦૭/૨૦૧૪

(૫) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની તા.૧૦/૦૮/૨૦૧૫ની નોંધ ક્રમાંકઃપ્રાશિનિ/નિતી-ક શાખા/સીગલ ફાઇલ/૨૦૧૫/૧૯/ની નોંધથી રજુ થયેલ સીંગલ ફાઇલ પરની દરખાસ્ત

આમુખઃ-

સંદર્ભ(૧) માં દર્શાવેલા શિક્ષણ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ અને સંદર્ભ(૨) થી (૪) માં દર્શાવેલ સુધારા ઠરાવથી રાજ્યમાં પ્રાથમિક શિક્ષક /વિદ્યાસહાયક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની બદલીની નીતિ નિયત કરવામાં આવેલ છે. સંદર્ભ:-૧ના પ્રકરણ-છ(૧)વહીવટી બદલીઓની હાલની જોગવાઇમાં ફેરફાર કરવા સંદર્ભ (૪) ની નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ સીંગલ ફાઇલ પરની દરખાસ્ત રજુ કરવામાં આવી હતી જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે ઉપર ક્રમાંકઃ(૧) આગળ દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ ઠરાવના પ્રકરણ-(છ)વહીવટી બદલીઓની જોગવાઇમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છેઃ-

| ક્રમ | તા.૨૩/૫/૨૦૧૨ ના ઠરાવની હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|
| ૧ | પ્રકરણઃ(છ)વહીવટી બદલીઓ | પ્રકરણઃ(છ)વહીવટી બદલીઓ |
| | (૧) શાળાના શિક્ષકની અનિયમિત હાજરી, નબળી શૈક્ષણિક કામગીરી, નાણાંકીય ગેરરીતિ, રાજકીય પ્રવૃત્તિઓનું આચરણ, શિક્ષકના વર્તન/વ્યવહાર અથવા ચારિત્રને લગતી ફરિયાદના કિસ્સામાં આવી ફરિયાદ અંગે જો | (૧) શાળાના શિક્ષકની અનિયમિત હાજરી, નબળી શૈક્ષણિક કામગીરી, નાણાંકીય ગેરરીતિ, રાજકીય પ્રવૃત્તિઓનું આચરણ, શિક્ષકના વર્તન/વ્યવહાર અથવા ચારિત્રને લગતી ફરિયાદના કિસ્સામાં આવી ફરિયાદ અંગે જો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને ફરિયાદમાં |

| | | |
|---|---|---|
| | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને ફરિયાદમાં તથ્ય છે તેવો સંતોષ થાય, તો વહીવટના હિતમાં બદલી કરી શકશે. પરંતુ આવા દરેક કિસ્સામાં સક્ષમ અધિકારીએ જેમ બને તેમ જલ્દી શિસ્ત વિષયક કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે. | તથ્ય છે તેવો સંતોષ થાય, તો વહીવટી કારણોસર બદલી કરવી અનિવાર્ય જણાયેથી બદલી કરી શકશે. પરંતુ વહીવટી બદલી કર્યા તારીખથી મોડામાં મોડુ ૧૦ દિવસની સમય-મર્યાદામાં વિગતવાર દરખાસ્ત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણને કરવાની રહેશે. આવી દરખાસ્તને નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણએ ૩૫ દિવસની અંદર બહાલી આપવાની રહેશે. અન્યથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કરેલ બદલીના હુકમો આપો- આપ રદ થયેલા ગણાશે. આવા દરેક કિસ્સામાં સક્ષમ અધિકારીએ જેમ બને તેમ જલ્દી શિસ્ત વિષયક કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે. |

૨. સુધારેલ જોગવાઇઓ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણે તમામ સંબંધિતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેની કાર્યપધ્ધતિ માટે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપવાની રહેશે.

૩. વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ ના ઠરાવાની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એ. આઇ. પટેલ )
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

ક્રમાંકઃપ્રાશિનિ/નીતિ/૨૦૧૬/ક/3339-3380
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા. ૧૮/૦૫/૨૦૧૬

નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ.શિ.સ. તમામ
- શાસનાધિકારીશ્રી, ન.પ્રા.શિ.સ. તમામ

પ્રાથમિક શિક્ષક/વિધાસહાયકોની ઓન-લાઇન
સિસ્ટમથી બદલી કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧/૨૦૧૪/૩૫૭૨૨૭/ક
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ-૧૭/૦૩/૨૦૧૫

વંચાણમાં લીધાઃ-
(૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા. ૨૩/૫/૨૦૧૨
(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક તા. ૭/૯/૧૩
(૩) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક તા. ૧૮/૦૨/૨૦૧૪
(૪) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧/૨૦૧૪/૩૫૭૨૨૭/ક તા.૩૦/૬/૨૦૧૪
(૫) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક તા. ૦૫/૦૭/૨૦૧૪
(૬) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ તરફથી મળેલ સીંગલ ફાઇલ ક્રમાંક-૪/૨૦૧૫

**આ મુ ખ ::-**

શિક્ષણ વિભાગના તારીખ-૨૩/૫/૧૨ના ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧/૨૦૧૨/૩૧૪૭૭૬/ક અને તે પછી વખતો વખતના સુધારા ઠરાવ અન્વયે પ્રાથમિક શિક્ષક/વિધાસહાયકની બદલીઓ અંગેના નિયમો નકકી કરવામાં આવેલ છે. આ નિયમોના પ્રકરણ-ક(૧) સામે બદલીઓના પ્રકારના સામે આંતરિક માંગણીથી બદલીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. સંદર્ભઃ-(૪)ના ઠરાવથી આંતરિક માંગણીથી બદલીઓમાં પારદર્શિતા લાવવાના હેતુથી આ બદલીઓ માટેની અરજીઓ ઓન લાઇન મંગાવી તેના આધારે કોમ્પ્યુટરાઇઝ્ સીસ્ટમથી એક સોફટવેર ધ્વારા બદલીઓ કરવા માટે ૨૦૧૪ ના વર્ષમાં પ્રાયોગિક ધોરણે (ઓન પાયલોટ પ્રોજેકટ) ગાંધીનગર, અમદાવાદ, સાબરકાંઠા અને પોરબંદર એમ ચાર જીલ્લામાં આંતરીક બદલીઓની કાર્યવાહી પારદર્શક રીતે સફળતાપૂર્વક કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઇ રાજયના તમામ જિલ્લાઓમાં તથા મહાનગર પાલિકાઓમાં બદલીઓ કોમ્પ્યુટરાઇઝ્ સિસ્ટમથી બદલી કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :-**

પુખ્ત વિચારણાના અંતે વર્ષઃ૨૦૧૫થી રાજયના તમામ જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણ સમિતિ, તથા મહાનગર પાલિકાઓમાં નગર શિક્ષણ સમિતિમાં પ્રાથમિક શિક્ષક /વિદ્યાસહાયકોની આંતરીક બદલીની કાર્યવાહી ઇન્ડેક્ષ-બી ની મદદથી ઓન લાઇન અરજીઓ મંગાવી તેના આધારે વિભાગના તા.૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવ અને વખતો વખતના સુધારા અન્વયે થયેલ જોગવાઇઓ ધ્યાને લઇ નીચે મુજબની કાર્ય પધ્ધતિ અનુસાર કોમ્પ્યૂટરાઇઝ્ડ સોફટવેર મારફતે કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) જે તે જીલ્લાની તાલુકાવાર ખાલી જગ્યાવાળી શાળાઓની યાદી પ્રાથમિક વિભાગ અને ઉચ્ચ પ્રાથમિક વિભાગવાર તૈયાર કરી સોફટવેરમાં એન્ટર કરવાની રહેશે. ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં વિષયવાર જગ્યાઓ દર્શાવવાની રહેશે. (૧.ભાષા, ૨.ગણિત-વિજ્ઞાન, ૩. સામાજીક વિજ્ઞાન)

(૨) સંબંધીત જીલ્લા ધ્વારા આંતરીક બદલી કરાવવા ઇચ્છતા પ્રાથમિક શિક્ષક/વિધાસહાયકો માટે ઓન--લાઇન અરજી કરવા માટે દૈનિક પત્રોમાં જાહેરાત આપવાની રહેશે.

(૩) જે પ્રાથમિક શિક્ષક/વિધાસહાયકો આંતરિક બદલી કરાવવા ઇચ્છતા હોય તેઓએ સૂચવેલ વેબ-સાઇટ પર માંગેલ વિગતો ભરી ઓન-લાઇન અરજી સબમીટ કરવાની રહેશે.

(૪) સબમીટ થયેલ અરજીની બે પ્રિન્ટ કાઢી કચેરીની નકલ સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને જરુરી આધાર-પુરાવા જોડીને રજુ કરવાની રહેશે.

(૫) સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જરુરી આધાર-પુરાવાની ચકાસણી કરી અરજી મળ્યા અંગેની પહોંચ સંબંધિત પ્રાથમિક શિક્ષક/વિધાસહાયકને આપવાની રહેશે. ત્યારબાદ જરુરી રીમાર્કસ કરીને તમામ અરજીઓ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલી આપવાની રહેશે.

(૬) સંબંધિત જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને આપેલ પોતાના જીલ્લાના લોગીનમાં જઇ આવેલ તમામ અરજીઓ અંગે ખરાઇ કરી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) ઉપર મુજબની કામગીરી પુર્ણ થયા બાદ કમ્પ્યુટર સોફ્ટવેર ધ્વારા નિયમોનુસાર બદલીપાત્ર સંબંધીત પ્રાથમિક શિક્ષકો/વિધાસહાયકોના બદલી ઓર્ડર તૈયાર થશે.

(૮) બદલી માટે અરજી કરેલ અને નિયમોનુસાર બદલી પાત્ર થતાં પ્રાથમિક શિક્ષકો/વિધાસહાયકોએ વેબ-સાઇટ પરથી બદલી ઓર્ડરની પ્રિન્ટ જાતે મેળવી લેવાની રહેશે.

(૯) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ બદલીના હુકમોની પ્રિન્ટ નકલ મેળવવાની રહેશે. અને ફાઇલે રાખવાની રહેશે.

(૧૦) જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ સમગ્ર બદલીના હુકમો પ્રિન્ટ કરી ફાઇલે રાખવાના રહેશે.

(૧૧) ઓન-લાઇન બદલી પ્રક્રિયામાં કોઇપણ વહીવટી કે ટેકનીકલ ક્ષતિ ઉભી થાય તો તેનો આખરી નિર્ણય પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ લેવાનો રહેશે

(૧૨) કમ્પ્યુટરાઇઝડ બદલી હુકમમાં જે તે જીલ્લાના જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની પ્રિન્ટ થયેલ સહી માન્ય ગણાશે.

(૧૩) બદલી હુકમો અમલ કરતાં પુર્વે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પાસે બદલી હુકમની ખરાઇ કરાવી બદલી હુકમ ઉપર તેઓની સહી કરાવવાની રહેશે. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ખરાઇ કર્યા સિવાયના બદલી હુકમ માન્ય રહેશે નહીં.

(૧૪) મહાનગર પાલિકા વિસ્તારની નગર શિક્ષણ સમિતિઓ માટે શાસનાધિકારીશ્રીએ ઉપર મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૫) મહાનગર પાલિકા વિસ્તારની નગર શિક્ષણ સમિતિ, સિવાયની બાકીની તમામ નગર શિક્ષણ સમિતિઓમાં પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકોની આંતરીક બદલીની કાર્યવાહી શિક્ષણ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ ના તથા વખતો વખતના ઠરાવોની જોગવાઇઓ ધ્યાને લઇ કેમ્પ કરીને બદલીઓ કરવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.એમ મીસ્ત્રી)
સંયુકત સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- ❖ માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ❖ માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ❖ માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથ./ઉચ્ચ.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ❖ અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ❖ અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

પ્રાથમિક શિક્ષણમાં ફરજ બજાવતા અને તાલીમી લાયકાત (સ્નાતક/પીટીસી અથવા સ્નાતક/બી.એડ.) ધરાવતા વિધાસહાયક/પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધોરણ-૬ થી ૮) માં સમાવવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક- પીઆરઇ/૧૧/૨૦૧૬/સીંગલ ફાઇલ-૨/ક
સચિવાલય,ગાંધીનગર.
તારીખ-૧૬/૦૫/૨૦૧૬

**સંદર્ભ :-**

(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૬/૦૨/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક
(૨) શિક્ષણ વિભાગનો તા. ૨૩/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક
(૩) શિક્ષણ વિભાગનો તા. ૧૯/૦૨/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક
(૪) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની તારીખ ૦૭/૦૪/૨૦૧૬ ની ક્રમાંક-પ્રાશિનિ/નીતિ/સીંગલ ફાઇલ/૨૦૧૬/ક/ક ની સીંગલ ફાઇલ.
(૫) ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘનો તારીખ ૨૨/૦૩/૨૦૧૬નો પત્ર

**આ મુ ખ ::-**

સંદર્ભ (૩) આગળ દર્શાવેલ નિયામક, પ્રાથમિક શિક્ષણની સિંગલ ફાઇલની દરખાસ્ત તથા સંદર્ભ (૪) આગળ દર્શાવેલ ગુજરાત રાજય પ્રામથમિક શિક્ષણ સંઘે સંદભ (૨) આગળ દર્શાવેલ વિભાગના તારીખ ૧૯/૦૨/૨૦૧૪ના ઠરાવના ક્રમાંક-(૪)માં સીનીયોરીટી મુજબ વિકલ્પ આપેલા શિક્ષક/વિધાસહાયકને ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (ધોરણ-૬ થી ૮) માં સમાવવાની પ્રક્રિયા દરમિયાન જો શિક્ષક/વિધાસહાયક પોતે અસંમતિ દર્શાવે તો તેવા શિક્ષકો/વિધાસહાયકોનો વિકલ્પ રદ કરવાનો રહેશે અને ભવિષ્યમાં તેઓનો ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવા અંગેનો હક દાવો રહેશે નહિ તેવી કરેલ જોગવાઇમાં ફેરફાર કરીને આવા શિક્ષકોને વધુ એક તક આપવા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ ::-**

પુખ્ત વિચારણાને અંતે વિભાગના તા. ૧૯/૦૨/૨૦૧૪ના ઠરાવના ક્રમાંક-(૪)માં સિનિયોરીટી મુજબ વિકલ્પ આપેલા શિક્ષક/વિધાસહાયકોને ઉચ્ચ પ્રાથમિક શાળામાં સમાવવાની પ્રક્રિયા દરમ્યાન જો

શિક્ષક/વિધાસહાયક પોતે અસંમતિ દર્શાવે તો તેવા શિક્ષકો/વિધાસહાયકોનો વિકલ્પ રદ કરવાનો રહેશે અને ભવિષ્યમાં તેઓનો ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવા અંગેનો હક દાવો રહેશે નહિ તેવી જોગવાઈમાં ફેરફાર કરીને આ રીતે રદ કરેલ વિકલ્પ વર્ષ-૨૦૧૬માં થનાર વિકલ્પ કેમ્પ પુરતા વાપરવાની છુટ આપવામાં આવે છે પરંતુ આવી છુટ મેળવનાર શિક્ષકે સદરહુ વિકલ્પનો ઉપયોગ જીલ્લા ફેર બદલી માટે વિભાગના તારીખ ૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવના પ્રકરણ ઘ(૨) ની જોગવાઈ અનુસાર અરજીની મુળ સીનીયોરીટીનો લાભ મેળવવા માટે દાવો કરી શકશે નહીં તે મતલબનું બાંહેધરીપત્ર આપવાનું રહેશે, કારણકે સહાનુભુતિપુર્વક વિચારણા કરીને વિકલ્પ વાપરવા આપેલ છુટ અને જીલ્લાફેર બદલીનો મુળ અરજીની સીનીયોરીટીનો લાભ બંને એકસાથે આપી શકાય નહીં.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( એ.આઇ. પટેલ )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

ક્રમાંકઃપ્રાશિનિ/નીતિ/૨૦૧૬/ક/3178-3230
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા. /૦૫/૨૦૧૬

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ તથા અમલ સારૂ:

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ.શિ.સ. તમામ
- શાસનાધિકારીશ્રી, ન.પ્રા.શિ.સ. તમામ

A-O- તમામ

ક્માંક:પ્રાશિનિ/નીતિ/૨૦૧૬/ક/૩૨૮૪-૩૩૩૬
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જી.મ.ભવન બ્લોકનં.૧૨/૧
ગુ.રા.ગાંધીનગર તા.૧૮/૦૫/૨૦૧૬

પ્રતિ,
-જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
-શાસનાધિકારીશ્રી,
નગર શિક્ષણ સમિતિ, તમામ

વિષયઃ- ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિધાસહાયક અને પ્રાથમિક શિક્ષક/વિધાસહાયકની બદલીના નિયમો...
સંદર્ભઃ- શિ.વિ.ના ઠરાવ ક્રઃપીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક, તા.૨૭-૪-૨૦૧૬

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૨૩-૫-૨૦૧૨ ના ઠરાવથી રાજયમાં પ્રાથમિક શિક્ષક/વિધાસહાયક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષકની બદલીની નીતિ નિયત કરવામાં આવેલ છે. આ ઠરાવમાં સરકારશ્રી દ્વારા વખતોવખત સુધારા કરવામાં આવેલ છે. જે અન્વયે રાજયની જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં બદલીઓ અંગેની કાર્યવાહી કરવામાં આવે છે. શિ.વિ.ના સંદર્ભદર્શિત ઠરાવથી તા.૨૩-૫-૨૦૧૨ ના ઠરાવના પ્રકરણ-ધ જિલ્લા ફેરબદલીઓમાં "સચિવાલય સંવર્ગના બિન બદલીપાત્ર કર્મચારી/અધિકારીના પતિ કે પત્નિ જે પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરતા હોય તેમની ગાંધીનગર જિલ્લામાં જિલ્લા ફેરબદલી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ કરશે આ લાભ આ ઠરાવ/હુકમો અમલમાં આવ્યા બાદ જે તે શિક્ષક/શિક્ષિકાને એક જ વખત મળી શકશે." તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. ઉકત જોગવાઇના સંદર્ભમાં નીચે મુજબની સુચનાઓ આપવામાં આવે છે.

૧. પ્રાથમિક શિક્ષક તરીકે જે જિલ્લામાં ફરજ બજાવતા હોય તે જિલ્લા શિક્ષણ સમિતિ મારફતે જિલ્લા ફેરબદલીની અરજી નિયત નમુનામાં ભરીને સબંધિત અધિકારીશ્રીના સહી-સિકકા કરાવીને પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી ખાતે રજુ કરવાની રહેશે.
૨. પ્રાથમિક શિક્ષકે જિલ્લા ફેરબદલીની અરજી માટે નિયત કરેલ ફોર્મ તથા સાથે જોડવામાં આવતા તમામ આધારો સાથે અરજી બે નકલમાં રજુ કરવાની રહેશે.
૩. પ્રાથમિક શિક્ષકના પતિ કે પત્નિ સચિવાલય સંવર્ગમાં બિન બદલીપાત્ર કર્મચારી/અધિકારી તરીકે ફરજ બજાવતા હોય તે સબંધિત વિભાગનું પ્રમાણપત્ર (આ સાથેના નમુના મુજબ રજુ કરવાનું રહેશે.
૪. પ્રાથમિક શિક્ષકનું લગ્ન નોંધણી અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
૫. તા.૨૩-૫-૨૦૧૨ ના ઠરાવ મુજબ ૫ વર્ષની સળંગ નોકરી પુર્ણ થયેલ હોય તેવા શિક્ષક/શિક્ષિકા અરજી કરી શકશે.
૬. ચાલુ વર્ષે તા.૨૭-૪-૨૦૧૬ થી ઠરાવ થયેલ હોવાથી ઠરાવ પહેલા અરજી કરેલ હોય તો તે દફતરે ગણી નવેસરથી અરજી કરવાની રહેશે.

૭. નિયામકશ્રીની કચેરીને મળેલ આવી અરજીઓ બિન બદલીપાત્ર કર્મચારી/અધિકારીના કિસ્સામાં જિલ્લા ફેરબદલી અંગેના રજીસ્ટરમાં નોંધણી કરીને ગાંધીનગર જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં બદલી અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

૮. ઠરાવ મુજબ પાત્રતા ધરાવતા શિક્ષકોની બદલી માટે નિયામકશ્રી દ્વારા મંજુરી આપવામાં આવે ત્યાર બાદ ગાંધીનગર જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં ઉપલબ્ધ ખાલી જગાઓને ધ્યાને રાખી તેનો અમલ કરવાનો રહેશે.

૯. આ સુચનાઓ તમામ શિક્ષકોના ધ્યાને લાવવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી /શાસનાધિકારીશ્રીએ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી ........................................................................ હોદો ............. તરીકે તા.......................... થી ફરજ બજાવે છે. તેઓની નિમણુંક તા................. થી કરાર આધારિત ફીકસ પગારથી થયેલ છે. તા............... થી નિયમિત નિમણુંક થયેલ છે. શ્રી ............................................ ની સેવાઓ સચિવાલયની ......................... સંવર્ગની વર્ગ- ................. માં આવે છે, તથા બિન બદલીપાત્ર જગા ધારણ કરે છે. જેથી તેઓ સચિવાલય, ગાંધીનગર સિવાય અન્યત્ર બદલીપાત્ર નથી.

સબંધિત વિભાગના સહી/સિકકા

~~ક્રમાંક:પ્રાશિનિ/નીતિ/૨૦૧૬/ક/~~

વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક/ મુખ્ય શિક્ષકની ભરતી પ્રક્રિયામાં નિમણૂંકના ત્રણ વર્ષની અંદર તે જ સંવર્ગની જગ્યા માટે ઉમેદવારી કરવા માટેની જોગવાઇઓ નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૭/સીંગલફાઇલ-૬/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૨૨/03/૨૦૧૭

વંચાણે લીધાઃ

(૧) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની તારીખ ૨૭/૦૨/૨૦૧૭ની સીંગલ ફાઇલ દરખાસ્ત નંબરઃ પ્રાશિનિ/નીતિ/સીંગલફાઇલ/૨૦૧૭/ક/૬

(૨) નિયામકશ્રી, શાળાઓની કચેરીની તારીખ ૦૨/03/૨૦૧૭ની સીંગલ ફાઇલ દરખાસ્ત નંબરઃ અ-૧/માધ્ય/૩૨૨૩

આમુખઃ

નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની ક્રમાંકઃ(૧) સામે વંચાણે લીધેલ તારીખ ૨૭/૦૨/૨૦૧૭ની સીંગલ ફાઇલ નંબરઃ પ્રાશિનિ/નીતિ/સીંગલફાઇલ/ ૨૦૧૭/ક/૬થી થયેલ દરખાસ્તમાં તથા નિયામકશ્રી, શાળાઓની કચેરીની ક્રમાંકઃ(૨) સામે વંચાણે લીધેલ તારીખ ૦૨/03/૨૦૧૭ની સીંગલ ફાઇલ નંબરઃ અ-૧/માધ્ય/૩૨૨૩ અન્વયે થયેલ દરખાસ્તમાં જણાવ્યા મુજબ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક તરીકે અને માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક તરીકે સીધી ભરતીથી ઉમેદવારોની નિમણૂંક કરવામાં આવે છે. તાજેતરમાં વિદ્યાસહાયકોની નિમણૂંક માટે કરવામાં આવેલી ભરતી પ્રક્રિયા દરમ્યાન જણાયેલ છે કે તે ભરતી પ્રક્રિયામાં લગભગ ૪૦ % જેટલા ઉમેદવારો એવા પસંદ થયા છે કે જેઓ હાલ વિદ્યાસહાયક તરીકે નોકરી કરે જ છે. આમ, નોકરી માટે પસંદગીનું સ્થળ મેળવવા માટે ઉમેદવારો દ્વારા વારંવાર

જિલ્લા પંચાયત, આણંદ
શિક્ષણ શાખા
૧૦ ... 2017
ક્ર.નં. ૪૯૯૫

અથવા દરેક ભરતી પ્રસંગે ઉમેદવારી નોંધાવવામાં આવતી હોવાથી નવા કે નીચા મેરીટવાળા ઉમેદવારોને તક મળતી નથી અને લાયકાત ધરાવતા ઉમેદવારોને રોજગારી આપવાનો અને વિદ્યાસહાયકોની ખાલી રહેલી જગ્યાઓ ભરવાનો સરકારનો હેતુ સિધ્ધ થતો નથી.

૨. ઉપરની પરિસ્થિતિ નિવારવા પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક તરીકે અને માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક તરીકે નિમાયેલ કર્મચારીઓ દરેક ભરતી પ્રસંગે ઉમેદવારી ન નોંધાવે તે સુનિશ્ચિત કરવાની આવશ્યકતા જણાયેલ હોઇ, પુખ્ત વિચારણાને અંતે વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક/મુખ્ય શિક્ષકની ભરતી પ્રક્રિયામાં નિમણૂંકના ત્રણ વર્ષની અંદર ઉમેદવારી કરવા માટે નીચે મુજબની જોગવાઇઓ રાખવામાં આવે છેઃ

{1} કોઇ પણ નિમ્ન પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક/શિક્ષક કે ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક/શિક્ષક કે મુખ્ય શિક્ષક કે માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક પોતે જે સંવર્ગમાં નોકરી કરે છે તે જ સંવર્ગની જગ્યા માટે અરજી કરે ત્યારે તેઓએ નિમણૂંક સત્તાધિકારી એટલે કે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારી પાસેથી ઉમેદવારી નોંધાવવા માટે અરજી કરતાં પહેલાં "ના વાંધા પ્રમાણપત્ર" મેળવી લેવાનું રહેશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આવી અરજી મળ્યેથી દિન-૭ માં "ના વાંધા પ્રમાણપત્ર" આપવાનો કે તેને નકારવાનો નિર્ણય, કારણ સહિત સંબંધિત શિક્ષકને લેખિતમાં જણાવવાનો રહેશે. શિક્ષકે પોતાની અરજી સાથે "ના વાંધા પ્રમાણપત્ર" ની નકલ બિડવાની રહેશે. 'ભરતી પસંદગી સમિતિ' એ અરજી સ્વીકારવાના પોતાના 'ઓનલાઇન' પ્રોગ્રામમાં આ બાબતે આનુષાંગિક ફેરફારો કરવાના રહેશે.

{2} કોઇ પણ નિમ્ન પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક/શિક્ષક કે ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક/શિક્ષક કે મુખ્ય શિક્ષક કે માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકે નવી નિમણૂંક મેળવ્યા બાદ ૩૦ દિવસમાં રૂ. ૩,૦૦,૦૦૦/- (રૂપિયા ત્રણ લાખ પુરા)ની જામીનગીરી રજૂ કરવાની રહેશે. જો તે પોતાની નિમણૂંક તારીખથી ત્રણ વર્ષની મુદત દરમિયાન પોતે જે સંવર્ગમાં નોકરી કરે છે તે જ સંવર્ગમાં નિમણૂંક મેળવવા ત્રણ વર્ષ પહેલાં રાજીનામુ આપે

તો રૂ. ૩,00,000/-ની રકમ રાજ્ય સરકારમાં જમા કરાવ્યા બાદ જ તેઓનું રાજીનામુ મંજૂર કરવાનું રહેશે.

{3} જો કોઇ નિમ્ન પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક/શિક્ષક કે ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક/શિક્ષક કે મુખ્ય શિક્ષક કે માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક નિમણૂંક લીધા બાદ ત્રણ વર્ષની અંદર પોતે જે સંવર્ગમાં ફરજ બજાવે છે તે જ સંવર્ગમાં ફરીથી અરજી કરે તો ક્રમ (૧) માં સૂચવ્યા મુજબ "ના વાંધા પ્રમાણપત્ર" મેળવવાનું રહેશે અને પસંદગી થયેથી જિલ્લા પસંદગી કરતાં પહેલાં ક્રમ (૨) માં દર્શાવ્યા મુજબની રકમ સરકારમાં ભરી રાજીનામુ આપી જિલ્લા પસંદગી કરવા ઉપસ્થિત થઇ શકશે. તે સિવાય જિલ્લા પસંદગી માટે ઉપસ્થિત થનાર ઉમેદવારને ભરતી સમિતિએ જિલ્લા પસંદગી કરવા દેવાની રહેશે નહી.

{4} જો કોઇ પણ નિમ્ન પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક/શિક્ષક કે ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક/શિક્ષક કે મુખ્ય શિક્ષક કે માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક પોતે હાલ વિદ્યાસહાયક/શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નોકરી કરે છે તે બાબત છુપાવીને અરજી કરે તો તેવા કિસ્સામાં માહિતી છુપાવવાની બાબત ધ્યાન ઉપર આવ્યા બાદ તેવા ઉમેદવારની ઉમેદવારી રદ્દ કરવાપાત્ર થશે તેમજ સંબંધિત નિમણૂંક સત્તાધિકારીએ તેની નિમ્ન પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક/શિક્ષક કે ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક/શિક્ષક કે મુખ્ય શિક્ષક કે માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક તરીકેની હાલની નિમણૂંક નિયમ અનુસારની કાર્યવાહી કરી રદ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ટી. મંડોરા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

૨ ૭૨

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન. મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- તમામ સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયકરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર
- સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર નં. ૨૧, ગાંધીનગર
- તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ/જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- તમામ શાસનાધિકારીઓશ્રીઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
  (આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર મુકવાની વિનંતી સહ.)
- સિલેક્ટ ફાઇલ

ક્રમાંકઃ પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક ૧૨૪૮૯ - ૨૫૦૫
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ७/૪/૨૦૧૭

૨/- નકલ રવાના જાણ તથા શિ.વિ.ના ઉક્ત ઠરાવ પરત્વે જરૂરી કાર્યવાહી સારૂ.

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ.
શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
બ્લોક નં. ૫, આઠમો માળ, સચિવાલય,
ગાંધીનગર -૩૮૨૦૧૦.
ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૩૪૩, ફેક્ષ નં. ૦૭૯-૨૩૨-૫૧૩૨૫

**ખાનગી**

પત્ર ક્રમાંક:પીઆરઇ/૧૨૨૦૧૭/બદલી-૧૨/ક,
તારીખ: ૪/૦૭/૨૦૧૭

પ્રતિ,

૧) પ્રમુખશ્રી, મેડીકલ બોર્ડ, ગુરુ ગોબિંદસિંહ સરકારી હોસ્પિટલ, જામનગર

૨) પ્રમુખશ્રી, મેડીકલ બોર્ડ, ડી-૪, પ્રથમ માળ, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ-૩૮૦૦૧૬

૩) પ્રમુખશ્રી, મેડીકલ બોર્ડ, એસ.એસ.જી હોસ્પિટલ, જેલ રોડ, ભારત પેટ્રોલ પંપની સામે, વડોદરા-૩૯૦૦૦૧

૪) પ્રમુખશ્રી, મેડીકલ બોર્ડ, ન્યૂ સિવિલ હોસ્પિટલ કેમ્પસ, મજુરા ગેટ, સુરત-૩૯૫૦૦૧

**વિષય:-** તબીબી કારણોસર શિક્ષકોની જિલ્લાફેર બદલી બાબતે મેડીકલ બોર્ડના અભિપ્રાય બાબત

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે તબીબી કારણોસર પ્રાથમિક શિક્ષકોની જિલ્લા ફેરબદલી કરવા બાબતે શિક્ષણ વિભાગના તા ૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૭૭/ક થી નીતિ નક્કી કરવામાં આવેલ છે. આ ઠરાવના પ્રકરણ-(જ) અન્વયે પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક, તેમના પતિ/પત્ની કે સંતાનને ગંભીર તેમજ અસાધ્ય રોગ થયેલ હોય તો તેઓની સારવાર માટે તેમના પસંદગીના સ્થળની પ્રાથમિક શાળામાં બદલી કરી આપવાની જોગવાઇ કરવામાં આવી છે. અરજદાર શિક્ષક/વિધાસહાયક કે તેમના કુંટુંબના સભ્યને થયેલ રોગની ગંભીરતા અને અસાધ્યતા અંગે સ્થાયી મેડીકલ બોર્ડ તરફથી પ્રમાણપત્ર અને અભિપ્રાય આપવામાં આવે છે, જે ઘણો ઉપયોગી રહે છે અને બોર્ડના અભિપ્રાયને અનુલક્ષીને અરજદાર શિક્ષક/વિદ્યાસહાયકની તબીબી કારણોસર ખાસ કિસ્સામાં બદલી કરવા અંગેનો નિર્ણય લેવામાં શિક્ષણ વિભાગને સરળતા રહે છે.

૨. આપના ધ્યાને એ હકીકત મુકવાનું વાજબી જણાય છે કે, શિક્ષણ વિભાગ સમક્ષ રજૂ કરવામાં આવતી દરખાસ્તોમાં અરજદાર શિક્ષક/વિદ્યાસહાયક કે તેના કુટુંબીજનને જે રોગ થયો છે તે રોગ સર્જરી દ્વારા અને/અથવા જરૂરી દવાઓ અથવા અન્ય કોઇ રીતે મટાડી શકાય અથવા નિયંત્રણમાં રહી શકે તેમ

હોય તો તે અંગેની વિગતો શિક્ષણ વિભાગ સમક્ષ રજૂ કરવામાં આવતી દરખાસ્તમાં ઉપલબ્ધ હોતી નથી. આ સંજોગો જોતાં સ્થાયી મેડીકલ બોર્ડ તરફથી રજૂ કરવામાં આવતા અભિપ્રાય અંગે જે ફોર્મેટ નિયત કરવામાં આવ્યું હતું તેમાં કેટલાંક સુધારા કરવાનું જરૂરી જણાયું છે. આથી સ્થાયી મેડીકલ બોર્ડ દ્વારા અભિપ્રાય આપવાના અંગેનું સુધારેલું ફોર્મેટ તૈયાર કરેલ છે જે આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે છે.

૩. આથી હવે પછી અરજદાર પ્રાથમિક શિક્ષક/વિધાસહાયક કે તેમના પત/પત્ની કે સંતાનને થયેલ રોગ અંગેનો મેડીકલ બોર્ડનો અભિપ્રાય આ સાથેના સુધાર્યા મુજબના નવા ફોર્મેટમાં જ આપવામાં આવે તે જોવા આપને આજ્ઞાનુસાર નમ્ર વિનંતી છે.

આભારસહ,

આપનો વિશ્વાસુ,
(પંકેશ ઠાકોર)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

જિલ્લા પંચાયત, આણંદ
શિક્ષણ શાખા
1? III 2017
ઇ.નં. ૩૨૨૯
તા.

બિડાણ- ઉપર મુજબ

નકલ બિડાણ સહિત રવાના:-

નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોકનં.૧૨,
ગાંધીનગર. તરફ:-

હવે પછી આપની કચેરી દ્વારા જ્યારે પણ તબીબી કારણોસર જિલ્લા ફેરબદલીની દરખાસ્ત શિક્ષણ વિભાગને રજૂ કરવામાં આવે ત્યારે નવા ફોર્મેટ અનુસાર જ મોકલવામાં આવે તે માટે સંબંધિતોને જરૂરી સુચના આપવા વિનંતી છે.

ક્રમાંક: પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/ ૬૦૨૯ - ૬૦૭૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગું.રા.ગાંધીનગર તા. ૧૦/૭/૨૦૧૭

૨/- નકલ રવાના જાણ તથા શિ.વિ.ના ઉકત પરત્વે જરૂરી અમલવારી કરવા તથા આપની કક્ષાએથી તમામ સબંધિતોને જાણ કરવા સારુ.

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ.
શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ.

## શિક્ષણ વિભાગ હેઠળના પ્રાથમિક શિક્ષકોની તબીબી કારણોસર ખાસ કિસ્સામાં બદલી કરવાની અરજી સાથે રજૂ કરવાના મેડીકલ બોર્ડના અભિપ્રાયનો નમૂનો.

### અરજદારે ભરવાની વિગત

| દર્દીનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ |
|---|

| | | |
|---|---|---|
| ૧ | અરજદાર પ્રાથમિક શિક્ષક/શિક્ષિકાનું નામ અને હોદ્દો અને હાલની શાળાનું નામ-સરનામુ | |
| ૨ | બદલીની માંગણીનું સ્થળ/શાળા, તાલુકા અને જિલ્લાનું નામ | |
| 3 | કોને રોગ થયેલ છે? પોતાને/પતિને કે પત્નીને/સંતાનને | |
| ૪ | કયારથી રોગ થયેલો છે ? | |
| ૫ | સારવાર કઇ હોસ્પિટલમાં ચાલુ છે. | |
| ૬ | સારવાર શરૂ કર્યાની તારીખ | |

અરજદારની સહી
તારીખઃ

### મેડીકલ બોર્ડનો અભિપ્રાય

| | | |
|---|---|---|
| ૧ | રોગનું પુરૂ નામ | |
| ૨ | રોગનું લક્ષણો, કારણો સહિતનું વર્ણન | |
| 3 | રોગ અસાધ્ય અને ગંભીર કે કેમ? | |
| ૪ | રોગ અસાધ્ય હોવા અંગેની ચોક્કસ વિગતો-વર્ણન અને જરૂર હોય ત્યાં રોગનું Stage (તબક્કો) | |
| ૫ | રોગ સર્જરી અથવા દવાઓ કે અન્ય રીતે નિયંત્રણમાં રહે(Control) કે મટી શકે તેમ હોય તો તેની વિગતો/સ્પષ્ટ અભિપ્રાય | |
| ૬ | માંગણીની જગ્યાએ બદલી કરવામાં આવે તો રોગની સારવાર માટેની સવલત તે જગ્યાએ ઉપલબ્ધ છે ? જો હા તો તે અંગેની સંબંધિત હોસ્પિટલના નામ અને સરનામા સહિતની વિગતો. | |

તારીખઃ-

મેડીકલ બોર્ડના સભ્યશ્રીઓના સુવાચ્ય નામ અને સહી

<u>નોંધઃ</u> અલગ પાના પર વિગતો લખવાની થાય તો બોર્ડના સભ્યશ્રીઓએ સહી કરીને રજૂ કરી શકશે.

પ્રાથમિક શિક્ષણમાં ફરજ બજાવતા અને તાલિમી લાયકાત (સ્નાતક/પી.ટી.સી અથવા સ્નાતક/બી.એડ) ધરાવતા વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધોરણ ૬ થી ૮)માં સમાવવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખ -/૦૮/૨૦૧૭
4 SEP 2017

વંચાણે લીધા-

(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૯/૦૨/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક

(૨) શિક્ષણવિભાગનો તા.૧૬/૦૫/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧/૨૦૧૬/સીંગલ ફાઈલ-૨/ક

(૩) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીનો તા.૧૩/૧/૨૦૧૭નો પત્ર ક્રમાંક: પ્રાશિનિ/ગ-૨/દેવભૂમિ દ્વારકા/ વિકલ્પ/૧૭/૪૪૬

સુધારા ઠરાવ:

આ વિભાગના તા.૧૬/૦૫/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧/૨૦૧૬/સીંગલફાઈલ-૨/કમાં નીચે મુજબનો ફકરો ઉમેરવામાં આવે છે.

૨. "સિનિયોરીટી મુજબ વિકલ્પ આપેલા શિક્ષક/વિદ્યાસહાયક પોતે અસંમતિ દર્શાવે તો તેવા શિક્ષકો/વિદ્યાસહાયકોનો વિકલ્પ રદ કરવાનો રહેશે, તે વિકલ્પ રદ કરવાની સત્તા પ્રાથમિક શિક્ષણ નિયામકની રહેશે. ભવિષ્યમાં તેઓનો ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવા અંગેનો હક દાવો રહેશે નહિ."

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પકેશ ઠાકોર)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

જિલ્લા પંચાયત, શિક્ષણ શાખા
15 SEP 2017
ઇ.નં.
તા.
દફતર

ક્રમાંક: પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/ ૮૯૬૪-૯૦૧૬
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૧૧/૯/૨૦૧૭

૨/- નકલ રવાના જાણ તથા શિ.વિ.ના ઉકત ઠરાવ અન્વયે જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(ડૉ. એમ. આઇ. જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

શિ.મરે.
15/9/17

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ.

ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/ વિધાસહાયક, પ્રાથમિક શિક્ષક/ વિધાસહાયકની બદલીના નિયમો બાબત

ગુજરાત સરકાર;
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૮/સીંફ઼ા-૨/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૦૯/૦૫/૨૦૧૮

વંચાણે લીધાઃ

૧. શિક્ષણ વિભાગનો તા. ૨૩/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬-ક,
૨. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનો તા. ૨૫/૧૦/૨૦૧૩નો પત્ર ક્રમાંક પ્રાશિનિ/નીતિ/૨૦૧૩/ક/૬૮૫૩-૯૮
૩. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની તા. ૨૩/૦૫/૨૦૧૨ની બદલીની નીતિના ઠરાવમાં સુધારો કરવા માટે તા. ૬/૨/૨૦૧૮ની નોંધથી સીંગલ ફાઇલ પર મળેલ દરખાસ્ત

<u>પ્રસ્તાવના</u> :

શિક્ષણ વિભાગનો તા. ૨૩/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬-ક ના <u>પ્રકરણ - (ખ) વધની બદલીઓના જોગવાઇઓ ક્રમાંક ૬ અને ૭</u> થી જિલ્લા કક્ષાએ અમલ કરવામાં મુશ્કેલી ઉભી થતી હોવાના કારણે નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરીએ ઉકત વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના પત્રથી વધની બદલીઓ સમયે પ્રકરણ - (ખ) વધની બદલીઓના જોગવાઇઓ ક્રમાંક ૬ અને ૭ પૈકી નિયમ ૬ની જોગવાઇ મુજબ વધની બદલી કરવા અને ક્રમ-૭ની જોગવાઇને ધ્યાને લેવાની રહેશે નહીં તેમ જણાવેલ હતું. વર્ષ ૨૦૧૩થી અત્યાર સુધી વધની બદલીઓ તે જ ધોરણે કરવામાં આવેલ છે,પરંતુ ઉકત વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨)ના પત્રને કારણે અનેક કોર્ટ કેસ થયેલ હતા. તે અન્વયે નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરીની તારીખ ૦૬/૦૨/૨૦૧૮ની નોંધથી સીંગલ ફાઇલ પર તા. ૨૩/૦૫/૨૦૧૨ની બદલીની નીતિના ઠરાવમાં સુધારો કરવા માટે દરખાસ્ત મળેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

(પૃષ્ઠ ૨ ઉપર ચાલુ)

સુધારા ઠરાવ:

આ વિભાગના વંચાણે લીધેલ (૧)માં દર્શાવેલ તા. ૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬-કમાં પ્રકરણ- (ખ) વધની બદલીઓના જોગવાઇઓ ક્રમાંક: ૬ અને ૭ અંગે વંચાણે લીધેલ ક્રમાંક: (૨) ઉપરની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી તરફથી તા. ૨૩/૦૫/૨૦૧૨ના બદલીની નીતિના ઠરાવમાં સુધારવા માટે તા. ૬/૨/૨૦૧૮ની નોંધથી સીંગલ ફાઇલ પર મળેલ દરખાસ્ત પર પુખ્ત વિચારણાને અંતે હવે પછી વધની બદલીઓ અંગે તા. ૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬-કમાં પ્રકરણ- (ખ) વધની બદલીઓની કાર્યવાહી જોગવાઇ નિયમ-૬ મુજબ કાર્યવાહી કરવાની રહેશે અને નિયમ - ૭ની જોગવાઇ આથી રદ કરવામાં આવે છે. પ્રકરણ- (ખ) વધની બદલીઓની જોગવાઇઓ પૈકી નિયમ-૭ની જોગવાઇ ધ્યાને લેવાની રહેશે નહીં. આ સુધારા ઠરાવ તારીખ ૨૫/૧૦/૨૦૧૩થી લાગુ થયેલ ગણાશે.

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૦૩/૦૫/૨૦૧૮ની સરકારશ્રીની મળેલ મંજુરી અનુસાર બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ડી. મકવાણા)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ:

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(પૃષ્ઠ ૩ ઉપર ચાલુ)

ક્રમાંકઃ પ્રાશિનિ/નીતિ/૨૦૧૮/ક/૨૭૫૩ - ૨૮૦૬
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૧૫ /૦૫/૨૦૧૮

શિ.વિ.ના ઉકત ઠરાવ પરત્વે જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ:

(ડૉ. એમ. આઈ. જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ,
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ

ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક અને પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલીના નિયમો.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૧/૦૫/૨૦૧૮

**વંચાણે લીધાં** :

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૩/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬/ક
(૨) શિક્ષણ વિભાગનો તા.૦૫/૦૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક
(૩) પ્રા.શિ.નિયામકશ્રીનો તા.૨૭/૦૯/૨૦૧૭નો પત્ર ક્રમાંક પ્રાશિનિ/નીતિ/૨૦૧૭/ક/૯૫૮૮

આમુખ :-

આ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક (૧) ઉપરના તા.૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવથી અને વંચ લીધેલા ક્રમાંક (૨) ઉપરના તા. ૦૫/૦૭/૨૦૧૪ના સુધારા ઠરાવથી રાજ્યમાં ઉચ્ચ પ્રાથિ શિક્ષકો/વિદ્યાસહાયકો અને પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોની બદલીની નીતિ નિયત કરવામાં આવેલ છે. બદલી નિયમોમાં ફેરફાર કરવા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીના વંચાણે લીધેલા ક્રમાંક (૩) ઉપર તા. ૨૦/૦૯/૨૦૧૭ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. સદર દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ** : -

પુખ્ત વિચારણાને અંતે, શિક્ષણ વિભાગના તા.૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/ ૨૦૧૨/૩૧૪૭૭૬/કના પ્રકરણ – (ક)ની સુચના – (૨૫)માં આથી નીચે મુજબનો સુધારો કરવામાં આવે ।

(પૃષ્ઠ ૨ ઉપર ચાલુ....

| હાલની જોગવાઇ | સુધારેલ/નવી જોગવાઇ |
|---|---|
| **પ્રકરણ-(ક)(૨૫)**<br><br>સી.આર.સી./બી.આર.સી તરીકે કામગીરી કરતા હોય અને સી.આર.સી./બી.આર.સીમાંથી શિક્ષક તરીકે પરત આવે તો તેની શ્રેયાનતા માટે<br>➢ મૂળ શાળાની સિનિયોરીટી ગણી તેમની માતૃશાળામાં ખાલી જગ્યા હોય તો ત્યાં મુકવા અને<br>➢ જો માતૃશાળામાં જગ્યા ન હોય તો તેમના જ પગાર કેન્દ્રની ખાલી જગ્યાવાળી શાળામાં મૂકવાના રહેશે.<br>➢ જો પગાર કેન્દ્રમાં પણ જગ્યા ન હોય તો તેમના જ તાલુકાની ખાલી જગ્યા ઉપર મૂકવાના રહેશે અને<br>➢ તાલુકામાં પણ ખાલી જગ્યા ન હોય તો જ અન્ય નજીકના તાલુકામાં મૂકવાના રહેશે. | **પ્રકરણ-(ક) (૨૫)**<br><br>સી.આર.સી./બી.આર.સી તરીકે કામગીરી કરતા હોય અને સી.આર.સી./બી.આર.સીમાંથી શિક્ષક તરીકે પરત આવે તો તેની શ્રેયાનતા માટે<br>➢ મૂળ શાળાની સિનિયોરીટી ગણી તેમની માતૃશાળામાં ખાલી જગ્યા હોય તો ત્યાં મુકવા અને<br>➢ જો માતૃશાળામાં જગ્યા ન હોય, તો તેમના જ પગાર કેન્દ્રની ખાલી જગ્યાવાળી શાળામાં મૂકવાના રહેશે.<br>➢ જો પગાર કેન્દ્રમાં પણ જગ્યા ન હોય તો તેમના જ તાલુકાની ખાલી જગ્યા ઉપર મૂકવાના રહેશે અને<br>➢ તાલુકામાં પણ ખાલી જગ્યા ન હોય તો જ અન્ય નજીકના તાલુકામાં મૂકવાના રહેશે<br><br>➢ આવી રીતે સી.આર.સી./બી.આર.સી માંથી પરત આવેલા શિક્ષકની આંતરિક બદલીઓમાં તેઓની સી.આર.સી./બી.આર.સીની પ્રતિનિયુક્તિ અગાઉની મૂળ માતૃશાળાની દાખલ તારીખને સિનિયોરીટી માટે ધ્યાને લેવાની રહેશે. |

૨. આ સુધારેલ જોગવાઇઓ નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ એ તમામ સંબંધિતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેની કાર્યપધ્ધતિ માટે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપવાની રહેશે.

૩. આ વિભાગના ઉપર્યુક્ત તારીખ ૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપરની સરકારશ્રીની તા. ૧૦/૦૫/૨૦૧૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ટી. મંડોરા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

(પૃષ્ઠ ૩ ઉપર ચાલુ....)

ક્રમાંકઃ પ્રાશિનિ/નીતિ/૨૦૧૮/ક/ ૨૮૦૭ - ૫૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૧૫ /૦૫/૨૦૧૮

શિ.વિ.ના ઉકત ઠરાવ પરત્વે જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(ડૉ. એમ. આઈ. જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ,
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ

- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઓનલાઇન મૂકવા સારૂં)
- શાખા સિલેક્ટ ફાઇલ

સત્યમેવ જયતે
Government of Gujarat

**પી. ભારતી (IAS)**
**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, એસપીઓ, એસએસએ**

**ગુજરાત કાઉન્સિલ ઓફ એલીમેન્ટરી એજયુકેશન**
**સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,**
**સર્વ શિક્ષા અભિયાન, સેકટર–૧૭, ગાંધીનગર.**
**ફોન નંબર : ૦૭૯–૨૩૨૪૩૧૩૩**
**E-mail : spdssa@gmail.com**
**Tollfree No. : 1800 233 7965**

**પત્રક્રમાંક નં.: એસએસએ/કયુઈસેલ/૨૦૧૮/** ૨૪૭૨૦-૭૫૮

**તા.~~૧૯~~/૦૭/૨૦૧૮** ૨૩

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સર્વ શિક્ષા અભિયાન
જિલ્લા:તમામ
શાસનાધિકારીશ્રી:અમદાવાદ,રાજકોટ,સુરત,વડોદરા

વિષય:પ્રજ્ઞા અભિગમ પ્રમાણે કાર્યપ્રણાલી સુનિશ્ચિત કરવા બાબત...
સંદર્ભ:શિક્ષણવિભાગના તા.૨૯-૧૨-૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:એસએસએ/૧૨૧૭/સિં.ફા.૭૭ /ન

આપ સૌ સુવિદિત છો જ કે સંદર્ભમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના ઠરાવ અન્વયે વર્ષ ૨૦૧૮-૧૯થી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ અને ઉચ્ચ પ્રાથમિક સહિતની સરકારી પ્રાથમિક શાળાઓના ધોરણ ૧-૨માં NCERTના અભ્યાસક્રમ મુજબ પ્રજ્ઞા અભિગમનો અમલ થઇ રહ્યો છે. પ્રજ્ઞા અભિગમના જૂના સાહિત્યને બદલે આ વર્ષથી NCERTનાં પાઠ્યપુસ્તકોને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલું નવું પ્રજ્ઞા સાહિત્ય અમલમાં મુકાઈ ગયું છે. નવા સાહિત્યની સાથે શિક્ષકોના અભિપ્રાયોને આધારે પ્રજ્ઞા અભિગમમાં પણ કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. આ ફેરફારોને ધ્યાને રાખીને આપના જિલ્લાની તમામ સરકારી શાળાઓના ધોરણ ૧-૨માં નીચે મુજબની માર્ગદર્શક બાબતોને ધ્યાને લઇ પ્રજ્ઞા અભિગમનો અમલ થાય તે સુનિશ્ચિત કરશો.

(૧) અભિગમ:

પ્રજ્ઞા એટલે 'પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન'.પ્રજ્ઞા વર્ગમાં શિક્ષકે બાળકોને પ્રવૃત્તિઓના માધ્યમથી આનંદદાયી શિક્ષણ આપવું. વર્ગનું પ્રત્યેક બાળક પોતાની ગતિએ શીખીને પ્રગતિ કરી શકે તેવી તકોનું નિર્માણ કરવું. બાળક માત્ર શિક્ષક પાસેથી જ નહિ પરંતુ સહપાઠી પાસેથી અને શૈક્ષણિક સાધનોની મદદથી પણ શીખી શકે છે આથી વર્ગમાં આવી પરિસ્થિતિઓનું નિર્માણ શિક્ષકે કરવું. બાળક જ્ઞાનનો સર્જક બને અને જાતે જ જ્ઞાન સંપાદન કરી શકે તેવી તકો આપવી.

(૨) મુખ્ય શિક્ષકની ભૂમિકા:

- પ્રજ્ઞા અભિગમ માટે શિક્ષકોની પસંદગી/ફાળવણી,યોગ્ય વર્ગખંડોની પસંદગી,સાહિત્યની પ્રાપ્તિ,પ્રજ્ઞા વર્ગમાં સાહિત્યની ગોઠવણીમાં શિક્ષકોને મદદ,મળેલ પ્રજ્ઞા ગ્રાન્ટની પ્રજ્ઞા શિક્ષકોને સમયસર ફાળવણી બાળકોને બેસવા માટે શેતરંજીની વ્યવસ્થા વગેરેની સાથે સાથે પ્રજ્ઞા શિક્ષકોને પ્રેરણા,પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવાની ભૂમિકા શાળાના મુખ્ય શિક્ષકની રહેશે.
- મુખ્ય શિક્ષકે ઓગસ્ટ માસના અંત સુધીમાં પ્રજ્ઞા શિક્ષકોની મદદથી પોતાની શાળા માટે પ્રજ્ઞા અભિગમનું મોડલ પસંદ કરી શાળાના લેટરપેડ ઉપર આ અંગેનું લખાણ સીઆરસીકો.ઓ. મારફત બીઆરસીકો.ઓ.ને મોકલી આપવું.

- સમગ્ર વર્ષ દરમ્યાન શાળાના તમામ પ્રજ્ઞા વર્ગોમાં શાળાએ પસંદ કરેલા પ્રજ્ઞા મોડલ મુજબ જ કાર્ય થાય તે મુખ્ય શિક્ષકે સુનિશ્ચિત કરવું.
- જ્યારે કોઈ વિદ્યાર્થી શાળા છોડીને અન્ય શાળામાં જાય ત્યારે તેને શાળા છોડ્યાના પ્રમાણપત્રની સાથે સાથે તેનું પત્રક-ઈ, સ્વાધ્યાયનપોથી, પોર્ટફોલિયો વગેરે પણ આપવું. તેમજ અન્ય શાળામાંથી આવનાર નવા વિદ્યાર્થીના ઉપરોક્ત વસ્તુઓ/પત્રક મેળવવા.

(૩) શિક્ષકોની ફાળવણી:

ધોરણ ૧ અને ૨માં અભ્યાસ કરતાં બાળકોની સંખ્યા, મહેકમ મુજબ ધોરણ ૧ અને ૨માં મળવાપાત્ર શિક્ષકોની સંખ્યા અને શાળામાં કામ કરતા શિક્ષકોની સંખ્યાના આધારે પ્રજ્ઞા શિક્ષકોની ફાળવણી કરવી. પ્રજ્ઞા શિક્ષક ઓછામાં ઓછા સળંગ ત્રણ વર્ષ પ્રજ્ઞા વર્ગ લે તે અપેક્ષિત છે.

(૪) યુનિટ:

શાળાના બે પ્રજ્ઞા શિક્ષકોની જોડી હોય તો તેને એક યુનિટ ગણવું. જો એક જ શિક્ષક બંને ધોરણ અને બંને વિષય ભણાવતા હોય તો એક શિક્ષક્નુ પણ એક યુનિટ ગણવું.એટલે કે શાળામાં પ્રજ્ઞા શિક્ષકોની સંખ્યા એક કે બે હોય તો યુનિટ એક ગણવું. તેવી જ રીતે શાળામાં પ્રજ્ઞા શિક્ષકોની સંખ્યા ત્રણ કે ચાર હોય તો બે યુનિટ, પ્રજ્ઞા શિક્ષકોની સંખ્યા પાંચ કે છ હોય તો ત્રણ યુનિટ એમ ગણવું. પ્રજ્ઞા શિક્ષકોનિ વધુ સંખ્યા માટે આ મુજબ યુનિટ નક્કી કરવા. પ્રજ્ઞાનું સાહિત્ય અને પ્રજ્ઞા ગ્રાન્ટ યુનિટની સંખ્યાને આધારે ફાળવવું.

(૫) ટુકડી:

શાળામાં જેટલા પ્રજ્ઞા શિક્ષકો હોય તેટલી પ્રજ્ઞા ટુકડી બને. ધોરણ ૧ અને ૨ના બાળકોને પ્રજ્ઞા શિક્ષકોની સંખ્યા પ્રમાણે સરખી સંખ્યામાં વહેચવા. કોઈ એક પ્રજ્ઞા શિક્ષક અને ધોરણ ૧/૨ના બાળકોથી બનતા આ જૂથને ટુકડી કહે છે.

(૬) પ્રજ્ઞા વર્ગખંડમાં દિવસ દરમ્યાન કરવાનું શિક્ષણકાર્ય:

પ્રજ્ઞા વર્ગખંડમાં દરરોજ નીચે મુજબ ચાર ભાગમાં શૈક્ષણિક કાર્ય કરવું.

i. <u>સમૂહકાર્ય-૧:</u>

સમય: વર્ગકાર્યની શરૂઆતની ૩૦ મિનિટ

પ્રજ્ઞા વર્ગની શરૂઆત દરરોજ સમૂહકાર્ય-૧ થી કરવી. જેમાં એકમ આધારિત ગીતો, વાર્તાઓ, મૌખિક રમતો, જોડકણાં વગેરે જેવી મૌખિક પ્રવૃત્તિઓ કરાવવી. જેનાથી બાળકોની શિક્ષણ પ્રત્યે અભિરુચિ કેળવાય. શિક્ષક આવૃત્તિમાં આપેલી એકમવાર સમૂહકાર્ય-૧ની પ્રવૃત્તિઓ ઉપરાંત એકમને અનુરૂપ અન્ય પ્રવૃત્તિઓ પણ કરાવી શકાય. સમૂહકાર્ય-૧માં બાળકોને એકમ પ્રત્યે અભિમુખ કરવા સાથે જરૂરી પૂર્વજ્ઞાનની ચકાસણી અને વર્ગના મોટાભાગના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને નિદાન-ઉપચાર અને સંકલ્પના સ્પષ્ટીકરણ પણ કરાવવું. કેટલીક અધ્યયન નિષ્પત્તિઓ સમૂહકાર્યમાં જ સિધ્ધ થશે.

ii. <u>અભ્યાસકાર્ડ દ્વારા વ્યક્તિગત શિક્ષણકાર્ય:</u>

સમય: સમૂહકાર્ય-૧ અને સમૂહકાર્ય-૨ની વચ્ચેનો સમય

આ સમય દરમ્યાન અભ્યાસકાર્ડ દ્વારા વ્યક્તિગત શિક્ષણકાર્ય કરાવવું. પ્રત્યેક બાળકને તેની પાસેના અભ્યાસકાર્ડ પર દર્શાવેલા કલરકોડ મુજબના જૂથમાં બેસાડીને જે તે અભ્યાસકાર્ડમાં જણાવેલી પ્રવૃત્તિ કરાવવી.

iii. <u>સમૂહકાર્ય-૨:</u>

સમય: શાળાનો સમય પૂરો થવાના છેલ્લા એક કલાકમાંથી પહેલી ૩૦ મિનિટ

આ સમય દરમ્યાન એકમ આધારિત વિવિધ પ્રાયોગિક પ્રવૃત્તિઓ કરાવવી. જેમાં લેખિત પ્રવૃત્તિઓ સાથે(કાપવા – ચોંટાડવા - તોડવા - જોડવા - દોરવા જેવી) ક્રિયાત્મક બાબતોનો પણ સમાવેશ કરવો. શિક્ષક આવૃત્તિમાં આપેલી એકમવાર સમૂહકાર્ય-૨ની પ્રવૃત્તિઓ ઉપરાંત એકમને અનુરૂપ અન્ય પ્રવૃત્તિઓ પણ કરાવી શકાય. સમૂહકાર્ય-૨માં બાળકોને શીખવેલા એકમનો મહાવરો કે દૃઢીકરણ કરાવવો.

iv. <u>રમે તેની રમત:</u>

સમય: શાળા સમયની છેલ્લી ૩૦ મિનિટ

'રમે તેની રમત'માં પ્રજ્ઞા શિક્ષકોએ ધોરણ ૧ અને ૨ના બાળકોને એકસાથે મેદાનમાં વિવિધ રમતો રમાડવી. શિક્ષક આવૃત્તિમાં આપવામાં આવેલી રમતો સિવાય બાળકોની વયકક્ષા મુજબ અન્ય સ્થાનિક રમતો પણ રમાડવી.

(૭) ભાર વિનાનું ભણતર:

પ્રજ્ઞા અભિગમમાં શિક્ષક દ્વારા ભણાવવાને બદલે બાળક જાતે શીખતો થાય તેના પર ભાર મુકવો. આ માટે પ્રજ્ઞા અભિગમમાં પાઠ્યપુસ્તકોને બદલે અભ્યાસક્રમ આધારિત એકમના અભ્યાસકાર્ડ અને સ્વઅધ્યયનપોથી આપવામાં આવ્યા છે. બાળક પોતાની ગતિએ એક પછી એક અભ્યાસકાર્ડ દ્વારા એકમનું કાર્ય પૂર્ણ કરતો રહે છે.

(૮) રાજ્ય કક્ષાએથી અપાતું સાહિત્ય:

પ્રજ્ઞા અભિગમમાં રાજ્ય કક્ષાએથી નીચે મુજબનું સાહિત્ય એક યુનિટ દીઠ આપવામાં આવે છે.

| ક્રમ | સાહિત્ય | યુનિટ દીઠ |
|---|---|---|
| ૧ | અભ્યાસકાર્ડ | ૧ સેટ |
| ૨ | લેડર | ૧ સેટ |
| ૩ | જૂથચાર્ટ | ૨ સેટ |
| ૪ | વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટર | ૧ સેટ |
| ૫ | શિક્ષક આવૃત્તિ (ટીચર હેન્ડબુક) | ૧ સેટ |
| ૬ | અર્લી રીડર | ૧ સેટ |
| ૭ | સ્વઅધ્યયનપોથી | બાળકોની સંખ્યા મુજબ |
| ૮ | સચિત્ર બાળપોથી | ૩ નંગ |
| ૯ | બારક્ષરી કાર્ડ | ૩ સેટ |
| ૧૦ | અંક કાર્ડ | ૧ સેટ |

ગુજરાતી વિષયનું પ્રજ્ઞા સાહિત્ય પીળા રંગ અને ગણિત વિષયનું પ્રજ્ઞા સાહિત્ય વાદળી રંગનું છે.

(૯) જૂથ:

અભ્યાસકાર્ડ દ્વારા વ્યક્તિગત શિક્ષણકાર્ય સમયે વર્ગખંડમાં ચાર જૂથમાં કાર્ય કરાવવું. બાળકો આ ચાર જૂથમાં વારાફરતી અભ્યાસક્રમના વિવિધ તબક્કામાંથી પસાર થાય છે. બાળકનું જૂથ તેના અભ્યાસકાર્ડના કલર કોડ પરથી નક્કી થાય છે. પ્રજ્ઞા વર્ગમાં ચાર જૂથ આ મુજબ છે.

- શિક્ષક સમર્થિત જૂથ
  
  કલર કોડ: ગુલાબી
  
  આ જૂથમાં શિક્ષકે બાળકને નવી સંકલ્પના શીખવવી.

- સહપાઠી જૂથ
  
  કલર કોડ: લીલો

આ જૂથમાં બાળકને તેના સાથી સાથે કામ કરવાની તક આપવી.

- સ્વઅધ્યયન જૂથ

  કલર કોડ: કથ્થાઈ

  આ જૂથમાં બાળક અગાઉ શીખેલી સંકલ્પનાનો જાતે મહાવરો કરે તે જોવું.

- મૂલ્યાંકન જૂથ

  કલર કોડ:આસમાની

  આ જૂથમાં બાળકે અગાઉ શીખેલી બાબતો/સંકલ્પનાઓનું મૂલ્યાંકન કરવું.અહી બાળક કોઈ પણ અન્યોની મદદ વગર પોતાનું કાર્ય કરે તે અપેક્ષિત છે. મૂલ્યાંકન બાદ શિક્ષકે યોગ્ય નિદાન અને ઉપચાર કાર્ય કરાવવું.

અહી એ બાબત સમજવી જરૂરી છે કે જૂથ શિક્ષકે પાડવા નથી પણ બાળકના અભ્યાસકાર્ડના કલર કોડ મુજબ આપમેળે જૂથ પડે છે. બાળકના નવા અભ્યાસકાર્ડ આધારે તેનું જૂથ બદલાય પણ છે. અહી બાળકને સતત અમુક ચોક્કસ બાળકોની સાથે કામ કરવાને બદલે વર્ગના બધા જ બાળકો સાથે બેસીને કામ કરવાની તક મળે છે. કોઈ એક જૂથમાં બાળકોની સંખ્યા ખૂબ વધી ન જાય તે બાબતનું શિક્ષકે વ્યવસ્થાપન કરતા રહેવું. તેમ છતાં વર્ગમાં બાળકોની સંખ્યા વધુ હોવાને કારણે કોઈ જૂથમાં બાળકોની સંખ્યા વધી જાય તો શિક્ષક 'શેડો જૂથ(પેટા જૂથ)ની' રચના કરી જૂથની સંખ્યા ચારથી વધારીને પાંચ કે છ પણ કરી શકે છે. તેવી જ રીતે કેટલાક વર્ગોમાં બાળકોની સંખ્યા ખૂબ જ ઓછી હોય તો શિક્ષક પોતાની પાસે વર્ગના તમામ બાળકોને એક જ અર્ધવર્તુળાકારે બેસાડીને કાર્ય કરી શકે છે.

(૧૦) સહપાઠી શિક્ષણ:

સહપાઠી શિક્ષણ એ પ્રજ્ઞા અભિગમનું હાર્દ છે. સામાન્ય રીતે બાળક પોતાના સહપાઠીની મદદથી વધુ સરળતાથી અને ઝડપથી શીખે છે, આથી શિક્ષકે વર્ગખંડમાં બાળક-બાળક વચ્ચે સહપાઠી શિક્ષણની તકો આપવી. વર્ગખંડમાં બે ધોરણના બાળકો સાથે અભ્યાસ કરતાં હોય તો ઉપલા ધોરણના બાળકોની સહપાઠી તરીકે સારી મદદ મળે. જ્યાં એક જ વર્ગના બાળકો અભ્યાસ કરતા હોય ત્યાં પણ અભ્યાસમાં આગળ રહેતા બાળકોની સહપાઠી તરીકે સારી મદદ મળે. જ્યારે બે બાળકો વચ્ચે સહપાઠી શિક્ષણ થાય છે ત્યારે એક બાળકને કંઈક નવું શીખવા મળે છે જ્યારે બીજા બાળક માટે શીખેલી બાબતનું દૃઢીકરણ થાય છે.

(૧૧) પ્રજ્ઞા વર્ગમાં શિક્ષકની બેઠક વ્યવસ્થા:

પ્રજ્ઞા વર્ગમાં શિક્ષકે જૂથ-૧માં બાળકો સાથે બેસવું. જૂથ-૧માં બાળકો નીચે(ભોયતળીયે) બેસતાં હોય, તો શિક્ષકે બાળકોની સાથે નીચે(ભોયતળીયે) બેસવું, પણ જો શિક્ષક પોતાને બેસવા માટે અન્ય સુવિધાનો ઉપયોગ કરે તો શિક્ષકે જૂથ-૧નાં બાળકો માટે પણ તે મુજબની બેઠકની સુવિધા કરવી.

(૧૨) શિક્ષક આવૃત્તિ:

પ્રજ્ઞા વર્ગમાં શિક્ષકે કરાવવાની પ્રવૃત્તિઓ કરાવવાની રીત, સમય, જરૂરી સામગ્રી, અધ્યયન નિષ્પત્તિ, એકમવાર અભ્યાસકાર્ડની પ્રવૃત્તિઓ વગેરે બાબતોની સમજ માટે વિષયવાર શિક્ષક આવૃત્તિ આપવામાં આવી છે. આ શિક્ષક આવૃત્તિ શિક્ષકે પોતાની બેઠકની પાસે જ રાખવી.

(૧૩) વિવિધ સિમ્બોલ:

- લેડરમાં વર્તુળ કે ત્રિકોણ આકારમાં એક નંબર દર્શાવેલો છે. આ નંબર જે તે એકમમાં આ કાર્ડનો ક્રમ દર્શાવે છે. આવો જ નંબર અભ્યાસકાર્ડ ઉપર પણ દર્શાવેલો હોય છે.
- વર્તુળ કે ત્રિકોણનો કલર કોડ એ બાળકને બેસવાનું જૂથ દર્શાવે છે.

- ત્રિકોણ આકાર સ્વઅધ્યયનપોથીની કામગીરી દર્શાવે છે. આથી આવા ત્રિકોણના સિમ્બોલવાળા તમામ કાર્ડ વિદ્યાર્થીઓની સ્વઅધ્યયનપોથીમાં જ સમાવેશ કરેલો છે. જ્યારે બાળક ત્રિકોણ સિમ્બોલ ધરાવતા અભ્યાસકાર્ડ પર આવે ત્યારે તેને સ્વઅધ્યયનપોથીમાં કામ કરાવવું.
- અભ્યાસકાર્ડમાં ઉપર ડાબી બાજુએ જે તે એકમનો ક્રમ દર્શાવેલો છે. અભ્યાસકાર્ડના જે ભાગ ઉપર એકમ દર્શાવેલો હોય તે ભાગથી શરૂઆત કરવી.
- કેટલાક અભ્યાસકાર્ડમાં નીચેની બાજુ TLM Boxનો સિમ્બોલ દર્શાવેલો હોય છે. આ સિમ્બોલમાં જે તે અભ્યાસકાર્ડની પ્રવૃત્તિ કરવા માટે જરૂરી સામગ્રી દર્શાવે છે. શિક્ષકે અગાઉથી આ તમામ સામગ્રી પોતાના વર્ગખંડમાં ઉપલબ્ધ રાખવી.

(૧૪) પ્રજ્ઞા શિક્ષકની ભૂમિકા:

પ્રજ્ઞા અભિગમમાં બાળકને શીખવવાને બદલે શીખતો કરવા પર ભાર મુકવામાં આવે છે આથી પ્રજ્ઞા શિક્ષકે બાળકને શીખવા માટેનું યોગ્ય વાતાવરણ અને સુવિધાઓ પૂરી પાડવી. પ્રજ્ઞા વર્ગમાં વિવિધ સમયે શિક્ષકે નીચે મુજબની કામગીરી કરવી.

- શાળાના મુખ્ય શિક્ષક અને પોતાના સહકર્મીઓને અભિગમથી વાકેફ કરવા.
- પોતાની શાળા માટે અનુકૂળ પ્રજ્ઞા મોડલ પસંદ કરવું.
- પ્રજ્ઞા વર્ગમાં તમામ સાહિત્ય/સામગ્રી તમામ બાળકોની પહોચમાં હોય તેમ ગોઠવવું.
- સમગ્ર વર્ગના મહત્તમ બાળકો જે એકમનું કામ કરતા હોય તે એકમનું સમૂહકાર્ય શિક્ષક આવૃત્તિમાં સૂચવ્યા મુજબ કરાવવું. જરૂર જણાયે શિક્ષક આવૃત્તિમાં સૂચવ્યા સિવાય એકમને અનુરૂપ અન્ય પ્રવૃત્તિ પણ કરાવવી.
- વર્ગમાં જરૂરીયાત મુજબના જ એકમોના અભ્યાસકાર્ડ ખોલીને મુકવા જેથી બાળકો પોતાના અભ્યાસકાર્ડ સરળતાથી મેળવી શકે.
- નવો એકમ શરુ કરતાં પહેલા શિક્ષક આવૃત્તિમાંથી જે તે એકમની અધ્યયન નિષ્પત્તિઓ અને પ્રવૃત્તિઓ વાંચીને સમજી લેવી.
- બાળક જ્યારે કોઈ પણ અભ્યાસકાર્ડનું કાર્ય પૂર્ણ કરે ત્યારે તે બાળકે જે તે અભ્યાસકાર્ડનું વિષયવસ્તુ શીખી લીધું છે તેની ખાતરી કરવી. જો કચાશ જણાય તો તેનું યોગ્ય નિદાન ઉપચારકાર્ય કરવું. જો અભ્યાસકાર્ડનું વિષયવસ્તુ બાળકે શીખી લીધું હોય તો વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટરમાં તેની નોંધ કરી બાળકને આગળના અભ્યાસકાર્ડ પર મોકલવો.
- પ્રત્યેક નવા અભ્યાસકાર્ડમાં બાળકે શું કરવાનું છે તે શિક્ષકે પોતે અથવા સહપાઠી દ્વારા બાળકને સમજાવવું.
- અભ્યાસ માટે જરૂરી તમામ સામગ્રી/TLM વર્ગના તમામ બાળકો જરૂરિયાતના સમયે જાતે લઈને ઉપયોગ કરી શકે તેમ વર્ગમાં ઉપલબ્ધ રાખવું.
- શિક્ષક આવૃત્તિમાં દર્શાવ્યા મુજબના ચાર વિભાગમાં દરરોજ કાર્ય કરવું.
- દરરોજ રમે તેની રમત અંતર્ગત બંને ધોરણના બાળકોને સાથે પોતાની હાજરીમાં રમત રમાડવી. બાળકોની વયકક્ષાને અનુરૂપ અન્ય સ્થાનિક રમતો પણ રમાડવી.
- બાળકો સમયમર્યાદામાં પોતાના એકમોનું અધ્યયન કાર્ય પૂર્ણ કરે તેવું આયોજન કરવું.

(૧૫) પ્રજ્ઞા મોડલ:

- શાળાના તમામ શિક્ષકોએ સાથે મળીને ઓગસ્ટ માસના અંત સુધીમાં પ્રજ્ઞા શિક્ષકોની મદદથી પોતાની શાળા માટે પ્રજ્ઞા અભિગમનું મોડલ પસંદ કરી શાળાના લેટરપેડ ઉપર આ અંગેનું લખાણ સીઆરસીકો.ઓ. મારફત બીઆરસીકો.ઓ.ને મોકલી આપવું.

**મોડલ ૧: વિષયખંડ – વિષયશિક્ષક - બંને ધોરણના બાળકોનું મિશ્ર જૂથ**

આ મોડલમાં બંને ધોરણના બાળકોને મિશ્ર કરીને બે ટુકડી બનાવવી. એક શિક્ષકે ટુકડી મુજબ ગુજરાતી અને બીજા શિક્ષકે ગણિત ભણાવવું. વિષય મુજબ અલગ અલગ બે વર્ગખંડમાં કામ કરવું. અઠવાડિયાના પહેલા દિવસે ગુજરાતી વિષયના શિક્ષકે ગુજરાતીના વર્ગમાં ટુકડી-૧ના બાળકોને ગુજરાતી અને ગણિત વિષયના શિક્ષકે ગણિતના વર્ગમાં ટુકડી-૨ના બાળકોને ગણિતનું કામ કરાવવું. બીજા દિવસે ગણિતના શિક્ષકે ગણિતના વર્ગમાં ટુકડી-૧ના બાળકોને ગણિત અને ગુજરાતીના શિક્ષકે ગુજરાતીના વર્ગમાં ટુકડી-૨ના બાળકોને ગુજરાતીનું કામ કરાવવું. આ ક્રમમાં સમગ્ર વર્ષ દરમ્યાન કામ કરવું.

**મોડલ ૨: વિષયખંડ – વિષયશિક્ષક - બાળકોનું ધોરણવાર જૂથ**

આ મોડલમાં બાળકોની ધોરણવાર ટુકડી બનાવવી એટલે કે ટુકડી-૧માં માત્ર ધોરણ-૧ના બાળકો અને ટુકડી-૨માં માત્ર ધોરણ-૨ના બાળકો રાખવા. એક શિક્ષકે ગુજરાતી અને બીજા શિક્ષકે ગણિત ભણાવવું. અઠવાડિયાના પહેલા દિવસે ગુજરાતી વિષયના શિક્ષકે ગુજરાતીના વર્ગમાં ધોરણ-૧ (ટુકડી-૧)ના બાળકોને ગુજરાતી અને ગણિત વિષયના શિક્ષકે ગણિતના વર્ગમાં ધોરણ-૨(ટુકડી)ના બાળકોને ગણિતનું કામ કરાવવું. બીજા દિવસે ગણિતના શિક્ષકે ગણિતના વર્ગમાં ધોરણ-૧(ટુકડી-૧)ના બાળકોને ગણિત અને ગુજરાતીના શિક્ષકે ગુજરાતીના વર્ગમાં ધોરણ-૨(ટુકડી-૨)ના બાળકોને ગુજરાતીનું કામ કરાવવું. આમ, આ ક્રમમાં સમગ્ર વર્ષ દરમ્યાન કામ કરવું.

**મોડલ ૩: વિષયખંડ – ધોરણવાર વર્ગશિક્ષક - બાળકોનું ધોરણવાર જૂથ**

આ મોડલમાં બાળકોની ધોરણવાર ટુકડી બનાવવી એટલે કે ટુકડી-૧માં માત્ર ધોરણ-૧ના બાળકો અને ટુકડી-૨માં માત્ર ધોરણ-૨ના બાળકો રાખવા. એક શિક્ષકે ધોરણ-૧ના બાળકોને બંને વિષય અને બીજા શિક્ષકે ધોરણ-૨ના બાળકોને બંને વિષય ભણાવવા. અઠવાડિયાના પહેલા દિવસે ગુજરાતીના વર્ગમાં ધોરણ-૧ના શિક્ષકે પોતાના ધોરણના બાળકોને ગુજરાતી વિષયનું કામ કરાવવું જ્યારે ગણિતના વર્ગમાં ધોરણ-૨ના શિક્ષકે પોતાના ધોરણના બાળકોને ગણિત વિષયનું કામ કરાવવું. બીજા દિવસે ધોરણ-૧ના શિક્ષકે પોતાના ધોરણના બાળકો સાથે ગણિતના વર્ગમાં બેસીને ગણિતનું કામ કરાવવું જ્યારે ધોરણ-૨ના શિક્ષકે પોતાના ધોરણના બાળકો સાથે ગુજરાતીના વર્ગમાં બેસીને ગુજરાતીનું કામ કરાવવું. આ ક્રમમાં સમગ્ર વર્ષ દરમ્યાન કામ કરવું.

- ઉપરોક્ત ત્રણેય મોડલમાં વિષયખંડ રાખવો ફરજિયાત છે.
- શાળામાં બેકી સંખ્યામાં પ્રજ્ઞા શિક્ષકો હોય અને બે-બે પ્રજ્ઞા શિક્ષકોની એક કરતા વધુ જોડી હોય તો તમામ જોડીઓએ સર્વાનુમતે પોતાની શાળા માટે ઉપરોક્ત જણાવેલા ત્રણેય પ્રજ્ઞા મોડલમાંથી કોઈ એક જ મોડલ નક્કી કરવું.
- શાળામાં એકી સંખ્યામાં પ્રજ્ઞા શિક્ષકો હોય ત્યાં જેટલા શિક્ષકોની જોડી બને તેટલા શિક્ષકોએ ભેગા થઈને પોતાની શાળા માટે કોઈ એક પ્રજ્ઞા મોડલ નક્કી કરવું જ્યારે જે શિક્ષકની જોડી બની શકી નથી તેવા શિક્ષકે મોડલ-૧ મુજબ બંને ધોરણના બાળકોને એક જ વર્ગખંડમાં એક સાથે બેસાડી એક દિવસે ગુજરાતી અને બીજા દિવસે ગણિતનું કામ કરાવવું. આવી શાળાઓએ પોતાના જોડીમાં કામ કરતાં પ્રજ્ઞા શિક્ષકો દ્વારા નક્કી કરવામાં આવેલા મોડલની જ પોતાના સીઆરસીકો.ઓ.ને લેખિતમાં જાણ કરવી.

(૧૬) પ્રજ્ઞા વર્ગખંડ ગોઠવણી બાબત

પ્રજ્ઞા વર્ગખંડમાં સાહિત્યની ગોઠવણી એવી રીતે કરવી કે જેથી પ્રજ્ઞા વર્ગ સાચા અર્થમાં બાળકેન્દ્રી વર્ગ બની રહે. આ માટે નીચેની બાબતો અનુસરવી.

- અભ્યાસકાર્ડ:પ્રત્યેક બાળક સરળતાથી જોઈ શકે અને લઇ શકે તે રીતે પ્રજ્ઞા વર્ગખંડમાં કોઈ એક જગ્યાએ એકમ મુજબ અભ્યાસકાર્ડ મુકવા. જો શાળામાં અગાઉના પ્રજ્ઞા વર્ગના ઘોડા(રેક) હોય, તો તેનો ઉપયોગ કરવો. નવા દાખલ થયેલા બાળકોને શિક્ષકે જાતે અથવા અગાઉના અનુભવી બાળકોની મદદથી અભ્યાસકાર્ડ અપાવવા. બાળકને જોઈતું અભ્યાસકાર્ડ તેને સરળતાથી મળી જાય તેવી વ્યવસ્થા કરવી.
- લેડર: પર્ત્યેક બાળક લેડર પર પોતાની આંગળી ફેરવી પોતાનું અભ્યાસકાર્ડ જાતે નક્કી કરી શકે તેટલી ઊંચાઈએ લેડર લગાવવી.
- સ્વઅધ્યયનપોથી: સ્વઅધ્યયનપોથી વર્ગમાં એવી રીતે મુકવી કે જેથી પ્રત્યેક બાળક પોતાની જરૂરિયાતના સમયે પોતાની સ્વઅધ્યયનપોથી સરળતાથી લઇ શકે.
- જૂથચાર્ટ: પ્રત્યેક બાળક જૂથચાર્ટ જોઈને પોતે કયા જૂથમાં બેસવાનું છે તે નક્કી કરી શકે તેટલી ઊંચાઈએ જૂથચાર્ટ લગાવવા. ક્લોકવાઈઝ કે એન્ટીક્લોકવાઈઝ ગોઠવી શકાય.
- TLM બોક્ષ: અભ્યાસકાર્ડમાં દર્શાવેલ જરૂરી તમામ સામગ્રી ધરાવતા TLM બોક્ષ વર્ગમાં તમામ બાળકો જાતે સામગ્રી લઈ શકે તેમ રાખવા. અહી TLM બોક્સ બરણી,ખોખા,ડબ્બા,ઘોડા,ટ્રે કે અન્ય સ્વરૂપના રાખી શકાય છે.
- વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટર: જ્યારે કોઈ બાળક પોતાના અભ્યાસકાર્ડનું કાર્ય પૂર્ણ કરે ત્યારે શિક્ષક તેની નોંધ 'વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટર'માં કરી શકે તેથી તેને શિક્ષકે પોતાની બેઠકની પાસે જ રાખવું.
- અર્લી રીડર: અર્લી રીડર એ એકમમાં આવતાં અભ્યાસકાર્ડ જ છે, આથી તેને જે તે એકમનાં અભ્યાસકાર્ડની સાથે જ મૂકવા અને વાચન અને લેખનનો વધારે મહાવરો પૂરો પાડવા તેનો ઉપયોગ કરવો.

જિલ્લા કક્ષાએ ઓગસ્ટ માસના અંત સુધીમાં પોતાના જિલ્લાની પ્રત્યેક શાળા દ્વારા નક્કી કરેલા પ્રજ્ઞા મોડલની માહિતી એક જ એક્સેલ ફાઈલમાં તાલુકા, ક્લસ્ટર અને શાળાવાર એકંદર કરી અત્રેની ક્યુ.ઈ.સેલ શાખાને ઈ મેઈલથી મોકલી આપવી.

(પી.ભારતી)

- નકલ રવાના જાણ સારું:
  - નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ
  - નિયામકશ્રી જીસીઈઆરટી

ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક
અને પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની
બદલીના નિયમો બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૧/૦૮/૨૦૧૮

વંચાણે લીધાઃ

૧. શિક્ષણ વિભાગનો તા. ૨૩/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧-૨૦૧૨/ ૩૧૪૭૭૬/ક,
૨. શિક્ષણ વિભાગનો તા. ૦૫/૦૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧-૨૦૧૨/ ૬૨૧૦૬૫/ક,
૩. પ્રા. શિ. નિયામકશ્રીનો તા:૧૨/૦૬/૨૦૧૮નો પત્ર ક્રમાંક:પ્રાશિનિ/નીતિ/ સીંગલફાઈલ/૨૦૧૮/ક/૧૬

આમુખઃ

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) ઉપરના તાઃ ૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવથી અને વંચાણે લીધા ક્રમાંક (૨) ઉપરના તાઃ ૦૫/૦૭/૨૦૧૪ના સુધારા ઠરાવથી રાજ્યમાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકો અને પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોની બદલીની નીતિ નિયત કરવામાં આવેલ છે. આ બદલી નિયમોમાં ફેરફાર કરવા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીના વંચાણે લીધેલા ક્રમાંક (૩) ઉપરના તા:૧૨/૦૬/૨૦૧૮ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. સદર દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ

પુખ્ત વિચારણાને અંતે, શિક્ષણ વિભાગના તા.૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬/કના પ્રકરણ(ખ)ના નિયમ(૯)માં આથી નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

(પૃષ્ઠ ૨ ઉપર ચાલુ)

| હાલની જોગવાઈ | સુધારેલ/નવી જોગવાઈ |
|---|---|
| પ્રકરણ-(ખ)(૯)<br>(૯) શિક્ષક વધને લીધે બદલવામાં આવેલ શિક્ષક/વિદ્યાસહાયક તેની મૂળ શાળામાં જે તે વિભાગમાં જ બે વર્ષની સમયમર્યાદામાં પ્રથમ ખાલી જગ્યા પડે ત્યારે, સદર શિક્ષક/ વિદ્યાસહાયક બદલીની માંગણી કરે તો તેને તેની મૂળ શાળામાં બદલીની પ્રથમ તક આપવાની રહેશે. વધમાં બદલી કરેલ શિક્ષકને માંગણીનો હક્ક રહેશે અને બદલી માટે મૂળ શાળાની સીનીયોરીટી ધ્યાને લેવાની રહેશે. | પ્રકરણ-(ખ)(૯)<br>(૯)(અ) શિક્ષક વધના કારણથી બદલી થયેલ શિક્ષક/વિદ્યાસહાયક તેની મૂળ શાળામાં ખાલી જગ્યા પડે ત્યારે તે ખાલી જગ્યા ઉપર નીચે મુજબની સમયમર્યાદા સુધી બદલીની માંગણી કરી શકશે.<br>વધ હેઠળની બદલી થયાના હુકમની તારીખ પછી યોજવામાં આવેલ ક્રમશઃ બે આંતરિક બદલી કેમ્પ અને ક્રમશઃ બે વધઘટ બદલી કેમ્પ સુધી મૂળ શાળાની માંગણી કરી શકશે.<br><br>(૯)(બ) જો કોઈ શાળામાંથી વધ હેઠળ એક કરતાં વધુ શિક્ષકોની બદલી એક વર્ષમાં કે જુદા જુદા વર્ષમાં થયેલ હોય તો જે શિક્ષકની પ્રથમ બદલી થયેલ હોય તે શિક્ષક/ વિદ્યાસહાયકને મુળ શાળાની ખાલી જગ્યાનો લાભ પ્રથમ આપવાનો રહેશે. |

૨. આ સુધારેલ જોગવાઈઓ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણે તમામ સંબધિતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેની કાર્યપધ્ધતિ માટે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપવાની રહેશે.

૩. આ વિભાગના તા:૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

(પૃષ્ઠ ૩ ઉપર ચાલુ)

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપરની તા.૩૦/૦૭/૨૦૧૮ની નોંધ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અજય ભટ્ટ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા )
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/ માન. સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રા.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.)
- શાખા સિલેક્ટ ફાઈલ

ક્રમાંક: જીસીઇઆરટી/સી&ઈ/2018/ ૨૧૯૮૦-૨૨૦૫૯
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, વિદ્યાભવન,
સેક્ટર-12, ગાંધીનગર.
ફોન: (079) 23256808-39
ફેક્સ: (079)23256812
ઇ-મેઇલ: gcert12@gmail.com

૨૪/૯/૨૦૧૮

પ્રતિ,
જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-તમામ
શાસનાધિકારી – તમામ
ડાયેટ પ્રાચાર્ય-તમામ

વિષય: ધોરણ ૩ થી ૫ માં વિષયશિક્ષક અને તાસ પદ્ધતિના અમલ અંગે

સંદર્ભ: જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને ડાયેટ પ્રાચાર્ય સાથેની તારીખ **01/09/2018** ની વિડીયો કોન્ફરન્સમાં થયેલ ચર્ચા અન્વયે

શિક્ષણનો અધિકાર ૨૦૦૯ કાયદાના અમલીકરણ અંતર્ગત પુનઃરચિત પ્રવર્તમાન અભ્યાસક્રમની રચના વખતે ધોરણ ૧ થી ૮ ના દરેક વિષય શિક્ષણ માટે ચોક્કસ સમય નિયત કરવામાં આવ્યો છે અને એને ધ્યાનમાં રાખીને જે તે વિષયનાં પાઠ્યપુસ્તકો પણ તૈયાર કરવામાં આવ્યાં છે. આ મુજબ ધોરણ ૩ થી ૫ માં વર્ષ દરમિયાન ઉપલબ્ધ ૮૦૦ શૈક્ષણિક કલાક પૈકી જે તે વિષય માટે નીચે મુજબની તાસ ફાળવણી કરવી.

ધોરણ ૩ થી ૫ - તાસ ફાળવણી

| વિષય | ધોરણ ૩ | | ધોરણ ૪ | | ધોરણ ૫ | |
|---|---|---|---|---|---|---|
| | પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર | પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર | પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર |
| ગુજરાતી | 13 | 12 | 12 | 11 | 10 | 10 |
| ગણિત | 13 | 12 | 12 | 11 | 10 | 10 |
| પર્યાવરણ | 11 | 10 | 10 | 10 | 8 | 8 |
| અંગ્રેજી | 0 | 3 | 3 | 3 | 5 | 5 |
| હિન્દી | 0 | 0 | 0 | 2 | 4 | 4 |
| શા.શિ., ચિત્ર, સંગીત અને કાર્યાનુભવ | 8 | 8 | 8 | 8 | 8 | 8 |
| કુલ | **45** | **45** | **45** | **45** | **45** | **45** |

- ધોરણ ૩ થી ૫ માં જે તે વિષયનું શિક્ષણકાર્ય અસરકારક રીતે થાય તે માટે એક શિક્ષક દ્વારા એક ધોરણના તમામ વિષયો ભણાવવાને બદલે ધોરણ ૩ થી ૫ ના શિક્ષકોએ દરેક ધોરણમાં કેટલાક ચોક્કસ વિષય ભણાવે તે વધુ ઉચિત અને પરિણામદાયી રહેશે.
- શિક્ષકને કયા વિષય આપવા તે શાળાના મુખ્યશિક્ષકે નક્કી કરવું. વિષય સોંપવામાં દરેક શિક્ષકને સમાન કાર્યભારની વહેંચણી થાય તેનું ધ્યાન રાખવું.
- જે શાળાઓમાં ધોરણ ૧ થી ૫ માં ચાર કે તેથી વધુ શિક્ષકો હોય તેવી શાળાઓમાં ધોરણ ૩ થી ૫ માં વિષયશિક્ષક અને તાસ પદ્ધતિનો અમલ થાય તે મુજબનુ આયોજન કરવુ વિદ્યાર્થીઓના હિતમા રહેશે.
- ધોરણ ૩ થી ૫ માં પ્રવૃત્તિલક્ષી શિક્ષણને પૂરતો ન્યાય મળે તે માટે મોટેભાગે ૩૫ મીનીટના બે તાસ ભેગા કરીને ૭૦ મીનીટનો સળંગ તાસ રાખવો. આ સાથેના પરિશિષ્ટમાં સામેલ નમૂનાના સમયપત્રકનો અમલ કરવો.
- તા. 1-10-2018 થી શાળાઓમાં ઉપર મુજબના સમયપત્રકનો અમલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા વિનંતિ છે.

નિયામક
જી.સી.ઈ.આર.ટી.

નિયામક
પ્રાથમિક શિક્ષણ

બિડાણ:

- નમૂનાનું સમયપત્રક

નકલ રવાના – (સવિનય જાણ સારૂં)

- માન. સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, ગાંધીનગર
- માન. એસ.પી.ડી.શ્રી, એસ.એસ.એ. ગુજરાત

# નમૂનાનું સમયપત્રક

| તાસ ક્રમાંક | સમય | સોમવાર | | | મંગળવાર | | | બુધવાર | | | ગુરુવાર | | | શુક્રવાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ધો 3 | ધો. 4 | ધો. 5 | ધો 3 | ધો. 4 | ધો. 5 | ધો 3 | ધો. 4 | ધો. 5 | ધો 3 | ધો. 4 | ધો. 5 | ધો 3 | ધો. 4 | ધો. 5 |
| 0 | 10.30-11.00 | સમૂહજીવન, શાળાસફાઈ અને શૈક્ષણિક કાર્ય માટેની પૂર્વતૈયારી | | | | | | | | | | | | | | |
| | 11.00 - 11.20 | પ્રાર્થનાસભા | | | | | | | | | | | | | | |
| 1 | 11.20-11.55 | | | | | | | | | | | | | | | |
| 2 | 11.55-12.30 | | | | | | | | | | | | | | | |
| | 12.30-12.40 | વિરામ | | | | | | | | | | | | | | |
| 3 | 12.40-13.15 | | | | | | | | | | | | | | | |
| 4 | 13.15-13.50 | | | | | | | | | | | | | | | |
| | 13.50-14.30 | મધ્યાહ્ન ભોજન | | | | | | | | | | | | | | |
| 5 | 14.30-15.05 | | | | | | | | | | | | | | | |
| 6 | 15.05-15.40 | | | | | | | | | | | | | | | |
| | 15.40-15.50 | વિરામ | | | | | | | | | | | | | | |
| 7 | 15.50-16.25 | | | | | | | | | | | | | | | |
| 8 | 16.25-17.00 | | | | | | | | | | | | | | | |

| તાસ ક્રમાંક | સમય | શનિવાર | | |
|---|---|---|---|---|
| | | ધો 3 | ધો. 4 | ધો. 5 |
| 0 | 7.00-7.20 | | | |
| | 7.20-7.35 | પ્રાર્થનાસભા | | |
| 1 | 7.35-8.10 | | | |
| 2 | 8.10-8.45 | | | |
| 3 | 8.45-9.20 | | | |
| | 9.20-10.00 | મધ્યાહ્ન ભોજન | | |
| 4 | 10.00-10.35 | | | |
| 5 | 10.35-11.20 | | | |

મહદઅંશે પાંત્રીસ મીનીટના બે તાસ ભેગા કરીને, સળંગ ૭૦ મીનીટનો તાસ જે તે વિષય માટે રાખવો.

જીલ્લા શિક્ષણ સમિતિઓ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓના વિદ્યા સહાયકોની પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક લાભો માટે માન્ય ગણવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૭/સીંગલ ફાઇલ-૫/ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૦૮/૦૩/૨૦૧૯

વંચાણમાં લીધા :

(૧) શિક્ષણ વિભાગનો તા.૩૦/૪/૯૭ નો ઠરાવ ક્રમાંક :પીઆરઇ/૧૦૯૬/૩૦૫૦/ક.
(૨) શિક્ષણ વિભાગનો તા. ૧૧/૬/૯૮ નો ઠરાવ ક્રમાંક :પીઆરઇ/૧૦૯૬/૧૦૨૭(૯૮)/ક.
(૩) શિક્ષણ વિભાગનો તા. ૨૭/૪/૧૧ નો ઠરાવ ક્રમાંક :પીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક.

આ મુ ખ:-

રાજ્યની જિલ્લા શિક્ષણ સમિતિઓ તથા નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં મોટા પ્રમાણમાં ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે ફિક્સ્ડ પગારથી નિયત સમયગાળા માટે ભરતી કરવા વંચાણમાં લીધેલ ક્રમ ૧ અને ૨ સામેના ઠરાવોથી નીતિ નક્કી કરેલ હતી. વંચાણમાં લીધેલ ક્રમ ૩ સામેના ઠરાવથી આર.ટી.ઇ. એક્ટ ૨૦૦૯ ની જોગવાઇ અન્વયે ધોરણ ૧ થી ૫ પ્રાથમિક વિભાગ અને ધોરણ ૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક વિભાગ તરીકે નક્કી કરીને તે મુજબ વિદ્યાસહાયક તરીકે ભરતી કરવાનું ઠરાવવામાં આવેલ છે. આ યોજના હેઠળ નિમણૂક મેળવેલ વિદ્યાસહાયકોને માસિક ઉચ્ચક ફિક્સ્ડ પગાર વખતો વખત સુધાર્યા મુજબ આપવામાં આવે છે. યોજના અન્વયે ફિક્સ્ડ પગારનો નિયત સમયગાળો પૂર્ણ કરે ત્યારે નિમણૂક અંગેની તમામ શરતો સંતોષાતી હોય તેવા વિદ્યાસહાયકોને ધોરણ ૧ થી ૫ માં પ્રાથમિક શિક્ષક તરીકે અને ધોરણ ૬ થી ૮ માં ઉચ્ચ પ્રાથમિક શિક્ષક તરીકે નિયમિત પગારધોરણમાં સમાવવામાં આવે છે. આવી રીતે સમાવવામાં આવતા વિદ્યાસહાયકોનો ફિક્સ્ડ પગારની નોકરીનો સમયગાળો કોઇપણ સેવાવિષયક હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવતો નથી.

આવી રીતે નિયમિત થયેલા શિક્ષકોની સેવાની શરતોમાં સુધારો કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણામાં હતી. આ વિષય ઉપર વિચારણા કરવા માટે સરકારશ્રી દ્વારા માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ પદે માન. શિક્ષણમંત્રીશ્રી અને માન. કૃષિ મંત્રીશ્રીની બનેલી સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિ સમક્ષ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રતિનિધિઓએ કરેલ રજુઆતો તથા તા. ૦૬/૦૩/૨૦૧૯ ના રોજ માન. મંત્રીશ્રીઓની સમિતિ સાથે થયેલ પરામર્શ બાદ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આપેલ સંમતિને અનુલક્ષીને નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠ રા વ :

પુખ્ત વિચારણાના અંતે, વંચાણમાં લીધેલ ક્રમ ૧ થી ૩ સામેના ઠરાવોની જોગવાઇઓ અને શરતો હેઠળ નિમણૂક પામેલ વિદ્યાસહાયકોની ઉચ્ચક પગાર એટલે કે ફિક્સ્ડ પગારના સમયગાળાની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગારધોરણ અને નિવૃત્તિ સમયે નિવૃત્તિ વિષયક મળવાપાત્ર લાભો માટે નીચેની શરતોને આધિન રહીને સેવા તરીકે ધ્યાને લેવાનું ઠરાવવામાં આવે છે.

| | |
|---|---|
| (૧) | આવી ફીક્સ્ડ પગારની નોકરીનો સમયગાળો બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગારધોરણ અને નિવૃત્તિ સમયે મળવાપાત્ર નિવૃત્તિ વિષયક લાભોની ગણતરી માટે જ ધ્યાને લેવામાં આવશે. |
| (૨) | આ ફીક્સ્ડ પગારની સેવા ધ્યાને લેવાને કારણે પગારબાંધણી થતાં નક્કી થતા પગારનો તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સંપૂર્ણ સમયગાળા સુધીનો કોઇપણ પ્રકારનો તફાવત [એરીયર્સ] રોકડમાં કે અન્ય કોઇપણ રીતે ચૂકવવાપાત્ર થશે નહીં. અર્થાત્, તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળા માટે આ ગણતરી માત્ર નોશનલ કરવાની રહેશે તેમજ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળાનું કોઇ એરીયર્સ મળવાપાત્ર થશે નહીં. |
| (૩) | આ ફીક્સ્ડ પગારની સેવાના સમયગાળા માટે કોઇપણ પ્રકારના ઇજાફા ગણતરીમાં, નોશનલના હેતુ માટે પણ, ધ્યાને લેવાના રહેશે નહીં. |
| (૪) | જે પ્રાથમિક શિક્ષકોને હાલની તારીખે જુની પેન્શન યોજના લાગુ પડે છે તેઓને જુની પેન્શન યોજના લાગુ પડશે. જે પ્રાથમિક શિક્ષકો નવી પેન્શન યોજનામાં જોડાયેલ છે તેઓને નવી પેન્શન યોજના જ લાગુ પડશે. અર્થાત્, ફીક્સ્ડ પગારની નોકરીનો સમયગાળો ધ્યાને લેવાના કારણે તેઓને હાલમાં લાગુ પાડેલ પેન્શન યોજનામાં કોઇ ફેરફાર કરવામાં આવશે નહીં. |
| (૫) | આ ઠરાવ અન્વયે ચૂકવવાપાત્ર લાભ તારીખ ૦૧/૦૪/૨૦૧૯ થી મળવાપાત્ર થશે. |

આ ઠરાવ શિક્ષણ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગ અને સરકારશ્રીની તા. ૦૮/૦૩/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વિજયસિંહ મંડોરા)
સંયુક્ત સચિવ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

શિક્ષણ વિભાગના તા.૩૧-૦૧-૧૯ના નોટીફીકેશન નં.GH/SH/7/PRE/112012/SF-5/K,થી મુખ્ય શિક્ષક સંવર્ગમાંથી કેળવણી નિરીક્ષક સંવર્ગમાં બઢતી મળવાપાત્ર થાય છે. જે જોતાં, તા.૩૧-૦૧-૧૯ કે ત્યાર બાદ પ્રથમ, દ્વિતીય અને તૃતિય ઉચ્ચત્તર પગાર ધોરણ નીચે મુજબ મળવાપાત્ર થાય. હવે મુખ્ય શિક્ષકની જગ્યા વહીવટી સંવર્ગ ગણાશે.

(અ) જો શિક્ષક સમાગ્ર નોકરી દરમ્યાન શિક્ષક સંવર્ગમાં ફરજ બજાવે તો,

| મદનીશ શિક્ષક | ૯ વર્ષે પ્રથમ ઉ.પ.ધો. (એકાકી) | ૨૦ વર્ષે દ્વિતીય ઉ.પ.ધો. (એકાકી) | ૩૧ વર્ષે તૃતિય ઉ.પ.ધો. (એકાકી) |
|---|---|---|---|
| ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ | ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ | ૫૫૦૦-૧૭૫-૯૦૦૦ |

(બ) નવા આર.આર. પ્રમાણે

| મુખ્ય શિક્ષક | બઢતી-કેળવણી નિરીક્ષક (પરીક્ષા છે.) | બઢતી- શિક્ષણ સેવા વર્ગ-૨ (પરીક્ષા છે.) | બઢતી-વર્ગ-૧ |
|---|---|---|---|
| ૫૦૦૦-૮૦૦૦ | ૫૦૦૦-૮૦૦૦ | ૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦ | ૮૦૦૦-૨૭૫-૧૪૦૫૦ |

નોંધ:- મુખ્ય શિક્ષક તથા કેળવણી નિરીક્ષકનું પગાર ધોરણ સમાન હોવાથી નિયમ-૧૧(૧) મુજબ પગાર બાંધણી કરવાની થાય નહીં તથા ઉચ્ચત્તર પગાર ધોરણ કઈ રીતે આપવું તે અંગે નિર્ણય લેવાનો થાય. ૧૨-૨૪ વર્ષે ઉ.પ.ધો. મળવાપાત્ર થાય.

(ક) શિક્ષક સંવર્ગમાં પ્રથમ ઉ.પ.ધો. મેળવી મુખ્ય શિક્ષક સંવર્ગમાં બઢતી મળે તો,

| મદનીશ શિક્ષક | પ્રથમ ઉ.પ.ધો. (એકાકી) | મુખ્ય શિક્ષક (બઢતી) વહીવટી પોસ્ટ (HTAT) | ઉ.પ.ધો. ના મળે |
|---|---|---|---|
| ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | ૪૫૦૦-૧૨૫-૭૦૦૦ | ૫૦૦૦-૧૫૦-૮૦૦૦ પગાર બાંધણી થાય. | તા.૨-૦૭-૦૭ના ઠરાવ મુજબ એક ઉ.પ.ધો. મળેલ હોવાથી દ્વિતીય ઉ.પ.ધો. ના મળે |

(ડ) શિક્ષક સંવર્ગમાં ૯ વર્ષ પહેલા મુખ્ય શિક્ષક તરીકે બઢતી મળે તો,

| મદનીશ શિક્ષક | મુખ્ય શિક્ષક (બઢતી) વહીવટી પોસ્ટ (HTAT) | ૧૨ વર્ષે પ્રથમ ઉ.પ.ધો. (બઢતી) | દ્વિતીય ઉ.પ.ધો. |
|---|---|---|---|
| ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ | ૫૦૦૦-૮૦૦૦ પગાર બાંધણી થાય. | ૬૫૦૦-૧૦૫૦૦ પરીક્ષા છે. | મળવાપાત્ર થાય નહીં. |

Scanned by CamScanner

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી
ગુ.રા. ગાંધીનગર
2 5 OCT 2019
આવક નં. ૫૬૦૫

જિલ્લા પંચાયત/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાના મુખ્યશિક્ષકો (HTAT)ની બદલીના નિયમો બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંક : પીઆરઈ/૧૧૧૨/૩૧૪૬૬૯/ક(પાર્ટ-૨)
તારીખ: ૦૯/૧૦/૨૦૧૯.

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તારીખ ૨૭/૦૮/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૬૬૯/ક.

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ ૨૫/૧૦/૨૦૦૦નો ઠરાવ ક્રમાંક : ટીઆરએફ-૧૦૯૮-૧૪૩૨-ગ.૨.

(૩) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનો તારીખ ૧૮/૦૭/૨૦૧૮ નો પત્ર ક્રમાંક: પ્રાશિનિ/ગ/મુ.શિ.એચ.ટાટ/બદલી/૧૮/૪૬૬૩.

(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનો તારીખ ૨૦/૦૮/૨૦૧૮ નો પત્ર ક્રમાંક: પ્રાશિનિ/ગ-૧/ ખેડા/HTAT/બદલી/૧૮/૫૪૫૨-૫૩.

**પ્રસ્તાવના**

આ વિભાગના તારીખ ૨૭/૦૮/૨૦૧૨ ના સંદર્ભ(૧) હેઠળના ઠરાવથી મુખ્ય શિક્ષક (HTAT)ની નિમણૂંક અંગેની જોગવાઈઓ કરવામાં આવેલ છે.આ જોગવાઇ પ્રસિદ્ધ થયા સમયે મુખ્ય શિક્ષક (HTAT)ની બદલી અંગે કોઇ જોગવાઈ અમલમાં ન હોવાના કારણે, ઉકત ઠરાવમાં તેઓની બદલી સંદર્ભે સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૫/૧૦/૨૦૦૦ ના સંદર્ભ (૨) હેઠળના ઠરાવની જોગવાઈઓ લાગુ પડશે તેમ દર્શાવેલ હતું. ત્યારબાદ ઉકત સંવર્ગની બદલીના નિયમો બનાવવા અંગે વિવિધ રજૂઆતો મળેલ. જે અન્વયે મુખ્ય શિક્ષક (HTAT)ની બદલી અંગેની સૂચનાઓ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, આ વિભાગના તારીખ ૨૭/૦૮/૨૦૧૨ના સંદર્ભ (૧) હેઠળના ઠરાવના ફકરા નં. (૪) ની જોગવાઈ આથી રદ કરવામાં આવે છે અને તેના સ્થાને પંચાયત / નગરપાલિકા / મહાનગરપાલિકા હસ્તકની સરકારી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકો (HTAT)ની બદલી માટે નીચે મુજબની કાર્યપદ્ધતિ અમલમાં લાવવામાં આવે છે.

| ૧. વ્યાખ્યા | |
|---|---|
| | (ક) HTAT પાસ કરેલ મુખ્ય શિક્ષક |
| | જિલ્લા/નગર શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧થી ૮ની શાળામાં બઢતી કે સીધી ભરતીથી HTAT પરીક્ષા પાસ કરી જેઓને HTAT મુખ્ય શિક્ષક તરીકે નિમણૂંક આપવામાં આવેલ છે તેવા મુખ્ય શિક્ષક. |



Scanned by CamScanner

| | |
|---|---|
| | (ખ) વધ-ઘટ બદલી :- |
| | જે તે શાળામાં જો નિયત વિદ્યાર્થી સંખ્યા એટલે કે ધો-૧ થી ૫ ધોરણ ધરાવતી શાળામાં ૧૫૦ કે તેથી વધુ *અથવા* ધો-૬ થી ૮ ધરાવતી શાળામાં ૧૦૦ કે તેથી વધુ અથવા ધો. ૧ થી ૮થી ધરાવતી શાળામાં ૨૫૦ કે તેથી વધુ વિદ્યાર્થી સંખ્યા ન જળવાતી હોય તેવા સંજોગોમાં નિયત થયેલ નોમ્ર્સ મુજબ જે તે શાળામાં મંજૂર થયેલ મુખ્ય શિક્ષકના મહેકમના સંદર્ભમાં મુખ્ય શિક્ષકને વધ (Surplus-વધારાના) જાહેર કરી કરવાની થતી બદલી. |
| | (ગ) આંતરીક બદલી :- |
| | જે તે જિલ્લા શિક્ષણ સમિતિ / નગર શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતાં મુખ્ય શિક્ષક દ્વારા માંગણી મુજબ તે જ જિલ્લા શિક્ષણ સમિતિ / નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળામાં કરવામાં આવતી બદલી. |
| | (ઘ) જિલ્લાફેર બદલી :- |
| | જે તે જિલ્લા શિક્ષણ સમિતિ / નગર શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતાં મુખ્ય શિક્ષક દ્વારા માંગણી મુજબ અન્ય જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળામાં કરવામાં આવતીબદલી. |
| ૨. બદલી કરવા અંગેની સામાન્ય જોગવાઈઓ:- | |
| ૨.૧ | વધ-ઘટ બદલી :- |
| | દર વર્ષે નોમ્ર્સ મુજબ જે તે શાળામાં મંજૂર થયેલ મુખ્ય શિક્ષકના મહેકમ કરતાં જો નિયત વિદ્યાર્થી સંખ્યા ન જળવાતી હોય તેવા સંજોગોમાં મુખ્ય શિક્ષકને વધ (Surplus) જાહેર કરી બદલી કરવાની રહેશે.<br>મુખ્ય શિક્ષકની વધ માં (Surplus) બદલી કરવા માટે ખાલી જગ્યા નકકી કરતી વખતે શક્ય હોય ત્યાં સુધી આ રીતે નિયત થયેલ ખાલી જગા પૈકી સૌપ્રથમ પગાર કેન્દ્રની શાળા ત્યારબાદ તાલુકાની શાળા અને તાલુકામાં ખાલી જગ્યા ન હોય તો તે જિલ્લામાં જ નજીકના તાલુકામાં મંજૂર થયેલ ખાલી જગ્યા ઉપર સમાવવાના રહેશે. આ સંબંધે વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓને મુખ્ય શિક્ષક મળી રહે અને તે શાળાનું વહીવટી સંચાલન વધુ સારૂં થઇ શકે તે ધ્યાને લઇ ઉપલબ્ધ મંજૂર ખાલી જગ્યાઓમાંથી કુલ વિદ્યાર્થી સંખ્યા ઊતરતા ક્રમમાં ગોઠવી જેટલા મુખ્ય શિક્ષક વધ (Surplus) પડતા હોય તેટલી જ ખાલી જગ્યાઓ દર્શાવવાની રહેશે. આ કામગીરી માટે પારદર્શક પદ્ધતિ અપનાવીને જાહેર કેમ્પનુ આયોજન કરવાનું રહેશે. આ બાબતે ફકરા ૨.૩થી નિયત કરવામાં આવેલ પદ્ધતિ મુજબ સિનિયોરિટીનું અનુસરણ પણ કરવાનું રહેશે. આ સમગ્ર કામગીરી બાબતનુ રોજકામ આ ઠરાવના ફકરા નં. ૮.૪માં દર્શાવેલ સબંધિત સમિતિએ કરવાનું રહેશે અને દફતરે રાખવાનું રહેશે. |
| ૨.૨ | વહીવટી બદલી :- |
| | નૈતિક અધ:પતન, શૈક્ષણિક કામગીરીની નબળી ગુણવત્તા, જાતીય સતામણી કે અણછાજતું ગેરવર્તન, શિક્ષકને ન છાજે તેવુ લાંછનરૂપ વર્તન, નાણાકીય ગેરરીતિ, સ્થાનિક વાલી/નાગરીકો/શાળા વ્યવસ્થાપન કમિટીની પુરાવા આધારિત ફરિયાદ, રાજકીય પ્રવૃત્તિનું આચરણ, કાયદા દ્વારા પ્રતિબંધિત હોય તેવુ બાળકો સાથેનું વર્તનના કારણોસર મુખ્ય શિક્ષકની વહીવટી બદલી કરી શકાશે. સાથે સાથે આવા તમામ કિસ્સાઓમાં જરૂરી તપાસ (શિસ્ત વિષયક કાર્યવાહી/ફોજદારી કાર્યવાહી) તાત્કાલિક શરૂ કરી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે જે કાર્યવાહી જિલ્લા પ્રાથમિક |



Scanned by CamScanner

| | |
|---|---|
| | શિક્ષણાધિકારીએ કરવાની રહેશે. આવી બદલી કર્યાના દિન- ૭માં સમગ્ર દરખાસ્ત પરિશિષ્ટ-૧ માં દર્શાવ્યા મુજબના ચેકલીસ્ટ તથા આધાર-પુરાવા સાથે શિક્ષણ વિભાગને મોકલી આપવાની રહેશે. નિયત સમયમર્યાદા બાદ દરખાસ્ત મોકલવામાં આવે તેવા કિસ્સામાં દરેક વિલંબના દિવસ અંગેના સ્પષ્ટ કારણો દર્શાવીને જ દરખાસ્ત કરવાની રહેશે અને તેમ કરવામાં નિષ્ફળ થયેથી જે કક્ષાએથી વિલંબ થયેલ હશે તે અધિકારી/કર્મચારીની જવાબદારી નક્કી કરી તેઓની સામે શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવાની રહેશે.<br>શિક્ષણ વિભાગને દરખાસ્ત મળ્યેથી દિન-૬૦માં સદર બદલીને બહાલી આપવી કે કેમતે અંગે નિર્ણય કરવાનો રહેશે. મુખ્ય શિક્ષકની આવી બદલીને શિક્ષણ વિભાગ દ્વારા દિન-૬૦માં બહાલી આપવામાં ન આવે તો કોઇ પણ પ્રકારના વિલંબ વિના તે વહીવટી બદલી રદ કરી સબંધિત મુખ્ય શિક્ષકને તેઓની જે શાળામાંથી બદલી કરવામાં આવેલ હોય તે શાળામાં પરત મુકવાનો હુકમ કરવાનો રહેશે અને તેની જાણ શિક્ષણ વિભાગને કરવાની રહેશે તેમજ તેની નોંધણી (કારણ સહિત) બદલી રજીસ્ટરમાં અનિવાર્યપણે કરવાની રહેશે.<br>આ કારણોસરની વહીવટી બદલીમાં મુખ્ય શિક્ષકને આડકતરો લાભ ન મળે તેની તકેદારી રાખી તેના વતન કે શહેરી વિસ્તારથી દૂર અંતરિયાળ ખાલી જગ્યા પર મુકવાના રહેશે જેની સંબંધિતોએ ખાસ નોંધ લેવી. |
| ૨.૩ | માંગણી મુજબની બદલી: |
| | મુખ્ય શિક્ષકની ફેરબદલી માટેની અરજી કરવા માટે દરેક અરજદારને પૂરતો સમય મળી રહે તે રીતે અરજી સ્વીકારવાનો સમય અગાઉથી નિર્ધારિત કરવાનો રહશે. આવા બદલી કાર્યક્રમના સમયગાળાની વિગતોની જાણ દરેક મુખ્ય શિક્ષકને થાય તે રીતે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગરની કચેરીએ દરેક બદલી પ્રસંગે સુચનાઓ પરિપત્રિત કરવાની રહેશે.<br>માંગણી મુજબની બદલીના હેતુસર નીચેની બાબતો ધ્યાને લઇ અગ્રતાક્રમ નક્કી કરવાનો રહેશે.<br>(૧) કોઇ બે અથવા તેથી વધારે મુખ્ય શિક્ષકની શાળામાં દાખલ તારીખ જો સમાન હોય તો ખાતામાં દાખલ તારીખ.<br>(૨) જ્યાં બે કે તેથી વધુ મુખ્ય શિક્ષકની દાખલ તારીખ સમાન હોય તો કુદરતી ન્યાયના સિદ્ધાંતને અનુસરીને મુખ્ય શિક્ષકની જન્મ તારીખને ધ્યાને લેવાની રહેશે. (એટલે કે જન્મ તારીખ મુજબ જે મુખ્ય શિક્ષકની ઉંમર વધારે હશે તેઓને અગ્રતા આપી તે મુજબ સિનિયોરીટી નકકી કરવાની રહેશે.)<br>(૩) જ્યાં બે કે તેથી વધુ મુખ્ય શિક્ષકની જન્મ તારીખ પણ એકસરખી હોય ત્યારે નિમણૂંક સમયના નામની ગુજરાતી કક્કાવારી મુજબ ઉતરતા ક્રમમાં અગ્રતાક્રમ નકકી કરવાની રહેશે.<br>માંગણી મુજબની તમામ બદલીઓ Online પદ્ધતિથી કરવાની રહેશે. તેમજ ઉક્ત બાબતે જિલ્લા ફેરબદલી કરવા માટેના રજિસ્ટર નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીએ નિભાવવાના રહેશે. જિલ્લા/તાલુકા ફેરબદલી માટેની અગ્રતા નક્કી કરવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ ભૌતિક અરજીઓને ધ્યાને લેવાની રહેશે નહી. |



Scanned by CamScanner

| | |
|---|---|
| | સામાન્ય રીતે અરજીઓ સ્વીકારવાની તારીખ દર વર્ષે ૧લી ડિસેમ્બર થી ૩૧મી ડીસેમ્બર રહેશે પરંતુ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની મંજુરીથી યોગ્ય કારણોસર ઉક્ત સમયગાળામાં ફેરફાર થઇ શકશે જે બાબતે લેખિત કારણની નોંધ કરી લેવાની રહેશે. આ અરજીઓ, નિયત કરવામાં આવે તે વેબસાઇટ ઉપર માત્ર Online સ્વરૂપે સ્વીકારવાની રહશે. આ અરજીઓ મંગાવવામાં આવે ત્યારે જિલ્લાવાર અને તાલુકાવાર ખાલી જગ્યાઓની સંખ્યા દર્શાવવાની રહેશે. ત્યારબાદ જે તે મુખ્ય શિક્ષકને પસંદ કરેલ તાલુકામાં વધુ વિદ્યાર્થી સંખ્યાવાળી શાળામાં મુકવાના રહેશે. |
| ૨.૩.૧ | જિલ્લામાં આંતરિક બદલી :- |
| | મુખ્ય શિક્ષક જે જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતા હોય તે જિલ્લામાં આંતરીક બદલીની પાત્રતા માટે જે શાળામાંથી અરજી કરતા હોય તે શાળાની દાખલ તારીખથી Online બદલી કેમ્પમાં અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં, જો બિનપગારી રજા ભોગવેલ હશે તો તે બાદ કર્યા બાદ ચોખ્ખી ૩(ત્રણ) વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોવી જોઇશે. |
| ૨.૩.૨ | જિલ્લાફેર એકતરફી બદલી :- |
| | મુખ્યશિક્ષક જે જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં ફરજ બજાવતા હોય તે જિલ્લામાંથી અન્ય જિલામાં બદલીની પાત્રતા માટે જે તે જિલ્લામાં મુખ્ય શિક્ષક તરીકે શાળામાં દાખલ થયા તારીખથી Online બદલી કેમ્પમાં અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં, જો બિનપગારી રજા ભોગવેલ હશે તો તે બાદ કર્યા બાદ, ચોખ્ખી ૫(પાંચ) વર્ષની નોકરી પૂર્ણ કરેલ હોવી જોઇશે.<br>એકતરફી જિલ્લાફેર બદલી Online સિસ્ટમથી કરવાની રહેશે. જિલ્લા ફેરબદલીનો કેમ્પ જાહેર થાય તે તારીખે પોતાના જિલ્લામાં ઉપલબ્ધ જિલ્લાની તમામ ખાલી જગ્યાઓની પુરતી ચકાસણી કરી જિલ્લાવાર ખાલી જગ્યાઓ મેળવીને તેને Online Upload કરવાની જવાબદારી જે તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની રહેશે અને નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીએ તે વિગતોની ખરાઇ કરવાની રહેશે.<br>શિક્ષણ વિભાગના તા.૧૨/૦૭/૨૦૧૭ ના ઠરાવ મુજબ દરેક જિલ્લામા સીધી ભરતી અને બઢતીના મુખ્ય શિક્ષકોનુ પ્રમાણ જાળવવાનું રહેશે.<br>જિલ્લા ફેર માટે Online જગ્યા દર્શાવતી વખતે સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ તે સમયે જિલ્લામાં ઉપલબ્ધ ખાલી જગ્યાની ૫૦% જગ્યાઓ Online દર્શાવવાની રહેશે. આ જગ્યાઓ નક્કી કરતી વખતે જે તે જિલ્લામાં ઉપલબ્ધ ખાલી જગ્યાઓની સંબંધિત શાળાની વિદ્યાર્થી સંખ્યાના ઉતરતા ક્રમમાં ગોઠવીને પ્રથમ ૫૦% ખાલી જગ્યાઓ Online દર્શાવવાની રહેશે.<br>*(આ રીતે ૫૦%ની ગણતરી કરતાં અપૂર્ણાંક સંખ્યા મળે તો તે સંખ્યા પછીની તરતની પૂર્ણ સંખ્યા દર્શાવવાની રહેશે. ઉદાહરણ : જો કોઇ જિલ્લામાં તે સમયે ઉપલબ્ધ ખાલી જગ્યા ધરાવતી શાળાઓની સંખ્યા ૬૭ની હોય તો તેની ૫૦% લેખે ૩૩.૫ જગ્યાઓ થાય. તેને સ્થાને તરતની પૂર્ણ સંખ્યા તરીકે ૩૪ ખાલી જગ્યા દર્શાવવાની રહેશે.)* |
| ૨.૩.૩ | ઉપર્યુક્ત ૨.૩.૧ અને ૨.૩.૨ ના હેતુ માટે અગ્રતા નક્કી કરતી વખતે નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે.<br>(૧) જો કોઇ મુખ્ય શિક્ષક વધ (Surplus) થવાને કારણે હયાત શાળામાં ફરજ બજાવતાં હોય તેવા કિસ્સામાં તેઓ છેલ્લે જે શાળામાંથી વધ (Surplus) થયેલ હોય તેવી |



Scanned by CamScanner

| | |
|---|---|
| | અગાઉની શાળાની સિનિયોરિટી ગણવાની રહેશે.<br>(૨) પરંતુ, માંગણીથી બદલીનો લાભ લઇ હયાત શાળામાં ફરજ બજાવતાં હોય તેવા મુખ્ય શિક્ષકના કિસ્સામાં હયાત શાળાની સિનિયોરિટી ગણવાની રહેશે. |
| ૨.૪ | ખાસ કિસ્સાગાં તબીબી કારણોસર બદલી :- |
| | તબીબી કારણોસર ખાસ કિસ્સામાં બદલી માટે રાજ્યના સરકારી પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોને લાગુ પડતી જે તે સમયે પ્રવર્તમાન સમાન પ્રકારની તમામ જોગવાઇઓ મુખ્ય શિક્ષકને લાગુ પડશે. આવી ખાસ કિસ્સામાં બદલીની સત્તા માત્ર સરકારશ્રી કક્ષાએ રહેશે. |
| ૩. | મુખ્ય શિક્ષક માટે એકતરફી જિલ્લા ફેર બદલીની સામાન્ય જોગવાઇઓ :- |
| | એકતરફી જિલ્લાફેર બદલી કરાવવા ઇચ્છતા મુખ્ય શિક્ષક માટે Online અરજી કરવા માટેના કેમ્પની જાહેરાત માટે બહોળો ફેલાવો ધરાવતાં દૈનિકપત્રોમાં નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા જાહેરાત આપવાની રહેશે.<br>જે મુખ્ય શિક્ષક એકતરફી જિલ્લાફેર બદલી કરાવવા ઇચ્છતા હોય તેઓએ સૂચવેલ વેબસાઇટ પર માંગવામાં આવેલ વિગતો ભરી Online અરજી સબમીટ કરી આવી અરજીની સુવાચ્ય પ્રિન્ટ સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી ખાતે જરૂરી આધાર-પુરાવા જોડીને જમા કરાવવાની રહેશે.<br>સબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ જરૂરી આધાર-પુરાવાની ચકાસણી કરી અરજી મળ્યા અંગેની પહોંચ સબંધિત મુખ્યશિક્ષકને આપવાની રહેશે. ત્યારબાદ જરૂરી રીમાર્કસ કરીને તમામ અરજીઓ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલી આપવાની રહેશે.<br>સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ અરજી બાબતે જો કોઇ વાંધો રજુ થયેલ હોય તો તે અંગે નિયમોનુસાર નિર્ણય લઇ તેઓને ફાળવવામાં આવેલ પોતાના જિલ્લાના Log-inમાં જઇ વાંધાવાળી તથા બીજી આવેલ તમામ અરજીઓ અંગે ખરાઇ કરી આગળની કાર્યવાહી કરવાની રહેશે.<br>ઉપર મુજબની કામગીરી પુર્ણ થયા બાદ કમ્પ્યુટર સોફ્ટવેર દ્વારા નિયમોનુસાર બદલીપાત્ર સબંધિત મુખ્ય શિક્ષકના બદલી ઓર્ડર તૈયાર થશે જેની પ્રિન્ટ મેળવી જે તે મુખ્ય શિક્ષકે સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સમક્ષ હાજર થવાનું રહેશે. હાજર થવા આવનાર મુખ્ય શિક્ષકના બદલીના હૂકમની યોગ્ય ખરાઇ કરી, તેઓને હાજર કરવાની કાર્યવાહી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહેશે.<br>આ સમગ્ર પ્રક્રિયા માટે એક નિયત સમયગાળો નક્કી કરવા અંગેની સૂચના નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા બહાર પાડવાની રહેશે.આ સૂચનામાં દરેક જિલ્લામાંથી છૂટા થયેલ મુખ્ય શિક્ષક, હાજર થયેલ મુખ્ય શિક્ષક અને સમય મર્યાદામાં હાજર નહીં થયેલ મુખ્ય શિક્ષકની વિગતોનું પરસ્પર તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ મેળવણું કરીને સમયમર્યાદામાં દરેક મુખ્ય શિક્ષકવાર હાજર રિપોર્ટની મુખ્ય શિક્ષકના નામવાર સંકલિત વિગતો નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણને મોકલવાની રહેશે અને આવી વિગતો/રેકર્ડ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીએ મેળવી અને જાળવી રાખવાની રહેશે.<br>માંગણી મુજબની બદલીનો હૂકમ રદ કરી શકાશે નહીં. પરંતુ, અસામાન્ય સંજોગો હોય તેવા કિસ્સામાં નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા શિક્ષણ વિભાગના પરામર્શમાં |



Scanned by CamScanner

| | |
|---|---|
| | નિર્ણય કરવાનો રહેશે. જિલ્લા ફેરબદલીનો લાભ સમગ્ર સેવાકાળ દરમ્યાન એક જ વખત મળવાપાત્ર થશે.<br>મુખ્ય શિક્ષકની બદલી અંગેના રજૂ થયેલ દસ્તાવેજો કે બદલીનો હુકમ બનાવટી જણાય તો વિના-વિલંબે ફોજદારી કાર્યવાહી હાથ ધરવાની જવાબદારી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની રહેશે. આવી કાર્યવાહી હાથ ધર્યા અંગેનો અહેવાલ તુરંત જ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણને રજૂ કરવાનો રહેશે. આવા પ્રસંગે જો કોઇ રાજ્યપત્રિત અધિકારી/કર્મચારીની સંડોવણી જણાય તો તેનો અહેવાલ તુરંત જ શિક્ષણ વિભાગને રજૂ કરવાનો રહેશે.<br>Online બદલી પ્રક્રિયામાં કોઇપણ વહીવટી કે ટેકનિકલ ક્ષતિ ઊભી થાય તો તેનો નિર્ણય નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણએ લેવાનો રહેશે. અસામાન્ય સંજોગો જણાય તો વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.<br>રાજ્યની નગરપાલિકા/મહાનગર પાલિકા વિસ્તારની નગર શિક્ષણ સમિતિઓ માટે સંબંધિત શાસનાધિકારીશ્રીએ ઉપર મુજબની કાર્યવાહી કરવાની રહેશે. |
| ૪. | જિલ્લાની બદલીમાં અગ્રતા :- |
| | જિલ્લા આંતરીક બદલીમાં દર્શાવવામાં આવેલ અગ્રતાના સંદર્ભે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.:- |
| ૪.૧ | વિધવા :- |
| | વિધવા તરીકેની અગ્રતા મેળવવા માટે મુખ્ય શિક્ષિકાના કિસ્સામાં નોકરીમાં દાખલ થયા પહેલા કે પછી વિધવા થયેલ મહિલા કર્મચારીનો સમાવેશ થશે. આવા મુખ્ય શિક્ષિકાએ વિધવા હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર, પતિના મરણનો દાખલો અને પુન: લગ્ન કરેલ નથી તે મતલબનું નિયત રકમના સ્ટેમ્પ પેપર ઉપર અધિકૃત સોગંદનામું રજુ કરવાનું રહેશે. સદર પુરાવા Online અરજી કરતી વખતે Upload કરવાના રહેશે. અરજી કરવાની મુદત પૂર્ણ થયા બાદરજૂ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લેવાના રહેશે નહીં. સૂચવેલ પુરાવા રજૂ નહીં થયેથી અગ્રતાનો લાભ મળવાપાત્ર થશે નહીં. |
| ૪.૨ | દિવ્યાંગતા :- |
| | દિવ્યાંગતાની અગ્રતા મેળવવા માટે દિવ્યાંગ મુખ્ય શિક્ષકે એક વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તેવુ દિવ્યાંગતાની ટકાવારી દર્શાવતું સંબંધિત જિલ્લા સીવીલ સર્જનશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે અને તે પ્રમાણપત્રમાં દર્શાવેલ દિવ્યાંગતાની ટકાવારી ધ્યાને લઇ અગ્રતા આપવામા આવશે. ૪૦% કરતાં ઓછી દિવ્યાંગતા ધરાવનાર મુખ્ય શિક્ષકને આ અગ્રતાનો લાભ મળશે નહી. સદર પુરાવા Online અરજી કરતી વખતે Upload કરવાના રહેશે. અરજી કરવાની મુદત પૂર્ણ થયા બાદ રજૂ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લેવાના રહેશે નહીં. પુરાવા રજૂ નહીં થયેથી અગ્રતાનો લાભ મળવાપાત્ર થશે નહીં. |
| ૪.૩ | પ્રાથમિક શિક્ષક દંપતિ :- |
| | શિક્ષક દંપતિની અગ્રતા મેળવવા માટે જિલ્લા/નગર શિક્ષણસમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક/શિક્ષક/મુખ્યશિક્ષક તરીકે ફરજ બજાવતા પતિ/પત્નીએ પોતાના લગ્ન નોંધણી અંગેનું રજીસ્ટારશ્રી દ્વારા આપવામાં આવેલ લગ્ન પ્રમાણપત્ર તથા પતિ/પત્ની જે શાળામાં નોકરી કરતાં હોય તે શાળાના મુખ્ય |



Scanned by CamScanner

| | |
|---|---|
| | શિક્ષકશ્રીએ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા હવે પછી નિયત કરવામાં આવનાર પરિશિષ્ટમાં દર્શાવેલ નિયત નમુનાનું આપવામાં આવેલ પ્રમાણપત્ર પુરાવા તરીકે રજુ કરવાનું રહેશે. શિક્ષક દંપતિનો લાભ પતિ કે પત્ની બંનેમાંથી માત્ર એક ને જ મળવાપાત્ર થશે.<br>દંપતી કેસની બદલીમાં જે દંપતિએ અગાઉ દંપતિ-કેસનો લાભ લીધેલ હોય તેવા દંપતિ (પતિ અથવા પત્ની) પૈકી કોઇને સદર અગ્રતાનો લાભ ફરીથી મળવાપાત્ર થશે નહી. આ બાબતે અગાઉ દંપતિ-કેસનો લાભ લીધેલ નથી તે મતલબનું નિયત રકમનું સ્ટેમ્પ પેપર ઉપર અધિકૃત સોગંદનામું રજુ કરવાનું રહેશે. સદર પુરાવા Online અરજી કરતી વખતે Upload કરવાના રહેશે.<br>અરજી કરવાની મુદત પૂર્ણ થયા બાદ રજૂ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લેવાના રહેશે નહીં. સૂચવેલ પુરાવા રજૂ નહીં થયેથી અગ્રતાનો લાભ મળવાપાત્ર થશે નહીં. |
| ૪.૪ | સરકારી નોકરી કરતાં દંપતી: |
| | રાજય સરકારની કે પંચાયત સેવાની કે કેન્દ્ર સરકારની સેવાઓમાં ફરજ બજાવતાં હોય તથા માન્ય ભરતી પદ્ધતિ અનુસાર જેમની નિમણૂક થયેલ હોય અને સંબંધિત સંવર્ગમાં નિયમિત નિમણૂકની પાત્રતા ધરાવતા હોય અને જેમણે સંબંધિત કચેરીમાં ૨(બે) વર્ષની સળંગ નોકરી પૂર્ણ કરેલ હોય તેમના પતિ/પત્ની, જિલ્લા/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તેવા પતિ/પત્નીએ પોતાનું લગ્ન નોંધણી અંગે રજીસ્ટ્રારશ્રીએ જારી કરેલ લગ્ન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે તથા અરજદારના પતિ/પત્ની જે કચેરીમાં નોકરી કરતાં હોય તે કચેરીના વડાનું આ સાથે પરિશિષ્ટ-૨માં દર્શાવેલ નિયત નમુનાનું આપવામાં આવેલ પ્રમાણપત્ર પુરાવા તરીકે રજુ કરવાનું રહેશે. આવી બદલી પતિ/પત્નિના નોકરી ખાતેના જિલ્લામાં જ કરવાની રહેશે. સદર પુરાવા Online અરજી કરતી વખતે Upload કરવાના રહેશે.<br>અરજી કરવાની મુદત પૂર્ણ થયા બાદ રજૂ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લેવાના રહેશે નહીં. સૂચવેલ પુરાવા રજૂ નહીં થયેથી અગ્રતાનો લાભ મળવાપાત્ર થશે નહીં. |
| ૫. | સામાન્ય રીતે એકતરફી જિલ્લાફેર બદલીમાં જે તે જિલ્લામાં મુખ્ય શિક્ષકની બદલી કરવાપાત્ર કુલ ખાલી જગાઓ પૈકી ૫૦% જગા ઉપર અગ્રતા ધરાવતા ઉમેદવારોની અને ૫૦% જગા ઉપર સિનીયોરીટીના આધારે બદલી કરવાની રહેશે. અગ્રતા ધરાવતા ઉમેદવારો પૈકી પ્રથમ વિધવા, બીજા ક્રમે દિવ્યાંગ, ત્રીજા ક્રમે પ્રાથમિક શિક્ષક/મુખ્ય શિક્ષક દંપતિ, ચોથા ક્રમે સરકારી દંપતિ અને રાજયના વડા મથકે ફરજ બજાવતા અધિકારી/કર્મચારીનો સમાવેશ કરવાનો રહેશે.<br>અગ્રતા ધરાવતા ઉમેદવારો માટે બદલી કરવાપાત્ર ઉપલબ્ધ જગાઓ કરતાં ઓછી અરજીઓ પ્રાપ્ત થાય તેવા સંજોગોમાં ખાલી રહેતી બદલીપાત્ર જગાઓની સંખ્યા સામે સિનિયોરીટીના આધારે ઉપલબ્ધ મુખ્ય શિક્ષકોની અરજીઓની સંખ્યાને ધ્યાને લઈ બદલી કરવાની રહેશે. |
| ૬. | રાષ્ટ્રીય સુરક્ષા સેવા :- |
| | રાષ્ટ્રીય સુરક્ષા સેવાની અગ્રતાનો લાભ મેળવવા માટે રાષ્ટ્રીય સુરક્ષા સેવા(કેન્દ્ર સરકાર કક્ષાએ લશ્કરી દળોમાં ભૂમિદળ, નૌકાદળ અને હવાઇદળ તથા અર્ધલશ્કરી દળોમાં કોસ્ટગાર્ડ, ઇન્ડો તિબેટન બોર્ડર પોલીસ(I.T.B.P.), કેન્દ્રીય અનામત પોલીસ દળ(C.R.P.F.), રેપીડ એક્શન ફોર્સ(R.A.F.), કમાન્ડો, મરીન કમાન્ડો, સીમા સુરક્ષા |



Scanned by CamScanner

| | |
|---|---|
| | દળ(B.S.F.), કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ(C.I.S.F.),તથા સશસ્ત્ર સીમા બળ(S.S.B.)પૈકી કોઇ પણ દળમાં ફરજ બજાવતાં કે ફરજ દરમિયાન શહીદ થયેલા રાષ્ટ્રીય સુરક્ષા સેવાના કર્મચારીના પતિ અથવા પત્ની અથવા માતા અથવા પિતા કે જેઓ જિલ્લા/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તેઓને સમગ્ર નોકરી દરમિયાન એક વાર ઇચ્છિત જિલ્લામાં ઉપલબ્ધ જગ્યાએ બદલી કરવાની રહેશે. આવી બદલી કરવાની સત્તા નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણને રહેશે.<br>આવા કિસ્સામાં પતિ/પત્નીએ પોતાનું લગ્ન નોંધણી અંગે રજીસ્ટ્રારશ્રીએ જારી કરેલ લગ્ન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે તથા રાષ્ટ્રીય સુરક્ષા સેવામાં ફરજ બજાવતાં કર્મચારી જે કચેરીમાં નોકરી કરતાં હોય તે કચેરીના વડાએ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા આ હેતુ માટે નિયત કરવામાં આવનાર નિયત નમુનાનું આપેલ પ્રમાણપત્ર પુરાવા તરીકે રજુ કરવાનું રહેશે. જ્યારે, માતા/પિતાના કિસ્સામાં ઉપર દર્શાવેલ રાષ્ટ્રીય સુરક્ષા સેવામાં ફરજ બજાવતાં કર્મચારી સાથે તેઓનો સંબંધ પ્રસ્થાપિત કરતું નિયત રકમના સ્ટેમ્પ પેપર ઉપરનુ અધિકૃત સોગંદનામું રજુ કરવાનુ રહેશે. સદર પુરાવાના અભાવે અગ્રતાનો લાભ મળવાપાત્ર થશે નહીં. |
| ૭. | બિન-બદલીપાત્ર અધિકારી/કર્મચારી :- |
| | (અ) ગુજરાત સરકારની સચિવાલય સેવાઓ, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગુજરાત જાહેર સેવા આયોગ તથા નામ.ગુજરાત હાઇકોર્ટની સેવાઓમાં માન્ય ભરતી પદ્ધતિ અનુસાર જેમની નિમણૂક થયેલ હોય અને હાલ ફરજ બજાવતા હોય તેવા કર્મચારી/અધિકારી કે જેમણે સંબંધિત કચેરીમાં ૩(ત્રણ) વર્ષની સળંગ નોકરી પૂર્ણ કરેલ હોય અને તેમના પતિ/પત્ની, જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તે મુખ્ય શિક્ષકની તેમના પતિ/પત્નીના બિન બદલીપાત્ર ફરજના સ્થળના જ જિલ્લામાં ઉપલબ્ધ ચોખ્ખી ખાલી જગ્યાને ધ્યાને લઇ બદલી કરી શકાશે.<br>(બ) ગાંધીનગર ખાતે ખાતાના વડાની કચેરીની જે જગ્યાઓ માત્ર ગાંધીનગર ખાતે જ અસ્તિત્વ ધરાવે છે અને તે જગા ઉપર કામ કરતાં અધિકારીની સેવાઓ ગાંધીનગર સિવાય રાજ્યમાં અન્યત્ર બદલીપાત્ર નથી તેમજ જેઓ ગાંધીનગર સિવાય રાજ્યમાં અન્યત્ર બદલીપાત્ર નથી તે અધિકારી/કર્મચારીના પતિ/પત્ની ઉપર ૭(અ)માં દર્શાવેલ સઘળી શરતો સંતોષતા હોય તેવા કિસ્સામાં પણ તેમની બિન બદલીપાત્ર ફરજના સ્થળના જ જિલ્લામાં ઉપલબ્ધ ચોખ્ખી ખાલી જગ્યાને ધ્યાને લઇ બદલી કરી શકાશે.<br>એટલે કે ગાંધીનગરમાં ફરજ બજાવતા અધિકારીશ્રીના પતિ/પત્નીની બદલી ગાંધીનગર જિલ્લામાં અને નામ.ગુજરાત હાઇકોર્ટ ખાતે ફરજ બજાવતાં અધિકારી/કર્મચારીશ્રીના પતિ/પત્નીની બદલી અમદાવાદ જિલ્લામાં બદલી કરી શકાશે.<br>ઉપર્યુક્ત પારા ૭ (અ) અને ૭ (બ) ના કિસ્સામાં સંબંધિત વહીવટી વિભાગના મહેકમનો હવાલો ધરાવતાં વર્ગ-૧ થી ઊતરતા ન હોય તેવા અધિકારીશ્રી દ્વારા આ સાથે પરિશિષ્ટ:૩ માં દર્શાવેલ નિયત નમુનાનું આપવામાં આવેલ પ્રમાણપત્ર પુરાવા તરીકે અસલમાં રજુ કરવાનું રહેશે. જ્યારે નામ.ગુજરાત હાઇકોર્ટની સેવાઓના કિસ્સામાં રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટનું ઉપર મુજબનું પરિશિષ્ટ:૩ ના નમૂના મુજબનું પ્રમાણપત્ર પુરાવા તરીકે રજુ કરવાનું રહેશે. |



Scanned by CamScanner

| | |
|---|---|
| | આ પારા-૭ માં દર્શાવેલ કોઇપણ કિસ્સામાં સંબંધિત અધિકારી/કર્મચારીની પ્રતિનિયુક્તિ દરમિયાનનું ફરજનું સ્થળ ધ્યાને લેવાનું રહેશે નહીં. આવા તમામ કિસ્સામાં પતિ/પત્નીએ પોતાનું લગ્ન નોંધણી અંગે રજીસ્ટારશ્રીએ જારી કરેલ લગ્ન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવા તમામ કિસ્સામાં બદલી કરવાની સત્તા શિક્ષણ વિભાગને રહેશે. આવી દરખાસ્તો નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ મારફત રજૂ કરવાની રહેશે. આવી ફેરબદલી જિલ્લા ફેરબદલી તરીકે ગણાશે અને આ લાભ સમગ્ર સેવા દરમિયાન એક જ વખત મળવાપાત્ર થશે.<br>આ પારા-૭ માં ઉલ્લેખિત પ્રકારની બદલીથી ભરવાની થતી જગ્યાઓ જે તે શૈક્ષણિક વર્ષ દરમિયાન જે તે જિલ્લાની કૂલ ખાલી જગ્યાના ૨૦% થી વધે નહીં તે મર્યાદામાં ભરવાની રહેશે. આ ખાલી જગ્યાઓ જે તે શૈક્ષણિક વર્ષનું સેટ-અપ આખરી થયા બાદની સ્થિતિની ધ્યાને લેવાની રહેશે.<br>આ પારામાં ઉલ્લેખિત બદલી કરતી વેળાએ અગ્રતા ક્રમ નક્કી કરવા માટે આ ઠરાવના પારા નં.૨.૩ માં દર્શાવ્યા મુજબનો મુખ્ય શિક્ષકનો જ અગ્રતાક્રમ ધ્યાને લેવાનો રહેશે. |
| ૮. | સામાન્ય સુચનાઓ:- |
| ૮.૧ | બદલી એ મુખ્ય શિક્ષકનો હક્ક નથી. આ ઠરાવમાં દર્શાવેલ બદલીના પ્રકારો પૈકી વહીવટી બદલી તથા તબીબી કારણસર ખાસ કિસ્સામાં બદલી કરવા સિવાયના બદલીના કેમ્પનું આયોજન કરવા અંગે રાજ્ય સરકાર વખતો વખત નિર્ણય કરશે. |
| ૮.૨ | જિલ્લામાં આંતરીક બદલી અને એકતરફી જિલ્લાફેર બદલી માત્ર Online પદ્ધતિથી કરવાની રહેશે. |
| ૮.૩ | વધ-ઘટની બદલી માત્ર જાહેર કેમ્પ દ્વારા પારદર્શક પદ્ધતિથી જ કરવાની રહેશે તથા તેનું સફળ વિડિયો રેકોર્ડિંગ કરીને આવા રેકોર્ડીંગની જાળવણી કરવાની રહેશે. |
| ૮.૪ | વધ-ઘટ બદલી કેમ્પ માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કમિટી રહેશે. જે પૈકી ઓછામાં બે વ્યક્તિઓની હાજરીથી કોરમ થયેલ ગણાશે. આ કેમ્પની તારીખ નિયત કરવાના ઓછામાં ઓછા ૧૫ દિવસ પહેલા કમિટિના દરેક સભ્યને કાર્યક્રમની જાણ કરવાની જવાબદારી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની રહેશે. જે સભ્ય કેમ્પ સમયે હાજર ન રહી શકે તેણે પોતાની ગેરહાજરી અંગેના કારણની અગાઉથી જ લેખિતમાં નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણને જાણ કરવાની રહેશે. આવા સંજોગોમાં કેમ્પમાં અધિકૃત રીતે કયા તટસ્થ અધિકારીને હાજર રાખવા તે અંગેની કાર્યવાહી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા કરવાનો રહેશે. |
| ૮.૫ | એકતરફી જિલ્લા ફેરબદલી તેમજ આ ઠરાવમાં જણાવેલ અગ્રતા(વિધવા, દિવ્યાંગ, તમામ પ્રકારના દંપતિ કેસ અગ્રતાને તથા અસાધ્ય રોગના તબીબી કારણોસર અગ્રતા)નો લાભ સમગ્ર નોકરીના કાર્યકાળ દરમ્યાન માત્ર એક જ વખત મળવાપાત્ર થશે.<br>પરંતુ આંતરીક બદલીમાં આવી અગ્રતાનો લાભ લીધેલ હોય તો જિલ્લાફેર બદલીમાં તે લાભ મળવાપાત્ર થશે અને જિલ્લાફેર બદલીમાં અગ્રતાનો લાભ લીધેલ હોય તો પણ આંતરીક બદલીમાં તે લાભ મળવાપાત્ર થશે. જો કે, અગાઉ દંપતિ કિસ્સામાં અગ્રતાનો લાભ લીધેલ હોય અને ત્યારબાદ મહિલા કર્મચારી સંજોગોવશાત વિધવા થાય તો તેણીને વિધવા તરીકેનો અગ્રતાનો લાભ આપી શકાશે. |



Scanned by CamScanner

| | |
|---|---|
| ૮.૬ | જિલ્લા વિભાજન એ વહીવટી પ્રક્રિયા હોઇ જિલ્લા વિભાજન હેઠળ બદલાયેલા મુખ્ય શિક્ષકની જિલ્લાફેર બદલી માટેની પાત્રતા યથાવત રહેશે. જિલ્લા વિભાજન વિકલ્પથી નવીન જિલ્લામાં ગયેલા મુખ્ય શિક્ષકની મૂળ જિલ્લા સિવાયના અન્ય જિલ્લામાં જિલ્લા ફેરબદલી માટે મૂળ જિલ્લાની દાખલ તારીખ ગણવામાં આવશે. |
| ૮.૭ | જિલ્લા આંતરિક બદલી અને જિલ્લાફેર બદલીના સમર્થનમાં મુખ્ય શિક્ષકે રજુ કરેલ અગ્રતાના આધાર-પુરાવા સહિત તમામ પુરાવાઓની ખરાઇ કરવાની જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની રહેશે.<br>તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ પોતાને જે પુરાવા શંકાસ્પદ લાગતા હોય અથવા તે પુરાવાને માન્ય ગણવા અંગે પોતે સ્પષ્ટ ન હોય તેવા સંજોગોમાં સ્પષ્ટ કારણો સહિત જે તે મુખ્ય શિક્ષકોના નામ સામે Online Portal માં નોંધી તે અરજી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને ફોરવર્ડ કરવાની રહેશે.<br>ફોરવર્ડ કરેલ અરજીના કિસ્સામાં આવી કોઇ પણ અરજી રદ બાતલ ગણવાની સત્તા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને રહેશે નહી. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ફોરવર્ડ કરેલ તમામ અરજીઓ તેના પુરાવા સાથે તેઓને યોગ્ય ન જણાયેલ પુરાવા અંગેની રીમાર્કસના સર્વગ્રાહી અભ્યાસના અંતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એ જાતે માન્ય કે અમાન્ય ઠેરવવાની રહેશે.જે અરજી અમાન્ય ઠેરવવામાં આવે તેના સચોટ કારણો Online Portalમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જાતે દર્શાવવાના રહેશે. નગર/મહાનગર શિક્ષણ સમિતિના કિસ્સામાં આ પ્રક્રિયા શાસનાધિકારીએ કરવાની રહેશે. |
| ૮.૮ | વાંધા અરજી સંદર્ભે કે બદલીની પ્રક્રિયાના કોઇપણ તબક્કે મુખ્ય શિક્ષકને તેમના દ્વારા રજીસ્ટર્ડ કરાવવામાં આવેલ મોબાઇલ નંબર પરના Short Message Service(SMS)કે રજીસ્ટર્ડ કરાવવામાં આવેલ E-Mail જેવા ઇલેક્ટ્રોનિક માધ્યમથી પહોંચાડવામાં આવેલ કોઇ પણ પ્રકારની સુચના, માહિતી, સંદેશ, હુકમ એ માન્ય પદ્ધતિથી કરવામાં આવેલ પત્રવ્યવહાર ગણવામાં આવશે. મુખ્ય શિક્ષકના પક્ષે ઇન્ટરનેટની ક્ષતિ અથવા કોઇ ટેકનિકલ કારણોસર મોકલેલ સંદેશો મોડો પહોંચવા અંગેની રજુઆતો કરી તેઓના કેસને પુન: વિચારણામાં લેવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી |
| ૮.૯ | આંતરીક Online બદલી કે જિલ્લાફેર Online બદલી સિનિયોરીટી મુજબ થતી હોવાથી અને એક વાર Online માંગણીથી સભાનપણે પસંદ કરેલ જિલ્લો/શાળાનો હુકમ કોઇ પણ સંજોગોમાં રદ થઇ શકશે નહી. |
| ૮.૧૦ | એક જ ગામ/નગરમાં એક કરતાં વધુ શાળાઓ આવેલ હોય અને તે શાળાઓ મર્જ કરવાની હોય તો તે સમયે એક શાળાને મર્જ કરીને જે શાળામાં સમાવેશ કરવાનો થતો હોય કે મર્જરથી કોઇ એક જ શાળા નકકી થતી હોય અને ત્યાં વિદ્યાર્થી સંખ્યાને ધ્યાને લેતા મુખ્ય શિક્ષક મળવાપાત્ર હોય અને તે શાળામા મુખ્ય શિક્ષકની જગા ભરાયેલ ન હોય તેવા સંજોગોમા મર્જ થતી શાળાના મુખ્ય શિક્ષકને જે શાળામા તે મર્જ થાય છે તે શાળાના મુખ્ય શિક્ષક તરીકે નિમણૂંક આપી શકાશે. જો ત્યાં મુખ્ય શિક્ષકની જગા ભરાયેલ હોય તો તે શાળાના પગાર કેન્દ્ર અથવા તાલુકો અથવા તે જિલ્લાના અન્ય તાલુકામા જયાં મુખ્ય શિક્ષકની જગા ઉપલબ્ધ હોય ત્યાં વહીવટી હુકમથી બદલી કરી શકાશે.<br>જયારે કોઇ સંજોગોમા શાળા બંધ કરવામા આવે ત્યારે પણ ઉપર મુજબની પદ્ધતિ |



Scanned by CamScanner

| | |
|---|---|
| | અનુસરવાની રહેશે. ઉક્ત બન્ને કિસ્સામાં વહીવટી અનુકુળતા ધ્યાને લઇને મુખ્ય શિક્ષકને બંધ/ગર્જ થતી હયાત શાળાથી શકય હોય તેટલી નજીકની શાળા આપવાની રહેશે. |
| ૮.૧૧ | કોઇ પણ પ્રકારની બદલી માટે મુખ્ય શિક્ષક દ્વારા કોઇ પણ જાતના ખોટા આધાર-પુરાવા કે કોઇ પણ પ્રકારની ખોટી માહિતી આપવામાં આવશે તો તેવા મુખ્ય શિક્ષક વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરવાની રહેશે અને લાગુ પડતા સેવા- વર્તણૂંક નિયમો તેમજ શિસ્ત અને અપીલના નિયમો અનુસાર શિસ્ત વિષયક કાર્યવાહી કરીને આ તપાસ વિના- વિલંબે પૂર્ણ કરવાની રહેશે. તેમજ આ અંગે દોષિત પુરવાર થયેલ મુખ્ય શિક્ષક સમગ્ર નોકરી દરમ્યાન જિલ્લા આંતરીક કે જિલ્લાફેર બદલીના કેમ્પમાં ભાગ લઇ શકશે નહી. આવા કેસમાં સમયસર કાર્યવાહી ન કરવા કે અપેક્ષિત કાર્યવાહી કરવામાં વિલંબ કરવા માટે સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને જવાબદાર ગણવામાં આવશે. |
| ૮.૧૨ | કોઇપણ જિલ્લા, તાલુકા અને/અથવા વિસ્તારમાં મુખ્ય શિક્ષકની ઘટની સંભાવના જણાય ત્યારે ઉપર દર્શાવેલ કોઇપણ જોગવાઇ/જોગવાઇઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિ તથા વિદ્યાર્થીઓના હિતમાં સરકાર તત્કાલીન પરિબળો ધ્યાને લઇને કોઇપણ સમયે યથોચિત ફેરફાર કરી શકશે. |
| ૮.૧૩ | આ ઠરાવની કોઇપણ જોગવાઇના અર્થઘટનની જરૂરિયાત જણાય અથવા જે કોઇ જોગવાઇના અમલમાં મુશ્કેલી જણાય તો તે કિસ્સામાં નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ મારફત શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવાની રહેશે. |

આ ઠરાવનો અમલ આ ઠરાવ પ્રસિધ્ધ થયાની તારીખથી જ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુબોધ જોષી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રા.શિ. અને મા.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર Upload કરવાની વિનંતી સહ.)
- શાખા સિલેક્ટ ફાઇલ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.



Scanned by CamScanner

## પરિશિષ્ટ – ૧ [ વહીવટી બદલી, જોગવાઇ ૨(૨.૨) ]

### મુખ્યશિક્ષકની વહીવટી બદલીની બહાલી અંગેનું ચેકલીસ્ટ

| ક્રમ | વિગત | વિગત |
|---|---|---|
| ૧ | કર્મચારીનું નામ | |
| ૨ | ખાતામાં દાખલ તારીખ | |
| ૩ | નિવૃતિની તારીખ | |
| ૪ | હાલની શાળામાં દાખલ તારીખ | |
| ૫ | હાલની શાળાનું નામઅને સરનામું | |
| | કર્મચારીના વતનનું સરનામું (સેવાપોથી મુજબ) | |
| ૬ | વહીવટી બદલી કરેલ શાળાનું નામ, સરનામું,બદલી હુકમ નંબર અને તારીખ | |
| ૭ | બદલી હુકમનો અમલ કરીને મુખ્યશિક્ષકને છુટાકરેલછે? | |
| ૮ | છુટા કર્યા બાદ મુખ્ય શિક્ષક બદલીવાળી શાળામાં હાજર થયાની સંપૂર્ણ વિગત | |
| ૯ | તાલુકા ફેરબદલી કરી છે? | |
| ૧૦ | વહીવટી બદલી કરેલ શાળાનું જૂની શાળાથી નજીકના શહેરનું નામ અને અંતર. | |
| ૧૧ | પતિ કે પત્ની નોકરી કરે છે ?જો હા તો તેની વિગત | નામ<br>શાળાનું નામ<br>તાલુકો |
| ૧૨ | શિક્ષક વિરુદ્ધની પ્રથમ રજૂઆત /ફરિયાદ કરનારનું નામ અને રજુઆતની તારીખ | |
| ૧૩ | પ્રાથમિક તપાસ કરેલ છે? | |
| ૧૪ | પ્રાથમિક તપાસ કરનાર અધિકારીનું નામઅને હોદ્દો | |
| ૧૫ | પ્રાથમિક તપાસના તારણો | |
| ૧૬ | જિ.પ્રા.શિક્ષણાધિકારીશ્રીએ જાતતપાસ/સ્થળતપાસ કરી હોય તેનીતારીખ | |
| ૧૭ | જિ.પ્રા.શિક્ષણાધિકારીશ્રીના જાતતપાસ/સ્થળ તપાસઅહેવાલની નકલ સામેલ કરી છે? | |
| ૧૮ | કર્મચારી પ્રથમ દર્શનિય રીતે દોષિત જણાય છે કે કેમ? | |
| ૧૯ | બદલી સિવાય અન્ય શિક્ષાત્મક પગલાં ભરવા માટે શુ કાર્યવાહી કરી છે ? | |
| | ફોજદારી ફરિયાદ દાખલ કરવાપાત્ર કેસ છે કે કેમ? જો હા, તો તે અંગે થયેલ કાર્યવાહીની વિગત. | |
| ૨૦ | શિસ્તભંગ અંગે લાગુ પડતા નિયમો મુજબ ચાર્જશીટઆપી શકાય તેમ છે? | |
| ૨૧ | આ શિક્ષકની અગાઉ વહીવટી બદલી થયેલછે? જો હા તો તેના કારણો | |
| ૨૨ | શિક્ષકની બદલી કરવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર થાય તેમ છે? આ શિક્ષકની બદલી ન કરીએ તો શું મુશ્કેલી કે પ્રશ્નો આવે તેમ છે? | |
| ૨૩ | આ બદલી હુકમ અંગે કોઇ કોર્ટકેસ થયેલછે કે કેમ?જો હોય તો નામ. કોર્ટના આદેશનીઅવમાનના થાયછે કે કેમ?સંપૂર્ણ વિગત સામેલ છે? | |
| ૨૪ | ધ્યાને લેવાની અન્ય બાબતો. | |
| ૨૫ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી નો અભિપ્રાય | |

સહી:-

નામ :

સિક્કો:-



Scanned by CamScanner

## પરિશિષ્ટ – ૨

## સરકારી નોકરી કરતાં દંપતિ કિસ્સામાં ફેરબદલી માટે આપવાનું પ્રમાણપત્ર [જોગવાઇ ૪(૪.૪)].

જા.નં. ................... તારીખ:- .......................

(૧) કર્મચારી/અધિકારીનું પુરૂ નામ:- ..........................................................................

(૨) જન્મ તારીખ :-..........................................................................

(૩) હોદ્દો :-..........................................................................

(૪) ખાતામાં દાખલ તારીખ :-..........................................................................

(૫) હાલની કચેરી/સંસ્થામાં દાખલ તારીખ :-..........................................................................

(૬) કચેરીનું /સંસ્થાનું નામ :-..........................................................................

સરનામું :-..........................................................................

તાલુકો:- ....................... જિલ્લો:-................ ટેલીફોન નંબર:-........................

(૭) પગારની વિગત

(ક) પુરો પગાર:-...............................

(ખ) પગાર ધોરણ:-...............................

(૮) નિવૃત્તિની તારીખ :-...............................

ઉપરોકત પ્રમાણપત્ર શ્રી/શ્રીમતિ ..............................................................ની અસલ સેવાપોથીની સાથે ખરાઇ કરીને તેમના પતિ/પત્ની શ્રી/શ્રીમતિ ............................... ..............હોદો...................પ્રાથમિક શાળા.............................. તાલુકો..................... જિલ્લો.......................ની બદલીની વિચારણાના હેતુસર આપવામાં આવે છે.

સ્થળ:- ................ કચેરી/સંસ્થાના વડાની સહી/સિક્કો અને નામ:-

તારીખ:- ..............

કર્મચારીનો તાજેતરનો ફોટોગ્રાફ અને તેના પર
કચેરીનું સીલ/સિક્કો

Scanned by CamScanner

## પરિશિષ્ટ-૩

## બિન-બદલી પાત્ર અધિકારી/કર્મચારીના કિસ્સામાં અન્વયેનું પ્રમાણપત્ર (જોગવાઇ-૭)

*(જે લાગુ ન પડે તે છેકી નાખવું)*

---

### પ્રમાણપત્ર

૧. આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી/શ્રીમતી.........................................................., ....................ની કચેરી*(કચેરીનું સંપૂર્ણ સરનામું અને ફોન નંબર)* ખાતે...................... હોદ્દો ધરાવે છે. તેમનો કચેરી ઓળખપત્ર નંબર...........................છે.(પ્રમાણિત નકલ સામેલ છે.) તેઓની તારીખ..................ના રોજ ગુજરાત સરકારની સચિવાલય સેવાઓ/નામ.ગુજરાત હાઇકોર્ટની સેવાઓ/ગુજરાત વિધાનસભા સચિવાલય/ગુજરાત જાહેર સેવા આયોગ/ ....................(ખાતાના વડા)ની કચેરી, ગાંધીનગર/અમદાવાદ ખાતે............................ *(કચેરીનું નામ, સરનામું અને ટેલિફોન નંબર)*માં માન્ય ભરતી/બઢતી પધ્ધતિ અનુસાર નિમણૂક થયેલ છે અને આ સેવામાં તેમણે ૩(ત્રણ) વર્ષની સળંગ નોકરી પૂર્ણ કરેલ છે. નિમણૂંક તારીખથી આજ દિન સુધી તેઓએ કૂલ .......... દિવસની બિન પગારી રજાઓ ભોગવેલ છે.

૨. આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી/શ્રીમતી ..............................................., હોદ્દો.................... ની સેવાઓ માત્ર ગાંધીનગર/અમદાવાદ ખાતે જ અસ્તિત્વ ધરાવે છે અને તેઓ ગાંધીનગર/અમદાવાદ સિવાય રાજ્યમાં અન્યત્ર કોઇપણ સ્થળે બદલીપાત્ર નથી.

૩. આ કચેરી હસ્તક ફરજ બજાવતાં શ્રી/શ્રીમતી............................................................... હોદ્દો....................ના પતિ/પત્ની શ્રી/શ્રીમતી........................................... પ્રાથમિક શાળા, તાલુકો..............., જિલ્લો ................. ખાતે હાલમાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવે છે. આ પ્રમાણપત્ર ઉપર પારા -૧ માં દર્શાવેલ અધિકારીના પતિ/પત્નીના બદલીની વિચારણાના હેતુસર આપવામાં આવે છે.

કર્મચારી/અધિકારીનો ફોટોગ્રાફ અને તેના પર કચેરીનો ગોળ સિક્કો.

(સહી, નામ,હોદ્દો અને સિક્કો. )

વર્ગ-૧ થી ઊતરતા ન હોય તેવા મહેકમનો હવાલો ધરાવતાં અધિકારીશ્રી / રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ.

તારીખ :

સ્થળ:



Scanned by CamScanner

| | |
|---|---|
| | અનુસરવાની રહેશે. ઉક્ત બન્ને કિસ્સામાં વહીવટી અનુકુળતા ધ્યાને લઇને મુખ્ય શિક્ષકને બંધ/મર્જ થતી હયાત શાળાથી શક્ય હોય તેટલી નજીકની શાળા આપવાની રહેશે. |
| ૮.૧૧ | કોઇ પણ પ્રકારની બદલી માટે મુખ્ય શિક્ષક દ્વારા કોઇ પણ જાતના ખોટા આધાર-પુરાવા કે કોઇ પણ પ્રકારની ખોટી માહિતી આપવામાં આવશે તો તેવા મુખ્ય શિક્ષક વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરવાની રહેશે અને લાગુ પડતા સેવા- વર્તણૂંક નિયમો તેમજ શિસ્ત અને અપીલના નિયમો અનુસાર શિસ્ત વિષયક કાર્યવાહી કરીને આ તપાસ વિના- વિલંબે પૂર્ણ કરવાની રહેશે. તેમજ આ અંગે દોષિત પુરવાર થયેલ મુખ્ય શિક્ષક સમગ્ર નોકરી દરમ્યાન જિલ્લા આંતરીક કે જિલ્લાફેર બદલીના કેમ્પમાં ભાગ લઇ શકશે નહી. આવા કેસમાં સમયસર કાર્યવાહી ન કરવા કે અપેક્ષિત કાર્યવાહી કરવામાં વિલંબ કરવા માટે સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને જવાબદાર ગણવામાં આવશે. |
| ૮.૧૨ | કોઇપણ જિલ્લા, તાલુકા અને/અથવા વિસ્તારમાં મુખ્ય શિક્ષકની ઘટની સંભાવના જણાય ત્યારે ઉપર દર્શાવેલ કોઇપણ જોગવાઇ/જોગવાઇઓમાં શૈક્ષણિક પ્રવૃત્તિ તથા વિદ્યાર્થીઓના હિતમાં સરકાર તત્કાલીન પરિબળો ધ્યાને લઇને કોઇપણ સમયે યથોચિત ફેરફાર કરી શકશે. |
| ૮.૧૩ | આ ઠરાવની કોઇપણ જોગવાઇના અર્થઘટનની જરૂરિયાત જણાય અથવા જે કોઇ જોગવાઇના અમલમાં મુશ્કેલી જણાય તો તે કિસ્સામાં નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ મારફત શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવાની રહેશે. |

આ ઠરાવનો અમલ આ ઠરાવ પ્રસિદ્ધ થયાની તારીખથી જ કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુબોધ જોષી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

ક્રમાંક:પ્રાશિનિ/ક-નીતિ/૨૦૧૯/7006-59
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોકનં.૧૨/૧ ડૉ જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૨૫/૧૦/૨૦૧૯

શિક્ષણ વિભાગના તા.૦૯/૧૦/૨૦૧૯ ના ઠરાવનો અમલ કરવા સારૂ . . .

(એમ. કે. રાવલ)
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

નકલ રવાના:-
- સબંધિત શાખા, સદર કચેરી.
- શાખા સિલેક્ટ ફાઇલે

Scanned by CamScanner

પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક /વિદ્યાસહાયકની બદલીના નિયમો બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૫/૧૦/૨૦૧૯

વંચાણે લીધા:

૧. શિક્ષણ વિભાગનો તા. ૨૩/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬/ ક.
૨. શિક્ષણ વિભાગનો તા. ૦૫/૦૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક પીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫ /ક.

**પ્રસ્તાવના :**

શિક્ષણ વિભાગના તા. ૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક : પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬ /ક અને તે ઠરાવમાં થયેલ આનુષંગિક સુધારાઓથી પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક /વિદ્યાસહાયકની બદલીના નિયમો અંગેની નીતિ ઘડવામાં આવેલ છે.

ઉક્ત નીતિ અન્વયે પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ/વિદ્યાસહાયકની તબીબી કારણોસર ખાસ કિસ્સામાં બદલીની મંજૂરી આપવામાં આવે છે. પરંતુ આવા કારણોસર બદલી પામનાર શિક્ષક/વિદ્યાસહાયકની જે શાળામાં બદલી થાય છે તે શાળામાં ઘણી વખત પૂરતું મહેકમ હોવાથી આ શિક્ષક હાજર થતાની સાથે જ વધના શિક્ષક ગણાય છે અને વધની બદલી વખતે તેમને ફરીથી બદલીનો સામનો કરવો પડે છે. જેથી તબીબી કારણોસર બદલીનો લાભ મેળવવાનો અર્થ સરતો નથી. તેથી આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:**

આ વિભાગના વંચાણે લીધેલ (૨)માં દર્શાવેલ તા. ૦૫/૦૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક પીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫ /ક માં બદલીઓના જોગવાઇઓ ક્રમાંક: ૧.૨ પર વિસ્તારપૂર્વકની પુખ્ત વિચારણાને અંતે તબીબી કારણોસરની બદલીઓ અંગે તા. ૦૫/૦૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક પીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫ /ક માં ક્રમાંક: ૧.૨ પરના ક્રમાંક ૭ તરીકે નીચે મુજબની જોગવાઇનો ઉમેરો કરવામાં આવે છે તેમજ ક્રમાંક ૪ પરની જોગવાઇમાં સુધારો કરીને નીચે મુજબની જોગવાઇ ઉમેરવામાં આવે છે.

| નં | ઠરાવ ક્રમાંક | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| ૧ | તા. ૦૫/૦૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક પીઆરઇ/૧૧-૨૦૧૨/ ૬૨૧૦૬૫/ક માં ક્રમાંક: | કોઇ જોગવાઇ નથી. | જે પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ/ વિદ્યાસહાયકની તબીબી કારણોસર ખાસ કિસ્સામાં |

| | | | |
|---|---|---|---|
| | ૧.૨ પરના ક્રમાંક ૭ તરીકે નવી જોગવાઇ | | બદલીની મંજૂરી આપવામાં આવે છે તેવા શિક્ષક/ વિદ્યાસહાયકને બદલીની જગ્યા પર હાજર થયા તારીખથી ત્રણ વર્ષ માટે વધ-ઘટની બદલી કે અન્ય તમામ પ્રકારની બદલીમાંથી મુકિત આપવામાં આપવાની રહેશે એટલે કે તેઓને ત્રણ વર્ષ સુધી વધની બદલી માટે વધ તરીકે ગણતરીમાં લેવાના રહેશે નહિં. |
| ૨ | તા. ૦૫/૦૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક પીઆરઇ/૧૧-૨૦૧૨/ ૬૨૧૦૬૫/ક માં ક્રમાંક: ૧.૨ પરના ક્રમાંક ૪ પરની જોગવાઇમાં સુધારો | કમિશનરશ્રીની કચેરી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (તબીબી વિભાગ) દ્વારા અધિકૃત કરેલ તબીબી પંચના અભિપ્રાય મુજબ સારવાર માટે શિક્ષક ઇચ્છે તે સ્થળે અથવા સ્થળની નજીકના સ્થળે બદલી કરી આપવાની વિચારણા કરવામાં આવશે. | કમિશનરશ્રીની કચેરી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(તબીબી વિભાગ) દ્વારા અધિકૃત કરેલ તબીબી પંચના અભિપ્રાય મુજબ સારવાર માટે શિક્ષકના હાલના ફરજના સ્થળેથી ઉપલબ્ધ તબીબી સારવારના સૌથી નજીકના સ્થળે વહીવટી બાબતોને ધ્યાને રાખીને બદલી કરી આપવાની વિચારણા કરવામાં આવશે |

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૧૯/૦૯/૨૦૧૯થી નોંધથી મળેલ સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ટી. મંડોરા)
સંયુકત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ:

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રા.અને મા.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

પ્રાથમિક શિક્ષક/ ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલીના નિયમો બાબત.

જા.સેવ
198295

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(પાર્ટ-૧),
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૦૫/૦૬/૨૦૨૦

વંચાણે લીધા:

૧. શિક્ષણ વિભાગનો તા. ૨૩/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬-ક.
૨. શિક્ષણ વિભાગનો તા. ૧૮/૦૨/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક.
૩. શિક્ષણ વિભાગનો તા. ૦૫/૦૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક.
૪. શિક્ષણ વિભાગનો તા. ૨૧/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક.
૫. શિક્ષણ વિભાગનો તા. ૨૫/૧૦/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક.
૬. નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરીની તા. ૨૫/૦૬/૨૦૧૯ની સીંગલ ફાઇલ પરની નોંધથી કરવામાં આવેલ દરખાસ્ત.

**પ્રસ્તાવના :**

આ વિભાગના તા.૨૩/૦૫/૨૦૧૨ના સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક અંગેની બદલીની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. ત્યારબાદ આ વિભાગના સંદર્ભ (૨) થી (૫) હેઠળના ઠરાવો તેમજ અન્ય ઠરાવોથી આનુષાંગિક સુધારા કરવામાં આવેલ છે. આ વિભાગના તારીખ ૨૧/૦૮/૨૦૧૮ના સંદર્ભ (૪) હેઠળના ઠરાવથી તારીખ ૨૩/૦૫/૨૦૧૨ના સંદર્ભ (૧) હેઠળના ઠરાવના પ્રકરણ - (ખ) માં વધની બદલી અંગેની જોગવાઇઓ પૈકી પ્રકરણ - (ખ)ના નિયમ ૯ ની જોગવાઇમાં સુધારો કરી, (૯)(અ) અને (૯)(બ)ની નવી જોગવાઇ દાખલ કરવામાં આવેલ હતી. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા તારીખ ૨૧/૦૮/૨૦૧૮ના સંદર્ભ (૪) હેઠળના ઠરાવથી કરવામાં આવેલ પ્રકરણ - (ખ)ના નિયમ ૯(અ)ની જોગવાઇમાં સુધારો કરવા માટે તારીખ ૨૫/૦૬/૨૦૧૯ની નોંધથી સીંગલ ફાઇલ ઉપર કરવામાં આવેલ દરખાસ્ત મુજબનો સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, આ વિભાગના તારીખ ૨૧/૦૮/૨૦૧૮ના સંદર્ભ (૪) હેઠળના ઠરાવમાં દર્શાવેલ પ્રકરણ ખ(૯)(અ) પૂરતી હયાત જોગવાઇને રદ કરીને તેને સ્થાને હવે નીચે દર્શાવ્યા મુજબની પ્રકરણ ખ(૯)(અ) નવી જોગવાઇ આમેજ કરવાનો સુધારો પ્રસિધ્ધ કરવામાં આવે છે.

| તારીખ ૨૧/૦૮/૨૦૧૮ના ઠરાવ મુજબની હયાત જોગવાઈ | નવી સુધારેલ જોગવાઈ |
|---|---|
| **પ્રકરણ (ખ)(૯)** | **પ્રકરણ (ખ)(૯)** |
| (૯)(અ): શિક્ષક વધના કારણથી બદલી થયેલ શિક્ષક/વિદ્યાસહાયક તેની મૂળ શાળામાં ખાલી જગ્યા ઉપર નીચે મુજબની સમયમર્યાદા સુધી બદલીની માંગણી કરી શકશે.<br><br>વધ હેઠળની બદલી થયાના હુકમની તારીખ પછી યોજવામાં આવેલ ક્રમશઃ બે આંતરિક બદલી કેમ્પ અને ક્રમશઃ બે વધઘટ બદલી કેમ્પ સુધી મૂળ શાળાની માંગણી કરી શકશે. | (૯)(અ): શિક્ષક/વિદ્યાસહાયકને તેમની BRC/CRC તરીકેની પ્રતિનિયુક્તિનો સમયગાળો પૂર્ણ થયેથી અથવા પ્રતિનિયુક્તિ રદ થયેથી તેમની તાલુકા બહાર બદલી થયેલ હોય તેઓને જે તે વર્ષના વધ-ઘટ બદલી કેમ્પમાં તાલુકાની આંતરિક વધ-ઘટ સરભર થયા પછી, સંબંધિત મૂળ તાલુકામાં મંજુર થયેલ મહેકમ મુજબ જો ખાલી જગ્યા રહેતી હોય તો જ, જિલ્લાના વધ-ઘટ બદલી કેમ્પ સમયે તેઓ મૂળ તાલુકામાં પરત થવા પાત્ર ગણાશે. જે શિક્ષક/વિદ્યાસહાયકની વધના કારણે તાલુકા બહાર બદલી થયેલ હોય તેઓને પણ આ જોગવાઇ સમાન રીતે લાગુ પડશે. આ રીતે મૂળ તાલુકામાં પરત થવાના સંબંધમાં જે શિક્ષક/ વિદ્યાસહાયક/BRC/CRC તાલુકા બહાર પ્રથમ ગયા હોય તેઓને તેઓના મૂળ તાલુકામાં પરત આવવાની તક પ્રથમ આપવાની રહેશે.<br><br>પરંતુ, કોઇ કિસ્સામાં એક જ શાળામાંથી અથવા એક જ તાલુકામાંથી એક થી વધારે શિક્ષક/ વિદ્યાસહાયક એક જ તારીખે તાલુકા બહાર ગયેલ હોય ત્યારે મૂળ તાલુકામાં પરત ફરતી વખતે તેવા શિક્ષકો/વિદ્યાસહાયકોની અગ્રતા નક્કી કરવા સંબંધે નીચે મુજબનો અગ્રતાક્રમ ધ્યાને લેવાનો રહેશે.<br>(૧)જે શાળામાંથી વધ થઇને તાલુકા બહાર ગયા હોય તે શાળાની દાખલ તારીખ.<br>(૨)ક્રમ (૧)માં દર્શાવ્યા મુજબ જો બે કે તેથી વધુ શિક્ષક/વિદ્યાસહાયક વધ થઇને તાલુકા બહાર ગયા હોય તે શાળાની દાખલ તારીખ પણ સમાન હોય તેવા કિસ્સામાં ખાતામાં દાખલ તારીખ.<br>(૩)જ્યાં બે કે તેથી વધુ શિક્ષક/વિદ્યાસહાયકની ખાતામાં દાખલ તારીખ પણ સમાન હોય તો કુદરતી ન્યાયના સિદ્ધાંતને અનુસરીને શિક્ષક/ વિદ્યાસહાયકની જન્મ તારીખ. (એટલે કે, વધુ ઉંમર ધરાવતાં શિક્ષક/વિદ્યાસહાયકને તકમાં અગ્રતા આપવી.)<br>(૪)જ્યાં બે કે તેથી વધુ શિક્ષકની જન્મ તારીખ પણ એકસરખી હોય ત્યારે નિમણૂંક સમયના નામની ગુજરાતી કક્કાવારી મુજબ ઉતરતા ક્રમમાં અગ્રતાક્રમ નક્કી કરવાની રહેશે. |

| | |
|---|---|
| | આવા શિક્ષક વધ હેઠળની બદલી થયાના હુકમની તારીખ પછી યોજવામાં આવનાર પાંચ વધઘટ બદલી કેમ્પ સુધી મૂળ શાળા/મૂળ તાલુકામાં પરત આવવાની માંગણી કરી શકશે. પરંતુ, આવા શિક્ષક દ્વારા જે કેમ્પમાં પરત આવવા માંગણી કરવામાં આવેલ હશે અને તે કેમ્પમાં તે તાલુકામાં જગ્યા ઉપલબ્ધ હોવા છતાં, તે શિક્ષક દ્વારા ઉપલબ્ધ જગ્યાઓ પૈકીની કોઇ એક જગ્યાની પસંદગી નહીં કરવામાં આવે તો ત્યારબાદ તે શિક્ષક આ હેતુસર મુળ તાલુકામાં પરત આવવા પાત્ર ગણાશે નહીં. આ બાબતમાં સંબંધિત શિક્ષકે આ તક કાયમી રીતે જતી કરેલ છે તેમ ગણીને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ તે અંગેનો લેખિત હુકમ કરી તેની નોંધ સંબંધિત શિક્ષકની સેવાપોથીમાં તુરંત જ કરવાની રહેશે. આવી તક જતી કરનાર શિક્ષકને આ જોગવાઈ સંબંધે ભવિષ્યમાં કોઇ જ અન્ય તક આપવાની રહેશે નહીં.<br>આ ઠરાવ પ્રસિદ્ધ થયા પહેલાં જે શિક્ષક/વિદ્યાસહાયકની તાલુકા બહાર વધ તરીકે બદલી થયેલ છે તેઓના કિસ્સામાં પણ ઉપર દર્શાવેલ જોગવાઇ હવે પછી યોજાનાર પાંચ વધ-ઘટ બદલી કેમ્પ સુધી એકસમાન રીતે લાગુ પડશે. |

૨. આ સુધારા ઠરાવની જોગવાઇઓ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણે તમામ સંબંધિતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેની કાર્યપદ્ધતિ માટે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપવાની રહેશે.

૩. ઉક્ત વધની બદલીઓને સંબંધિત પ્રકરણ (ખ)(૯)(અ)ને લગતી ઉપર દર્શાવેલ સુધારા જોગવાઇ સિવાયની સંદર્ભ હેઠળના તેમજ અન્ય ઠરાવોથી નિયત કરવામાં આવેલ પ્રાથમિક શિક્ષક/ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક અંગેની બદલીની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૪. આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની નોંધથી મળેલ મંજુરીને અનુલક્ષીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુબોધ જોષી)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ:

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન. રાજ્યના મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રા.શિ અને મા.શિ),શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રીઓ

(નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત.)

- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.)
- સિલેક્ટ ફાઇલ

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ. રા. ગાંધીનગર
2 8 OCT 2020
આવક નં.

ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક, પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલીના નિયમોમાં સુધારા પ્રસિદ્ધ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(પાર્ટ-૧),
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૬/૧૦/૨૦૨૦

**વંચાણે લીધા:**

૧. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક પીઆરઇ/૧૧/૨૦૧૨/ ૩૧૪૭૭૬-ક, તા. ૨૩/૦૫/૨૦૧૨
૨. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧/૨૦૧૨/ ૩૧૪૭૭૬/ક, તા.૦૭/૦૯/૨૦૧૩
૩. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧/૨૦૧૨/૬૨૧૦૧૫/ક, તા.૦૫/૦૭/૨૦૧૪
૪. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક પીઆરઇ/૧૧/૨૦૧૨/૬૨૧૦૬૫/ક, તા. ૧૮/૦૨/૨૦૧૪
૫. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧/૨૦૧૨/૬૨૧૦૧૫/ક, તા.૦૨/૦૮/૨૦૧૪
૬. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૪/૬૬૪૭૬૨/ક, તા. ૨૩/૦૯/૨૦૧૪
૭. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૪/૩૫૯૨૨૭/ક, તા. ૧૭/03/૨૦૧૫
૮. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક, તા. ૨૭/૦૪/૨૦૧૬
૯. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : પીઆરઇ-૧૧૧૮/સી.ફા.-૨/ક, તા. ૦૯/૦૫/૨૦૧૮
૧૦. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧/૨૦૧૨/૬૨૧૦૬૫/ક, તા. ૨૧/૦૮/૨૦૧૮
૧૧. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક, તા. ૨૫/૧૦/૨૦૧૯
૧૨. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૨/ ૬૨૧૦૬૫/ક(પાર્ટ-૧), તા. ૦૫/૦૬/૨૦૨૦
૧૩. સામાન્ય વહીવટ વિભાગનો પત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૧૮/૪૧૩૦૩૦/૨, તારીખ ૨૦/૦૭/૨૦૧૮
૧૪. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીના તા.૦૯/૦૭/૨૦૨૦ના પત્ર ક્રમાંક પ્રાશિનિ /ક-નીતિ/૨૦૨૦/૩૮૫૪થી મળેલ દરખાસ્ત
૧૫. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની તા.૦૮/૦૯/૨૦૨૦ની નોંધથી સિંગલ ફાઇલ ઉપર મળેલ દરખાસ્ત

**પ્રસ્તાવના :**

આ વિભાગના તારીખ ૨૩/૦૫/૨૦૧૨ના સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી ઉચ્ચ પ્રાથમિક શિક્ષક /વિદ્યાસહાયક, પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની બદલીના નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સંદર્ભ (૨) થી (૧૨) હેઠળના ઠરાવોથી આનુષાંગિક સુધારાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

આ વિભાગના તારીખ ૨૭/૦૪/૨૦૧૬ના સંદર્ભ (૮) હેઠળના ઠરાવથી કરવામાં આવેલ જોગવાઇઓનો ગુજરાત જાહેર સેવા આયોગના બિનબદલીપાત્ર કર્મચારીઓને પણ સમાન પ્રકારે

લાભ મળે તેવી જોગવાઈ કરવા માટેની રજૂઆત સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૭/૦૮/૨૦૧૮ના સંદર્ભ (૧૩) હેઠળના પત્રથી આ વિભાગને મળેલ હતી.

ત્યારબાદ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા તારીખ ૦૯/૦૭/૨૦૨૦ના સંદર્ભ (૧૪) હેઠળના પત્રથી આ વિભાગના તારીખ ૧૮/૦૨/૨૦૧૪ના ઠરાવના પ્રકરણ (ખ)(૪)માં જરૂરી સુધારો કરવા તથા સંદર્ભ (૧૫) હેઠળની સિંગલ ફાઇલ પરની તારીખ ૦૮/૦૯/૨૦૨૦ની નોંધથી આ વિભાગના તારીખ ૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવમાં જરૂરી સુધારા કરવા દરખાસ્ત કરવામાં આવેલ.

સામાન્ય વહીવટ વિભાગ મારફત મળેલ રજૂઆત તથા નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા કરવામાં આવેલ ઉક્ત દરખાસ્તો તેમજ આનુષાંગિક વિવિધ મુદ્દાઓને વિચારણા હેઠળ લઇને,આ વિભાગના તારીખ ૨૩/૦૫/૨૦૧૨ના સંદર્ભ (૧) હેઠળના ઠરાવ, તા.૧૮/૦૨/૨૦૧૪ના સંદર્ભ (૪) હેઠળના ઠરાવ તેમજ તા.૨૭/૦૪/૨૦૧૬ના સંદર્ભ (૮) હેઠળના ઠરાવમાં જરૂરી સુધારાઓ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:**

ઉક્ત તમામ બાબતો ધ્યાને લઇને, સરકારશ્રીની પુખ્ત વિચારણાના અંતે આ વિભાગના તારીખ ૨૩/૦૫/૨૦૧૨, તારીખ ૧૮/૦૨/૨૦૧૪ તેમજ તારીખ ૨૭/૦૪/૨૦૧૬ના ઠરાવોમાં નીચે મુજબના સુધારા પ્રસિદ્ધ કરવામાં આવે છે.

| ઠરાવની તારીખ અને ટૂંકી વિગત | હયાત જોગવાઇ | હયાત જોગવાઇને સ્થાને સુધારેલ જોગવાઈ |
|---|---|---|
| તા. ૨૭/૦૪/ ૨૦૧૬ના ઠરાવના પ્રકરણ-ઘ ફકરા ક્રમાંક (૧૬) | સચિવાલય સંવર્ગના બિન બદલી પાત્ર કર્મચારી/અધિકારીના પતિ કે પત્ની જે પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરતા હોય તેમની ગાંધીનગર જિલ્લામાં જિલ્લાફેર બદલી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ કરશે. આ લાભ | (અ) ગુજરાત સરકારની સચિવાલય સેવાઓ, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગુજરાત જાહેર સેવા આયોગ તથા નામ.ગુજરાત હાઇકોર્ટની સેવાઓમાં માન્ય ભરતી પદ્ધતિ અનુસાર જેમની નિમણૂંક થયેલ હોય અને હાલ ફરજ બજાવતા હોય તેવા કર્મચારી / અધિકારી કે જેમણે સંબંધિત કચેરીમાં ૩ (ત્રણ) વર્ષની સળંગ નોકરી પૂર્ણ કરેલ હોય અને તેમના પતિ/પત્ની, જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળામાં શિક્ષક / વિદ્યાસહાયક તરીકે ફરજ બજાવતા હોય તે શિક્ષક / વિદ્યાસહાયકની તેમના પતિ / પત્નીના બિન બદલીપાત્ર ફરજના સ્થળના જ જિલ્લામાં ઉપલબ્ધ ચોખ્ખી ખાલી જગ્યાને ધ્યાને |

| | | |
|---|---|---|
| | આ ઠરાવ/ હુકમો અમલમાં આવ્યા બાદ જે તે શિક્ષક/શિક્ષિકાને એક જ વખત મળશે. | લઈ બદલી કરી શકાશે.<br>(બ) ગાંધીનગર ખાતે ખાતાના વડાની કચેરીની જે જગ્યાઓ માત્ર ગાંધીનગર ખાતે જ અસ્તિત્વ ધરાવે છે અને તે જગા ઉપર કામ કરતાં અધિકારીની સેવાઓ ગાંધીનગર સિવાય રાજ્યમાં અન્યત્ર બદલીપાત્ર નથી તેમજ જેઓ ગાંધીનગર સિવાય રાજ્યમાં અન્યત્ર બદલીપાત્ર નથી તે અધિકારી / કર્મચારીના પતિ / પત્ની ઉપર દર્શાવેલ સઘળી શરતો સંતોષતા હોય તેવા કિસ્સામાં પણ તેમની બિન બદલીપાત્ર ફરજના સ્થળના જ જિલ્લામાં ઉપલબ્ધ ચોખ્ખી ખાલી જગ્યાને ધ્યાને લઈ બદલી કરી શકાશે.<br>એટલે કે ગાંધીનગરમાં ફરજ બજાવતા અધિકારીશ્રીના પતિ/પત્નીની બદલી ગાંધીનગર જિલ્લામાં અને નામ. ગુજરાત હાઈકોર્ટ ખાતે ફરજ બજાવતાં અધિકારી/કર્મચારીશ્રીના પતિ/પત્નીની બદલી અમદાવાદ જિલ્લામાં બદલી કરી શકાશે.<br>ઉપર્યુક્ત કિસ્સામાં સંબંધિત વહીવટી વિભાગના મહેકમનો હવાલો ધરાવતા વર્ગ-૧થી ઊતરતા ન હોય તેવા અધિકારીશ્રી દ્વારા આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ નિયત નમુનાનું આપવામાં આવેલ પ્રમાણપત્ર પુરાવા તરીકે અસલમાં રજુ કરવાનું રહેશે. જ્યારે નામ.ગુજરાત હાઈકોર્ટની સેવાઓના કિસ્સામાં રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટનું ઉપર મુજબનું પરિશિષ્ટના નમૂના મુજબનું પ્રમાણપત્ર પુરાવા તરીકે રજુ કરવાનું રહેશે.<br>આ પારામાં દર્શાવેલ કોઈપણ કિસ્સામાં સંબંધિત અધિકારી/કર્મચારીની પ્રતિનિયુક્તિ દરમિયાનનું ફરજનું સ્થળ ધ્યાને લેવાનું રહેશે નહીં. આવા તમામ કિસ્સામાં પતિ/પત્નીએ પોતાનું લગ્ન નોંધણી અંગે રજીસ્ટ્રારશ્રીએ જારી કરેલ લગ્ન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવા |

| | | |
|---|---|---|
| | | તમામ કિસ્સામાં જરૂરી સઘળી ચકાસણી કરીને બદલી કરવાની સત્તા નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની રહેશે. આવી ફેરબદલી જિલ્લા ફેરબદલી તરીકે ગણાશે અને આ લાભ સમગ્ર સેવા દરમિયાન માત્ર એક જ વખત મળવાપાત્ર થશે.<br>આ પારામાં ઉલ્લેખિત પ્રકારની બદલીથી ભરવાની થતી જગ્યાઓ જે તે શૈક્ષણિક વર્ષ દરમિયાન જે તે જિલ્લાની કુલ ખાલી જગ્યાના ૫૦% થી વધે નહીં તેની મર્યાદામાં ભરવાની રહેશે. આ ખાલી જગ્યાઓ માટે જે તે શૈક્ષણિક વર્ષનું સેટ-અપ આખરી થયા બાદની સ્થિતિની ધ્યાને લેવાની રહેશે.<br>પરંતુ, આ વિભાગના તા. ૨૩/૦૯/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧૨૦૧૪/૬૬૪૭૬૨/ક ના ઠરાવની શરત નં ૨ અન્વયે નિમણૂંક પામનાર અથવા જે વિદ્યાસહાયક/શિક્ષકના નિમણૂંક હુકમમાં ઉક્ત શરત *"આ જગ્યાઓ ઉપર નિમણૂંક મેળવવા ઇચ્છતા ઉમેદવારે જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા જે તાલુકામાં નિમણૂંક આપવામાં આવે તે તાલુકામાં જ દસ વર્ષ સુધી ફરજ બજાવવાની રહેશે. વિદ્યાસહાયકોની ભરતીની જાહેરાત નિમણૂંકના હુકમમાં આ શરતનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે."* સંબંધે ઉલ્લેખ થયેલ છે અને તેને આધીન રહીને જે વિદ્યાસહાયક/શિક્ષકની નિમણૂંક થયેલ હોય તેવા વિદ્યાસહાયક/શિક્ષકને ઉપર મુજબની જોગવાઇનો લાભ નોકરીના ૧૦ વર્ષ સુધી મળવાપાત્ર થશે નહી. |
| તા. ૧૮/૦૨/૨૦૧૪ ના ઠરાવની પ્રકરણ - (ખ)ના નિયમ ૪ | ધોરણ ૬ થી ૮ માં ઉચ્ચ પ્રાથમિકની લાયકાત ન ધરાવતાં શિક્ષકો ઉચ્ચ પ્રાથમિકમાં કામ કરતાં હોય | બદલીના હેતુ માટે ધોરણ ૧ થી ૫ (નિમ્ન પ્રાથમિક) અને ધોરણ ૬ થી ૮ (ઉચ્ચ પ્રાથમિક)ની સિનિયોરીટી (અગ્રતાક્રમ) અલગ અલગ નિભાવવાનો રહેશે. ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ માં જે વિભાગમાં એટલે કે નિમ્ન પ્રાથમિક / ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં વધ થતી હોય તે |

| | | |
|---|---|---|
| | તેવા સંજોગોમાં તે જ શાળામાં વધ થાયતો ધોરણ ૧ થી ૮ નું સળંગ એકમ ગણીને છેલ્લા ક્રમે આવતા પ્રાથમિક વિભાગના શિક્ષકને બદલવાના રહેશે. | વિભાગના છેલ્લા ક્રમે આવતાં શિક્ષકને વધ ગણી અન્ય શાળામાં બદલવાનાં રહેશે.<br>વધ-ઘટની બદલી કરતી વખતે ધોરણ ૧ થી ૫ ની લાયકાત ધરાવતા શિક્ષકને ધોરણ ૧ થી ૫ ની ખાલી જગ્યા પર જ મૂકવાનાં રહેશે.<br>ધોરણ ૬ થી ૮ માટે જે વિષયના શિક્ષક વધ થતાં હોય તે વિષયની જે શાળામાં ખાલી જગ્યા હોય ત્યાં જ મુકવાનાં રહેશે.<br>ધોરણ ૧ થી ૫ ની લાયકાતવાળા વિદ્યાસહાયક/શિક્ષકને ધોરણ ૬ થી ૮ માં કે ધોરણ ૬ થી ૮ ની લાયકાતવાળા વિદ્યાસહાયક/શિક્ષકને ધોરણ ૧ થી ૫ માં મુકવાના રહેશે નહી.<br>વધની બદલી કરતી વખતે અને તે અન્વયે શિક્ષક/વિદ્યાસહાયકને શાળામાં સમાવવાના પ્રસંગે નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે.<br>• શિક્ષક/વિદ્યાસહાયક જે વિભાગમાંથી એટલે કે પ્રાથમિક કે ઉચ્ચ પ્રાથમિક વિભાગમાંથી વધ થયેલ હોય તે શિક્ષક/વિદ્યાસહાયકને તેઓના સંબંધિત વિભાગ/વિષયની જે શાળામાં ખાલી જગ્યા હોય તે શાળામાં શિક્ષક/વિદ્યાસહાયકના વિભાગ/વિષયને અનુરૂપ જ સમાવવાના રહેશે.<br>• શિક્ષક/વિદ્યાસહાયક જે શાળામાંથી વધ થયેલ હોય તેઓને સૌપ્રથમ પોતાની વધ થયેલ શાળાના પગાર કેન્દ્રની અન્ય શાળામાં વિભાગ/વિષયની ખાલી જગ્યા ઉપર સમાવવાના રહેશે<br>• પગારકેન્દ્રમાં ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોય તો તાલુકાની અને તાલુકામાં પણ ખાલી જગ્યા ન હોય તો જીલ્લાના તે તાલુકાની નજીકના તાલુકામાં અન્યથા તે જિલ્લાના કોઇપણ અન્ય તાલુકાની જે તે વિભાગ/વિષયની ખાલી જગ્યા વાળી શાળાઓમાં સમાવવાના રહેશે.<br>• ધોરણ ૧ થી ૫ ની જીલ્લાની તમામ જગ્યાઓ |

| | | |
|---|---|---|
| | | ભરાઈ જાય ત્યારબાદ પણ જો ધોરણ ૧ થી ૫ ના શિક્ષકોની જીલ્લામાં વધ રહેતી હોય તો તેઓને ધોરણ ૬ થી ૮ ની ખાલી જગ્યા પર વધના શિક્ષક તરીકે મૂકવાના રહેશે. પરંતુ આગામી વધ-ઘટ કેમ્પમાં તેઓને વધ શિક્ષક ગણી બોલાવવાના રહેશે. તે કાયમ માટે ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં રાખવાનો દાવો કરી શકશે નહી.<br>• આ રીતે સમાવતી વખતે તેઓની મૂળ શાળામાં ધોરણ ૬ થી ૮ ની ખાલી જગ્યા હોય તો ત્યાં અન્યથા તે શાળાના પગાર કેન્દ્ર હેઠળ, તે તાલુકામાં કે પછી અન્ય તાલુકામાં સમાવવાના રહેશે.<br>ધોરણ ૧ થી ૬ ચાલુ હોય તેવી શાળાઓ પૈકી જે શાળાઓમાં ધોરણ ૬ માં ૨૦ થી ઓછી વિદ્યાર્થી સંખ્યા હોય તે શાળાઓમાં ધોરણ ૬નો વર્ગ બંધ કરવાનો રહેશે અને જે શાળાઓમાં ધોરણ ૬ માં ૨૦ થી વધુ વિદ્યાર્થી સંખ્યા હોય તેવી શાળાઓમાં ધોરણ ૭ અને ૮ના ક્રમિક વર્ગો શરૂ કરવાના રહેશે.<br>ધોરણ ૧ થી ૭ ચાલુ હોય તેવી શાળાઓ પૈકી જે શાળાઓમાં ધોરણ ૬ અને ૭માં ૨૦ થી ઓછી વિદ્યાર્થી સંખ્યા હોય તે શાળાઓમાં ધોરણ ૬ અને ૭ના વર્ગો બંધ કરવાના રહેશે. અને જે શાળાઓમાં ધોરણ ૬ અને ૭માં ૨૦ થી વધુ વિદ્યાર્થી સંખ્યા હોય તેવી શાળાઓમાં ધોરણ-૮નો ક્રમિક વર્ગ શરૂ કરવાનો રહેશે. |
| તા. ૨૩/૦૫/ ૨૦૧૨ ના ઠરાવમાં "પ્રકરણ- ઝ શાળા મર્જ | નવી જોગવાઇ | **"પ્રકરણ-(ઝ) શાળા મર્જ થતા કરવાની થતી બદલી:-**<br>જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં ઓછી વિદ્યાર્થીઓની સંખ્યા કે અન્ય કોઇ કારણોસર કોઇ એક શાળા/વર્ગોને બીજી શાળામાં મર્જ કરવામાં આવે ત્યારે વિદ્યાર્થીઓને જે શાળામાં |

| | | |
|---|---|---|
| થતા કરવાની બદલી" | | મોકલવામાં આવે તે શાળામાં મર્જ થયેલ શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા ઉમેર્યા બાદ નવેસરથી મહેકમની ગણતરી કરવાની રહેશે અને આ પ્રકારે ધો. ૧ થી ૫ અને ધો. ૬ થી ૮ નું મહેકમ નિયત કરવાનું રહેશે. સંબંધિત શાળામાં દાખલ તારીખ ધ્યાને લઇ બંને શાળાના શિક્ષકોની કોમન સિનિયોરીટી યાદી તૈયાર કરવાની રહેશે. એટલે કે ધો. ૧ થી ૫ ના બંને શાળાના મળીને કુલ ૮ શિક્ષક થાય તો શાળામાં દાખલ તારીખના આધારે તે ૮ શિક્ષકની કોમન સિનિયોરીટી યાદી બનાવવી. તે જ રીતે ધો.૬ થી ૮ ના બંને શાળાના શિક્ષકોના વિષયને ધ્યાનમાં રાખી શાળામાં દાખલ તારીખના આધારે કોમન સિનિયોરીટી યાદી બનાવવી. આમ, જો મહેકમ બંને અલગ અલગ વિભાગોમાં મળવાપાત્ર શિક્ષક મુજબ સરભર થઇ જતું હોઇ તો મર્જ થતા શાળાના શિક્ષકોને જે શાળામાં મર્જ થાય તે જ શાળામાં રાખવાના રહેશે પરંતુ શાળા મર્જ કરવાથી જો વધ થતા હોય તેવા સંજોગોમાં જે તે વિભાગ અને વિષયની કોમન સિનિયોરીટીના આધારે સૌથી છેલ્લા ક્રમે આવતા શિક્ષકને વધ ગણી બદલવાના રહેશે. જો શાળામાં દાખલ તારીખ સરખી હોય ત્યારે ખાતામાં દાખલ તારીખ અને તે પણ સરખી હોય તો જન્મ તારીખને ધ્યાને લઇ સિનિયોરીટી ગણીને વધ નક્કી કરવાની રહેશે. આ રીતે વધ પડતા શિક્ષકની વધ-ઘટ બદલીના નિયમો પ્રમાણે બદલી કરવાની રહેશે. જો જિલ્લામાં વધ સરભર કરી શકાય તેમ ન હોય તો તેની નિયામકશ્રીને જાણ કરવાની રહેશે." |

૨. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણે આ સુધારા ઠરાવની જોગવાઇઓની તમામ સંબંધિત કચેરીઓ/અધિકારીશ્રીઓના ધ્યાન ઉપર લાવવાની રહેશે અને તેની કાર્યપદ્ધતિ માટે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપવાની રહેશે.

૩. ઉક્ત સુધારા જોગવાઈઓ પ્રસિદ્ધ થતાં વંચાણે લીધેલ ક્રમાંક: (૧) થી (૧૨) હેઠળના ઠરાવો અને સુધારા ઠરાવોથી પ્રસિદ્ધ થયેલ અન્ય હયાત જોગવાઇઓ યથાવત રહેશે.

૪. આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર તા. ૨૫/૦૯/૨૦૨૦ અને તા. ૧૯/૧૦/૨૦૨૦ની નોંધથી સરકારશ્રીની મળેલ મંજુરીને અનુલક્ષીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુબોધ જોષી)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ: પરિશિષ્ટ

ક્રમાંક:પ્રાશિનિ/ક-નિતી/2020/5708-60
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-12/1, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા.28/10/2020

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

શિક્ષણ વિભાગના તા..26/10/2020 ના ઠરાવ અન્વયે જાણ તથા અમલવારી સારૂ. . . .

(એમ. કે. રાવલ)
નાયબ શિક્ષણ નિયામક
ગુ. રા. ગાંધીનગર

જિલ્લા પંચાયત/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકો(HTAT)ની બદલીના નિયમો બાબત

ગુજરાતસરકાર,
શિક્ષણવિભાગ,
સચિવાલય, ગાંધીનગર
ઠરાવક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૨/૩૧૪૬૬૯/ક(પાર્ટ-૨),
તારીખ ૦૬/૦૩/૨૦૨૧

વંચાણે લીધાઃ

(૧). શિક્ષણ વિભાગનો તા. ૦૯/૧૦/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૬૬૯/ક(પાર્ટ-૨)

(૨). નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની તારીખ ૨૨/૦૧/૨૦૨૦ની સીંગલ ફાઇલ પરની દરખાસ્ત ક્રમાંક પ્રાશિનિ/નીતિ/સીંગલ ફાઇલ/૨૦૨૦/૬/૨

**પ્રસ્તાવના :**

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરના તા. ૦૯/૧૦/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૬૬૯/ક(પાર્ટ-૨),થી જિલ્લા પંચાયત/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકો(HTAT)ની બદલીના નિયમો નિયત કરવામા આવેલ હતા. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરની તારીખ ૨૨/૦૧/૨૦૨૦ની સીંગલ ફાઇલ પરની દરખાસ્તથી ઉક્ત નિયમોમાં કેટલીક જોગવાઇમાં સુધારા કરવા માટે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ**

નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરની તારીખ ૨૨/૦૧/૨૦૨૦ની સીંગલ ફાઇલ પરની દરખાસ્ત પર પુખ્ત વિચારણાના અંતે આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરના તા. ૦૯/૧૦/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૬૬૯/ક(પાર્ટ-૨)માં નીચેના ટેબલના કોલમ(૨)માં દર્શાવ્યા મુજબની હાલમાં અમલી કોલમ (૩) મુજબની જોગવાઇના સ્થાને આથી નીચેના ટેબલના કોલમ(૪) મુજબની સુધારા જોગવાઇ અમલમાં લાવવામા આવે છે.

શ્રી મેવાડા
19.3.21

GEM/227/IT
19/03/2021

| નં | વિભાગના તા.૦૯/૧૦/૨૦૧૯ના ઠરાવમાં બદલીની જોગવાઇ | હાલની જોગવાઈ | સુધારા જોગવાઈ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | (૨) બદલી કરવા અંગેની સામાન્ય જોગવાઈઓઃ- ૨.૧ ના પારા નં. ૨ઃ | મુખ્ય શિક્ષકની વધમાં (Surplus) બદલી કરવા માટે ખાલી જગ્યા નક્કી કરતી વખતે શક્ય હોય ત્યાં સુધી આ રીતે નિયત થયેલ ખાલી જગા પૈકી સૌપ્રથમ પગાર કેન્દ્રની શાળા ત્યારબાદ તાલુકાની શાળા અને તાલુકામાં ખાલી જગ્યા ન હોય તો તે જિલ્લામાં જ નજીકના તાલુકામાં મંજુર થયેલ ખાલી જગ્યા ઉપર સમાવવાના રહેશે. | મુખ્ય શિક્ષકની વધમાં (Surplus) બદલી કરવા માટે ખાલી જગ્યા નક્કી કરતી વખતે શક્ય હોય ત્યાં સુધી આ રીતે નિયત થયેલ ખાલી જગા પૈકી સૌપ્રથમ પગાર કેન્દ્રની શાળા ત્યારબાદ તાલુકાની શાળા અને તાલુકામાં ખાલી જગ્યા ન હોય તો તે જિલ્લામાં અન્ય તાલુકામાં મંજુર થયેલ ખાલી જગ્યા ઉપર સમાવવાના રહેશે. |
| ૨. | ૨.૩ માંગણી મુજબની બદલીઃ- ના પારા નં.૨ | માંગણી મુજબની બદલીના હેતુસર નીચેની બાબતો ધ્યાને લઈ અગ્રતાક્રમ નક્કીં કરવાનો રહેશે. | માંગણી મુજબની બદલીના હેતુસર નીચેની બાબતો ધ્યાને લઈ અગ્રતાક્રમ નક્કી કરવાનો રહેશે. મુખ્ય શિક્ષક તરીકે બઢતી અથવા સીધી ભરતીથી સબંધિત શાળામાં હાજર થયા તારીખથી સિનિયોરીટી ગણવાની રહેશે. |
| 3. | ૨.૩ માંગણી મુજબની બદલીઃ- ના પારા નં. ૪ | સામાન્ય રીતે અરજીઓ સ્વીકારવાની તારીખ દર વર્ષે ૧ લી ડિસેમ્બરથી ૩૧ મી ડિસેમ્બર રહેશે પરંતુ | સામાન્ય રીતે અરજીઓ સ્વીકારવાની તારીખ દર વર્ષે ૧ લી ડિસેમ્બરથી ૩૧ મી ડિસેમ્બર રહેશે પરંતુ નિયામકશ્રી, |

| | | |
|---|---|---|
| | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની મંજુરીથી યોગ્ય કારણોસર ઉક્ત સમયગાળામાં ફેરફાર થઈ શકશે જે બાબતે લેખિત કારણની નોંધ કરી લેવાની રહેશે. આ અરજીઓ, નિયત કરવામાં આવે તે વેબસાઈટ ઉપર માત્ર Online સ્વરૂપે સ્વીકારવાની રહેશે. આ અરજીઓ મંગાવવામાં આવે ત્યારે જિલ્લાવાર અને તાલુકાવાર ખાલી જગ્યાઓની સંખ્યા દર્શાવવાની રહેશે. ત્યારબાદ જે તે મુખ્ય શિક્ષકને પસંદ કરેલ તાલુકામાં વધુવિદ્યાર્થી સંખ્યાવાળી શાળામાં મુકવાના રહેશે. | પ્રાથમિક શિક્ષણની મંજુરીથી યોગ્ય કારણોસર ઉક્ત સમયગાળામાં ફેરફાર થઈ શકશે જે બાબતે લેખિત કારણની નોંધ કરી લેવાની રહેશે. આ અરજીઓ, નિયત કરવામાં આવે તે વેબસાઈટ ઉપર માત્ર Online સ્વરૂપે સ્વીકારવાની રહેશે.<br>ઓનલાઈન બદલી અરજી મંગાવતી વખતે પ્રથમ દરેક જિલ્લાએ પોતાના જિલ્લામાં આ ઠરાવમાં દર્શાવેલ ધારા ધોરણ મુજબ મુખ્ય શિક્ષક (HTAT) મળવાપાત્ર હોય તેવી શાળાઓની માત્ર સંખ્યા દર્શાવવાની રહેશે. સદર સંખ્યાને ધ્યાને રાખી જે મુખ્ય શિક્ષક (HTAT) તાલુકા આંતરિક માંગણીની બદલી કરાવવા માંગતા હોય તેઓએ અરજી કરવાની રહેશે.<br>સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીએ જિલ્લામાં આંતરિક બદલીની આવેલી કુલ અરજીઓની સંખ્યા નિશ્ચિત કરવાની રહેશે એટલે કે ઓનલાઈન થયેલ અરજીઓ પૈકી જે અરજીઓ નિયમોનુસાર ન હોય તેને રીજેક્ટ કરવાની રહેશે જેથી માન્ય અરજીઓની |

| | | | |
|---|---|---|---|
| | | | સંખ્યા નિશ્ચિત થશે. સંબંધિત જિલ્લા શિક્ષણ સમિતિ/ નગર શિક્ષણ સમિતિ માં માન્ય રહેલ કુલ અરજીઓ ની સંખ્યા જેટલી જ શાળાઓના નામ સાથેની વિગતવાર જગ્યાઓ પોર્ટલ પર સંબંધિત અધિકારીએ અપલોડ કરવાની રહેશે.<br>આ રીતે જગ્યાઓ અપલોડ કરતી વખતે સૌથી વધુ વિધાર્થી સંખ્યા ધરાવતી શાળાઓના ઉતરતા ક્રમમાં જગ્યાઓ અપલોડ કરવાની રહેશે. આમ કરતાં માન્ય અરજીઓની સંખ્યા કરતાં જિલ્લા શિક્ષણ સમિતિ / નગર શિક્ષણ સમિતિ માં ખાલી જગ્યાઓની સંખ્યા વધારે હોય તો તેટલી જગ્યાઓ ઓછી બતાવવાની રહેશે.દા.ત. કોઈ 'એક્સ' જિલ્લામાં માન્ય અરજીઓની સંખ્યા ૩૫ છે અને તે જિલ્લામાં મુખ્ય શિક્ષક (HTAT) ની મળવાપાત્ર જગ્યાઓ પૈકી ખાલી જગ્યાઓની સંખ્યા ૪૦ છે. આ સંજોગોમાં સૌથી વધુ વિધાર્થી સંખ્યાના ઉતરતા ક્રમમાં શાળાઓને ગોઠવતાં ઓછી સંખ્યા ધરાવતી છેલ્લી ૫ (પાંચ) શાળાઓ પોર્ટલ પર |

| | | | |
|---|---|---|---|
| | | | બતાવવાની રહેશે નહીં. પરંતુ, જો માન્ય અરજીઓની સંખ્યા જિલ્લાની કુલ ખાલી જગ્યાઓ કરતાં વધુ હોય તો તમામ જગ્યાઓ બતાવવાની રહેશે. બદલીની અરજી કરનાર મુખ્ય શિક્ષક (HTAT) એ પોર્ટલ પર બતાવેલ જગ્યાઓ પૈકી શાળા પસંદગી કરવાની રહેશે. જે જિલ્લામાં ઓછી સંખ્યા ધરાવતી શાળા માટે તેઓ દાવો કરી શકશે નહીં. |
| ૪. | ૩. મુખ્ય શિક્ષક માટે એકતરફી જિલ્લા ફેરબદલીની સામાન્ય જોગવાઈઓઃ- ના પારા નં-૨ માં નવી જોગવાઈ | - | જિલ્લાફેર એકતરફી ઓનલાઇન બદલી કેમ્પ બે તબકકામાં કરવાનો રહેશે. જેના પ્રથમ તબકકામાં મુખ્ય શિક્ષક એ જિલ્લાની પસંદગી કરવાની રહેશે અને બીજા તબકકામાં પસંદ કરેલ જિલ્લાની શાળાની પસંદગી કરવાની રહેશે. |
| ૫. | ૩. મુખ્ય શિક્ષક માટે એકતરફી જિલ્લા ફેરબદલીની સામાન્ય જોગવાઈઓઃ- પારા નં. ૫ – | ઉપર મુજબની કામગીરી પૂર્ણ થયા બાદ કમ્પ્યુટર સોફ્ટવેર દ્વારા નિયમોનુસાર બદલીપાત્ર સબંધિત મુખ્ય શિક્ષકના બદલી ઓર્ડર તૈયાર થશે જેની પ્રિન્ટર મેળવી જે તે મુખ્ય શિક્ષકે સબંધિત જિલ્લા પ્રાથમિક | ઉપર મુજબની કામગીરી પૂર્ણ થયા બાદ કમ્પ્યુટર સોફ્ટવેર દ્વારા નિયમોનુસાર બદલીપાત્ર સબંધિત મુખ્ય શિક્ષકના જિલ્લાના બદલી ઓર્ડર તૈયાર થશે. ત્યારબાદ ઉપર મુજબની કાર્યવાહી શાળા પસંદગી માટે પણ કરવાની રહેશે. |

| | | | |
|---|---|---|---|
| | | શિક્ષણાધિકારીશ્રી સમક્ષ હાજર થવાનુ રહેશે. હાજર થવા આવનાર મુખ્ય શિક્ષકના બદલીના હુકમની યોગ્ય ખરાઈ કરી, તેઓને હાજર કરવાની કાર્યવાહી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહેશે. | ઉપર મુજબની બીજા તબકકાની કામગીરી પુર્ણ થયા બાદ કમ્પ્યુટર સોફટવેર દ્વારા નિયમોનુસાર બદલીપાત્ર સબંધિત મુખ્યશિક્ષકના શાળા પસંદગીના બદલી ઓર્ડર તૈયાર થશે. જેની પ્રિન્ટ મેળવી જે તે મુખ્ય શિક્ષકે સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સમક્ષ હાજર થવાનુ રહેશે. હાજર થવા આવનાર મુખ્ય શિક્ષકના બદલીના હુકમની યોગ્ય ખરાઈ કરી, તેઓને હાજર કરવાની કાર્યવાહી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કરવાની રહેશે. |
| ૬. | ૭. બિન-બદલીપાત્ર અધિકારી/ કર્મચારીઃ- ના પારા નં-૭ – | આ પારામાં ઉલ્લેખિત બદલી કરતી વેળાએ અગ્રતા ક્રમ નક્કી કરવા માટે આ ઠરાવના પારા નં-૨.૩ માં દર્શાવ્યા મુજબનો મુખ્ય શિક્ષકનો જ અગ્રતાક્રમ ધ્યાને લેવાનો રહેશે. | રદ કરવુ. |
| ૭. | ૮. સામાન્ય સુચનાઓના પેટા નં-૮.૧૦ ના પારા નં. ૨- | જ્યારે કોઈ સંજોગોમાં શાળા બંધ કરવામાં આવે ત્યારે પણ ઉપર મુજબની પદ્ધતિ અનુસરવાની રહેશે. ઉક્ત બંને કિસ્સામાં વહીવટી અનુકૂળતા ધ્યાને | જ્યારે કોઈ સંજોગોમાં શાળા બંધ કરવામાં આવે ત્યારે પણ ઉપર મુજબની પદ્ધતિ અનુસરવાની રહેશે. |

| | | | |
|---|---|---|---|
| | | લઈને મુખ્ય શિક્ષકને બંધ/મર્જ થતી હયાત શાળાથી શક્ય હોય તેટલી નજીકની શાળા આપવાની રહેશે. | |

૨. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરના તા. ૦૯/૧૦/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૬૬૯/ક(પાર્ટ-૨)ની ઉક્ત સુધારા જોગવાઇ સિવાયની અન્ય તમામ જોગવાઇમાં કોઇ ફેરફાર થયેલ નથી.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૧૯/૦૯/૨૦૨૦ની નોંધથી સરકારશ્રીની મળેલ મંજુરીના અનુક્રમે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુબોધ જોષી)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ:

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રા.શિ અને મા.શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રીઓ

(ઉપરના ચાર માટે) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ મારફત

- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.)
- શાખા સિલેકટ ફાઇલ

પ્રાથમિક શાળાના શિક્ષકો અને ગુખ્ય શિક્ષકોના ઉચ્ચતર પગાર ધોરણ અનુસંધાને સમજૂતી બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૧૯/પ્રાશિનિ-૨૮૮/ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૭/03/૨૦૨૧

વંચાણે લીધા-

(૧) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક : K/SH/1/PRE/112000/632/K, તા. 03/૦૧/૨૦૦૪.
(૨) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચ/એસએચ/૨/પીઆરઇ/૧૧૧૧/ સીંગલ ફાઇલ/3/ક, તા. ૧૮/૦૧/૨૦૧૨.
(3) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૧૩/૬૩૯૦૭૭/ક, તા.૦૨/૧૨/૨૦૧૪
(૪) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક : GH/SH/50/PRE/1115/SI/F/11-K, તા. ૨૨/૦૯/૨૦૧૬.
(૫) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક : GH/SH/7/PRE/112012/SF-5/K, તા. 3૧/૦૧/૨૦૧૯.
(૬) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક : GH/SH/50/PRE/1115/SI/F/11-K, તા.૧૨/૦૧/૨૦૨૧
(૭) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક : GH/SH/02/PRE/1115/SF-5/K, તા. ૨૧/૦૧/૨૦૨૧.
(૮) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૧૯/પ્રાશિનિ-૨૮૮/ક, તા.૧૫/03/૨૦૨૧

પ્રસ્તાવના:

શિક્ષણ વિભાગના તારીખ 03/૦૧/૨૦૦૪ના સંદર્ભ (૧) હેઠળના જાહેરનામાથી મદદનીશ કેળવણી નિરીક્ષકના ભરતી નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ હતા. આ ભરતી નિયમોની જોગવાઇ મુજબ મદદનીશ કેળવણી નિરીક્ષકની ફીડર કેડર તરીકે પ્રાથમિક

શિક્ષકને ગણવામાં આવેલ હતા અને તે મુજબ પ્રાથમિક શિક્ષકોને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે તરતની બઢતીનું એટલે કે મદદનીશ કેળવણી નિરીક્ષકનું પગાર ધોરણ મળવાપાત્ર થતું હતું. પ્રાથમિક શિક્ષકો માટે મદદનીશ કેળવણી નિરીક્ષક બાદ કોઇ બઢતીનો સંવર્ગ ન હોવાથી તેઓને બીજું અને ત્રીજું ઉચ્ચતર પગાર નાણા વિભાગ દ્વારા તારીખ ૧૮/૦૨/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક : પગર-૧૦૦૯-૫૬-૫.એ.(મ) થી નિયત કરવામાં આવેલ અનુસૂચિ મુજબ મળવાપાત્ર થતું હતું.

ત્યારબાદ, આ વિભાગના સંદર્ભ (૨) હેઠળના તા.૧૮/૦૧/૨૦૧૨ના જાહેરનામાથી મુખ્ય શિક્ષક સંવર્ગના ભરતી નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ હતા. આ ભરતી નિયમોથી કરવામાં આવેલ જોગવાઇ મુજબ મુખ્ય શિક્ષકની ફીડર કેડર તરીકે પ્રાથમિક શિક્ષકને રાખવામાં આવેલ હતા. મુખ્ય શિક્ષકની જગ્યા ઉપર બઢતી મેળવવા અથવા તો ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે નિયત કરવામાં આવેલ લાયકાતો પૂર્ણ કરવાની જોગવાઇ ઉક્ત જાહેરનામામાં કરવામાં આવેલ હતી.

આમ, પ્રાથમિક શિક્ષકોને તારીખ 03/01/૨004 ના જાહેરનામા અનુસાર મદદનીશ કેળવણી નિરીક્ષક તથા તારીખ ૧૮/૦૧/૨૦૧૨ના જાહેરનામા અનુસાર મુખ્ય શિક્ષક એમ બઢતી માટે બે જગ્યાઓ થતી હોઇ, તેઓના ઉચ્ચતર પગાર ધોરણ સંબંધિત વિસંગતતા ઉપસ્થિત થતા આ વિભાગના તારીખ ૦૨/૧૨/૨૦૧૪ના સંદર્ભ (૩) હેઠળના ઠરાવથી મુખ્ય શિક્ષકની જગ્યા ઉપર બઢતી મેળવવી સ્વૈચ્છિક હોઇ, તેઓએ પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય તેમ ઠરાવવામાં આવેલ.

ત્યારબાદ, આ વિભાગના સંદર્ભ (૪) હેઠળના તારીખ ૨૨/૦૯/૨૦૧૬ના જાહેરનામાથી મુખ્ય શિક્ષકના ભરતી નિયમો, ૨૦૧૬ પ્રસિદ્ધ કરવામાં આવેલ.

ત્યારબાદ, આ વિભાગના તારીખ ૩૧/૦૧/૨૦૧૯ના સંદર્ભ (૫) હેઠળના જાહેરનામાથી મદદનીશ કેળવણી નિરીક્ષકના ભરતી નિયમો, ૨૦૧૯ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતા. આ નિયમોની જોગવાઇ મુજબ મદદનીશ કેળવણી નિરીક્ષકની ફીડર કેડર તરીકે પ્રાથમિક શિક્ષકોના બદલે મુખ્ય શિક્ષક સંવર્ગનો સમાવેશ કરવામાં આવેલ. આમ, પ્રાથમિક શિક્ષકો માટે સીધી બઢતીની કોઇ જગ્યા રહેતી ન હોઇ તેમજ મુખ્ય શિક્ષકની બઢતી

પ્રાથમિક શિક્ષકો માટે સ્વૈચ્છિક હોઇ તેઓના ઉચ્ચતર પગાર ધોરણ અંગે વિસંગતતા ઉપસ્થિત થયેલ હતી.

આ વિસંગતતાઓ દૂર કરવા સંદર્ભે થયેલ વિચારણાઓને અંતે, સંદર્ભ (૬) હેઠળના આ વિભાગના તારીખ ૧૨/૦૧/૨૦૨૧ના જાહેરનામાથી મુખ્ય શિક્ષક, વર્ગ-૩ સંવર્ગના ભરતી નિયમોમાં સુધારો કરવામાં આવેલ અને સંદર્ભ (૭) હેઠળના તારીખ ૨૧/૦૧/૨૦૨૧ના જાહેરનામાથી મદદનીશ કેળવણી નિરીક્ષકના ભરતી નિયમો, ૨૦૨૧ પ્રસિદ્ધ કરવામાં આવેલ. ત્યારબાદ તારીખ ૧૫/૦૩/૨૦૨૧ના સંદર્ભ (૮) હેઠળના ઠરાવથી મુખ્ય શિક્ષક, વર્ગ-૩ સંવર્ગને શૈક્ષણિક સંવર્ગ ગણવાની મંજૂરી આપવામાં આવેલ છે.

**પરિપત્ર :**

ઉપર્યુક્ત વિગતે આ વિભાગના તારીખ ૧૨/૦૧/૨૦૨૧ અને તારીખ ૨૧/૦૧/૨૦૨૧ના જાહેરનામા તેમજ તારીખ ૧૫/૦૩/૨૦૨૧નો ઠરાવ અમલમાં આવેલ હોઇ, રાજ્યની જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓના પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોને પ્રથમ, દ્વિતિય અને ત્રીજા ઉચ્ચતર પગાર ધોરણના સંબંધમાં સંદર્ભ (૧) થી (૮) હેઠળ પ્રસિદ્ધ થયેલ જુદા જુદા જાહેરનામા અને ઠરાવો તેમજ તેમાં કરવામાં આવેલ આનુષાંગિક ફેરફારો અન્વયે અર્થઘટનની બાબતમાં એકસૂત્રતા જળવાઇ રહે તે હેતુથી, સંદર્ભમાં દર્શાવેલ તમામ જાહેરનામા અને ઠરાવોની મૂળ જોગવાઇઓમાં કોઇપણ ફેરફાર ન થાય તે ધ્યાને લઇને, તે જોગવાઇઓના સંદર્ભમાં નીચે મુજબની સામાન્ય સમજૂતી બહાર પાડવામાં આવે છે.

- પ્રાથમિક શિક્ષક સંવર્ગ એ મુખ્ય શિક્ષક સંવર્ગની ફીડર કેડર હોઇ, પ્રાથમિક શિક્ષકોને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મુખ્ય શિક્ષકનું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય છે.
- મુખ્ય શિક્ષક માટે મદદનીશ કેળવણી નિરીક્ષકની જગ્યા ઉપર બઢતી મેળવવી સ્વૈચ્છિક છે. એટલે કે મુખ્ય શિક્ષક માટે ફરજિયાત બઢતીની કોઇ જગ્યા નથી પરંતુ જે મુખ્ય શિક્ષક બઢતી મેળવવા ઇચ્છતા હોય માત્ર તેઓએ જ સંબંધિત પરીક્ષા પાસ કરવાની રહે છે. આમ, મુખ્ય શિક્ષકનો સંવર્ગ એકાકી સંવર્ગ છે.

* મુખ્ય શિક્ષક સંવર્ગને શૈક્ષણિક સંવર્ગ ગણવામાં આવેલ છે તેમજ આ સંવર્ગ એકાકી સંવર્ગ હોવાથી પ્રાથમિક શિક્ષકો માટે મુખ્ય શિક્ષક બાદ ફરજિયાત બઢતી માટે કોઇ જગ્યા ન હોઇ, તેઓને નાણા વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ અનુસૂચિ મુજબનું દ્વિતિય અને તૃતીય ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય છે.
* મુખ્ય શિક્ષક માટે ફરજિયાત બઢતીની કોઇ જગ્યા ન હોવાથી તેઓને પણ એકાંકી સંવર્ગ મુજબ નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણ સંબંધિત લાગુ પડતા ઠરાવ તથા તેમાં થયેલ આનુષાંગિક સુધારાઓની જોગવાઇને આધીન નાણા વિભાગ દ્વારા નિયત કરવામાં અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય છે.
* મુખ્ય શિક્ષક તારીખ ૨૧/૦૧/૨૦૨૧ના જાહેરનામાથી નિયત કરવામાં આવેલ પદ્ધતિ મુજબ જો સ્વૈચ્છિક રીતે મદદનીશ કેળવણી નિરીક્ષક સંવર્ગમાં બઢતી મેળવે છે તેવા સંજોગોમાં તેઓએ નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણ સંબંધિત લાગુ પડતા ઠરાવની જોગવાઇઓને આધીન ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

B.N.E.

(ભાવેશ એરડા)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

* નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
* નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, બ્લોક નં.૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
* સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
* એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
* નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
* સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી } નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત
* સર્વે શાસનાધિકારીશ્રી }
* કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ. આ પરિપત્ર વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
* સિલેક્ટ ફાઇલ
* ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.

પરિશિષ્ટ - ક

## ધોરણ 6 થી 8 ના કાર્યભારને ધ્યાને લેતાં શાળામાં વિષયવાર મળવાપાત્ર શિક્ષકોની સંખ્યા (સૂચિત)

| અ.નં | ઉચ્ચ પ્રાથમિક ધોરણ 6 થી 8 વર્ગોની સંખ્યા | મળવાપાત્ર શિક્ષકોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ભાષા | ગણિત વિજ્ઞાન | સા.વિજ્ઞાન |
| 1 | 3 | 1 | 1 | 1 |
| 2 | 4 | 2 | 1 | 1 |
| 3 | 5 | 2 | 2 | 1 |
| 4 | 6 | 3 | 2 | 1 |
| 5 | 7 | 3 | 2 | 2 |
| 6 | 8 | 3 | 3 | 2 |
| 7 | 9 | 4 | 3 | 2 |
| 8 | 10 | 5 | 3 | 2 |
| 9 | 11 | 5 | 3 | 3 |
| 10 | 12 | 5 | 4 | 3 |
| 11 | 13 | 6 | 4 | 3 |
| 12 | 14 | 6 | 5 | 3 |
| 13 | 15 | 6 | 5 | 4 |
| 14 | 16 | 7 | 5 | 4 |
| 15 | 17 | 7 | 6 | 4 |
| 16 | 18 | 8 | 6 | 4 |
| 17 | 19 | 8 | 6 | 5 |
| 18 | 20 | 9 | 6 | 5 |

# ધોરણ 6 થી 8 વાળી શાળાઓમાં વિષયના કાર્યભાર નક્કી કરવા માટે વિષયવાર તાસની ફાળવણી મુજબ મળવાપાત્ર વિષયવાર શિક્ષકોની સંખ્યા

| અ.નં | વર્ગોની સંખ્યા | વિષયવાર તાસ | | | | | | | | | | | | | | એકંદર કુલ | કુલ મળવા પાત્ર શિક્ષક ની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ભાષા શિક્ષક માટે તાસની સંખ્યા | | | | | | ગણિત વિજ્ઞાન શિક્ષક માટે તાસની સંખ્યા | | | | સા.વિજ્ઞાન શિક્ષક માટે તાસની સંખ્યા | | | | | |
| | | ગુજરાતી | હિન્દી | અંગ્રેજી | સંસ્કૃત | કુલ | મળવા પાત્ર શિક્ષકની સંખ્યા | ગણિત | વિજ્ઞાન | કુલ | મળવા પાત્ર શિક્ષકની સંખ્યા | સા.વિજ્ઞાન | અન્ય | કુલ | મળવા પાત્ર શિક્ષકની સંખ્યા | | |
| 1 | 1 | 7 | 5 | 6 | 2 | 20 | 0.44 | 7 | 7 | 14 | 0.31 | 6 | 5 | 11 | 0.24 | 45 | 1 |
| 2 | 2 | 14 | 10 | 12 | 4 | 40 | 0.88 | 14 | 14 | 28 | 0.62 | 12 | 10 | 22 | 0.48 | 90 | 2 |
| 3 | 3 | 21 | 15 | 18 | 6 | 60 | 1.32 | 21 | 21 | 42 | 0.93 | 18 | 15 | 33 | 0.72 | 135 | 3 |
| 4 | 4 | 28 | 20 | 24 | 8 | 80 | 1.76 | 28 | 28 | 56 | 1.24 | 24 | 20 | 44 | 0.96 | 180 | 4 |
| 5 | 5 | 35 | 25 | 30 | 10 | 100 | 2.2 | 35 | 35 | 70 | 1.55 | 30 | 25 | 55 | 1.2 | 225 | 5 |
| 6 | 6 | 42 | 30 | 36 | 12 | 120 | 2.64 | 42 | 42 | 84 | 1.86 | 36 | 30 | 66 | 1.44 | 270 | 6 |
| 7 | 7 | 49 | 35 | 42 | 14 | 140 | 3.08 | 49 | 49 | 98 | 2.17 | 42 | 35 | 77 | 1.68 | 315 | 7 |
| 8 | 8 | 56 | 40 | 48 | 16 | 160 | 3.52 | 56 | 56 | 112 | 2.48 | 48 | 40 | 88 | 1.92 | 360 | 8 |
| 9 | 9 | 63 | 45 | 54 | 18 | 180 | 3.96 | 63 | 63 | 126 | 2.79 | 54 | 45 | 99 | 2.16 | 405 | 9 |
| 10 | 10 | 70 | 50 | 60 | 20 | 200 | 4.4 | 70 | 70 | 140 | 3.1 | 60 | 50 | 110 | 2.4 | 450 | 10 |
| 11 | 11 | 77 | 55 | 66 | 22 | 220 | 4.84 | 77 | 77 | 154 | 3.41 | 66 | 55 | 121 | 2.64 | 495 | 11 |
| 12 | 12 | 84 | 60 | 72 | 24 | 240 | 5.28 | 84 | 84 | 168 | 3.72 | 72 | 60 | 132 | 2.88 | 540 | 12 |
| 13 | 13 | 91 | 65 | 78 | 26 | 260 | 5.72 | 91 | 91 | 182 | 4.03 | 78 | 65 | 143 | 3.12 | 585 | 13 |
| 14 | 14 | 98 | 70 | 84 | 28 | 280 | 6.16 | 98 | 98 | 196 | 4.34 | 84 | 70 | 154 | 3.36 | 630 | 14 |
| 15 | 15 | 105 | 75 | 90 | 30 | 300 | 6.6 | 105 | 105 | 210 | 4.65 | 90 | 75 | 165 | 3.6 | 675 | 15 |
| 16 | 16 | 112 | 80 | 96 | 32 | 320 | 7.04 | 112 | 112 | 224 | 4.96 | 96 | 80 | 176 | 3.84 | 720 | 16 |
| 17 | 17 | 119 | 85 | 102 | 34 | 340 | 7.48 | 119 | 119 | 238 | 5.27 | 102 | 85 | 187 | 4.08 | 765 | 17 |
| 18 | 18 | 126 | 90 | 108 | 36 | 360 | 7.92 | 126 | 126 | 252 | 5.58 | 108 | 90 | 198 | 4.32 | 810 | 18 |
| 19 | 19 | 133 | 95 | 114 | 38 | 380 | 8.36 | 133 | 133 | 266 | 5.89 | 114 | 95 | 209 | 4.56 | 855 | 19 |
| 20 | 20 | 140 | 100 | 120 | 40 | 400 | 8.8 | 140 | 140 | 280 | 6.2 | 120 | 100 | 220 | 4.8 | 900 | 20 |

# ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિધાસહાયક અને પ્રાથમિક શિક્ષક/વિધાસહાયકની વહીવટી બદલીની બહાલી અંગેનું ચેકલીસ્ટ

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | કર્મચારીનું નામ | |
| ૨ | હાલની શાળાનું નામ. સરનામું | |
| ૩ | વહીવટી બદલી કરેલ શાળાનું નામ, સરનામું. બદલી હુકમ નંબર/તારીખ | |
| ૪ | બદલી હુકમનો અમલ કરીને શિક્ષકને છુટા કરેલ છે? | |
| ૫ | છુટા કર્યા બાદ શિક્ષક બદલીવાળી શાળામાં હાજર થયા છે? | |
| ૬ | તાલુકા ફેરબદલી કરી છે ? | |
| ૭ | વહીવટી બદલી કરેલ શાળાનું જુની શાળાથી અંતર | |
| ૮ | ખાતામાં દાખલ તારીખ | |
| ૯ | નિવૃત્તીની તારીખ | |
| ૧૦ | હાલની શાળામાં દા.તા | |
| ૧૧ | પતિ કે પત્નિ નોકરી કરે છે ? હા તો તેની વિગત | નામઃ-<br>શાળાનું નામ તાલુકોઃ-<br>૧ થી ૫ ☐ ૬ થી ૮ ☐ |
| ૧૨ | વહીવટી બદલી કરેલ શિક્ષક કયા વિભાગમાં નિમણૂંક પામેલ છે ? | ૧ થી ૫ ☐ ૬ થી ૮ ☐ |
| ૧૩ | તેઓની કયા વિભાગમાં બદલી કરી છે ? | ૧ થી ૫ ☐ ૬ થી ૮ ☐ |
| ૧૪ | શિક્ષક વિરૂદ્ધની પ્રથમ રજુઆત/ફરિયાદ કરનારનુ નામ અને રજુઆતની તારીખ | |
| ૧૫ | પ્રાથમિક તપાસ કરેલ છે ? | હા ☐ ના ☐ |
| ૧૬ | પ્રાથમિક તપાસ કરનાર અધિકારીનુ નામ અને હોદ્દો | |
| ૧૭ | પ્રાથમિક તપાસના તારણો | ૧.<br>૨.<br>૩.<br>૪. |

| | | |
|---|---|---|
| ૧૮ | જિ.પ્રા.શિક્ષણાધિકારીશ્રીએ જાતતપાસ/ સ્થળ તપાસ કરી હોય તેની તારીખ | |
| ૧૯ | જિ.પ્રા. શિક્ષણાધિકારીશ્રીના જાત તપાસ અહેવાલની નકલ સામેલ કરી છે ? | હા ☐ ના ☐ |
| ૨૦ | કર્મચારી દોષિત જણાય છે કે કેમ? વિગત | |
| ૨૧ | બદલી સિવાય અન્ય શિક્ષાત્મક કાર્યવાહી કરી છે કે કેમ? | |
| ૨૨ | ચાર્જશીટ આપી શકાય તેમ છે? | |
| ૨૩ | આ શિક્ષકની અગાઉ વહીવટી બદલી થયેલ છે? જો હા તો કારણો | |
| ૨૪ | જુની શાળામાં કર્મચારી સંખ્યા તથા સદર કર્મચારીની બદલી કરીને જે શાળામાં મુકવા છે તેના કર્મચારીઓની વિગતો. | ધો.૧થી ૫ મંજુર શિ. ☐ કામકરતા શિ. ☐ વિદ્યાર્થી સંખ્યા ☐<br>ધો.૬થી ૮ મંજુર શિ. ☐ કામકરતા શિ. ☐ વિદ્યાર્થી સંખ્યા ☐ |
| ૨૫ | આ શિક્ષકને મુક્યા પછી બદલીવાળી શાળાની મહેકમ અંગેની સ્થિતિ | ધો.૧થી ૫- મંજુર શિ. ☐ કામકરતા શિ. ☐ વિદ્યાર્થી સંખ્યા ☐<br>ધો.૬થી ૮ -મંજુર શિ. ☐ કામકરતા શિ. ☐ વિદ્યાર્થી સંખ્યા ☐ |
| ૨૬ | શિક્ષકની બદલી કરવાથી વિધાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર થાય તેમ છે? આ શિક્ષકની બદલી ન કરીએ તો શું મુશ્કેલી કે પ્રશ્નો આવે તેમ છે ? | |
| ૨૭ | આ બદલી હુકમ અંગે કોઇ કોર્ટકેસ થયેલ છે કે કેમ? જો હોય તો ના.કોર્ટના આદેશની અવમાનના થાય છે કે કેમ? | |
| ૨૮ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીનો અભિપ્રાય | |

સહી

(નામઃ_____________)

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી / શા.અ.

------------------ જિલ્લો

सत्यमेव जयते

**નિયામક**
**આર. સી. રાવલ**

ક્રમાંક : જીસીઈઆરટી/સી એન્ડ ઈ/ ૨૨૧૧૦/૯૨૩
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in

તારીખ ૧૦-૦૭-૨૦૧૨
૧૬

પ્રતિ,
– પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન , તમામ
– જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી- તમામ
– જિલ્લા શિક્ષણાધિકારી- તમામ
– શાસનાધિકારી, નગર શિક્ષણ સમિતિ-તમામ

**વિષયઃ ધોરણ ૬ થી ૮ ના શિક્ષકોના વિષયશિક્ષણના કાર્યભાર બાબત....**

શિક્ષણનો અધિકાર ૨૦૦૯ કાયદાના અમલીકરણ અંતર્ગત ધોરણ ૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિકમાં સમાવિષ્ટ થયેલ છે અને ધોરણ ૬ થી ૮ માટે વિષય શિક્ષકોની જોગવાઇ છે. સદર જોગવાઇ અનુસાર ભાષાઓ (ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી), ગણિત-વિજ્ઞાન , અને સામાજિક વિજ્ઞાનના શિક્ષકોની નિમણૂંક થાય છે. આ સાત વિષયો ઉપરાંત શારીરિક શિક્ષણ-યોગ, કલા શિક્ષણ અને કાર્યાનુભવ વિષય અંતર્ગત પણ શિક્ષણકાર્ય કરાવવાનું હોય છે.

ચાલુ વર્ષે અમલમાં આવેલા નવા અભ્યાસક્રમમાં દરેક વિષયની સમય ફાળવણી પણ કરવામાં આવી છે. આ સમય ફાળવણીને ધ્યાને લઇ ધોરણ ૬ થી ૮ માં દરેક વિષયના સાપ્તાહિક કેટલા તાસ રાખવા જોઇએ એ અંગે જીસીઇઆરટી કક્ષાએ પુખ્ત વિચારણા થયેલ છે. આ વિચારણાને અંતે નીચે મુજબની વ્યવસ્થા નક્કી કરવામાં આવે છે.

- ધોરણ ૬ થી ૮ ના કોઇ એક વર્ગની નમૂનાની તાસ ફાળવણી નીચે મુજબ છે:
  - ગુજરાતી ૭ તાસ
  - હિન્દી ૫ તાસ
  - અંગ્રેજી ૬ તાસ
  - સંસ્કૃત ૨ તાસ
  - ગણિત ૭ તાસ
  - વિજ્ઞાન ૭ તાસ
  - સામાજિક વિજ્ઞાન ૬ તાસ
  - શારીરિક શિક્ષણ, કાર્યાનુભવ, કલા શિક્ષણ ૫ તાસ (પીટી સહિત)
- ઉપરોક્ત તાસ ફાળવણી માર્ગદર્શન માટે આપેલી છે. વિષય શિક્ષકોના કાર્યભાર અને બાળકોની જરૂરિયાત મુજબ શાળાના મુખ્ય શિક્ષક એમાં ફેરફાર કરી શકે છે.

- ઉપરોક્ત તાસ ફાળવણી મુજબ એક વર્ગમાં ગણિત-વિજ્ઞાનના (૭+૭) ૧૪ તાસ થાય. એટલે કે ત્રણ વર્ગો હોય ત્યારે ગણિત-વિજ્ઞાનના શિક્ષકને ૪૨ તાસનો કાર્યભાર આવે.
- એક વર્ગમાં સામાજિક વિજ્ઞાનના ૬ તાસ લેખે ત્રણ વર્ગમાં કુલ ૧૮ તાસનો કાર્યભાર આવે. જ્યારે એક વર્ગમાં ભાષાના કુલ (૭+૫+૬+૨) ૨૦ તાસ થાય તેથી ત્રણ વર્ગમાં ભાષા શિક્ષકનો કાર્યભાર ૬૦ તાસ થાય, જે શક્ય નથી.
- આમ, સામાજિક વિજ્ઞાનના શિક્ષકના ઓછા કાર્યભાર અને ભાષા શિક્ષકના વધુ કાર્યભારને સરભર કરવા માટે સામાજિક વિજ્ઞાનના શિક્ષકે અન્ય વિષય પૈકીના વિષયો પણ ભણાવવાના થાય છે. આ અન્ય વિષયોમાં ભાષાઓ, ગણિત-વિજ્ઞાન, અને શારીરિક શિક્ષણ, કાર્યાનુભવ, કલા શિક્ષણ પૈકી કોઇપણ વિષયનો સમાવેશ થઇ શકે છે. શાળાના મુખ્યશિક્ષકે શાળાની જરૂરિયાત અને સામાજિક વિજ્ઞાનના શિક્ષકની ક્ષમતાના આધારે તેમને અન્ય વિષયો ફાળવવાના રહેશે.

શાળાના મુખ્ય શિક્ષકે ધો. ૬ થી ૮ માં સાપ્તાહિક ૧૫ થી ૨૦ તાસ ફરજીયાત લેવાના રહેશે. મુખ્ય શિક્ષકે પોતાની શૈક્ષણિક લાયકાતને ધ્યાને લઈ વિષય–શિક્ષણ કાર્ય કરવાનું રહેશે.

ઉપરોકત વિગતોની જાણકારી તમામ શાળાઓને મળી રહે તે માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીશ્રીએ તેમની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(આર. સી. રાવલ)
**નિયામક**
**જી.સી.ઈ.આર.ટી.**
**ગાંધીનગર**

**નકલ સવિનય જાણ સારૂ :**

– માન. અગ્રસચિવશ્રી, શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
– માન. અગ્રસચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
– માન. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, એસ.એસ.એ.એમ., સેકટર–૧૭, ગાંધીનગર
– નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨, ગાંધીનગર